

સર્વજ્ઞ: જીવંત શ્રી સીમંધરસ્વામી



પુર્વજ્ઞ: આચાર્ય કુંદકુંદદેવ

# ક્રમબદ્ધ પર્યાય



મર્મજ્ઞ: આત્મજ્ઞ સંત પૂજ્ય કહાનગુરુદેવ

ૐ

શ્રી વીતરાગાય નમઃ

# ક્રમબદ્ધ પર્યાય

(પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના ક્રમબદ્ધપર્યાય ઉપરના પ્રવચનોનું સંકલન)

: પ્રકાશક :

છગનલાલ કાલીદાસ વાધર પરિવાર, જામનગર

| કહાન સંવત | વીર સંવત | વિક્રમ સંવત | ઈ. સ. |
|---|---|---|---|
| ૩૫ | ૨૫૪૧ | ૨૦૭૧ | ૨૦૧૫ |


**પ્રકાશન**

**પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના ૧૨૬માં**
**મંગલ જન્મજયંતિ પ્રસંગે, સુવર્ણપુરી તીર્થધામ**
**તા.૨૦-૪-૨૦૧૫**

**પ્રાપ્તિસ્થાન**

(૧) શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢ
જી. ભાવનગર–364250, ફોન–(02846) 244334

(૨) શ્રી વાઘર પરિવાર, જામનગર
C/O. શ્રી મહાવીરસ્વામી દિગંબર જિન મંદિર, ખંભાળીયા નાકા બહાર,
આર્યસમાજ રોડ, જામનગર–361005, ફોન–(0288) 2672360

(૩) શ્રી કુંદકુંદ કહાન પારમાર્થિક ટ્રસ્ટ
302, ક્રિષ્ના કુંજ, વી.એલ. મહેતા માર્ગ, વિલેપાર્લે (વેસ્ટ), મુંબઈ–400056
ફોન–(022) 261308202

(૪) ગર્જતો જ્ઞાયક – પરિવાર
110, સોના શોપિંગ સેન્ટર, રેલ્વે સ્ટેશન નજીક, કાંદિવલી (વેસ્ટ),
મુંબઈ–400067, મો.9322890089, ફોન–(022) 28631155

**આવૃતિ : ૧૫૦૦ પ્રત** **મૂલ્ય : સ્વાધ્યાય**

# પ્રસ્તાવના

ૐ

॥ નમઃ સિદ્ધેભ્ય ॥

નિત્ય સુધાઝરણ ચંદ્ર ! તને નમું હું,
કરુણા અકારણ સમુદ્ર ! તને નમું હું,
હે જ્ઞાન પોષક સુમેઘ ! તને નમું હું,
આ દાસના જીવનશિલ્પી ! તને નમું હું.

અનાદિથી ચાલી આવતી પૂર્ણ સત્‌ની ધારાના ધોરિયા વહેવડાવતા વર્તમાન ચોવીસીના અંતિમ તીર્થંકર શાસન સમ્રાટ, શાસન નાયક, ભગવાન શ્રી મહાવીર સ્વામી અને ગૌતમ ગણધરદેવથી ચાલી આવતી જિનમાર્ગની પરંપરામાં જ્ઞાનસમ્રાટ, યોગીશ્વર, કળીકાળ સર્વજ્ઞસમ એવા શ્રી કુંદકુંદાચાર્યદેવ આજથી લગભગ ૨૦૦૦ વર્ષ પૂર્વે થયા. તેઓશ્રીએ મહાવિદેહ ક્ષેત્રે બિરાજમાન શ્રી સીમંધર ભગવાનની જ્ઞાનાનંદથી ઝરતી દિવ્યદેશનાને પ્રત્યક્ષ સદેહે ત્યાં જઈ સાક્ષાત્ મૂર્તિમંત કરીને ભરતક્ષેત્રમાં લાવીને દ્વિતીય શ્રુતસ્કંધમાંના અધ્યાત્મરસ ઝરતા, જ્ઞાયકસ્વભાવની ગર્જના કરતા સમયસાર આદિ પંચ પરમાગમોની રચના કરી, તે જ્ઞાયક સ્વભાવની ગર્જનાને આત્મસાત કરી હાલતા-ચાલતા સિદ્ધ એવા શ્રી અમૃતચંદ્ર આચાર્ય દેવે અમૃતના ધોરિયા વહેવડાવીને સમયસાર આદિ અનેક શાસ્ત્રોની અમૃતમય ટીકા કરી.

આ જ પરિપાટીમાં જૈનશાસનના ગગનમાં, ભૂતકાળના 'રાજેન્દ્ર', વર્તમાનના 'યોગીન્દ્ર' અને ભાવિના 'જિનેન્દ્ર' એવા આધ્યાત્મિક પુરાણ પુરુષ, નિડર, નિર્ભય, નિઃશંક, સિંહ પુરુષ, પરમપૂજ્ય શ્રી કાનજીસ્વામીનો ઉદય થયો. તે પુરુષે એકલા હાથે પોતાના નિજ અનુભવના જ્ઞાનબળે, આચાર્યોના હૃદયમાં પેસીને ચારે પડખેથી શાસ્ત્રોનો નિચોડ કાઢીને, પરમાગમોના રહસ્યોને પોતાની પ્રજ્ઞાથી આત્મસાત કરીને ભવ્ય જીવોને ૪૫-૪૫ વર્ષ સુધી અસ્ખલિત ધારાથી દિવ્યદેશનાની શ્રૃંખલા વરસાવીને અસંખ્ય જીવોને આધ્યાત્મિક વાતાવરણમાં તરબોળ કરી દીધા.

ગ્રંથાધિરાજ સમયસારજી પરમાગમ ઉપર ૧૯-૧૯ વખત જાહેરમાં સ્વાધ્યાય થયો. તેમાંથી જૈનશાસનના અનેક મૂળભૂત સિદ્ધાંતોની સ્પષ્ટતા તથા સત્‌ના ઉદ્‌ઘાટન થયા. તેમાંનો આ એક જૈનદર્શનનો મહાસિદ્ધાંત 'ક્રમબદ્ધ પર્યાય' જે સિદ્ધાંતનો પૂજ્ય

ગુરુદેવે સાંગોપાંગ અધ્યયન કરીને સર્વજ્ઞ ભગવાન, ગણધર ભગવાન, આચાર્ય ભગવાનના હૃદયમાં રહેલા આ સિદ્ધાંતને, ન્યાયથી, યુક્તિથી, આગમથી તથા નિજઅનુભવથી તેના રહસ્યનું ઉદ્‌ઘાટન કર્યું.

'ક્રમબદ્ધ પર્યાય' આ પુસ્તકમાં પૂજ્ય ગુરુદેવશ્રીએ જીવનભર ઘૂંટી-ઘૂંટીને જે સ્પષ્ટીકરણ કર્યું છે એવા માત્ર પૂજ્ય ગુરુદેવશ્રીના જ અમૃત વચનો આત્મધર્મ અંકોમાંથી તથા સમયસાર, નિયમસાર, બૃહદ્‌ દ્રવ્યસંગ્રહ, પ્રવચનરત્નાકર, સદ્‌ગુરુ પ્રસાદ, સ્વામીકાર્તિકેયાનુપ્રેક્ષા, જ્ઞાનસ્વભાવ-જ્ઞેયસ્વભાવ વગેરે શાસ્ત્રોમાંથી સંકલન કરીને મૂકવામાં આવ્યા છે.

'ક્રમબદ્ધ પર્યાય'નું સામાન્ય સ્વરૂપ કેવું છે તથા તેને સમજતા પર્યાયમાં વીતરાગતા કેવી રીતે થાય, અકર્તા અથવા જ્ઞાતા કેવી રીતે થાય તેનું પૂજ્ય ગુરુદેવશ્રીએ પોતાના વીતરાગ સ્વભાવમાં પેસી-પેસીને જે રીતે રહસ્યને ખુલ્લું મૂક્યું છે, તે રહસ્યને જગતના સર્વે ભવ્યજીવો સમજીને, પોતાના વીતરાગસ્વભાવને અનુભવીને, પૂર્ણ વીતરાગતા પ્રગટ કરે એવી એકમાત્ર નિષ્કારણ ભાવનાથી આ પૂજ્ય ગુરુદેવશ્રીના ૧૨૭મા પાવન પવિત્ર મંગલમય જન્મજયંતિ નિમિત્તે પ્રકાશિત કરવાનો ભાવ આવ્યો છે.

દરેક દ્રવ્યની દરેક પર્યાય તેના જન્મક્ષણે થાય, ક્રમબદ્ધ થાય, સર્વજ્ઞ ભગવાને જોયું હોય એમ થાય, વિગેરે આ દરેક શબ્દોના અર્થો તથા તેમાં રહેલા ગંભીર, ઊંડા સિદ્ધાંતો, ભાષા સાદી પણ ભાવની ગંભીરતા ! આ સામાન્ય લાગતી વાતમાં ઊંડપ કેટલી છે ! આ વાતને સમજતા, અનુભવતા માત્ર વીતરાગતા છોડીને બીજું કાંઈ હાથમાં જ ન આવે એવા અપૂર્વ ભાવો પૂજ્ય ગુરુદેવશ્રીની અનુભવ ઝરતી વાણીમાંથી સ્પષ્ટ થાય છે.

'ક્રમબદ્ધ પર્યાય'તો માત્ર 'માણવાનો' વિષય છે. માત્ર પોતાના વીતરાગ સ્વભાવને નિહાળતા-નિહાળતા વીતરાગી ક્રમબદ્ધનો અનુભવ થયા જ કરે એવો શાંતરસ ઝરતો આ શાંતિનો વિષય છે.

આ પુસ્તકમાં પ્રથમ પૂજ્ય ગુરુદેવશ્રીના આત્મધર્મ અંકોમાં આવેલ ક્રમબદ્ધ પર્યાયના સ્વામી કાર્તિકેયાનુપ્રેક્ષા ગાથા-૩૨૧-૩૨૨-૩૨૩ના પ્રવચનો મૂકેલ છે. ત્યારબાદ આત્માર્થીને અંતરંગ ચિંતવનમાં ઉઠતા પ્રશ્નોના, ભિન્ન-ભિન્ન શાસ્ત્રોના આધારથી પૂજ્ય ગુરુદેવશ્રીએ આપેલ સમાધાનો મૂકેલ છે. ત્યારબાદ પૂજ્ય ગુરુદેવશ્રીની આત્માર્થી સાથે ક્રમબદ્ધ પર્યાય ઉપર થયેલી ચર્ચા તથા સમાધાનો મૂકેલ

છે. ત્યારબાદ પૂજ્ય ગુરુદેવશ્રીના સમયસારજી શાસ્ત્રની ગાથા-૩૦૮ થી ૩૧૧ ઉપર થયેલ ૧૩મી વખતના બે, તથા શિબિર વખતના એક, તથા પ્રવચનસારજી શાસ્ત્રની ગાથા-૯૯ ઉપર થયેલ બે પ્રવચનો પૂર્ણ મૂકેલ છે. ત્યારબાદ પૂજ્ય બહેનશ્રી ચંપાબહેન દ્વારા ક્રમબદ્ધ પર્યાયના સંબંધમાં પૂછેલ પ્રશ્નોના સમાધાન પણ મૂકવામાં આવ્યા છે.

આ પુસ્તકમાં 'ક્રમબદ્ધ પર્યાય'ના વિષયને ન્યાય આપવા પૂજ્ય ગુરુદેવશ્રીના આત્મધર્મના અંકો ૪૫૨ તથા ભિન્ન-ભિન્ન શાસ્ત્રોમાં ક્રમબદ્ધપર્યાય વિષે પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનો જે સંકલન થયા છે તે તથા પૂર્ણ પ્રવચનોને શોધવાનું ભગીરથ કાર્ય માત્ર પોતાના નિજ સ્વાધ્યાય અર્થે યુવાવયમાં નિજસ્વભાવની ભાવના અર્થે મુંબઈમાં વસતા પૂજ્ય ગુરુદેવના સંતાનોને આ પરિવાર ધન્યવાદ આપે છે.

આ સમગ્ર પ્રકાશન એક સંકલનમાત્ર છે. પૂજ્ય ગુરુદેવશ્રીની 'દિવ્યધ્વનિમાત્ર' છે. કોઈ ક્યાંય અર્થઘટન નથી, કોઈ અભિપ્રાય નથી. માત્ર વિવિધ સમયે પૂજ્ય ગુરુદેવશ્રીએ 'ક્રમબદ્ધ સિદ્ધાંત' પર જે ન્યાય આપેલ છે તે, તે સમયે આત્મધર્મમાં (૧૯૪૩ થી ૧૯૮૦ સુધીમાં) આવેલ છે તે શબ્દશઃ જ છે. સાથે અનુસંધાન (**reference**) આપેલ છે. આ ભગીરથ કાર્યમાં સહકાર આપનાર સર્વેના અમો અંતઃકરણપૂર્વક આભારી છીએ.

અર્પણ

અમારા સમગ્ર પરિવારના સભ્યોને આ મોક્ષપ્રાપ્તિના માર્ગ તરફ દોરી જનાર તથા પૂજ્ય ગુરુદેવશ્રી તથા પૂજ્ય ભગવતી માતાનો સત્ પરિચય કરાવનાર અમારા પૂજ્ય પિતાશ્રી/દાદાશ્રી ત્રંબકલાલ છગનલાલ વાઘર, તેઓએ ખુદ ૨૨-૨૩ વર્ષની ઉંમરે પૂજ્ય ગુરુદેવે પ્રરૂપિત કરેલ સત્ દિગંબર જૈન ધર્મના સિદ્ધાંતોને આત્મસાત કરેલ છે. તેઓનો ઉપકાર ક્યારેય અમે ભૂલી શકીશું નહિ. આ સંકલન/પ્રકાશન અમે તેઓને અર્પણ કરીએ છીએ.

પૂજ્ય ગુરુદેવશ્રીની ૧૨૯મી પાવન પવિત્ર મંગલમય જન્મજયંતિના પાવન અવસરે શ્રી વાઘર પરિવાર, સમસ્ત મુમુક્ષુ સમાજ, પૂજ્ય ગુરુદેવશ્રીના અંતરંગ હૃદયને સમજીને તત્ક્ષણ નિજ ભગવાન આત્માના દર્શન કરી, શાશ્વત સુખને પ્રાપ્ત કરી, સિદ્ધદશાને પ્રાપ્ત કરે એવી શુદ્ધ ભાવનાસહ...

વાઘર પરિવાર, જામનગર

આ પુસ્તક **www.vitragvani.com** તથા **www.atmadharma.com** પર મૂકેલ છે.

# શ્રી સમયસારજી સ્તુતિ

(હરિગીત)

સંસારી જીવનાં ભાવમરણો ટાળવા કરુણા કરી,
સરિતા વહાવી સુધા તણી પ્રભુ વીર! તેં સંજીવની;
શોષાતી દેખી સરિતને કરુણાભીના હૃદયે કરી,
મુનિકુંદ સંજીવની સમયપ્રાભૃત તણે ભાજન ભરી.

(અનુષ્ટુપ)

કુંદકુંદ રચ્યું શાસ્ત્ર, સાથિયા અમૃતે પૂર્યા,
ગ્રંથાધિરાજ! તારામાં ભાવો બ્રહ્માંડના ભર્યા.

(શિખરણી)

અહો! વાણી તારી પ્રશમરસ-ભાવે નીતરતી,
મુમુક્ષુને પાતી અમૃતરસ અંજલિ ભરી ભરી;
અનાદિની મૂર્છા વિષ તણી ત્વરાથી ઊતરતી,
વિભાવેથી થંભી સ્વરૂપ ભણી દોડે પરિણતિ.

(શાર્દૂલવિક્રીડિત)

તું છે નિશ્ચયગ્રંથ ભંગ સઘળા વ્યવહારના ભેદવા;
તું પ્રજ્ઞાછીણી જ્ઞાન ને ઉદયની સંધિ સહુ છેદવા;
સાથી સાધકનો, તું ભાનુ જગનો, સંદેશ મહાવીરનો,
વિસામો ભવક્લાંતના હૃદયનો, તું પંથ મુક્તિ તણો.

(વસંતતિલકા)

સૂણ્યે તને રસનિબંધ શિથિલ થાય,
જાણ્યે તને હૃદય જ્ઞાની તણાં જણાય;
તું રુચતાં જગતની રુચિ આળસે સૌ,
તું રીઝતાં સકલજ્ઞાયકદેવ રીઝે.

(અનુષ્ટુપ)

બનાવું પત્ર કુંદનનાં, રત્નોના અક્ષરો લખી;
તથાપિ કુંદસૂત્રોનાં અંકાયે મૂલ્ય ના કદી.

# શ્રી સદ્‌ગુરુદેવ સ્તુતિ

(હરિગીત)

સંસારસાગર તારવા જિનવાણી છે નૌકા ભલી,
જ્ઞાની સુકાની મળ્યા વિના એ નાવ પણ તારે નહીં;
આ કાળમાં શુદ્ધાત્મજ્ઞાની સુકાની બહુ બહુ દોહ્યલો,
મુજ પુણ્યરાશિ ફળ્યો અહો! ગુરુ કહાન તું નાવિક મળ્યો.

(અનુષ્ટુપ)

અહો! ભક્ત ચિદાત્માના, સીમંધર-વીર-કુંદના!
બાહ્યાંતર વિભવો તારા, તારે નાવ મુમુક્ષુનાં.

(શિખરિણી)

સદા દૃષ્ટિ તારી વિમળ નિજ ચૈતન્ય નીરખે,
અને જ્ઞપ્તિમાંહી દરવ-ગુણ-પર્યાય વિલસે;
નિજાલંબીભાવે પરિણતિ સ્વરૂપે જઈ ભળે,
નિમિત્તો વહેવારો ચિદ્‌ઘન વિષે કાંઈ ન મળે.

(શાર્દૂલવિક્રીડિત)

હૈયું 'સત સત, જ્ઞાન જ્ઞાન' ધબકે ને વજ્રવાણી છૂટે,
જે વજ્રે સુમુમુક્ષુ સત્ત્વ ઝળકે; પરદ્રવ્ય નાતો તૂટે;
- રાગદ્વેષ રુચે ન, જંપ ન વળે ભાવેંદ્રિમાં - અંશમાં,
ટંકોત્કીર્ણ અકંપ જ્ઞાન મહિમા હૃદયે રહે સર્વદા.

(વસંતતિલકા)

નિત્યે સુધાઝરણ ચંદ્ર! તને નમું હું,
કરુણા અકારણ સમુદ્ર! તને નમું હું;
હે જ્ઞાનપોષક સુમેઘ! તને નમું હું,
આ દાસના જીવનશિલ્પી! તને નમું હું.

(સ્ત્રગ્ધરા)

ઊંડી ઊંડી, ઊંડેથી સુખનિધિ સતના વાયુ નિત્યે વહંતી,
વાણી ચિન્મૂર્તિ! તારી ઉર- અનુભવના સૂક્ષ્મ ભાવે ભરેલી;
ભાવો ઊંડા વિચારી, અભિનવ મહિમા ચિત્તમાં લાવી લાવી,
ખોયેલું રત્ન પામું, - મનરથ મનનો; પૂરજો શક્તિશાળી!

# અનુક્રમણિકા


| ક્રમ | વિષય : | પેજ નં. |
|---|---|---|
| | વિભાગ-૧ : પૂજ્ય ગુરુદેવશ્રી પ્રવચન (સંકલન) | |
| ૧. | પુરુષાર્થ! પુરુષાર્થ! (સ્વામી કાર્તિકેયાનુપ્રેક્ષા, ગાથા-૩૨૧ થી ૩૨૩) | ૦૧ |
| ૨. | ક્રમબદ્ધપર્યાય અને વ્યવહાર. | ૨૬ |
| ૩. | ક્રમબદ્ધપર્યાયનું સ્પષ્ટીકરણ (શ્રી સમયસાર, ગાથા-૩૦૮ થી ૩૧૧) | ૩૦ |
| ૪. | કેટલીક શક્તિઓ દ્વારા ક્રમબદ્ધપર્યાયનું સ્પષ્ટીકરણ. | ૩૬ |
| ૫. | આત્મસ્વભાવની અનુભૂતિમાં તેના સર્વે ગુણોના નિર્મળકાર્યની પ્રતીત. | ૪૫ |
| | વિભાગ-૨ : પૂજ્ય ગુરુદેવશ્રીનું વિવિધ વિષયો ઉપર સ્પષ્ટીકરણ | |
| ૬. | અજ્ઞાની જીવ સર્વજ્ઞ ભગવાનને કેવી રીતે જોવે છે? | ૫૧ |
| ૭. | સર્વજ્ઞ ભગવાન જીવને કેવી રીતે જોવે છે? | ૫૭ |
| ૮. | રાગ-દ્વેષ ક્રમબદ્ધ થાય છે તે ઊંધેથી ઉપડ્યો છે. | ૫૯ |
| ૯. | અનાદિથી ક્રમબદ્ધપર્યાય થયા કરતી હોવા છતાં હજી નિર્મળ પર્યાય કેમ ના થઈ? | ૬૮ |
| ૧૦. | ક્રમબદ્ધથી પુરુષાર્થ સિદ્ધ થાય છે કે સ્વચ્છંદપણું? | ૭૧ |
| ૧૧. | ક્રમબદ્ધ નહિ સમજનારની કેટલીક ભ્રમણાઓ. | ૮૩ |
| ૧૨. | ક્રમબદ્ધ અનુસાર રુચિ છે કે રુચિ અનુસાર ક્રમબદ્ધ છે? | ૯૭ |
| ૧૩. | ક્રમબદ્ધ : દ્રવ્ય દૃષ્ટિ કે પર્યાય દૃષ્ટિ? | ૧૦૦ |
| ૧૪. | ક્રમબદ્ધપર્યાય = જ્ઞાતાપણું. | ૧૦૬ |
| ૧૫. | ક્રમબદ્ધપર્યાય - ભિન્ન ભિન્ન દૃષ્ટિકોણ | ૧૧૩ |
| ૧૬. | ક્રમબદ્ધપર્યાયની અણસમજનું શું ફળ ? | ૧૩૪ |
| ૧૭. | ક્રમબદ્ધપર્યાય વિષે પૂજ્ય ગુરુદેવશ્રીની મુમુક્ષુઓ સાથે થયેલ ચર્ચા તથા સમાધાન. | ૧૪૦ |
| | વિભાગ-૩ : પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચન (પૂર્ણ) | |
| ૧૮. | શ્રીસમયસારજી ગાથા-૩૦૮ થી ૩૧૧ (પ્રવચન નં.૨૮૧) (૧૩મી વારના) | ૧૫૦ |
| ૧૯. | શ્રીસમયસારજી ગાથા-૩૦૮ થી ૩૧૧ (પ્રવચન નં.૨૮૨) (૧૩મી વારના) | ૧૬૭ |
| ૨૦. | શ્રીસમયસારજી ગાથા ૩૦૮-૩૧૧ (તા.૨૩-૭-૧૯૭૯) | ૧૮૪ |
| ૨૧. | શ્રીપ્રવચનસારજી ગાથા-૯૯ (પ્રવચન નં.૧૦૧, તા.૧૧-૬-૧૯૭૯) | ૧૯૯ |
| ૨૨. | શ્રીપ્રવચનસારજી ગાથા-૯૯ (પ્રવચન નં.૧૦૨, તા.૧૨-૬-૧૯૭૯) | ૨૧૪ |
| | વિભાગ-૪ : પૂજ્ય બહેનશ્રીનું ક્રમબદ્ધપર્યાય ઉપર સ્પષ્ટીકરણ : | |
| ૨૩. | પૂજ્ય બહેનશ્રી દ્વારા ક્રમબદ્ધપર્યાય સંબંધિત પૂછેલ પ્રશ્નોના સમાધાન | ૨૨૮ |

ૐ

‘‘જુઓ, આ ‘ક્રમબદ્ધપર્યાય’ની વાત અટપટી છે... પણ સરળ થઈને, જ્ઞાનસ્વભાવનો મહિમા લાવીને જો સમજવા માંગે તો સીધીસટ છે. આ પોતાના સ્વભાવના ઘરની વાત છે. આ વાત અંતરમાં બેઠા વગર કોઈ રીતે માર્ગ હાથ આવે તેમ નથી.’’

પૂજ્ય ગુરુદેવશ્રી

## પુરુષાર્થ ! પુરુષાર્થ !
## વસ્તુની પર્યાય ક્રમબદ્ધ જ થાય છે, તો પણ પુરુષાર્થ વગર શુદ્ધપર્યાય કદાપિ પ્રગટતી નથી

(સ્વામી કાર્તિકિયાનુપ્રેક્ષા ગાથા–૩૨૧–૩૨૨–૩૨૩)

એ સિદ્ધાંત ઉપર મુખ્યપણે આ વ્યાખ્યાન છે. આ વ્યાખ્યાનમાં ૧-પુરુષાર્થ, ૨-સમ્યગ્દષ્ટિની ધર્મભાવના, ૩-સર્વજ્ઞની સાચી શ્રદ્ધા, ૪-દ્રવ્યદષ્ટિ, ૫-જડ અને ચેતન પદાર્થોની ક્રમબદ્ધ પર્યાય, ૬-ઉપાદાન-નિમિત્ત, ૭-દ્રવ્ય-ગુણ-પર્યાય, ૮-સમ્યગ્દર્શન, ૯-કર્તાપણું અને જ્ઞાતાપણું, ૧૦-સાધકદશા, ૧૧-કર્મમાં ઉદીરણા વગેરે પ્રકારો, ૧૨-મુક્તિના નિઃસંદેહ ભણકાર, ૧૩-સમ્યગ્દષ્ટિ અને મિથ્યાદષ્ટિ, ૧૪-અનેકાંત અને એકાંત, ૧૫-પાંચ સમવાય, ૧૬-અસ્તિ-નાસ્તિ, ૧૭-નિમિત્ત-નૈમિત્તિક સંબંધ, ૧૮-નિશ્ચય-વ્યવહાર, ૧૯-આત્મજ્ઞ તથા સર્વજ્ઞ અને ૨૦-નિમિત્તની હાજરી હોવા છતાં નિમિત્ત વગર કાર્ય થાય છે એ વગેરેના સ્વરૂપનું સ્પષ્ટીકરણ આવી જાય છે. આમાં અનેક પડખાંથી વારંવાર સ્વતંત્ર પુરુષાર્થને સિદ્ધ કર્યો છે અને એ રીતે પુરુષાર્થસ્વભાવી આત્માની ઓળખાણ કરાવી છે.

ભગવાન સ્વામી કાર્તિકિયાચાર્યે આ ત્રણ ગાથાઓમાં સમ્યગ્દષ્ટિ જીવ વસ્તુસ્વરૂપનું કેવું ચિંતવન કરે છે અને પુરુષાર્થની ભાવના કરે છે તે બતાવ્યું છે, આ ખાસ જાણવા જેવું હોવાથી આજે વંચાય છે. મૂળ શાસ્ત્રની ગાથા નીચે મુજબ છે :-

'હવે સમ્યગ્દષ્ટિનો વિચાર કેવો હોય તે કહે છે -

जं जस्स जम्मिदेसे जेण विहाणेण जम्मि कालम्मि।
णादं जिणेण णियदं जम्मं वा अहव मरणं वा।। ३२१।।
तं तस्स तम्मिदेसे तेण विहाणेण तम्मि कालम्मि।
को सक्कइ चालेदुं इंदो वा अह जिणिंदो वा ।। ३२२।।

અર્થ : જે જીવને જે દેશમાં જે કાળમાં જે વિધિથી જન્મ તથા મરણ તેમજ દુઃખ, સુખ, રોગ, દારિદ્ર આદિ, જેમ સર્વજ્ઞદેવે જાણ્યું છે તે જ પ્રમાણે નિયમથી થવાનું.

સર્વજ્ઞદેવે જાણ્યા પ્રમાણે જ તે જીવને તે જ દેશમાં તે જ કાળમાં તે જ વિધિથી નિયમથી થાય છે, તેને નિવારી શકવા ઇન્દ્ર તથા જિનેન્દ્ર તીર્થંકરદેવ કોઈ પણ સમર્થ નથી.

ભાવાર્થ :- સર્વજ્ઞદેવ સર્વ દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવની અવસ્થા જાણે છે. તે સર્વજ્ઞના જ્ઞાનમાં જે પ્રતિભાસ્યું છે તે ચોક્કસપણે થાય છે તેમાં અધિક-હીન કાંઈ થતું નથી-એવું સમ્યગ્દષ્ટિ વિચારે છે.' (સ્વામી કા.અનુપ્રેક્ષા. પાનું-૧૨૫)

આ ગાથામાં સમ્યગ્દષ્ટિ જીવની ધર્મ અનુપ્રેક્ષા કેવી હોય તે બતાવ્યું છે. સમ્યગ્દષ્ટિ જીવ વસ્તુના સ્વરૂપનું કઈ રીતે ચિંતવન કરે છે તે આમાં બતાવ્યું છે. સમ્યગ્દષ્ટિની આ ભાવના દુઃખના દિલાસા ખાતર કે ખોટા આશ્વાસન ખાતર નથી, પણ જિનેશ્વરદેવે જોયેલું વસ્તુસ્વરૂપ જે પ્રમાણે છે તેમ પોતે ચિંતવે છે; આવું જ વસ્તુસ્વરૂપ છે, પણ કલ્પના નથી. આ ધર્મની વાત છે. 'જે કાળે જે અવસ્થા થવાની સર્વજ્ઞ ભગવાને જોઈ તે કાળે તે જ અવસ્થા થાય, બીજી ન થાય' આમાં એકાંતવાદ કે નિયતવાદ નથી પરંતુ આમાં જ સાચો અનેકાંતવાદ અને સર્વજ્ઞતાની ભાવના તેમ જ જ્ઞાનનો અનંતો પુરુષાર્થ આવે છે.

આત્મા સામાન્ય-વિશેષસ્વરૂપ વસ્તુ છે, અનાદિ અનંત જ્ઞાનસ્વરૂપ તે સામાન્ય અને તે જ્ઞાનમાંથી સમયે સમયે જે પર્યાય થાય છે તે વિશેષ છે. સામાન્ય પોતે કાયમ રહીને વિશેષપણે પરિણમે છે; તે વિશેષ પર્યાયમાં જો સ્વરૂપની રુચિ કરે તો સમયે સમયે વિશેષમાં શુદ્ધતા થાય છે, અને જો તે વિશેષ પર્યાયમાં 'રાગાદિ દેહાદિ તે હું' એવી ઊંધી રુચિ કરે તો વિશેષમાં અશુદ્ધતા થાય છે. આ રીતે સ્વરૂપની રુચિ કરે તો શુદ્ધપર્યાય ક્રમબદ્ધ પ્રગટે છે; અને જો વિકારની-પરની રુચિ હોય તો અશુદ્ધપર્યાય ક્રમબદ્ધ પ્રગટે છે; ચૈતન્યની ક્રમબદ્ધ પર્યાયમાં ફેર પડતો નથી, પણ ક્રમબદ્ધનો નિયમ એવો છે કે જે તરફની રુચિ કરે તે તરફની ક્રમબદ્ધદશા થાય છે. જેને ક્રમબદ્ધ પર્યાયની શ્રદ્ધા થાય તેને દ્રવ્યની રુચિ થાય અને જેને દ્રવ્યની રુચિ થાય તેની ક્રમબદ્ધ પર્યાય શુદ્ધ જ થાય, એટલે સર્વજ્ઞ ભગવાને જાણ્યા પ્રમાણે ક્રમબદ્ધપર્યાય જ થાય છે, તેમાં ફેર પડતો જ નથી-એટલું નક્કી કરવામાં તો દ્રવ્ય તરફનો અનંત પુરુષાર્થ આવી જાય છે. પર્યાયનો ક્રમ ફેરવવો નથી, પણ રુચિ સ્વ તરફ કરવાની છે.

પ્રશ્ન :- જગતના પદાર્થોની અવસ્થા ક્રમબદ્ધ થાય છે, જડ કે ચેતન બધામાં એક પછી એક ક્રમબદ્ધ અવસ્થા શ્રી સર્વજ્ઞદેવે જોઈ તે પ્રમાણે જ અનાદિ અનંત સમયબદ્ધ જ

થાય છે-તો પછી આમાં પુરુષાર્થ કરવાનો ક્યા રહ્યો?

ઉત્તર :- એકલા આત્મા તરફનો પુરુષાર્થ કરે ત્યારે જ ક્રમબદ્ધપર્યાયની શ્રદ્ધા થાય છે. જેણે પોતાના આત્મામાં ક્રમબદ્ધપર્યાયનો નિર્ણય કર્યો કે અહો! જડ અને ચૈતન્ય બધાની અવસ્થા ક્રમબદ્ધ સ્વયં થયા કરે છે, હું પરમાં શું કરું? હું તો માત્ર જેમ થાય તેમ જાણું એવું મારું સ્વરૂપ છે; આવા નિર્ણયમાં પરની અવસ્થામાં ઠીક-અઠીક માનવાનું ન રહ્યું પણ જ્ઞાતાપણું રહ્યું, એટલે ઊંધી માન્યતા અને અનંતાનુબંધી કષાય નાશ થયા. અનંત પરદ્રવ્યના કર્તૃત્વપણાનો મહા મિથ્યાત્વભાવ ટળીને પોતાના જ્ઞાતા સ્વભાવની અનંતી દ્રઢતા થઈ-આવો સ્વ તરફનો અનંત પુરુષાર્થ ક્રમબદ્ધપર્યાયની શ્રદ્ધામાં થયો છે.

બધ દ્રવ્યની અવસ્થા ક્રમબદ્ધ થાય છે, હું તેને જાણું પણ હું કોઈનું કાંઈ કરું નહિ એવી માન્યતા દ્વારા મિથ્યાત્વનો નાશ કરીને, પરથી પાછો ફરી જીવ સ્વ તરફ વળે છે. સર્વજ્ઞદેવના જ્ઞાનમાં જે ભાસ્યું તેમાં ફેર પડતો નથી, બધા પદાર્થોની સમયે સમયે જ અવસ્થા ક્રમબદ્ધ હોય તે જ થાય છે, આવા નિર્ણયમાં સમ્યગ્દર્શન આવી ગયું. આમાં કઈ રીતે પુરુષાર્થ આવ્યો તે કહે છે. ૧-પરની અવસ્થા તેના ક્રમ પ્રમાણે થયા જ કરે છે, હું પરનું કરતો નથી એમ નક્કી કર્યું એટલે બધા પર દ્રવ્યનું અભિમાન ટળી ગયું. ૨-ઊંધી માન્યતાથી પરની અવસ્થામાં ઠીક-અઠીકપણું માનીને જે અનંતાનુબંધી રાગદ્વેષ કરતો તે ટળી ગયો. આ રીતે, ક્રમબદ્ધપર્યાયની શ્રદ્ધા કરતાં પર દ્રવ્યના લક્ષથી ખસીને પોતે પોતાના રાગદ્વેષ રહિત જ્ઞાતાસ્વભાવમાં આવ્યો એટલે કે પોતાના હિત માટે પરમાં જોવાનું અટકી ગયું અને જ્ઞાન પોતા તરફ વળ્યું; હવે પોતાના દ્રવ્યમાં પણ એક પછી એક અવસ્થા ક્રમબદ્ધ થાય છે. હું તો ત્રણેકાળને ક્રમબદ્ધ અવસ્થાઓના પિંડરૂપ દ્રવ્ય છું, વસ્તુ તો જ્ઞાતા જ છે, એક અવસ્થા જેટલી વસ્તુ નથી; અવસ્થામાં રાગ-દ્વેષ થાય તે પર વસ્તુના કારણે નથી પણ વર્તમાન અવસ્થાની નબળાઈથી છે તે નબળાઈ ઉપર પણ જોવાનું ન રહ્યું, પણ પુરુષાર્થથી પરિપૂર્ણ જ્ઞાતાસ્વરૂપમાં જ જોવાનું રહ્યું, તે સ્વરૂપના લક્ષે પુરુષાર્થની નબળાઈ અલ્પકાળમાં તૂટી જવાની છે.

ક્રમબદ્ધપર્યાય દ્રવ્યમાંથી આવે છે, પરપદાર્થમાંથી આવતી નથી તેમજ એક પર્યાયમાંથી બીજી પર્યાય પ્રગટતી નથી તેથી પોતાની પર્યાય માટે પર ઉપર કે પર્યાય ઉપર જોવાનું ન રહ્યું પણ એકલા જ્ઞાતાસ્વરૂપમાં જ જોવાનું રહ્યું; આવી જેની દશા થઈ તેણે

સર્વજ્ઞના જ્ઞાન પ્રમાણે ક્રમબદ્ધપર્યાયનો નિર્ણય કર્યો છે.

પ્રશ્ન :-સર્વજ્ઞ ભગવાને જોયું હોય ત્યારે આત્માની રુચિ થાય ને?

ઉત્તર :- સર્વજ્ઞ ભગવાન બધું જાણે છે એમ નક્કી કોણે કર્યું? જેણે સર્વજ્ઞ ભગવાનના જ્ઞાન સામર્થ્યને પોતાની પર્યાયમાં નક્કી કર્યું છે તેની પર્યાય સંસારથી અને રાગથી ખસીને પોતાના જ્ઞાનસ્વભાવ તરફ વળી છે ત્યારે જ તેણે સર્વજ્ઞનો નિર્ણય કર્યો છે, જેની પર્યાય જ્ઞાનસ્વભાવ તરફ વળી છે તેને આત્માની જ રુચિ છે. 'અહો! કેવળી ભગવાન ત્રણકાળ ત્રણલોકના જાણનાર જ છે, તેઓ પોતાના જ્ઞાનથી બધું જાણે છે પણ કોઈનું કાંઈ કરતા નથી.' આમ જેણે યથાર્થપણે નક્કી કર્યું તેણે પોતાના આત્માને જ્ઞાતા સ્વભાવે માન્યો અને તેને ત્રણકાળ ત્રણલોકના બધા પદાર્થોના કર્તૃત્વપણાની બુદ્ધિ ટળી ગઈ-એટલે કે અભિપ્રાય અપેક્ષાએ તે સર્વજ્ઞ થયો છે. આવો, સ્વભાવનો અનંત પુરુષાર્થ ક્રમબદ્ધપર્યાયની શ્રદ્ધામાં આવે છે. ક્રમબદ્ધપર્યાયની શ્રદ્ધા તે નિયતવાદ નથી, પણ સમ્યક્ પુરુષાર્થવાદ છે.

સામા દ્રવ્યોની એક પછી એક જે અવસ્થા થાય છે તેના કર્તા સ્વયં તે તે દ્રવ્યો છે, પણ હું તેનો કર્તા નથી, અને મારી અવસ્થા કોઈ પર કરતું નથી, કોઈ નિમિત્તના કારણે રાગ-દ્વેષ થતાં નથી, આ રીતે નિમિત્ત અને રાગ-દ્વેષને જાણનાર એકલી જ્ઞાનની અવસ્થા રહી, તે અવસ્થા જ્ઞાતાસ્વરૂપને જાણે, રાગને જાણે અને બધા પરને પણ જાણે, માત્ર જાણવાનું જ જ્ઞાનનું સ્વરૂપ છે, રાગ થાય તે જ્ઞાનનું જ્ઞેય છે પણ રાગ તે જ્ઞાનનું સ્વરૂપ નથી-આવી શ્રદ્ધામાં જ્ઞાનનો અનંતો પુરુષાર્થ સમાય છે. આ સમજવા માટે જ આચાર્યદેવે અહીં બે ગાથા મૂકીને વસ્તુસ્વરૂપ બતાવ્યું છે. સમ્યગ્દષ્ટિને હજી કેવળજ્ઞાન થયું નથી ત્યારપહેલાં પોતાના કેવળજ્ઞાનની ભાવના કરતાં વસ્તુસ્વરૂપ વિચારે છે. સર્વજ્ઞતા થતાં વસ્તુસ્વરૂપ કેવું જણાશે તેનું ચિંતવન કરે છે.

આત્માની અવસ્થા ક્રમબદ્ધ થાય છે, જ્યારે આત્માની જે અવસ્થા થાય ત્યારે તે અવસ્થાને અનુકૂળ નિમિત્તરૂપ પરવસ્તુ સ્વયં હાજર હોય જ છે; આત્માની ક્રમબદ્ધપર્યાયની જે લાયકાત હોય તેને અનુસાર નિમિત્ત ન આવે તો તે પર્યાય અટકી જાય-એમ બનતું નથી. 'નિમિત્ત ન હોય તો?' એ પ્રશ્ન જ અજ્ઞાન ભરેલો છે, ઉપાદાનસ્વરૂપની દૃષ્ટિવાળાને તે પ્રશ્ન ન ઊઠે; વસ્તુમાં પોતાના ક્રમથી જ્યારે અવસ્થા

થાય ત્યારે નિમિત્ત હોય જ છે, એવો નિયમ છે.

જે તડકો છે તે પરમાણુની જ ઊજળી દશા છે અને છાંયો છે તે પરમાણુની જ કાળી દશા છે. પરમાણુમાં જે સમયે કાળી અવસ્થા થવાની હોય તે જ સમયે કાળી અવસ્થા તેનાથી સ્વયં થાય છે, અને તે વખતે સામે બીજી ચીજ હાજર હોય છે. પરમાણુની કાળી દશાના ક્રમને ફેરવવા કોઈ સમર્થ નથી. તડકામાં વચ્ચે હાથ રાખતાં નીચે જે પડછાયો થાય છે તે હાથના કારણે થયો નથી, પણ ત્યાંના પરમાણુની જ તે સમયની ક્રમબદ્ધ અવસ્થા કાળી થઈ છે. પરમાણુમાં બપોરના ત્રણ વાગે કાળી દશા થવાની છે એમ સર્વજ્ઞદેવે જોયું હોય, અને હાથ મોડો આવે તો પરમાણું ત્રણ વાગે કાળીદશા થવી અટકી જાય ને? ના, એમ બને જ નહિ. પરમાણુમાં બરાબર ત્રણ વાગે કાળી દશા થવાની હોય તો બરાબર તે જ વખતે હાથ વગેરે નિમિત્ત સ્વયં હાજર હોય જ; સર્વજ્ઞદેવે ત્રણ વાગે પરમાણુની કાળી દશા થશે એમ જોયું અને જો નિમિત્તના અભાવને લીધે તે દશા મોડી થાય તો સર્વજ્ઞનું જ્ઞાન ખોટું ઠરે! પરંતુ તે અસંભવ છે. જે વખતે વસ્તુની જે ક્રમબદ્ધ અવસ્થા થવાની હોય તે વખતે નિમિત્ત ન હોય એમ બને જ નહિ, નિમિત્ત હોય ખરું પણ નિમિત્ત કાંઈ જ કરે નહિ. અહીં ઉપરમાં પુદ્ગલનું દૃષ્ટાંત લીધું, તેમ હવે જીવનું દૃષ્ટાંત આપી સમજાવે છે. કોઈ જીવ કેવળજ્ઞાન પામવાનો હોય અને શરીરમાં વજ્રઋષભનારાચસંહનન ન હોય તો કેવળજ્ઞાન અટકીજાય એવી માન્યતા તદ્દન અસત્ય પરાધીન દૃષ્ટિની છે. જીવ કેવળજ્ઞાન પામવા તૈયાર થયો અને શરીરમાં વજ્રઋષભનારાચસંહનન ન હોય એમ કદાપિ બને જ નહિ. જ્યાં ઉપાદાન પોતે તૈયાર થયું ત્યાં નિમિત્ત સ્વયં હોય જ. જે સમયે ઉપાદાન કાર્યરૂપ પરિણમે તે જ સમયે બીજી ચીજ નિમિત્તરૂપ હાજર હોય, નિમિત્ત પાછળથી આવે એમ બને નહિ, જે વખતે ઉપાદાનનું કામ તે જ વખતે નિમિત્તની હાજરી–આમ હોવા છતાં ઉપાદાનના કાર્યમાં નિમિત્ત કાંઈ જ મદદ, અસર કે ફેરફાર કરે નહિ. નિમિત્ત ન હોય એમ ન બને અને નિમિત્તથી કાર્ય થાય એમ પણ ન બને. ચેતન કે જડ દ્રવ્યમાં તેની પોતાની જે ક્રમબદ્ધ અવસ્થઆ જ્યારે થવાની હોય છે ત્યારે અનુકૂળ નિમિત્ત હોય છે. આવો જે સ્વાધીનદૃષ્ટિનો વિષય છે તે સમ્યગ્દૃષ્ટિ જ જાણે છે, મિથ્યાદૃષ્ટિઓને વસ્તુની સ્વતંત્રતાની પ્રતીત નથી એટલે તેની દૃષ્ટિ નિમિત્ત ઉપર જાય છે.

અજ્ઞાનીને વસ્તુસ્વરૂપનું સાચું જ્ઞાન નથી એટલે તે વસ્તુની ક્રમબદ્ધપર્યાયમાં શંકા કરે છે કે આ આમ કેમ બન્યું? તેને સર્વજ્ઞના જ્ઞાનની અને વસ્તુની સ્વતંત્રતાની પ્રતીત નથી; જ્ઞાનીને વસ્તુસ્વરૂપમાં શંકા પડતી નથી. તે જાણે છે કે જે કાળે જે વસ્તુની જે પર્યાય થાય છે તે તેની ક્રમબદ્ધ વ્યવસ્થા છે, હું માત્ર જાણનાર છું; આમ જ્ઞાનીને પોતાના જાણનાર સ્વભાવનું ભાન છે તેથી સર્વજ્ઞ ભગવાને જાણેલા વસ્તુસ્વરૂપનું ચિંતવન કરીને તે પોતાના જ્ઞાનની ભાવના વધારે છે કે જે કાળે જેમ બને તેમ હું તેનો જ્ઞાયક જ છું, મારા જ્ઞાયક સ્વરૂપની ભાવના કરતાં કરતાં મારું કેવળજ્ઞાન પ્રગટવાનું છે.

આ ભાવના કેવળી ભગવાન વિચારતા નથી પરંતુ જેને હજી અલ્પ રાગ-દ્વેષ પણ થાય છે એવા ચોથા, પાંચમા, છઠ્ઠા ગુણસ્થાનવાળા જ્ઞાનીની ધર્મભાવનાનો આ વિચાર છે, આમાં યથાર્થ વસ્તુ સ્વરૂપની ભાવના છે, પણ કાંઈ મિથ્યાકલ્પના કે દુઃખના આશ્વાસન માટે નથી. આવી પડેલા કોઈ પણ સંયોગ વિયોગને આપદાનું કારણ સમ્યગ્દૃષ્ટિઓ માનતા જ નથી, પણ જ્ઞાનની અધૂરી દશાના કારણે પોતાની નબળાઈથી અલ્પ રાગ-દ્વેષ થાય છે, તે વખતે સંપૂર્ણ જ્ઞાનદશા કેવા પ્રકારની હોય તેનું તેઓ નીચે પ્રમાણે ચિંતવન કરે છે.

જે કાળે જે વસ્તુની જે અવસ્થા સર્વજ્ઞદેવના જ્ઞાનમાં જણાણી છે તે જ પ્રમાણે ક્રમબદ્ધ અવસ્થા થવાની, ભગવાન તીર્થંકરદેવ પણ તેને ફેરવવા સમર્થ નથી. જુઓ, આમાં સમ્યગ્દૃષ્ટિની ભાવનાની નિઃશંકતાનું જોર કેટલું છે! 'ભગવાન પણ ફેરવવા સમર્થ નથી' એમ કહેવામાં ખરેખર પોતાના જ્ઞાનની નિઃશંકતા છે. સર્વજ્ઞદેવ માત્ર જાણે પણ કાંઈ ફેરવવા સમર્થ નથી, તો પછી હું તો શું કરવું? હું પણ માત્ર જાણનાર જ છું, આમ પોતાના જ્ઞાનની પૂર્ણતાની ભાવનાનું જોર છે.

જે ક્ષેત્રમાં જે દેહનું જીવન કે મરણ, સુખ કે દુઃખનો સંયોગ વગેરે જે વિધિએ થવાનું હોય તેમાં કિંચિત્ ફેર પડે નહિ. સર્પ કરડવો, પાણીમાં ડૂબવું, અગ્નિમાં બળવું વગેરે જે સંયોગ થવાનો તેને ફેરફાર કરવા કોઈ ત્રણકાળ ત્રણલોકમાં સમર્થ નથી. ધ્યાન રાખજો, આમાં મહાન સિદ્ધાંત છે, એકલા પુરુષાર્થની સિદ્ધિ કરે છે. આમાં બાર ભાવનાનું સ્વરૂપ સ્વામીકાર્તિકેય આચાર્ય વર્ણવે છે, તેઓ મહા સંત મુનિ હતા, બે હજાર વર્ષ પૂર્વે થઈ ગયા છે, વસ્તુસ્વરૂપને દૃષ્ટિમાં રાખીને આ શાસ્ત્રમાં ભાવનાનું સ્વરૂપ તેમણે વર્ણવ્યું છે; આ

શાસ્ત્ર સનાતન જૈન પરંપરામાં ઘણું જૂનું મનાય છે. કાર્તિકસ્વામી સંબંધી શ્રીમદ્ રાજચંદ્રે પણ કહ્યું છે કે :- 'નમસ્કાર હો તે સ્વામી કાર્તિકેયને!' આ મહા સંત મુનિના કથનમાં ઊંડા રહસ્ય છે.

'**जो जीस जीवके**' એટલે બધા જીવોને માટે આ જ નિયમ છે કે જે જીવને જે કાળે જીવન મરણ વગેરેના કાંઈ પણ સંયોગ, સુખ-દુઃખનું નિમિત્ત આવી પડવાનું છે તેમાં ફેર કરવા શકેન્દ્ર, નરેન્દ્ર કે જિનેન્દ્ર કોઈ સમર્થ નથી-આ સમ્યગ્દષ્ટિ જીવનો સાચા જ્ઞાનની પૂર્ણતાની ભાવનાનો વિચાર છે. વસ્તુનું સ્વરૂપ જ આવું છે તેને પોતાના જ્ઞાનમાં લ્યે છે, પણ કાંઈ સંયોગના ભયથી ઓથ લેવા માટેનો આ વિચાર નથી. એક પર્યાયમાં ત્રણકાળ ત્રણલોકના પદાર્થોનું જ્ઞાન કઈ રીતે જણાઈ જાય તે પ્રકાર વિચારે છે.

અહીં સુખદુઃખના સંયોગની વાત કરી છે, સંયોગ વખતે અંદર પોતે જે શુભ કે અશુભ લાગણી કરે તે આત્માના વીર્યનું કાર્ય છે. પુરુષાર્થની નબળાઈથી રાગ-દ્વેષ થાય છે ત્યાં સમ્યગ્દષ્ટિ પોતાની પર્યાયની મોળપને સ્વના લક્ષે જાણે છે, સંયોગના કારણે પોતાને રાગ-દ્વેષ થાય છે એમ માનતા નથી; સંયોગ-વિયોગ તો સર્વજ્ઞે જોયા પ્રમાણે ક્રમસર થાય છે એમ તે માને છે; મિથ્યાદષ્ટિ જીવ પરસંયોગના કારણે પોતાને રાગ-દ્વેષ થાય છે એમ માને છે એટલે તે સંયોગ ફેરવવા માગે છે, તેને વીતરાગ શાસનની શ્રદ્ધા નથી. સર્વજ્ઞના જ્ઞાનની પણ તેને શ્રદ્ધા નથી કેમકે સર્વજ્ઞદેવે જોયા પ્રમાણે જ બધું થાય છે છતાં 'આમ કેમ થયું?' એમ તે શંકા કરે છે. જો સર્વજ્ઞની શ્રદ્ધા હોય તો સર્વજ્ઞદેવે જોયા પ્રમાણે જ બધું થાય છે એમ નક્કી કરે અને તેથી સંયોગના કારણે પોતાને રાગ-દ્વેષ થાય છે એ માન્યતા ટળી જ જાય, અને સંયોગ હું ફેરવી શકું એ માન્યતા પણ ટળી જ જાય. આ વાતમાં જરાકે ફેરફાર માને તેને વીતરાગશાસનની શ્રદ્ધા નથી.

જે જીવને જે નિમિત્ત દ્વારા જે આહાર-પાણી મળવાના હોય તે જીવને તે જ નિમિત્ત દ્વારા અને તે જ રજકણો મળવાનાં; તેમાં એક સમયમાત્ર કે એક પરમાણુમાત્રનો ફેરફાર કરવા કોઈ સમર્થ નથી. જીવન, મરણ, સુખ, દુઃખ, દારિદ્ર વગેરે જેમ થવાનું હોય તેમ જ થવાનું, તેમાં લાખ પ્રકારે ચોકસાઈ રાખે તોપણ કિંચિત્ ફેરફાર થાય નહિ, ઈન્દ્ર, નરેન્દ્ર કે જિનેન્દ્ર કોઈ પણ ફેરવવા સમર્થ નથી. આમાં નિયતવાદ નથી આવતો, પણ એકલો જ્ઞાયકપણાનો પુરુષાર્થવાદ જ આવે છે.

‘જેમ સર્વજ્ઞ ભગવાને જોયું તેમ જ થાય, તેમાં જરાય ફેરફાર ન જ થાય.’ આવી દૃઢ પ્રતીતિ તેનું નામ નિયતવાદ નથી પણ આ તો સમ્યગ્દષ્ટિ ધર્માત્માનો પુરુષાર્થવાદ છે. સમ્યગ્દર્શન સિવાય આ વાત નહિ બેસે! પરમાં જોવાનું નથી પણ સ્વમાં જોવાનું છે; જેની દૃષ્ટિ એકલા પર પદાર્થ ઉપર જ છે તેને ભ્રમથી એમ લાગશે કે આ તો નિયતવાદ છે; પણ જો સ્વ વસ્તુ તરફથી જુએ તો આમાં તો એકલો સ્વાધીનતત્ત્વદૃષ્ટિનો પુરુષાર્થ ભરેલો છે. વસ્તુનું પરિણમન સર્વજ્ઞના જ્ઞાન પ્રમાણે ક્રમબદ્ધ થાય છે એમ નક્કી કર્યું ત્યાં બધા પર દ્રવ્યોથી જીવ ઉદાસ થઈ ગયો અને તેથી સ્વદ્રવ્યમાં જ તેને જોવાનું રહ્યું, અને તેમાં જ સમ્યક્‌પુરુષાર્થ આવી ગયો છે. આ પુરુષાર્થમાં મોક્ષના પાંચે સમવાય સમાઈ જાય છે. આ ક્રમબદ્ધપર્યાયની શ્રદ્ધાના ભાવ સર્વજ્ઞ ભગવાનના જ્ઞાનને અવલંબનારા છે, આ ભાવ ત્રણલકાળ ત્રણલોકમાં ફરવાના નથી. જો સર્વજ્ઞનું કેવળજ્ઞાન ખોટું પડે તો આ ભવ ફરે! (તે અશક્ય છે.) જગત જગતને ઠેકાણે રહ્યું, જગતના જીવોને આ વાત ન બેસે તેથી શું? સર્વજ્ઞદેવે જોયેલું વસ્તુસ્વરૂપ કદી ફરવાનું નથી. સર્વજ્ઞદેવે જોયું હોય તેમ જ થાય-આ વાતમાં શંકા કરે તે મિથ્યાદૃષ્ટિ છે. નિમિત્ત અને સંયોગમાં હું ફેરફાર કરી શકું એમ જે માને છે તે સર્વજ્ઞના જ્ઞાનમાં શંકા કરે છે અને તેથી તે પ્રગટપણે મિથ્યાદૃષ્ટિ અજ્ઞાની મૂઢ છે.

અહો! આ એક સત્ય સમજતાં જગતના સર્વે દ્રદવ્યો પ્રત્યે કેટલો ઉદાસભાવ થઈ જાય છે!! ઓછું ખાવાનો ભાવ કરે કે વધારે ખાવાનો ભાવ કરે પરંતુ જેટલા અને જે પરમાણુઓ આવવાના તેટલા અને તે જ પરમાણુઓ આવશે, તેમાં એક પણ પરમાણુને ફેરવવા જીવ સમર્થ નથી. બસ! આમ જાણીને તો શરીરનું અને પરનું કર્તૃત્વ છૂટીને જ્ઞાનસ્વભાવની પ્રતીત થવી જોઈએ. આ માનવામાં અનંતુ વીર્ય સ્વ તરફ કાર્ય કરે છે. પરનું કર્તૃત્વ અંતરથી માનતો હોય, પરમાં સુખબુદ્ધિ હોય અને કહે કે જે થવાનું હોય તે થાશે-એ તો શુષ્કતા છે; એવી આ વાત નથી; જ્યારે અનંત પર દ્રવ્યોથી છૂટો પડીને એકલા સ્વભાવમાં જીવ સંતોષ માને છે ત્યારે આ વાત યથાર્થ બેસે છે, આની કબૂલાતમાં તો બધાય પર પદાર્થોથી ખસીને જ્ઞાન જ્ઞાનમાં જ રોકાણું છે, એટલે એકલો વીતરાગભાવનો પુરુષાર્થ પ્રગટ્યો છે. નરેન્દ્ર, દેવેન્દ્ર કે જિનેન્દ્ર ત્રણકાળ ત્રણલોકમાં એક પરમાણુને ફેરવવા સમર્થ નથી, આવી જેને પ્રતીત છે તે જ્ઞાન તરફ વળ્યો છે, અને તેને સમ્યગ્દર્શન છે; ક્રમે ક્રમે જ્ઞાનની દૃઢતાના જોરે રાગ તોડીને તે અલ્પકાળમાં કેવળજ્ઞાનની

પ્રાપ્તિ કરવાનો છે; કેમકે બધું જ ક્રમબદ્ધ થાય છે એમ નક્કી કર્યું હોવાથી હવે તે જ્ઞાતાભાવે જાણે જ છે, જ્ઞાનની એકાગ્રતાની કચાશના કારણે વર્તમાન થોડું અધૂરું જાણે છે અને અલ્પ રાગ-દ્વેષ પણ થાય છે પરંતુ હું તો જ્ઞાન જ છું એવી શ્રદ્ધાના જોરે પુરુષાર્થની પૂર્ણતા કરી કેવળજ્ઞાન પામવાનો છે, તેથી 'હું તો જ્ઞાતાસ્વરૂપ છું, પરપદાર્થોની ક્રિયા સ્વતંત્ર થાય છે તેનો હું કર્તા નથી પણ જાણનાર જ છું' આવી યથાર્થ શ્રદ્ધા તે જ કેવળજ્ઞાન પ્રગટવાનો એક જ અપૂર્વ અને અફર (જરાપણ ઊણપ ન રાખે અને પાછો ન ફરે તેવો) ઉપાય છે.

જેમ વસ્તુમાં થાય છે તેમ કેવળી જાણે છે અને જેમ કેવળીએ જાણ્યું છે તેમ વસ્તુમાં થાય છે, આ રીતે જ્ઞેય અને જ્ઞાયકને અરસપરસ મેળ છે. જ્ઞેયજ્ઞાયક મેળ ન માને અને કર્તાકર્મનો જરાપણ મેળ માને તો જીવ મિથ્દષ્ટિ છે. કેવળજ્ઞાની સંપૂર્ણ જ્ઞાયક છે, કોઈ પદાર્થ પ્રત્યે કર્તૃત્વ કે રાગ-દ્વેષભાવ તેમને નથી. સમ્યગ્દષ્ટિને પણ એવી શ્રદ્ધા છે કે કેવળજ્ઞાનીની જેમ હું પણ જાણનાર જ છું, કોઈ વસ્તુનું હું કાંઈ કરી શકતો નથી, તેમ જ કોઈ વસ્તુના કારણે મારામાં ફેરફાર થતો નથી, અસ્થિરતાથી રાગ થઈ જાય તે મારું સ્વરૂપ નથી. આ રીતે શ્રદ્ધા અપેક્ષાએ તો સમ્યગ્દષ્ટિ પણ જ્ઞાયક જ છે. નિયમ મુજબ વસ્તુની ક્રમબદ્ધદશા થાય છે એમ જેણે માન્યું તેણે વસ્તુસ્વરૂપ જાણ્યું.

ભાઈ રે! આ નિયતવાદ નથી. પરંતુ પોતાના જ્ઞાનમાં સમસ્ત પદાર્થોના નિયતનો (ક્રમબદ્ધઅવસ્થાઓનો) નિર્ણય કરનાર આ પુરુષાર્થવાદ છે. આ બધા પદાર્થોની ક્રમબદ્ધ અવસ્થા થાય છે તો હું તેને શું કરું? હું કોઈની અવસ્થાના ક્રમને ફેરવવા સમર્થ નથી, મારી અવસ્થા ક્રમબદ્ધ મારા દ્રવ્યસ્વભાવમાંથી પ્રગટે છે તેથી હું મારા દ્રવ્યસ્વભાવમાં એકાગ્ર રહીને બધાનો જાણનાર જ છું-આવી સ્વભાવદષ્ટિ (દ્રવ્યદષ્ટિ)માં અનંત પુરુષાર્થ આવ્યો છે.

પ્રશ્ન :- જો બધું જ ક્રમબદ્ધ છે અને તેમાં જીવ કાંઈ જ ફેરફાર ન કરી શકે તો પછી જીવમાં પુરુષાર્થ ક્યાં રહ્યો?

ઉત્તર :- બધું ક્રમબદ્ધ છે એવા નિર્ણયમાં જ જીવનો અનંત પુરુષાર્થ સમાણો છે, પરનું ફેરફાર કરવું તે કાંઈ આત્માના પુરુષાર્થનું કાર્ય નથી. ભગવાન જગતનું બધું માત્ર જાણે જ છે પરંતુ તેઓ પણ કાંઈ ફેરવી ન શકે તો તેથી શું ભગવાનનો પુરુષાર્થ પરિમિત

(હદવાળો) થઈ ગયો? નહિ, નહિ, ભગવાનનો અનંત-અપરિમિત પુરુષાર્થ પોતાના જ્ઞાનમાં સમાણો છે. ભગવાનનો પુરુષાર્થ સ્વમાં છે, પરમા નહિ; પુરુષાર્થ તે જીવ દ્રવ્યની પર્યાય છે તેથી તેનું કાર્ય જીવની જ પર્યાયમાં આવે પણ જીવના પુરુષાર્થનું કાર્ય પરમાં ન આવે.

સમ્યગ્દર્શન અને કેવળજ્ઞાનદશા આત્માના પુરુષાર્થ વગર થાય એમ જે માને તે મિથ્યાદૃષ્ટિ છે. જ્ઞાની તો ક્ષણે ક્ષણે સ્વભાવની પૂર્ણતાના પુરુષાર્થની ભાવના કરે છે; અહો! જેમને પૂરો જ્ઞાયકસ્વભાવ ઉઘડી ગયો તે કેવળજ્ઞાની છે, તેમના જ્ઞાનમાં બધું એક સાથે જણાય છે આવી પ્રતીતિ કરતાં પોતે પણ સ્વદૃષ્ટિથી જોનાર જ રહ્યો, જ્ઞાન સિવાય પરનું કર્તૃત્વ કે રાગાદિ એ બધું અભિપ્રાયમાંથી ટળી ગયું; આવી દ્રવ્યદૃષ્ટિના જોરે જ્ઞાનની પૂર્ણતાની ભાવનાથી વસ્તુસ્વરૂપ ચિંતવે છે. આ ભાવના જ્ઞાનીની છે, અજ્ઞાની મિથ્યાદૃષ્ટિની આ ભાવના નથી કેમકે મિથ્યાદૃષ્ટિ જીવ તો પરનું કર્તૃત્વ માને છે. કર્તાપણાની માન્યતાવાળો જીવ જ્ઞાતાપણાની યથાર્થ ભાવના કરી શકે નહિ, કેમકે કર્તાપણાને અને જ્ઞાતાપણાને પરસ્પર વિરોધ છે.

'સર્વજ્ઞ ભગવાને પોતાના કેવળજ્ઞાનમાં જેમ જોયું હોય તેમજ થાય, આપણે તેમાં કાંઈ ફેરફાર ન કરી શકીએ, તો પછી તેમાં પુરુષાર્થ રહેતો નથી' આમ જે માને છે તે અજ્ઞાની છે; હે ભાઈ! તું કોના જ્ઞાનથી વાત કરે છે? તારા જ્ઞાનથી કે બીજાના જ્ઞાનથી ? જો તું તારા જ્ઞાનથી જ વાત કરે છે તો પછી જે જ્ઞાને સર્વજ્ઞનો અને બધા દ્રવ્યોની અવસ્થાનો નિર્ણય કરી લીધો તે જ્ઞાનમાં સ્વદ્રવ્યનો નિર્ણય ન હોય એ બને જ કેમ ? સ્વદ્રવ્યનો નિર્ણય કરનાર જ્ઞાનમાં અનંત પુરુષાર્થ છે.

વળી તારી દલીલમાં 'સર્વજ્ઞ ભગવાને પોતાના કેવળજ્ઞાનમાં જેમ જોયું હોય તેમ થાય' એમ કહ્યું છે તો તે માત્ર વાત કરવા માટે કહ્યું છે કે તને સર્વજ્ઞના કેવળજ્ઞાનનો નિર્ણય છે? પ્રથમ તો, જો કેવળજ્ઞાનનો તને નિર્ણય ન હોય તો પહેલા તે નિર્ણય કર, અને જો સર્વજ્ઞના્ નિર્ણયપૂર્વક તું કહેતો હોય તો, સર્વજ્ઞ ભગવાનના કેવળજ્ઞાનનો નિર્ણય કરનાર જ્ઞાનમાં અનંત પુરુષાર્થ આવી જ જાય છે. સર્વજ્ઞનો નિર્ણય કરવામાં જ્ઞાનનું અનંત વીર્ય કામ કરે છે છતાં તેની ના પાડીને તું કહે છે કે 'ક્રમબદ્ધપર્યાયમાં પુરુષાર્થ ક્યાં આવ્યો?' તો તને પૂર્ણ કેવળજ્ઞાનના સ્વરૂપની જ શ્રદ્ધા થઈ નથી, તેમ કેવળજ્ઞાનને કબૂલવાનો

અનંત પુરુષાર્થ તારામાં પ્રગટ્યો નથી. કેવળજ્ઞાનને કબૂલવામાં અનંત પુરુષાર્થની અસ્તિ આવે છે છતાં કબૂલતો નથી તો તું માત્ર વાતો જ કરે છે પણ તને સર્વજ્ઞનો નિર્ણય થયો નથી; જો સર્વજ્ઞનો નિર્ણય હોય તો પુરુષાર્થની અને ભવની શંકા ન હોય; સાચો નિર્ણય આવે અને પુરુષાર્થ ન આવે તેમ બને જ નહિ.

અનંત પદાર્થોને જાણનાર, અનંત ગુણોથી પરિપૂર્ણ અને ભવરહિત એવા કેવળજ્ઞાનનો જે જ્ઞાને નિર્ણય કર્યો તે જ્ઞાને પોતાના પુરુષાર્થ વડે નિર્ણય કર્યો છે કે પુરુષાર્થ વગર ? જેણે ભવરહિત કેવળજ્ઞાનને પ્રતીતમાં લીધું છે તેણે રાગમાં ટકીને તે પ્રતીત કરી નથી પણ રાગથી છૂટો પાડીને પોતાના જ્ઞાનસ્વભાવમાં ટકીને ભવરહિત કેવળજ્ઞાનની તેણે પ્રતીત કરી છે. જે જ્ઞાને જ્ઞાનમાં ટકીને ભવરહિત કેવળજ્ઞાનની પ્રતીત કરી તે જ્ઞાન પોતે ભવરહિત છે અને તેથી તે જ્ઞાનમાં ભવની શંકા નથી. પહેલાં કેવળજ્ઞાનની પ્રતીત ન હતી ત્યારે અનંત ભવની શંકામાં ઝૂલતો અને હવે તે પ્રતીત થતાં અનંત ભવની શંકા ટળી ગઈ અને એકાદ ભવે મોક્ષ માટે જ્ઞાન નિઃશંક થયું, તે જ્ઞાનમાં અનંત પુરુષાર્થ રહેલો છે; આ રીતે 'સર્વજ્ઞ ભગવાને પોતાના કેવળજ્ઞાનમાં જેમ જોયું હોય તેમ જ થાય' એવી યથાર્થ શ્રદ્ધામાં તો પોતાના ભવરહિતપણાનો નિર્ણય સમાઈ જાય છે-એટલે કે મોક્ષનો પુરુષાર્થ તેમાં આવી જાય છે; યથાર્થ નિર્ણયનું જોર મોક્ષ પમાડે છે.

બધા દ્રવ્યોની જેમ પોતાના દ્રવ્યની અવસ્થા પણ ક્રમબદ્ધ જ છે, જેમ બીજા દ્રવ્યોની ક્રમબદ્ધપર્યાય આ જીવથી નથી થતી તેમ આ જીવની ક્રમબદ્ધપર્યાય બીજા દ્રવ્યોથી થતી નથી. પોતાની ક્રમબદ્ધપર્યાયના સ્વભાવની પ્રતીત કરતાં પોતાના દર્વ્યસ્વભાવમાં જ જોવાનું રહ્યું કે અહો! મારી પર્યાયો તો મારા દ્રવ્યમાંથી જ આવે છે, દ્રવ્યમાં રાગ-દ્વેષ નથી, કોઈ પર દ્રવ્ય મને રાગ-દ્વેષ કરાવતું નથી, પર્યાયમાં અલ્પ રાગ-દ્વેષ છે તે મારી નબળાઈનું કારણ છે, તે નબળાઈ પણ મારા દ્રવ્યમાં નથી; આમ હોવાથી તે જીવને પર ઉપર ન જોતાં પોતાના સ્વભાવમાં જ જોવાનું રહ્યું, એટલે કે દ્રવ્યદષ્ટિમાં ટકવાનું રહ્યું, સ્વભાવના જોરે જ અલ્પકાળે રાગ ટાળી તે કેવળજ્ઞાન પ્રગટ કરશે જ. બસ! આનું નામ ક્રમબદ્ધપર્યાયની શ્રદ્ધા છે, આ જીવે જ સર્વજ્ઞને યથાર્થપણે જાણ્યા છે, અને આ જ જીવ સ્વભાવદષ્ટિથી સાધક થયો છે, તેનું ફળ સર્વજ્ઞદશા છે.

દ્રવ્યમાં સમયે સમયે જે વિશેષ અવસ્થા થાય છે તે વિશેષ સામાન્યમાંથી જ આવે

છે. સામાન્યમાંથી વિશેષ પ્રગટે છે–એમાં તો કેવળજ્ઞાન ભરેલું છે, જૈન સિવાય સામાન્ય-વિશેષની આ વાત બીજે ક્યાંય નથી, અને સમ્યગ્દૃષ્ટિ સિવાય બીજા તે યથાર્થપણે સમજી શકતા નથી, 'સામાન્યમાંથી વિશેષ થાય છે' આટલો સિદ્ધાંત નક્કી કરતાં તો પરિણમન સ્વ તરફ ઢળી ગયું, પરથી મારી પર્યાય નહિ, નિમિત્તથી નહિ, વિકલ્પથી પણ નહિ અને પર્યાયમાંથી પણ મારી પર્યાય થતી નથી–આમ બધાથી લક્ષ છોડીને જે જીવ એકલા દ્રવ્યમાં ઢળ્યો છે તે જીવને એમ પ્રતીત થઈ છે કે સામાન્યમાંથી જ વિશેષ થાય છે. અજ્ઞાનીને આવી સ્વાધીનતાની પ્રતીત હોતી નથી.

ભગવાને જેમ જોયું તેમ જ થાય એમ નક્કી કરનારનું વીર્ય પરમાંથી ખસીને સ્વમાં સ્થંભી ગયું છે. જ્ઞાને સ્વમાં ટકીને સર્વજ્ઞના જ્ઞાનસામર્થ્યનો અને બધા દ્રવ્યનો નિર્ણય કર્યો છે, તે નિર્ણયરૂપ પર્યાય ક્યાંય પરમાંથી આવી નથી, વિકલ્પમાંથી પણ આવી નથી, પરંતુ દ્રવ્યમાંથી તે નિર્ણયની તાકાત પ્રગટી છે એટલે નિર્ણય કરનારે દ્રવ્યને પ્રતીતમાં લઈને નિર્ણય કર્યો છે. આવો નિર્ણય કરનાર જીવ જ સર્વજ્ઞનો સાચો ભક્ત છે, તેનું વલણ પોતાના સર્વજ્ઞસ્વભાવ તરફ ઢળ્યું છે અને ક્યાંય અટક્યા વગર અલ્પકાળમાં તે સંપૂર્ણ સર્વજ્ઞ થશે. આનાથી વિરુદ્ધ એટલે કે કોઈ દ્રવ્ય અન્ય દ્રવ્યનું કાંઈ કરી શકે એમ જે માને છે તેણે ૧–પોતાના આત્માને, ૨–સર્વજ્ઞના જ્ઞાનને, ૩–ન્યાયને કે ૪–દ્રવ્ય–પર્યાયને ખરેખર માન્યા નથી. ૧–પોતાનો આત્મા પરથી ભિન્ન છે છતાં તે પરનું કરે એમ માન્યું એટલે આત્માને પરરૂપે માન્યો એઠલે કે આત્માને માન્યો જ નહિ. ૨–વસ્તુની અવસ્થા સર્વજ્ઞદેવે જોયા પ્રમાણે થાય છે તેને બદલે હું તે ફેરવી શકું એમ માન્યું એટલે તેણે સર્વજ્ઞના જ્ઞાનને સાચું ન કબૂલ્યું. ૩–વસ્તુની જ ક્રમબદ્ધ અવસ્થા થાય છે, ત્યાં નિમિત્ત કાંઈ કરે કે નિમિત્ત ફેરફાર કરી નાંખે એ વાત ક્યાં રહી ? નિમિત્ત પરનું કાંઈ જ કરતું નથી, છતાં મારા નિમિત્તથી પરમાં કાંઈ ફેરફાર થાય એમ જેણે માન્યું તેણે સાચા ન્યાયને માન્યો નથી. અને ૪–દ્રવ્યની પર્યાય દ્રવ્યમાંથી જ આવે છે તેને બદલે પરમાંથી દ્રવ્યની પર્યાય આવે છે એમ જેણે માન્યું (અર્થાત્ હું પરની પર્યાય કરું એમ માન્યું) તેણે દ્રવ્ય-પર્યાયના સ્વરૂપને માન્યું નથી; આ રીતે એક ઊંધી માન્યતામાં અનંત અસત્‌નું સેવન આવી જાય છે.

વસ્તુમાંથી ક્રમબદ્ધપર્યાય આવે છે, તે બીજાું કોઈ કરતું નથી, છતાં તે વખતે નિમિત્ત

હાજર હોય છે ખરું, પરંતુ નિમિત્ત દ્વારા કાંઈ પણ કાર્ય થતું નથી, નિમિત્ત મદદ કરે એમ પણ નથી અને નિમિત્તની હાજરી ન હોય એમ પણ બનતું નથી. જેમ જ્ઞાન બધી વસ્તુને માત્ર જાણે છે પણ કોઈનું કાંઈ કરતું નથી, તેમ નિમિત્ત માત્ર હાજર હોય છે પણ ઉપાદાનને તે કાંઈ અસર, મદદ કે પ્રેરણા કરતું નથી.

જે સમયે સ્વલક્ષના પુરુષાર્થ વડે આત્માની સમ્યગ્દર્શન પર્યાય પ્રગટે તે વખતે સાચા દેવ-ગુરુ-શાસ્ત્ર નિમિત્તરૂપ હોય જ છે.

પ્રશ્ન :- જીવને સમ્યગ્દર્શન પ્રગટવાની તૈયારી હોય અને સાચા દેવ-ગુરુ-શાસ્ત્ર ન મળે તો સમ્યગ્દર્શન ન થાય ને?

ઉત્તર :- જીવની તૈયારી હોય અને સાચા દેવ-ગુરુ-શાસ્ત્ર ન હોય એ વાત બને જ નહિ. ઉપાદાનકારણ તૈયાર થાય ત્યારે નિમિત્તકારણ સ્વયં આવી મળે છે, પરંતુ કોઈ કોઈના કર્તા નથી. ઉપાદાનના કારણે નિમિત્ત આવ્યું નથી, તેમજ નિમિત્તના કારણે ઉપાદાનનું કાર્ય થયું નથી. બંને સ્વતંત્રપણે પોતપોતાના કાર્યના કર્તા છે.

અહો! વસ્તુની કેટલી સ્વતંત્રતા ! સમસ્ત વસ્તુઓમાં ક્રમવર્તીપણું ચાલી જ રહ્યું છે, એક પછી એક પર્યાય કહો કે ક્રમબદ્ધપર્યાય કહો, જે પર્યાય થવાની તે પર્યાય થયા જ કરે છે, જ્ઞાની જીવ જ્ઞાતાપણે જાણ્યા જ કરે છે અને અજ્ઞાની જીવ કર્તાપણાનું મિથ્યા અભિમાન કરે છે; જે પરના અભિમાન કરે છે તેની પર્યાય ક્રમબદ્ધ હીણી પરિણમે છે અને જે જ્ઞાતા રહે છે તેની જ્ઞાન પર્યાય ક્રમબદ્ધ ખીલીને કેવળજ્ઞાન થાય છે.

વસ્તુની અનાદિ અનંત સમયની પર્યાયમાંથી એકે પર્યાયનો ક્રમ ફરે નહિ. જેટલા અનાદિ અનંતકાળના સમય તેટલી દરેક વસ્તુની પર્યાયો છે, પહેલા સમયની પહેલા પર્યાય, બીજા સમયની બીજી, ત્રીજા સમયની ત્રીજી-એમ જેટલા સમય તેટલી પર્યાયો ક્રમબદ્ધ છે. જેણે આમ સ્વીકાર્યું તેની દૃષ્ટિ એકેક પર્યાય ઉપરથી ખસીને અભેદ દ્રવ્ય ઉપર દૃષ્ટિ થઈ અને પરથી તે ઉદાસ થઈ ગયો. જો કોઈ એમ કહે કે હું પરની પર્યાય કરી દઉં, તો તેણે વસ્તુની અનાદિઅનંતકાળની પર્યાયોમાં ફેરફાર કરવાનું માન્યું એટલે કે વસ્તુસ્વરૂપને વિપરીતપણે માન્યું, તેથી તે મિથ્યાદૃષ્ટિ છે.

વસ્તુ અને વસ્તુના ગુણ તો અનાદિ અનંત છે, અનાદિઅનંતકાળના જેટલા સમયો છે તેટલી તે તે સમયની પર્યાયો વસ્તુમાંથી ક્રમબદ્ધ પ્રગટે છે. જે સમયની જે પર્યાય છે તે

સમયે તે જ પર્યાય પ્રગટ થાય છે; આડી અવળી ન થાય તેમજ પહેલા-પછી ન થાય. પર્યાયના ક્રમમાં ફેરફાર કરવા કોઈ સમર્થ નથી. આ ક્રમબદ્ધપર્યાયના સિદ્ધાંતમાં તો કેવળજ્ઞાન ખડું તઈ જાય છે. આ તો દૃષ્ટિના અમર પ્યાલા છે, તે પ્યાલા પચાવવા માટે શ્રદ્ધા-જ્ઞાનમાં અનંત પુરુષાર્થ જોઈશે. અનાદિઅનંત અખંડ દ્રવ્યને પ્રતીતમાં લ્યે ત્યારે ક્રમબદ્ધપર્યાયની શ્રદ્ધા થાય છે; કેમકે ક્રમબદ્ધપર્યાયનું મૂળ તો તે જ છે. જેણે ક્રમબદ્ધપર્યાયની શ્રદ્ધા કરી તે અનાદિઅનંત પર્યાયોનો જ્ઞાયક અને ચૈતન્યના કેવળજ્ઞાનની પ્રતીતિવંત થઈ ગયો. મારી પર્યાય મારા દ્રવ્યમાંથી આવે છે એમ દ્રવ્ય તરફ ઢળતાં, સાધક પર્યાયમાં અધૂરાશ રહી છે તોપણ હવે તેને દ્રવ્ય તરફ જ જોવાનું રહ્યું, અને તે દ્રવ્યના જ જોરે પૂર્ણતા થઈ જવાની છે.

વસ્તુનું સત્ય સ્વરૂપ તો આમ જ છે, આ સમજ્યે જ છૂટકો છે! વસ્તુનું સ્વાધીન પરિપૂર્ણ સ્વરૂપ ખ્યાલમાં લીધા વગર પર્યાયમાં શાંતિ આવશે ક્યાંથી ? સુખ દશા જોઈતી હોય તો એ વસ્તુસ્વરૂપ જાણવું પડશે કે જેમાંથી સુખ દશા પ્રગટી શકે છે. અહો! મારી પર્યાય પણ ક્રમબદ્ધ જ થાય છે-આમ જેણે નક્કી કર્યું તેને પોતામાં સમભાવ-જ્ઞાતાભાવ થઈ ગયો, પર્યાય ફેરવવાની આકુળતા ન રહી, પણ જે જે પર્યાય થાય તેનો જ્ઞાતાપણે જાણનાર રહ્યો, જે જ્ઞાતાપણે જાણનાર રહ્યો તેને કેવળજ્ઞાન થતાં શી વાર ? જેને સ્વભાવમાં સમભાવી જ્ઞાન નથી એટલે કે પોતાના દ્રવ્યની ક્રમબદ્ધ અવસ્થાની જેને પ્રતીતિ નથી તે જીવની રુચિ પરમાં જાય છે અને તેને વિષમભાવે ક્રમબદ્ધપણે વિકારી પર્યાય થાય છે. જ્ઞાતાપણાનો વિરોધ કરીને જે પર્યાય થાય છે તે વિષમભાવે છે (વિકારી છે) અને સ્વમાં દૃષ્ટિ કરીને જ્ઞાતાપણે રહેતાં જે પર્યાય થાય છે તે સમભાવે ક્રમબદ્ધ વિશેષ શુદ્ધ થતી જાય છે.

આમાં તો બધું પોતાની પર્યાયમાં જ સમાય છે. પોતાની ક્રમબદ્ધપર્યાય જો સ્વદૃષ્ટિથી કરે તો શુદ્ધ થાય અને જો પરદૃષ્ટિથી કરે તો અશુદ્ધ થાય, પર સાથે સંબંધ ન રહ્યો, પણ દૃષ્ટિ કઈ તરફ છે તે ઉપર ક્રમબદ્ધ પર્યાયનો આધાર છે. કોઈ જીવ શુભભાવ કરવાથી પરવસ્તુ (દેવ-ગુરુ-શાસ્ત્ર કે મંદિર વગેરે) મેળવી શકે નહિ અને અશુભભાવ કરવાથી કોઈ પૈસા વગેરે પરવસ્તુ મેળવી શકે નહિ. જે પરવસ્તુ જે કાળે જે ક્ષેત્રે આવવાની હોય તે જ વસ્તુ તે કાળે તે ક્ષેત્રે સ્વયં આવે છે, પણ આત્માના ભાવને કારણે

તે આવતી નથી. બધી વસ્તુની પર્યાય તેના ક્રમબદ્ધ નિયમ પ્રમાણે જ થાય છે તેમાં ફેર પડતો નથી. આ સમજણમાં વસ્તુની પ્રતીતિ અને કેવળજ્ઞાન સ્વભાવનું અનંત વીર્ય પ્રગટે છે. આ માનતાં અનંતા પરદ્રવ્યોના કર્તૃત્વને છેદીને એકલો જ્ઞાતા થઈ ગયો, ત્યાં અભિપ્રાયમાં બધા પ્રત્યેનો રાગ-દ્વેષ ટળી ગયો, આમાં તો અનંતકાળે કદી નહિ કરેલ એવો અપૂર્વ સમ્યગ્દર્શનનો પુરુષાર્થ છે.

જેમ આત્મામાં બધી પર્યાય ક્રમબદ્ધ જ થાય છે તેમ જડમાં પણ જડની બધી અવસ્થા ક્રમબદ્ધ થાય છે. કર્મની જે જે અવસ્થા થાય તે આત્મા કરતો નથી પણ પરમાણુની ક્રમબદ્ધપર્યાય છે. કર્મના પરમાણુઓમાં ઉદય, ઉદીરણા વગેરે જે દસ અવસ્થાઓ (કરણો) છે તે પરમાણુની ક્રમબદ્ધદશા છે. આત્માના શુભપરિણામને કારણે કર્મના પરમાણુઓની દશા ફરી નથી, પણ તે પરમાણુઓમાં જ તે ટાણે તે દશા થવાની લાયકાત હતી તેથી તે દશા થઈ છે. જીવના પુરુષાર્થને લીધે કાંઈ કર્મની ક્રમબદ્ધ અવસ્થામાં ભંગ પડી જતો નથી, જીવે પોતાની દશામાં પુરુષાર્થ કર્યો અને તે વખતે કર્મના પરમાણુઓની ક્રમબદ્ધદશા ઉપશમ, ઉદીરણાદિરૂપ સ્વયં હોય છે, પરમાણુમાં તેની અવસ્થા તેની લાયકાતથી તેના કારણે થાય છે, પણ આત્મા તેનું કાંઈ કરતો નથી.

પ્રશ્ન :- જો કર્મ તે પરમાણુની ક્રમબદ્ધપર્યાય જ છે તો પછી જૈનમાં તો કર્મસિદ્ધાંતના થોકબંધ શાસ્ત્રો ભરેલા છે તેનું શું સમજવું?

ઉત્તર :- ભાઈ રે! એ બધા શાસ્ત્રો આત્માને જ બતાવનારા છે. કર્મનું જેટલું વર્ણન છે તેને આત્માના પરિણામ સાથે માત્ર નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે, આત્માના પરિણામો કેવા કેવા પ્રકારના થાય છે તે સમજાવવા માટે ઉપચારથી કર્મમાં ભેદ પાડી સમજાવ્યું છે; નિમિત્ત-નૈમિત્તિક સંબંધનું જ્ઞાન કરાવા માટે કર્મનું વર્ણન છે પણ જડકર્મ સાથે આત્માને કર્તાકર્મસંબંધ જરાપણ નથી.

પ્રશ્ન :- બંધ, ઉદય, ઉદીરણા, ઉપશમ, અપકર્ષણ, ઉત્કર્ષણ, સંક્રમણ, સત્તા, નિદ્ધત્ત અને નિકાચીત એવા દસ પ્રકારના કરણ (કર્મની અવસ્થાના પ્રકાર) કેમ કહ્યાં છે?

ઉત્તર :- અહો! એમાં પણ ખરેખર તો ચૈતન્યની જ ઓળખાણ કરાવી છે. કર્મના જે દસ પ્રકાર પાડ્યા છે તે આત્માના પરિણામોના પ્રકાર બતાવવા માટે જ છે. આત્માનો પુરુષાર્થ તેવા દસ પ્રકારે થઈ શકે છે તે બતાવવા માટે કર્મના પ્રકાર પાડી સમજાવ્યું છે.

આત્માના પુરુષાર્થ વખતે સામા પરમાણુઓ તેની લાયકાત પ્રમાણે સ્વયં પરિણમે છે. આમાં તો બંનેના નિમિત્ત-નૈમિત્તિક સંબંધનું જ્ઞાન કરાવ્યું છે, પરંતુ કર્મો આત્માનું કંઈ કરે એ વાત કરી નથી.

એ કર્મ-પરમાણુ પણ દ્રવ્ય છે, તેમાં અનાદિ અનંત જે પર્યાય થવાની છે તે જ સમયે સમયે ક્રમબદ્ધ થાય છે.

પ્રશ્ન :- કર્મની ઉદીરણા થાય એમ કહ્યું છે ને?

ઉત્તર :- ઉદીરણાનો અર્થ એવો નથી કે પછી થવાની અવસ્થાને ઉદીરણા કરીને વહેલી લાવ્યા; કર્મની ક્રમબદ્ધઅવસ્થા જ તે પ્રકારની થવાની છે. જીવે પોતામાં પુરુષાર્થ કર્યો તે બતાવવા માટે ઉપચારથી 'કર્મમાં ઉદીરણા થઈ' એમ કહ્યું છે; ખરેખર કર્મની અવસ્થાનો ક્રમ ફરી ગયો નથી, પરંતુ જીવે પોતાની પર્યાયમાં તે પ્રકારનો પુરુષાર્થ કર્યો છે-તેનું જ્ઞાન કરાવવા માટે જ 'ઉદીરણા' કહેવામાં આવી છે.

વળી, 'જીવ ઘણો પુરુષાર્થ કરે તો ઘણાં કર્મો ખરે' એમ કહેવામાં આવે છે ત્યાં પણ ખરેખર જીવે કર્મ ખેરવવાનો પુરુષાર્થ કર્યો નથી, પણ પોતાના સ્વભાવમાં રહેવાનો પુરુષાર્થ કર્યો છે જીવના વિશેષ પુરુષાર્થનું જ્ઞાન કરાવવા માટે આરોપથી એમ બોલાય છે કે ઘણાં કાળના કર્મ પરમાણુઓ અલ્પ કાળમાં ખેરવી નાંખ્યા, આ આરોપકથનમાં સાચું વસ્તુસ્વરૂપ તો એમ છે કે જીવે સ્વભાવમાં રહેવાનો પુરુષાર્થ કર્યો અને તે વખતે જે કર્મોની અવસ્થા સ્વયં ખરવારૂપ હતી તે કર્મો ખરી ગયાં. પરમાણુની અવસ્થાના ક્રમમાં ભંગ પડતો નથી. ઘણા કાળના કર્મો ક્ષણમાં ટાળી નાંખ્યા તેનો અર્થ એટલો જ સમજવો કે જીવે ઘણો પુરુષાર્થ પોતાની પર્યાયમાં કર્યો છે.

છ એ દ્રવ્યો પરિણમનસ્વભાવી છે અને તેઓ પોતાની મેળે ક્રમબદ્ધપર્યાયમાં પરિણમે છે. છ એ દ્રવ્યો પરની સહાય વગર સ્વયં પરિણમે છે. આ શ્રદ્ધા કરવામાં જ અનંત પુરુષાર્થ છે. પુરુષાર્થ વગરની જીવની એકે પર્યાય થતી નથી, માત્ર પુરુષાર્થનું વલણ સ્વ તરફ કરવાને બદલે પર તરફ જીવ કરે છે તે જ અજ્ઞાન છે. જો સ્વભાવની રુચિ કરે તો સ્વભાવ તરફના પુરુષાર્થ વડે પર્યાયનું પરિણમન સ્વભાવ તરફ વળે, એટલે પર્યાય ક્રમેક્રમે શુદ્ધ જ થાય.

આ વાતની સમજણમાં આત્માના મોક્ષનો ઉપાય રહેલો છે માટે આ વાત બરાબર

છંછેડીને સમજવી, જરા પણ ઢાંકવી નહિ. નિર્ણયપૂર્વક ખુલ્લી કરીને જાણવી જોઈએ. પરમ સત્‌ને ઢંકાય નહિ પણ ઉહાપોહ કરીને બરાબર છંછેડી-છંછેડીને નક્કી કરવું જોઈએ. સત્યમાં કોઈની શરમ હોય નહિ. આ તો વસ્તુસ્વરૂપ છે.

સમ્યગ્દષ્ટિ ધર્માત્મા પોતાના સમ્યગ્જ્ઞાનથી એમ જાણે છે કે સર્વજ્ઞ ભગવાને પોતાના જ્ઞાનમાં જાણ્યું છે તે પ્રમાણે દરેક વસ્તુઓ ક્રમબદ્ધ પરિણમે છે, મારી કેવળજ્ઞાન પર્યાય પણ ક્રમબદ્ધપણે મારા સ્વદ્રવ્યમાંથી જ પ્રગટવાની છે, આવી સમ્યક્‌ભાવનાથી તેનું જ્ઞાન લંબાઈને સ્વભાવમાં એકાગ્ર થાય છે અને જ્ઞાતાશક્તિ પર્યાયે પર્યાયે નિર્મળ થતી જાય છે તથા વિકારી પર્યાય ક્રમેક્રમે ટળતીજાય છે. કોણ કહે છે આમાં પુરુષાર્થ નથી ? આવા સ્વભાવમાં જે નિઃશંક છે તે સમ્યગ્દષ્ટિ છે અને આ સ્વભાવમાં કાંઈપણ સંદેહ વેદે તે મિથ્યાદષ્ટિ છે, તેને સર્વજ્ઞના જ્ઞાનની અને પોતાના જ્ઞાતાસ્વભાવની શ્રદ્ધા નથી.

અહા ! આ સમ્યગ્દષ્ટિ જીવની ભાવના તો જુઓ! સ્વભાવથી શરૂ કર્યું છે અને સ્વભાવમાં જ લાવીને પૂરું કરે છે. જે ઠેકાણે શરૂ કર્યું છે ત્યાંને ત્યાં લાવી મૂક્યું છે. આત્મામાં સ્વાશ્રયે સાધકદશા શરૂ કરી છે અને પૂર્ણતા પણ સ્વાશ્રયે આત્મામાં જ થાય છે. કેવળજ્ઞાન સંપૂર્ણપણે સ્વમાં જ સમાય છે. સાધક ધર્માત્મા પોતામાં જ સમાવા માગે છે, બહારથી ક્યાંયથી શરૂ કર્યું નથી અને બહારમાં ક્યાંય અટકવાનું નથી. આત્માનો માર્ગ આત્મામાંથી નીકળીને આત્મામાં જ સમાય છે.

એકલા જીવની વાત નથી પણ બધા જ પદાર્થોની અવસ્થા ક્રમબદ્ધ થાય છે. અહીં મુખ્યપણે જીવની વાત સમજાવી છે. આત્માની અવસ્થા આત્મામાંથી જ ક્રમબદ્ધ પ્રગટે છે એમ નક્કી કરવામાં અનંતુ વીર્ય છે; આ નક્કી કરતાં, અનંતા પરપદાર્થોને સારાં-ખરાબ માનીને પહેલાં જે રાગ-દ્વેષ થતાં તે બધા ટળી ગયા, પર નિમિત્તનું ધણીપણું માનીને વીર્ય પરમાં અટકતું તે હવે પોતાના આત્મસ્વભાવને જોવા વળગી ગયું, રાગ-નિમિત્ત એ બધાની દૃષ્ટિ ગઈ અને સ્વભાવમાં દૃષ્ટિ થઈ; સ્વભાવ દૃષ્ટિમાં પોતાની પર્યાયની સ્વાધીનતાની કેવી પ્રતીત આવે છે તેની આ વાત છે. સ્વભાવદૃષ્ટિ સમજ્યા વગરનાં વ્રત, તપ, ભક્તિ, દાન અને ભણતર એ બધુંય એકડા વગરના મીંડાની જેમ વૃથા છે, મિથ્યાદૃષ્ટિ જીવને તે કાંઈ સાચું હોતું નથી.

અહો ભગવાન! તારી વસ્તુમાં ભગવાન જેટલું પરિપૂર્ણ સામર્થ્ય છે, ભગવાનપણું

વસ્તુમાંથી જ પ્રગટવાનું છે. આવા ટાણે યથાર્થ વસ્તુને દૃષ્ટિમાં ન લે તો વસ્તુના સ્વરૂપને જાણ્યા વગર જન્મ-મરણના અંત નથી. વસ્તુ જાણતાં અનંત સંસાર ટળી જાય છે. વસ્તુમાં સંસાર નથી, વસ્તુની પ્રતીત થતાં મોક્ષપર્યાયની તૈયારીના ભણકાર વાગે છે, ભગવાન! તારા સ્વભાવની વાત છે, હા તો લાવ ! તારા સ્વભાવના હકારમાંથી સ્વભાવદશાની અસ્તિ આવશે, સ્વભાવસામર્થ્યની ના ન પાડ! '**सब प्रकार (का) अवसर आ चूका है**' તારા દ્રવ્યમાં દૃષ્ટિ કરીને જો, દ્રવ્યમાંથી સાદિ-અનંતકાળ મોક્ષદશા પ્રગટે છે, તે દ્રવ્યની પ્રતીતના જોરે મોક્ષદશા પ્રગટી જાય છે. ||૩૨૧-૩૨૨||

જીવ, પુદ્‌ગલ, ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આખાશ અને કાળ એ છ એ દ્રવ્યોમાં ક્રમબદ્ધપર્યાય છે. જીવ જો પોતાની ક્રમબદ્ધપર્યાયની શ્રદ્ધા કરે તો તેની ક્રમબદ્ધ-મોક્ષપર્યાય થયા વિના રહે નહિ; કેમકે ક્રમબદ્ધની શ્રદ્ધાનું વજન સ્વમાં આવે છે, જે વસ્તુમાંથી પોતાની અવસ્થા આવે છે તે વસ્તુ ઉપર દૃષ્ટિ મૂકવાથી મોક્ષ થાય છે. પર દ્રવ્ય મારી અવસ્થા કરી દેશે એવી દૃષ્ટિ તૂટી જવાથી અને સ્વદ્રવ્યમાં દૃષ્ટિ મૂકવાથી રાગની ઉત્પત્તિ થતી નથી એટલે કે વસ્તુની ક્રમબદ્ધ અવસ્થા થાય છે એવી દૃષ્ટિ થતાં પોતે જ્ઞાતા દૃષ્ટા થઈ જાય છે, અને જ્ઞાતા દૃષ્ટાના જોરવડે અસ્થિરતા તોડીને સંપૂર્ણ સ્થિર થઈ અલ્પકાળે મુક્તિ પામે છે, આમાં અનંત પુરુષાર્થ આવ્યો છે.

પુરુષાર્થવડે સ્વરૂપની દૃષ્ટિ કરવાથી અને તે દૃષ્ટિના જોરે સ્વરૂપમાં રમણતા કરવાથી ચૈતન્યમાં શુદ્ધ ક્રમબદ્ધ પર્યાય થાય છે, ચૈતન્યની શુદ્ધ ક્રમબદ્ધપર્યાય પ્રયત્ન વિના થતી નથી. મોક્ષમાર્ગની શરૂઆતથી મોક્ષની પૂર્ણતા સુધી બધેય સમ્યક્ પુરુષાર્થ અને જ્ઞાનનું જ કાર્ય છે.

બહારની ચીજનું જે થવાનું હોય તે થાય એમ ક્રમબદ્ધપણું ખરેખર નક્કી ક્યારે કર્યું કહેવાય ? કે બહારની ચીજથી ઉદાસ થઈને બધાનો જ્ઞાતા રહી જાય તો તેને ક્રમબદ્ધનો નિર્ણય સાચો છે. જે જીવ પોતાને પરનો કર્તા માને અને પરથી પોતાને સુખ-દુઃખ થાય એમ માને છે તેને ક્રમબદ્ધપર્યાયની જરાપણ પ્રતીત નથી.

હું દ્રવ્ય છું અને મારા અનંત ગુણો છે તે ગુણો પલટીને સમયે સમયે એક પછી એક અવસ્થા થાય છે, તે આડી અવળી થતી નથી તેમજ એક સાથે બે ભેગી થતી નથી અને કોઈ સમય અવસ્થા વગરનો ખાલી જતો નથી. કેવળજ્ઞાન અને મોક્ષદશા પણ મારા

ગુણમાંથી જ ક્રમબદ્ધ પ્રગટે છે. આવી રીતે ક્રમબદ્ધપર્યાયની શ્રદ્ધા થતાં પોતાની પર્યાય ઉઘડવા માટે કોઈ પર ઉપર લક્ષ રહેશે નહિ, અને તેથી કોઈ પર ઉપર રાગ-દ્વેષ કરવાનું કારણ નહિ રહે; એટલે શું થયું? કે બધા પર ઉપરનું લક્ષ છૂટીને પોતામાં જોવા માટે વળ્યો. હવે પોતામાં પણ 'મારી પૂર્ણ શુદ્ધ પર્યાય ક્યારે ઉઘડશે' એવો આકુળતાનો વિકલ્પ રહેશે નહિ, કેમકે ત્રણેકાળની ક્રમબદ્ધપર્યાયથી ભરેલું દ્રવ્ય તેની પ્રતીતમાં આવી ગયું છે. તેથી ક્રમબદ્ધપર્યાયની જે શ્રદ્ધા કરે તે જીવ તો નજીક મુક્તિગામી જ હોય.

ક્રમબદ્ધપર્યાયની શ્રદ્ધા થતાં પરદ્રવ્યની અવસ્થા ગમે તેવી થાય તેમાં 'આ આમ કેમ થયું? આમ થયું હોય તો મને ઠીક પડત' એ વગેરે વિચારો (રાગ-દ્વેષ) થાય જ નહિ; કેમકે ક્રમબદ્ધપર્યાય નક્કી કરનારને શ્રદ્ધા છે કે આ દ્રવ્યની આ વખતે આવી જ ક્રમબદ્ધઅવસ્થા થવાની હતી, તે જ પ્રમાણે થયું છે, તો પછી તે તેમાં રાગ કે દ્વેષ કેમ કરે? માત્ર જે વખતે જે વસ્તુની જે અવસ્થા થતી જાય તેનું જ્ઞાન જ કરે, બસ ! જ્ઞાતા થઈ ગયો, જ્ઞાતાપણે રહીને અલ્પકાળમાં કેવળજ્ઞાન પામી મુક્તિ પામશે-આ ક્રમબદ્ધપર્યાયની શ્રદ્ધાનું ફળ !

ક્રમબદ્ધઅવસ્થાનો નિર્ણય તે જ જ્ઞાયકસ્વભાવનો અર્થાત્ વીતરાગસ્વભાવનો નિર્ણય છે અને તે નિર્ણય અનંત પુરુષાર્થથી થઈ શકે છે. પુરુષાર્થને સ્વીકાર્યા વગર મોક્ષ તરફની ક્રમબદ્ધપર્યાય થતી નથી. જેના જ્ઞાનમાં પુરુષાર્થનો સ્વીકાર નથી તે પોતાના પુરુષાર્થને ઉપાડતો નથી અને તેથી પુરુષાર્થ વગર તેને સમ્યગ્દર્શન અને કેવળજ્ઞાન થતું નથી. પુરુષાર્થ નહિ સ્વીકારનારની ક્રમબદ્ધપર્યાય નિર્મળ નહિ થાય, પણ વિકારી થશે એટલે પુરુષાર્થ નહિ સ્વીકારનાર અનંત સંસારી છે અને પુરુષાર્થ સ્વીકારનાર નજીક મુક્તિગામી છે. ક્રમબદ્ધઅવસ્થાનો નિર્ણય કહો કે પુરુષાર્થવાદ કહો-તે આ જ છે.

પ્રશ્ન :-જો ક્રમબદ્ધપર્યાય જ્યારે જે થવાની હોય તે જ થાય છે તો પછી વિકારીભાવ પણ થવાના હતા ત્યારે જ થયા છે ને?

ઉત્તર :- અરે, ભાઈ ! તારો પ્રશ્ન ઊંધેથી ઉપડ્યો છે. 'વિકારી પર્યાય થવાની હતી ત્યારે થઈ' આમ જેણે પોતાના જ્ઞાનમાં પ્રતીત કરી છે તેની રુચિ ક્યાં અટકી છે? વિકારને જાણનાર જ્ઞાનની રુચિ છે કે વિકારની રુચિ છે? વિકારને યથાર્થપણે જાણવાનું કામ કરનાર વીર્ય તો પોતાના જ્ઞાનનું છે અને તે જ્ઞાનનું વીર્ય વિકારથી ખસીને સ્વભાવના જ્ઞાનમાં

અટક્યું છે; સ્વભાવના જ્ઞાનમાં અટકેલું વીર્ય વિકારની કે પરની રુચિમાં અટકે જ નહિ, પણ સ્વભાવના જોરે વિકારનો અલ્પકાળમાં ક્ષય કરે. જેને વિકારની રુચિ છે તેની દૃષ્ટિનું જોર (વીર્યનું વજન) વિકાર તરફ જાય છે. 'થવાની હોય તે જ પર્યાય ક્રમબદ્ધ થાય છે' આમ કોનું વીર્ય કબૂલ કરે છે? આ કબૂલનારના વીર્યમાં પરમાં સુખબુદ્ધિ ન હોય, પણ સ્વભાવમાં જ સંતોષ હોય.

જેમ મોટા પુરુષના ઘરે લગ્ન પ્રસંગ હોય અને માંડવે સાગમટે નોતરે બધાને આમંત્રણ કરીને હરખથી બદામ પીસ્તાના મેસુબ જમાડે, તેમ અહીં સર્વજ્ઞદેવના ઘરમાં સાગમટે નોતરાં છે, 'મુક્તિના માંડવે' બધાને આમંત્રણ છે, આખા જગતને આમંત્રણ છે, મુક્તિમંડપના હરખ જમણમાં સર્વજ્ઞ ભગવાને દિવ્યધ્વનિમાં પીરસેલાં ન્યાયોમાંથી ઊંચા-ઊંચા જાતના ન્યાયો પીરસાય છે-કે જે પચાવતાં આત્મા પુષ્ટ થાય. તારે સર્વજ્ઞ ભગવાન થવું હોય તો તું પણ આ વાત માન, જેણે આ વાત માની તેની મુક્તિ જ છે. લ્યો! આ મુક્તિ.

હવે, ગાથા-૩૨૧-૩૨૨માં જે વસ્તુસ્વરૂપ બતાવ્યું તેની વિશેષ દૃઢતા માટે ૩૨૩મી ગાથા કહે છે :- જે જીવ પૂર્વે ગાથા-૩૨૧-૩૨૨ માં કહેલા વસ્તુસ્વરૂપને જાણે છે તે તો સમ્યગ્દૃષ્ટિ છે અને જે તેમાં સંશય કરે છે તે મિથ્યાદૃષ્ટિ છે-

**एवं जो णिच्चयदो जाणदि दव्वाणि सव्वपज्जाए।**

**सो सदिट्ठी सुद्धो जो शंकदि सो हु कुदिट्ठि।।३२३।।**

અર્થ :- આ પ્રમાણે નિશ્ચયથી સર્વ દ્રવ્યો (જીવ, પુદ્ગલ, ધર્મ, અધર્મ, આકાશ અને કાળ) તેમજ તે દ્રવ્યની સર્વ પર્યાયોને સર્વજ્ઞના આગમ અનુસાર જાણે છે-શ્રદ્ધા કરે છે તે શુદ્ધ સમ્યગ્દૃષ્ટિ છે, અને જે આવું શ્રદ્ધાન ન કરે-શંકા સંદેહ કરે તે સર્વજ્ઞના આગમથી પ્રતિકૂળ છે-પ્રગટપણે મિથ્યાદૃષ્ટિ છે.

સર્વજ્ઞદેવે કેવળજ્ઞાનવડે જાણીને આગમમાં કહેલાં દ્રવ્યો અને તેની અનાદિ અનંતકાળની બધી પર્યાયો જેના જ્ઞાનમાં અને પ્રતીતમાં બેસી ગયાં તે '**सदिट्ठी सुद्धा**' એટલ શુદ્ધ સમ્યગ્દૃષ્ટિ છે, મૂળપાઠમાં '**सो सत्‌दृष्टि शुद्धः**' એમ કહીને જોર મૂક્યું છે, પહેલી વાત અસ્તિથી કરી પછી નાસ્તિથી કહે છે કે '**शंकादि सोहु कुदिट्ठि**' જે તેમાં શંકા કરે છે તે પ્રગટપણે મિથ્યાદૃષ્ટિ સર્વજ્ઞનો વેરી છે.

સ્વામીકાર્તિકેયાચાર્યદેવ આ ૩૨૧-૩૨૨-૩૨૩ ગાથામાં ગૂઢ રહસ્ય સંકેલી દીધું છે. સમ્યગ્દષ્ટિ જીવ બરાબર જાણે છે કે ત્રિકાળી બધાય પદાર્થોની અવસ્થામાં ક્રમબદ્ધ છે, સર્વજ્ઞદેવ અને સમ્યગ્દષ્ટિમાં એટલો ફેર છે કે સર્વજ્ઞદેવ બધા દ્રવ્યોની ક્રમબદ્ધપર્યાયોને પ્રત્યક્ષજ્ઞાનથી જાણે છે, અને સમ્યગ્દષ્ટિ ધર્માત્મા બધા દ્રવ્યોની ક્રમબદ્ધ પર્યાયોને આગમ પ્રમાણથી પ્રતીતમાં લ્યે છે એઠલે કે પરોક્ષ જ્ઞાનથી નક્કી કરે છે; સર્વજ્ઞને વર્તમાન રાગ-દ્વેષ સર્વથા ટળી ગયા છે. સમ્યગ્દષ્ટિને પણ અભિપ્રાયમાં રાગ-દ્વેષ સર્વથા ટળી ગયા છે. સર્વજ્ઞ ભગવાન કેવળજ્ઞાનથી ત્રણકાળને જાણે છે, સમ્યગ્દષ્ટિ જીવ જો કે કેવળજ્ઞાન વડે નથી જાણતો તોપણ શ્રુતજ્ઞાન વડે તે ત્રણકાળના પદાર્થોની પ્રતીત કરે છે. તેનું જ્ઞાન પણ નિઃશંક છે; પર્યાય તે દરેક વસ્તુઓનો ધર્મ છે,વસ્તુ સ્વતંત્રપણે પોતાની પર્યાયરૂપે થાય છે, જે વખતે જે પર્યાય થાય તેને માત્ર જાણવાનું જ જ્ઞાનનું કર્તવ્ય છે, જાણતાં 'આ પર્યાય આમ કેમ થઈ' એમ શંકા કરનારને વસ્તુના સ્વતંત્ર 'પર્યાય-ધર્મ'ની અને જ્ઞાનના કાર્યની ખબર નથી, જ્ઞાનનું કાર્ય માત્ર જાણવાનું છે, જાણવામાં 'આમ કેમ' એ શંકા ક્યાં છે? 'આમ કેમ' એવી શંકા કરવાનું સ્વરૂપ જ્ઞાનનું નથી, પણ 'જે પર્યાય થાય છે તે વસ્તુના ધર્મ પ્રમાણે જ થાય છે' માટે જેમ થાય તેમ તેને જાણવાનો જ્ઞાનનો સ્વભાવ છે, આ રીતે જ્ઞાનસ્વભાવનો નિર્ણય કરીને જ્ઞાની તો નિઃશંકપણે બધાને જાણ્યા જ કરે છે. આવા જ્ઞાનના જોરે કેવળજ્ઞાન અને પોતાની પર્યાય વચ્ચેના અંતરને તોડીને પૂર્ણ કેવળજ્ઞાન તે અલ્પકાળમાં પ્રગટ કરશે.

જે જીવ વસ્તુની ક્રમબદ્ધ સ્વતંત્ર પર્યાયને નથી માનતો અને 'પરનું હું ફેરવું કે પર મને રાગદ્વેષ કરાવે' એમ માને છે તેને સર્વજ્ઞના જ્ઞાનની શ્રદ્ધા નથી તેમ જ તે સર્વજ્ઞના આગમથી પ્રતિકૂળ, પ્રગટપણે મિથ્યાદષ્ટિ છે. સર્વજ્ઞના જ્ઞાનમાં જે જણાયું તેમાં હું ફેરફાર કરી દઉં એમ જેણે માન્યું તેણે સર્વજ્ઞના જ્ઞાનને માન્યું નથી. સર્વજ્ઞનું જ્ઞાન અને તેમની શ્રીમુખવાણીના ન્યાયોને જે નતી માનતો તે પ્રગટપણે મિથ્યાદષ્ટિ છે; સર્વજ્ઞદેવ ત્રણકાળ ત્રણલોકના બધા દ્રવ્યોની પર્યાયને જાણે છે અને બધી વસ્તુની પર્યાય પ્રગટપણે તેનાથી સ્વયં થાય છે છતાં તેનાથી વિરૂદ્ધ (સર્વજ્ઞના જ્ઞાનથી અને વસ્તુના સ્વરૂપથી વિરૂદ્ધ) જે માને છે તે સર્વજ્ઞનો અને પોતાના આત્માનો વિરોધી પ્રગટપણે મિથ્યાદષ્ટિ છે.

ભલે, પર્યાય ક્રમબદ્ધ થાય છે પણ પુરુષાર્થ વગર પર્યાય થતી નથી. જે તરફનો

પુરુષાર્થ કરે તે તરફની ક્રમબદ્ધ પર્યાય થાય. કોઈ પૂછે કે આમાં તો નિયત આવ્યું ને? તો ઉત્તર-ભાઈ ! ત્રણેકાળને નિયત પર્યાયનો નિર્ણય કરનાર કોણ છે? જેણે ત્રણેકાળની પર્યાય નક્કી કરી તેણે દ્રવ્ય જ નક્કી કર્યું છે. પર લક્ષે સ્વનું નિયત માને તો તે એકાંતવાદી વાતોડિયો છે અને પોતાના સ્વભાવના લક્ષે સ્વભાવમાં પોતે ભળીને-સ્વભાવની એક્તા કરીને, રાગ ટાળીને જે જ્ઞાયક થઈ ગયો છે તેને તો પોતાના સ્વભાવના પુરુષાર્થમાં નિયત સમાઈ જાય છે. **સ્વભાવનો પુરુષાર્થ છે ત્યાં નિયમથી મોક્ષ છે એટલે પુરુષાર્થમાં જ નિયત આવી જાય છે, જ્યાં પુરુષાર્થ નથી ત્યાં મોક્ષપર્યાયનું નિયત પણ નથી.**

અહો! મહાન સંત મુનિશ્વરોએ જંગલમાં રહીને આત્મસ્વભાવનાં અમૃત વહેતાં મૂક્યાં છે. આચાર્યદેવો ધર્મના સ્થંભ છે, આભના થોભ જેવા આચાર્યદેવોએ પવિત્ર ધર્મને ટેકો આપીને ટકાવી રાખ્યો છે. એકેક આચાર્યભગવંતોએ ગજબ કામ કર્યું છે. સાધકદશામાં સ્વરૂપની શાંતિ વેદતાં પરિષહોને જીતીને પરમ સત્યને જીવંત રાખ્યું છે. આચાર્યદેવના કથનમાં કેવળજ્ઞાનના ભણકારા વાગી ગયા છે. આવા મહાન શાસ્ત્રોની રચના કરીને આચાર્યોએ ઘણાં ઘણાં જીવો પર અપરા ઉપકાર કર્યો છે. રચના તો જુઓ, પદે પદે કેટલું ગંભીર રહસ્ય છે! આ તો સત્યની જાહેરાત છે, આના સંસ્કાર અપૂર્વ ચીજ છે, અને આ સમજણ તો મુક્તિને વરવાનાં શ્રીફળ છે-આ સમજે તેનો મોક્ષ જ છે.

પ્રશ્ન :- થવાનું હોય તે થાય છે-એમ માનવામાં અનેકાન્ત સ્વરૂપ ક્યાં આવ્યું?

ઉત્તર :- થવાનું હોય તેમ થાય છે એટલે પરનું પરથી થાય છે અને મારું મારાથી થાય છે એમ જાણીને પરથી ખસીને પોતા તરફ વળ્યો તેણે સ્વભાવના લક્ષે માન્યું છે, તેની માન્યતામાં અનેકાન્તસ્વરૂપ છે. 'મારી પર્યાય મારા દ્રવ્યમાંથી ક્રમબદ્ધ આવે છે, મારી પર્યાય પરમાંથી આવતી નથી.' આમ અનેકાંત છે; તથા 'પરની પર્યાય પરના દ્રવ્યમાંથી ક્રમબદ્ધ જે થવાની હોય તે થાય છે, હું તેની પર્યાય કરતો નથી' આમ અનેકાંત છે; 'થવાનું હોય તે જ થાય' એમ જાણીને પોતાના દ્રવ્ય તરફ ઢળવું જોઈએ, પરંતુ 'થવાનું હોય તે થાય' એમ જે એકલા પરથી માને છે, પરંતુ સ્વદ્રવ્યની પર્યાય ક્યાંથી આવે છે તેની પ્રતીત કરતો નથી એટલે કે પરલક્ષ છોડી સ્વલક્ષ કરતો નથી તે એકાંતવાદી છે.

પ્રશ્ન :- ભગવાને તો મોક્ષમાર્ગના પાંચ સમવાય કહ્યા છે અને તમે તો એક પુરુષાર્થ-પુરુષાર્થ જ કરો છો, તો પછી તેમાં બીજા ચાર સમવાયો કઈ રીતે આવે છે?

ઉત્તર :- જ્યાં જીવ સાચો પુરુષાર્થ કરે છે ત્યાં સ્વયં બીજા ચારે સમવાય હોય જ છે. પાંચ સમવાયનું સંક્ષિપ્ત સ્વરૂપ નીચે પ્રમાણે સમજવું.

૧- પરનું હું કાંઈ કરનાર નથી, હું તો જ્ઞાયક છું, મારી પર્યાય મારા દ્રવ્યમાંથી આવે છે-આમ સ્વભાવદૃષ્ટિ કરીને પરની દૃષ્ટિ તોડી તે **પુરુષાર્થ**.

૨-સ્વભાવદૃષ્ટિનો પુરુષાર્થ કરતાં જે નિર્મળદશા પ્રગટી, તે દશા સ્વભાવમાં હતી તે જ પ્રગટી છે, એટલે જે શુદ્ધતા પ્રગટી તે **સ્વભાવ**.

૩-સ્વભાવદૃષ્ટિના પુરુષાર્થવડે સ્વભાવમાંતી જે ક્રમબદ્ધ પર્યાય તે સમયે પ્રગટવાની હતી તે જ શુદ્ધ પર્યાય તે સમયે પ્રગટી તે **નિયત**. સ્વભાવની દૃષ્ટિના જોરે સ્વભાવમાં જે પર્યાય પ્રગટવાની તાકાત હતી તે જ પર્યાય પ્રગટી છે. બસ ! સ્વભાવમાંથી જે સમયે જે દશા પ્રગટી તે જ પર્યાય તેની નિયત છે. પુરુષાર્થ કરનાર જીવને સ્વભાવમાં જે નિયત છે તે જ પ્રગટે છે પણ બહારથી આવતું નથી.

૪-સ્વદૃષ્ટિના પુરુષાર્થ વખતે જે દશા પ્રગટી તે જ તે વખતનો **સ્વકાળ** છે. પહેલા પર તરફ ઢળતો તેને બદલે સ્વમાં ઢળ્યો તે જ સ્વકાળ છે.

૫-સ્વભાવદૃષ્ટિથી જ્યારે ચાર સમવાય પ્રગટ્યા ત્યારે નિમિત્તરૂપ કર્મો તેની પોતાની લાયકાતથી સ્વયં ખસી ગયા છે, તે '**કર્મ**' છે.

આમાં પુરુષાર્થ, સ્વભાવ, નિયત અને કાળ એ ચાર સમવાય અસ્તિરૂપ છે અર્થાત્ તે ચારે ઉપાદાનની પર્યાયમાં લાગુ પડે છે અને પાંચમું સમવાય નાસ્તિરૂપ છે તે નિમિત્તમાં લાગુ પડે છે. અથવા જો પાંચમું સમવાય આત્મામાં લાગુ પાડવું હોય તો તે આ પ્રમાણે છે-પરવલણથી ખસીને સ્વભાવ તરફ વળતાં પ્રથમના ચારનું અસ્તિરૂપે અને કર્મનું નાસ્તિરૂપે એમ આત્મામાં પાંચે સમવાયનું પરિણમન થઈ ગયું છે એટલે **સ્વના પુરુષાર્થમાં પાંચે સમવાય પોતાની પર્યાયમાં સમાઈ જાય છે.** પહેલાં ચાર અસ્તિથી અને પાંચમું નાસ્તિથી પોતામાં છે.

જ્યારે સમ્યક્ પુરુષાર્થ જીવે ન કર્યો ત્યારે વિકારી ભાવ માટે કર્મ નિમિત્ત કહેવાણું અને જ્યારે સમ્યક્ પુરુષાર્થ કર્યો ત્યારે કર્મનો અભાવ નિમિત્ત કહેવાણો છે. જીવ પોતામાં પુરુષાર્થ વડે ચાર સમવાય પ્રગટ કરે અને સામે કર્મની દશા ફરવાની ન હોય એમ બને જ નહિ. જીવ સ્વલક્ષ કરીને ચાર સમવાયરૂપે પરિણમ્યો અને કર્મ તરફ લક્ષ કરીને ન

પરિણમ્યો (અર્થાત્ ઉદયમાં ન જોડાણો) ત્યારે કર્મની અવસ્થાને નિર્જરા કહેવાણી. જીવ સ્વસન્મુખ પરિણમ્યો ત્યારે ભલે કર્મ ઉદયમાં હોય પણ જીવના તે વખતના પરિણમનમાં કર્મના નિમિત્તની નાસ્તિ છે. પોતે સ્વમાં ભળ્યો અને કર્મ તરફ ન ભળ્યો તે જ કર્મની નાસ્તિ અર્થાત્ ઉદયનો અભાવ છે.

આત્મામાં એક સમયની સ્વસન્મુખ દશામાં પાંચે સમવાય આવી જાય છે. જીવ જ્યારે પુરુષાર્થ કરે ત્યારે તેને પાંચ સમવાય એક જ સમયે હોય છે, સ્વની પ્રતીતમાં પરની પ્રતીત આવી જ જાય છે. આવી ક્રમબદ્ધ વસ્તુસ્વરૂપની પ્રતીતમાં કેવળજ્ઞાનનો પુરુષાર્થ આવી ગયો છે.

પ્રશ્ન :- જીવ કેવળજ્ઞાન પ્રગટવાનો પુરુષાર્થ કરે પણ તે વખતે કર્મની ક્રમબદ્ધ અવસ્થા લાંબો કાળ રહેવાની હોય તો જીવને કેવળજ્ઞાન શી રીતે થાય ?

ઉત્તર :- વાહ, તારી શંકા ! તને તારા પુરુષાર્થનો જ ભરોસો નથી તેથી તારી દૃષ્ટિ કર્મ તરફ લંબાણી છે. 'સૂર્ય ઊગશે અને અંધારું નહિ ટળે તો?' એવી શંકા કરે તે મૂર્ખ છે. તેવી રીતે 'હું પુરુષાર્થ કરું અને કર્મની સ્થિતિ લાંબો કાળ રહેવાની હોય તો?' આવી શંકા જેને પડે તેને પુરુષાર્થની પ્રતીત નથી, તે મિથ્યાદૃષ્ટિ છે. કર્મની ક્રમબદ્ધ પર્યાય એવી જ છે કે જીવ પુરુષાર્થ કરે ત્યારે તે સ્વયં ટળી જ જાય. 'કર્મ લાંબો કાળ રહેવાનાં હોય તો?' એ દૃષ્ટિ તો પરમાં લંબાણી, અને તેમ શંકા કરનારે પોતાના પુરુષાર્થને પરાધીન માન્યો છે. તને તારા આત્માના પુરુષાર્થની પ્રતીત છે કે નહિ ? હું મારા સ્વભાવના પુરુષાર્થથી કેવળજ્ઞાન પ્રગટ કરું છું અને હું મારી કેવળજ્ઞાન દશા પ્રગટ કરું ત્યારે ઘાતિકર્મો હોય જ નહિ, એવો નિયમ છે. જેને ઉપાદાનની શ્રદ્ધા હોય તેને નિમિત્તની શંકા હોય જ નહિ. નિમિત્તની શંકામાં જે રોકાણો છે તેણે ઉપાદાનનો પુરુષાર્થ જ કર્યો નથી. ઉપાદાન તે નિશ્ચય છે અને નિમિત્ત તે વ્યવહાર છે.

નિશ્ચયનય આખા દ્રવ્યને લક્ષમાં લ્યે છે આખા દ્રવ્યની શ્રદ્ધામાં કેવળજ્ઞાનથી ઊણપનો સ્વીકાર જ ક્યાં છે? **ક્રમબદ્ધપર્યાયની શ્રદ્ધામાં દ્રવ્યની શ્રદ્ધા છે અને દ્રવ્યની શ્રદ્ધામાં કેવળજ્ઞાનથી ઉણીદશાની પ્રતીત જ નથી, માટે ક્રમબદ્ધપર્યાયની શ્રદ્ધામાં કેવળજ્ઞાન જ છે.**

કેવળજ્ઞાની નિશ્ચયથી તો સંપૂર્ણ આત્મજ્ઞ જ છે, વ્યવહારથી સર્વજ્ઞ છે. સંપૂર્ણ

આત્મજ્ઞ છે તો તેઓ સર્વજ્ઞ કહેવાય છે. આત્મજ્ઞતા વગર સર્વજ્ઞતા હોઈ શકે નહિ.

હવે, સર્વજ્ઞ તો બધી જ વસ્તુની પર્યાયોના ક્રમને જાણે છે તેથી નીચલી દશામાં પણ જે 'બધી વસ્તુની ક્રમબદ્ધપર્યાય છે' એમ પ્રતીતમાં લ્યે છે તે જીવ સર્વજ્ઞતાને સ્વીકારે છે, **અને જે સર્વજ્ઞતા સ્વીકારે છે તે આત્મજ્ઞ જ છે કેમકે સર્વજ્ઞતા કદી પણ આત્મજ્ઞતા વગર હોતી નથી**. જે જીવ વસ્તુની સંપૂર્ણ ક્રમબદ્ધ પર્યાયોને નથી માનતો તે સર્વજ્ઞતાને માનતો નથી, અને જે સર્વજ્ઞતાને માનતો નથી તે આત્મજ્ઞ હોઈ શકે નહિ.

આત્માના સંપૂર્ણ જ્ઞાનસામર્થ્યમાં બધી વસ્તુઓની ત્રણે કાળની પર્યાયો જેમ થવાની છે તેમ જણાય છે અને જેમ જણાય છે તે જ પ્રમાણે થાય છે-આવી જેને પ્રતીત રી તેણે ક્રમબદ્ધપર્યાયની અને સર્વજ્ઞના સામર્થ્યની પ્રતીત થઈ અને તે આત્મજ્ઞ થયો; આત્મજ્ઞ જીવ સર્વજ્ઞ થાય જ છે.

વસ્તુમાં દરેક ગુણની પર્યાય પ્રવાહબદ્ધ ચાલી જ રહી છે, એક તરફ સર્વજ્ઞનું કેવળજ્ઞાન પરિણમી રહ્યું છે, બીજી તરફ જગતના સર્વ દ્રવ્યોની પર્યાય પોતપોતામાં ક્રમબદ્ધ પરિણમી રહી છે. અહો! આમાં એક બીજાનું શું કરી શકે? બધા દ્રવ્યો પોતપોતામાં જ પરિણમી રહ્યાં છે, બસ ! આ પ્રતીત કરતાં જ્ઞાન જાુદું જ રહી ગયું; બધામાંથી રાગ-દ્વેષ ઊડી ગયો અને એકલું જ્ઞાન રહી ગયું, આ જ કેવળજ્ઞાન!

પરમાર્થથી નિમિત્ત વગર જ કાર્ય થાય છે, વિકારપણે કે શુદ્ધતાપણે જીવ પોતે જ સ્વપર્યાયમાં પરિણમે છે, અને તે પરિણમનમાં નિમિત્તની તો નાસ્તિ છે. કર્મ અને આત્માનું ભેગું પરિણમન થઈને વિકાર થતો નતી. એક વસ્તુના પરિણમન વખતે પરવસ્તુની હાજરી હોય તેથી શું? પરવસ્તુનું અને સ્વવસ્તુનું પરિણમન તો તદ્દન જુદું જ છે, તેથી જીવની પર્યાય નિમિત્ત વગર પોતાથી જ થાય છે, નિમિત્ત કાંઈ જીવની રાગ-દ્વેષાદિ પર્યાયમાં પેસી જતું નથી. માટે નિમિત્ત વગર જ રાગ-દ્વેષ થાય છે. નિમિત્તની હાજરી હોય છે તે તો જ્ઞાન કરવા માટે છે; જ્ઞાનસામર્થ્ય હોવાથી જીવ નિમિત્તને જાણે છે ખરો, પરંતુ નિમિત્તના કારણે ઉપાદાનમાં કાંઈ પણ થતું નથી.

(આત્મધર્મ એ-૦૨૮, ફેબ્રુ.૧૯૪૬, પેજ-૭૯ થી ૯૧)

# ક્રમબદ્ધ પર્યાય અને વ્યવહાર

વસ્તુની પર્યાય ક્રમબદ્ધ જ થાય છે. ક્રમબદ્ધ પર્યાયમાં ફેર પાડવા કોઈ સમર્થ નથી.

પ્રશ્ન :- વસ્તુની પર્યાય ક્રમબદ્ધ જ છે ત્યારે પુરુષાર્થ કરવાનો ન રહ્યો ને?

ઉત્તર :- ક્રમબદ્ધ પર્યાયની શ્રદ્ધા કોણે કરી ? ક્રમબદ્ધ પર્યાયની શ્રદ્ધા શા વડે કરી ? ક્રમબદ્ધની શ્રદ્ધા કરનાર જીવ બધાય પદાર્થોથી ઉદાસ થઈ ગયો અને પરનું લક્ષ છોડીને જ્ઞાનને સ્વમાં એકાગ્ર કર્યું. હવે સ્વ વસ્તુમાં પણ ક્રમબદ્ધ પર્યાય જ છે, તે સ્વની ક્રમબદ્ધ પર્યાય ક્યાંથી આવે છે? પર્યાયમાંથી આવતી નથી પણ વસ્તુમાંથી આવે છે, તેથી વસ્તુદૃષ્ટિ થઈ. વસ્તુદૃષ્ટિ થયા વગર ક્રમબદ્ધ પર્યાયની શ્રદ્ધા હોય નહિ.

ક્રમબદ્ધ પર્યાયની શ્રદ્ધા થતાં પરમાંથી તો ઉદાસ જ થઈ ગયો-જ્ઞાતા જ રહી ગયો, હવે સ્વની જે ક્રમબદ્ધ પર્યાય થાય છે તે સ્વભાવમાંથી જ આવે છે અને સ્વભાવમાં વિકાર નથી માટે વિકાર તે મારું સ્વરૂપ નથી; આ રીતે વિકારરહિત વસ્તુસ્વભાવની જેને શ્રદ્ધા થઈ તેને જ ક્રમબદ્ધપર્યાયની વાત બેઠી છે અને તેમાં જ અનંત પુરુષાર્થ છે.

એક ક્રમબદ્ધપર્યાયના સિદ્ધાંતમાંથી જ આત્મા આખો ભગવાન સિદ્ધ થાય છે. એક ક્રમબદ્ધપર્યાયના સિદ્ધાંતને જાણતાં તેમાં બધું આવી જાય છે. 'ક્રમબદ્ધ' કહેતાં અનેક પર્યાય લક્ષમાં આવે છે એટલે બધી પર્યાયોનો પિંડ તે વસ્તુ છે તેમાંથી જ પર્યાય પ્રગટે છે એમ પ્રતીત કરતાં પર પદાર્થ ઉપર કે વિકાર ઉપર કે પર્યાય ઉપર દૃષ્ટિ ન રહી, પણ વસ્તુ ઉપર દૃષ્ટિ ગઈ. વસ્તુ દૃષ્ટિમાં અનંત વીર્ય આવે છે અને તે જ વીર્ય આગળ વધીને પૂરું થતાં કેવળજ્ઞાન થાય છે.

ક્રમબદ્ધ પર્યાયની શ્રદ્ધા કરવામાં કેટલું વીર્ય આવ્યું? જગતના જેટલા પદાર્થો છે તે બધાયની પર્યાય ક્રમબદ્ધ થાય છે, તે કોઈ પદાર્થોનું હું કાંઈ ન કરું, અને મારી પર્યાય મારા દ્રવ્યમાંથી ક્રમબદ્ધ થાય છે માટે મારે કોઈ પરદ્રવ્યનો આધાર નહિ; બસ, આ ભેદવિજ્ઞાન પ્રગટી ગયું.

મારી પર્યાયનો આધાર દ્રવ્ય છે એમ જેને દ્રવ્યદૃષ્ટિ થઈ છે તેણે (૧) પરથી પોતાને જુદો જાણ્યો (૨) વિકારથી મારી પર્યાય પ્રગટતી નથી એમ જાણ્યું અને (૩) સ્વભાવદૃષ્ટિ થતાં ઊણીદશા જેટલો પણ હું નહિ એમ પૂરા સ્વભાવનું જ જોર આવ્યું. પૂરા સ્વભાવના જોરે અલ્પકાળમાં કેવળજ્ઞાન થાય જ; માટે ક્રમબદ્ધ પર્યાયની પ્રતીતમાં તો કેવળજ્ઞાન લેવાનો પુરુષાર્થ સમાયેલો છે.

આ વાત સ્વભાવની છે, સ્વભાવથી જ આ વાત બેસે તેમ છે, કુતર્કથી બેસે તેમ નથી. સ્વભાવના પરિણમનમાં જો આ વાત ન બેસે અને ન રુચે તો સ્વની દૃઢતામાં પુરુષાર્થ વળ્યો નથી; પુરુષાર્થ જ્યારે સ્વની દૃઢતામાં ન વળ્યો ત્યારે તે ક્યાંક પરની રુચિમાં અટક્યો છે એટલે તેને ભવની શંકા રહે જ છે. સ્વભાવની ક્રમબદ્ધ પર્યાયની પ્રતીતિમાં મોક્ષની નિઃસંદેહ ખાતરી થઈ જાય છે કેમકે સ્વભાવના પરિણમનથી જ મોક્ષ થાય છે.

પ્રશ્ન :- ક્રમબદ્ધ પર્યાયમાં પણ વચ્ચે વ્રત-તપના શુભ વિકલ્પરૂપ વ્યવહાર તો આવે ને?

ઉત્તર :- ભાઈ, જેને ક્રમબદ્ધ પર્યાયની પ્રતીત છે તેની દૃષ્ટિ વ્રત ઉપર હોતી નથી પણ દ્રવ્ય ઉપર તેની દૃષ્ટિ હોય છે. ભલે, વ્રત તે પણ ક્રમબદ્ધપર્યાય જ છે તેથી જ્ઞાની તેને પણ જ્ઞાતાપણે જાણે છે, પરંતુ તેની ભાવના કરતા નથી. વચ્ચે વ્રત આવે તેની જેને ભાવના છે તેને સ્વરૂપની ભાવના નથી. વચ્ચે રાગ આવે તેને જાણે ભલે પણ ભાવના તો સ્વરૂપની જ હોય. વ્રતનો રાગ તો આસ્રવ છે. જેણે વ્રતની ભાવના કરી તેણે આસ્રવને સારો માન્યો એટલે કે સંસારને જ સારો માન્યો, તેણે બંધ અને આત્માને જુદાં જાણ્યાં જ નથી. આત્મા અને બંધને જે જુદાં જાણે તેને બંધભાવની ભાવના હોય જ નહિ.

ક્રમબદ્ધપર્યાયની શ્રદ્ધામાં દરેક દ્રવ્યની સ્વતંત્રતા સિદ્ધ થાય છે. એક દ્રવ્ય બીજાનું કાંઈ પણ કરે કે પુણ્યથી આત્માને ધર્મ થાય એ વાત સત્યધર્મના કમ્પાઉન્ડની બહાર છે, સત્યની હદમાં તે નથી.

વસ્તુની ક્રમબદ્ધ પર્યાય થતી વખતે નિમિત્તની હાજરી હોય પણ વસ્તુની પર્યાયમાં તે કિંચિત્ મદદગાર નથી. વસ્તુદૃષ્ટિના ભાનમાં ક્રમબદ્ધ શુદ્ધ પર્યાય પ્રગટતાં વચ્ચે જે વિકલ્પરૂપ વ્યવહાર આવે તે પણ શુદ્ધપર્યાયને મદદગાર નથી માટે તે વ્યવહારનો ખેદ

જોઈએ. અમૃતચંદ્રાચાર્ય સમયસાર-કળશમાં કહે છે કે -

**व्यवहरणनयः स्याद्यद्यपि प्राक्पदव्या-मिह निहितपदानां 'हंत' हस्तावलंबः।
तदपि परममर्थं चिच्चमत्कारमात्रं परविरहितमंतः पश्यतां नैव किंचित्।।५।।**

અર્થ :- જે વ્યવહારનય છે તે જો કે આ પહેલી પદવીમાં (જ્યાં સુધી શુદ્ધ સ્વરૂપની પ્રાપ્તિ ન થઈ હોય ત્યાં સુધી) જેમણે પોતાનો પગ માંડેલો છે એવા પુરુષોને અરેરે! હસ્તાવલંબ તુલ્ય કહ્યો છે, તોપણ જે પુરુષો ચૈતન્ય-ચમત્કાર માત્ર, પરદ્રવ્ય ભાવોથી રહિત (શુદ્ધનયના વિષયભૂત) પરમ 'અર્થ'ને અંતરંગમાં અવલોકે છે, તેની શ્રદ્ધા કરે છે તથા તદ્રૂપ લીન થઈ ચારિત્રભાવને પ્રાપ્ત થાય છે તેમને એ વ્યવહારનય કાંઈ પણ પ્રયોજનવાન નથી.

વ્યવહારનય વચ્ચે આવી પડે છે તેને '**हंतः**' કહીને ધૂતકારી કાઢ્યો છે. વ્યવહાર ઉપર દ્વેષ નથી પણ તેની ઉપેક્ષા છે, તે તરફ દૃષ્ટિનું જોર નથી, દૃષ્ટિ નકાર કરે છે, જ્ઞાન તેને જાણે છે. વચ્ચે વ્યવહાર આવી જાય છે. તે પણ ક્રમબદ્ધ જ છે. પૂર્ણ થવા જતાં વચ્ચે સાધકદશામાં વ્યવહાર ન આવે તો શું પૂર્ણ થઈ ગયા પછી વ્યવહારનો વિકલ્પ ઊઠે?

એ તો એની સ્થિતિ જ એવી છે કે સાધકપણામાં વચ્ચે બાધકરૂપ વ્યવહાર આવે જ; પણ જો જીવ તે વ્યવહારમાં અટકે તો સાધકદશામાં આગળ વધી શકે નહિ પણ મિથ્યાદૃષ્ટિ થાય. વ્યવહાર આવે છે ખરો, તેની હૈયાતિની ના નથી પણ વચ્ચે તે આવી પડે છે તેનો ખેદ છે. બસ ! ક્રમબદ્ધપર્યાયની પ્રતીતનું જોર દ્રવ્ય ઉપર જ છે, પર્યાય ઉપર તેનું જોર નથી. દ્રવ્ય તરફના જોરે ભંગભેદરૂપ વ્યવહારનો નિષેધ છે.

કુંદકુંદ ભગવાન પડકાર મારીને ચેતવે છે કે ભાઈ રે! ધ્યાન રાખજે, સ્વભાવની સાધક દશામાં વચ્ચે રાગ આવી પડશે ખરો, મુનિદશામાં પણ વિકલ્પ ઊઠશે ખરો, પણ તેને સાધન ન માનીશ, તેની હોંશ ન કરીશ, તે બાધક છે, તેને બાધકપણે જાણીને છોડી દેજે અને નિશ્ચય સ્વભાવના જોરે આગળ પગલાં ભરજે, એટલે કે નિશ્ચયસ્વભાવની દૃષ્ટિના જોરે જ તારી પર્યાય ક્રમેક્રમે શુદ્ધ થતી જશે.

આ ક્રમબદ્ધપર્યાયના સિદ્ધાંતમાં તો અધ્યાત્મસ્વરૂપની વાત છે, તે સમજતાં જેને કંટાળો લાગે છે તેને આત્માના સ્વરૂપની અરુચિ છે.સ્વરૂપ સમજવાના કંટાળાને લીધે તેને રાગની વાત સહેલી લાગે છે. અધ્યાત્મપદ્ધતિમાં તો રાગનો ઉપદેશ હોય નહિ,

આગમપદ્ધતિમાં રાગ અને વિકલ્પની વાત વ્યવહારથી કરી હોય તે સાંભળતાં જેને હોંશ આવે છે અને અધ્યાત્મસ્વરૂપની વાત સમજવાની હોંશ આવતી નથી તેને આત્માના પરમાર્થ સ્વરૂપનો કંટાળો છે, અને સ્વરૂપનો કંટાળો તે જ મિથ્યાત્વ છે.

આચાર્યપ્રભુ કહે છે કે યાદ રાખ ! વચ્ચે શુભરાગ આવે છે, તેની જો હોંશ કરીશ તો રાગમાં અને મિથ્યાત્વમાં અટકી જવાનો છો. વચ્ચે રાગ આવે તેની હોંશ કરીશ નહિ પણ જ્ઞાતાપણે જાણીને છોડી દેજે અને જ્ઞાનને જ ગ્રહણ કરજે. માટે જ સમયસારની આ ૨૯૬મી ગાથામાં કહ્યું છે કે પ્રજ્ઞા વડે જ (સમ્યગ્જ્ઞાનથી જ) આત્માનું ગ્રહણ કરાય છે, અને પ્રજ્ઞાવડે જ બંધને છેદાય છે.

**(આત્મધર્મ એ-૦૩૦, માર્ચ-એપ્રિલ-૧૯૪૬, પેજ-૧૦૯ થી ૧૧૨)**

# ક્રમબદ્ધપર્યાયનું સ્પષ્ટીકરણ

## શ્રી સમયસાર સર્વવિશુદ્ધ જ્ઞાન અધિકાર ગાથા ૩૦૮ થી ૩૧૧

જે કાંઈ કાર્ય થાય તે કર્તાને આશ્રયે હોય, અને કર્તા તે કાર્યને આશ્રયે હોય, કાર્યને અવલંબીને કર્તા હોય, પણ કાર્ય ક્યાંક થાય, અને કર્તા ક્યાંક રહી જાય એમ ન બને. જડની અવસ્થાને આશ્રયે જડ અને આત્માની અવસ્થાને આશ્રયે આત્મા હોય, કર્તા જુદો રહી જાય અને અવસ્થા જુદી રહી જાય તેમ ન બને. કર્તા અને કાર્ય ચૈતન્યના ચૈતન્યમાં, અને જડના જડમાં સ્વતંત્ર છે કોઈ પરદ્રવ્ય કોઈ પરદ્રવ્યની હાલત ફેરવવા સમર્થ નથી.

જીવ ક્રમબદ્ધ એવા પોતાના પરિણામોથી ઊપજતું થકું જીવ જ છે અજીવ નથી. ભગવાન આત્મામાં ક્રમબદ્ધ એક સમય પછી બીજા સમયની પર્યાય અને બીજા સમય પછી ત્રીજા સમયની પર્યાય એમ ક્રમેક્રમે ઉત્પન્ન થાય છે, એક સમયની બધી ત્રણેકાળની પર્યાય આવી જતી નથી. આત્મા અનાદિ અનંત છે તેમાં અનાદિકાળની જેટલી અવસ્થા થાય છે તે એક પછી એક થાય છે, વસ્તુમાંથી ક્રમબદ્ધપણું છૂટતું નથી. આત્મામાં જ્ઞાનાદિ અનંતગુણો છે તેમાં એક ગુણની એક સમયમાં એક અવસ્થા હોય છે, અનંતાગુણોની થઈને એક સમયમાં અનંતી અવસ્થા હોય છે, જ્ઞાન, દર્શન, ચારિત્ર, અસ્તિત્વ, વસ્તુત્વ, આદિ આત્મામાં અનંતગુણો છે, દરેક ગુણો સમય સમયમાં બદલે છે; ગુણ બદલે નહિ તેમ બને નહિ માટે દરેક ગુણો સમયે સમયે ક્રમબદ્ધ બદલે છે. પણ ગુણોની ત્રણેકાળની બધી અવસ્થા એક સાથે આવી જતી નથી.

અનંતગુણનો પિંડ તે વસ્તુ છે. વસ્તુમાં જે અવસ્થા થાય છે તે એક પછી એક થાય છે, ક્રમબદ્ધ થાય છે, ક્રમસર થાય છે, ક્રમવાર થાય છે.

આત્મામાં જે અવસ્થા થાય છે તેમાં આત્મા પોતે ક્રમસર પરિણમતો થકો પોતે જ છે, બીજી કોઈ ચીજ પરિણમતી નથી. કર્તા આત્મા અને એની અવસ્થા તે એનું કાર્ય, તે કાર્ય આત્મામાં ક્રમસર થાય છે, જોડેવાળો બીજો માણસ કરે શું? બીજો બીજાની અવસ્થાને કરે તો વસ્તુ પરાધીન થઈ જાય. જોડે તીર્થંકર ઊભા હોય તોપણ શું કરે?

પોતાની રુચિ પોતાવડે જો સ્વભાવમાં ગઈ તો સ્વભાવની ક્રમબદ્ધ અવસ્થા થાય છે, અને પોતાની રુચિ જો પરમાં ગઈ તો વિકારની ક્રમબદ્ધ અવસ્થા થાય છે તેમાં બીજો શું કરે?

પોતે પોતાની અવસ્તાથી ઊપજતો થકો પોતે જ છે બીજો કોઈ નથી. કર્મ કારણ અને આત્મા કાર્ય છે એમ નથી, પોતે જ પોતાનું કારણ અને પોતે જ પોતાનું કાર્ય છે.

**જડમાં પણ ક્રમબદ્ધ પર્યાય** થાય છે. જેમ માટીમાંથી ઘડો થવાની પર્યાય જે થાય છે તે ક્રમબદ્ધ થાય છે, તેમાં કુંભાર કાંઈ કરી શકતો નથી. માટે અજીવનો કર્તા જીવ નથી, પણ અજીવ પોતાની અવસ્થાથી એક પછી એક ઊપજતું થકું અજીવ જ છે.

પોતાની ક્રમસર અવસ્થા થાય છે એવી જેને પ્રતીતિ થઈ તેને પર મારું કરી દે છે એવો ભાવ ટળી જાય છે. એમાં અનંતા જીવ અને અનંતા જડ મારું કરી દે છે એવી પરાધીનતાની દૃષ્ટિ ટળી જાય છે. આ મહા સૂક્ષ્મ વાત છે. આ કર્તા-કર્મનો મહા સિદ્ધાંત છે.

વસ્તુમાં પર્યાય એક પછી એક ક્રમસર થાય છે તેનો કર્તા બીજો કોઈ નથી પોતે જ છે. બંધ ટાણે મુક્તિ ન હોય અને મુક્તિ ટાણે બંધ ન હોય, તે પર્યાય એક પછી એક હોય, પરંતુ બન્ને સાથે ન હોય. વસ્તુ તો કાયમ એકરૂપ છે તેમાં એક પછી એક એવો ક્રમ પડતો નથી. માટે વસ્તુ તે અક્રમ છે; અને પર્યાય તે ક્રમરૂપ છે.

કેવળજ્ઞાનની પર્યાય પહેલાં આવે અને સમ્યગ્દર્શનની પર્યાય પછી આવે, એમ આડી અવળી પર્યાય ન પ્રગટે પણ સમ્યગ્દર્શન પહેલાં થાય અને કેવળજ્ઞાન પછી જ થાય એમ ક્રમસર પર્યાય પ્રગટે એવો વસ્તુનો સ્વભાવ જ છે.

પુરુષાર્થને સ્વીકાર્યા વગર, પુરુષાર્થને ઊપાડ્યા વિના, મોક્ષમાર્ગ તરફની ક્રમબદ્ધ પર્યાય થતી નથી અને મોક્ષની પણ ક્રમબદ્ધ પર્યાય થતી નથી.

જેના જ્ઞાનમાં પુરુષાર્થનો સ્વીકાર નથી તે પુરુષાર્થને પોતાવડે ઊપાડતો નથી અને તેથી તેને પુરુષાર્થ વિના સમ્યક્દર્શન નહિ થાય અને કેવળજ્ઞાન પણ નહિ થાય. જે પુરુષાર્થને સ્વીકારતો નથી તેને નિર્મળ ક્રમબદ્ધ પર્યાય નહિ થાય, પણ વિકારી ક્રમબદ્ધ પર્યાય થયા કરશે.

જે અવસ્થા જે વસ્તુમાંથી થાય તે વસ્તુ ઉપર દૃષ્ટિ મૂકવાથી મુક્તિ થાય છે, પર દ્રવ્ય મારી અવસ્થા કરી દેશે, એવી દૃષ્ટિ તૂટી જવાથી, વસ્તુ ઉપર દૃષ્ટિ મૂકવાથી રાગ થતો નથી

વસ્તુની ક્રમબદ્ધ અવસ્થા થાય છે એમ દૃષ્ટિ થતાં પોતે જ્ઞાતાદૃષ્ટા થઈ જાય છે, અને જ્ઞાતા દૃષ્ટાના જોર વડે અસ્થિરતા છૂટીને સ્થિર થઈ અલ્પ કાળે મુક્તિ થાય છે. આમાં અનંતો પુરુષાર્થ છે.

પુરુષાર્થ વડે સ્વરૂપ દૃષ્ટિ કરવાથી અને તે દૃષ્ટિ વડે સ્વરૂપમાં રમણતા કરવાથી ચૈતન્યનમાં શુદ્ધ ક્રમબદ્ધ પર્યાય થાય છે, તે શુદ્ધ ક્રમબદ્ધ પર્યાય પ્રયત્ન વિના થતી નથી.

અંતર્મુહૂર્તમાં કેવળજ્ઞાન પામે છે તેમાં પણ ચૈતન્યના વીર્યની ઉગ્રતાનું કારણ છે, પરંતુ અંતર્મુહૂર્તમાં પણ બધી પર્યાય ક્રમસર જ થાય છે. કોઈ પર્યાય આડી અવળી થતી નથી, પહેલાં થવાની હોય તે પર્યાય પછી થાય, અને પછી થવાની હોય તે પર્યાય પહેલાં થાય તેમ બનતું નથી. જેમકે પહેલાં કેવળજ્ઞાન થાય અને પછી વીતરાગતા થાય તેમ બનતું નથી, પરંતુ જે પર્યાય જેમ થવાની હોય તેમ જ થાય છે; તેમ બધી પર્યાય એક સાથે પણ થતી નથી સમ્યગ્દર્શનની પર્યાય અને કેવળજ્ઞાનની પર્યાય વચ્ચે અંતર્મુહૂર્તનું આંતરું તો પડે જ છે, પરંતુ અંતર્મુહૂર્તમાં કેવળજ્ઞાન થયું તે કોઈએ કરી દીધું નથી; એની મેળે કાળલબ્ધિ પાકી તેથી થયું તેમ નથી. પરંતુ ચૈતન્યના ઉગ્ર પુરુષાર્થનું તે કાર્ય છે.

ચૈતન્યના એક ક્ષણના પુરુષાર્થની ઉગ્રતામાં પાંચે સમવાય આવી જાય છે. વસ્તુ ઉપર યથાર્થ દૃષ્ટિ થઈ તે પુરુષાર્થ વડે થઈ તે પુરુષાર્થ-૧. તે પુરુષાર્થ વડે જે સ્વભાવ હતો તે પર્યાય પ્રગટી તે સ્વભાવ-૨. જે વખતે પર્યાય પ્રગટી તે સ્વકાળ એટલે કે કાળ-૩. અને પુરુષાર્થ વડે જે પર્યાય થવાની હતી તે થઈ તે નિયત-૪. અને સ્વભાવ પર્યાય પ્રગટતી વખતે જે કર્મનો અભાવ થયો તે કર્મ-૫. ચાર સમવાય અસ્તિરૂપે પોતામાં આવી જાય છે અને છેલ્લું કર્મનો અભાવ તે નાસ્તિ પરિણમનરૂપે પોતામાં આવી જાય છે. આમાં બધા સિદ્ધાંત આવી ગયા.

વસ્તુની પર્યાય પ્રગટવામાં પાંચ કારણ હોય છે તે બધામાં પુરુષાર્થ મુખ્ય છે. જેવી વીર્યની ઉગ્રતા કે મંદતા હોય છે તે પ્રમાણે કાર્ય આવે છે.

જે પુરુષાર્થ કરે તેને બીજા ચારે કારણો આવી જાય છે, જે પુરુષાર્થને સ્વીકારતો નથી એને એકે કારણ લાગુ પડતા નથી.

પ્રથમ સમ્યગ્દર્શન થવામાં અનંતો પુરુષાર્થ છે. સમ્યગ્દર્શન થતાં અનંતો સંસાર કાપી નાખ્યો, સમ્યગ્દર્શન થયું ત્યાં અનંતુ પરાક્રમ પ્રગટ્યું, દ્રવ્ય દૃષ્ટિ તે સમ્યગ્દૃષ્ટિ છે.

વસ્તુદૃષ્ટિના જોરમાં અવશ્ય વીતરાગ થવાનો છે, અવશ્ય કેવળજ્ઞાન લેવાનો છે. વસ્તુદૃષ્ટિના જોરમાં પ્રયત્ન વડે સ્થિર થાય છે, અને પછી વીતરાગ થાય છે.

વસ્તુની પર્યાયનો આધાર દ્રવ્ય છે તેમાં પરનો આધાર નથી, એવી જ્યાં દૃષ્ટિ થઈ ત્યાં જે ઠેકાણેથી પર્યાય થાય છે ત્યાં જોવાનું રહ્યું. પર વડે મારી પર્યાય થાય છે એવા રાગનો વિકલ્પ ટળ્યો, વીતરાગ દૃષ્ટિ થઈ, અનંતી પર્યાયનો પિંડ ભરચક દ્રવ્ય પડ્યું છે તેના ઉપર દૃષ્ટિ જતાં વિકારની દૃષ્ટિ ટળી જાય છે, પરાશ્રય દૃષ્ટિ ટળતાં અંદર ક્રમબદ્ધ પર્યાયથી ભરચક દ્રવ્ય છે તેના ઉપર મીટ માંડતા પુરુષાર્થ વડે ક્રમબદ્ધ પર્યાય ઉઘડ્યા કરે છે. ઉગ્ર વીર્ય કે મંદ વીર્યના કારણ પ્રમાણે જે વખતે જે પર્યાય થઈ તેનો તે સ્વકાળ છે. બીજો કોઈ કાળ ચૈતન્યને અટકાવતો નથી. કોઈ કહેશે કે કોઈ ઉગ્ર પુરુષાર્થ કરે કોઈ મંદ પુરુષાર્થ કરે તેનું શું કારણ ? તેનું કારણ ચૈતન્યનું પોતાનું છે. ઉગ્ર કે મંદ પુરુષાર્થે પોતે પરિણમ્યો છે, પુરુષાર્થને ઉગ્ર કરવો કે મંદ કરવો તેમાં ચૈતન્ય પોતે સ્વતંત્ર છે, તેમાં કર્મનું કારણ નથી, કોઈ પરનું કારણ નથી, કાળનું કારણ નથી, અકારણ પારિણામિક દ્રવ્યને કોઈનું કારણ લાગુ પડતું નથી. કર્મ તો નિમિત્તમાત્ર છે. પોતે અકારણ પારિણામિક દ્રવ્ય છે તેમાં કોઈનું કારણ લાગુ પડતું નથી. કોઈ દ્રવ્ય કોઈ દ્રવ્યને અટકાવતું નથી, જો અટકાવે તો દ્રવ્ય પરાધીન થઈ જાય.

દ્રવ્યમાં અનંતગુણો છે અને તેની અનંતી પર્યાય છે તે બધી પર્યાય સમય સમયે ક્રમબદ્ધ થાય છે, તેવા દ્રવ્ય સ્વભાવની શ્રદ્ધા તે પુરુષાર્થ વડે થાય છે, તેવા શ્રદ્ધા, જ્ઞાન થતાં પુરુષાર્થ સ્વભાવ તરફ વળ્યો પરાશ્રય ટળી ગયો, કર્મનો, કાળનો, ગુરુનો, દેવનો અને પુસ્તકનો આશ્રય દૃષ્ટિમાંથી છૂટી ગયો અને મારી અવસ્થામાં મારામાં મારા કારણે થાય છે. એમ પ્રતીત થઈ. આત્મામાં પર્યાય એક પછી એક પોતામાંથી થાય છે એમ પ્રતીત થતાં પરદ્રવ્યનો આશ્રય ટળ્યો તે પુરુષાર્થ થયો, તે પુરુષાર્થ દ્વારા જે સ્વભાવ પ્રગટ્યો તે સ્વભાવ, વગેરે પાંચે સમવાય એક પુરુષાર્થ કરતાં આવી જાય છે.

પોતાના દ્રવ્યમાં બધી ક્રમસર અને ક્રમવાર અવસ્થા થાય છે આડી અવળી થતી નથી એમ પ્રતીત થઈ એટલે દુશ્મનનો અને મિત્રનો પરાશ્રય ગયો. વસ્તુ ઉપર દૃષ્ટિ જતાં અનંત પરાક્રમ ખીલ્યું. જેની દ્રવ્ય ઉપર દૃષ્ટિ છે તે વસ્તુમાં અને પર્યાયમાં ભેદ ભાળતો નથી, વસ્તુ ને વસ્તુની પર્યાય વચ્ચે ભેદનો વિકલ્પ રહેતો નથી. વસ્તુ ઉપર દૃષ્ટિ જતાં મુક્તિ

ક્યારે થશે તેવો આકુળતા અને ખેદનો વિકલ્પ ટળી જાય છે, વિકલ્પ ગયો પછી દ્રવ્ય અને પર્યાયમાં ભેદ ભાળતો નથી; તેમાં જ્ઞાતાદષ્ટાનું અનંતુ પરાક્રમ આવ્યું. તે જ્ઞાતા દષ્ટાના જોરમાં સ્વરૂપમાં સ્થિર થઈ મુક્તિની પર્યાય લેશે.

મોક્ષની પર્યાય અને મોક્ષના માર્ગમાં પરાશ્રયપણું નથી, મારામાં જે અવસ્થા થાય છે તે ક્રમસર થાય છે એમ પરાશ્રય દષ્ટિ ટળી અને સ્વાશ્રય દષ્ટિ થઈ તે અનંતો પુરુષાર્થ થયો. વસ્તુ ઉપર દષ્ટિ જતાં મોક્ષ અને મોક્ષમાર્ગની પર્યાયમાં ભેદ અને વિકલ્પ રહેતો નથી. આમાં અનંતુ પરાક્રમ છે.

ભગવાન આત્મામાં અનંતાગુણો ભર્યા છે તેમાં દરેક સમયે અવસ્થા ક્રમસર, ક્રમવાર, ક્રમબદ્ધ થાય છે તે અવસ્થા શરીર કે પર વગેરે કોઈ કરતું નથી એવી સ્વાશ્રય દષ્ટિ થઈ અને ઓશિયાળી દષ્ટિ ટળી ગઈ તે અનંતો પુરુષાર્થ થયો. દ્રવ્ય ઉપર દષ્ટિ જતાં આકુળતાનો વિકલ્પ તૂટી જાય છે, અને જ્ઞાતા દષ્ટાની તીખાશ વડે સ્થિર થઈ મોક્ષપર્યાયને પામે છે. દ્રવ્ય ઉપર દષ્ટિ છે એટલે તેના જોરમાં મુક્તિની પર્યાય ઝટ થઈ જાય છે, આકુળતાનો વિકલ્પ તૂટ્યો એટલે મુક્તિની પર્યાય ઝટ થઈ જાય છે. એક બે ભવમાં મુક્તિ લેવાનો છે.

અજ્ઞાનીને ઊંધી દષ્ટિ છે ત્યાં પણ એની પર્યાય ક્રમસર થાય છે. આવું સમજાય તેને અવળાઈ રહે નહિ. સાચી સમજણ થઈ ત્યાં આણે આમ કર્યું અને આણે તેમ કર્યું એવા પરના વાંક કાઢવા મટી ગયા. વસ્તુ સામું જુએ તો વસ્તુમાં રાગ-દ્વેષ નથી. પણ નવો નવો જે રાગ-દ્વેષ થાય છે તે પોતાના ઊંધા પુરુષાર્થ વડે થાય છે, તેમાં બીજાનો વાંક નથી. જીવની ક્રમબદ્ધ પર્યાયનું ભાન થયું એટલે જડની ક્રમબદ્ધ પર્યાયનું પણ ભાન થાય છે.

**હવે જડની ક્રમબદ્ધપર્યાય કહેવાય છે.**

શરીરમાં રોગ આવવાનો હોય ત્યારે આવે છે. શરીરમાં રોગ જ્યારે જ્યારે આવે તે તેની ક્રમબદ્ધ અવસ્થા પ્રમાણે જ આવે છે, તેને ફેરવવા કોઈ સમર્થ થી.

મકાનની અવસ્થા જેમ ગોઠવાવાની હોય તેમ જ ગોઠવાય છે, એક માળ પછી બીજો માળ, પછી ત્રીજો માળ તે ક્રમસર જેમ થવાના હોય તેમ થાય છે. આરસ પથરાવાના હોય તો આરસ પથરાય અને કાચ પથરાવાના હોય તો કાચ પથરાય, તેની અવસ્થા જેમ

થવાની હોય તેમ ક્રમબદ્ધ થાય છે.

દૂધમાં ક્રમવાર ખટાશ થવાનું ટાણું હતું ત્યારે તે તેના કારણે થાય છે, કોઈએ ખટાશ કરી નથી. છાશ આવી માટે ખટાશ થવા માંડી તેમ નથી, પણ તે વખતે દૂધમાં દહીંની અવસ્થા ક્રમસર તે થવાની હતી તેથી તેને નિમિત્ત મળી જાય છે. દરેકે દરેક પરમાણુ સ્વતંત્ર કાર્ય કરી રહ્યા છે. એક પરમાણુને બીજો પરમાણુ પરિણમાવી શકે નહિ. આમાં સ્વતંત્રતાની જાહેરાત કરે છે.

**ઉપાદાન દૃષ્ટિ તે યથાર્થ દૃષ્ટિ છે.** એક વસ્તુ સ્વતંત્ર છે તેમાં બીજો કરી શું શકે? માટીમાંથી ઘટો થાય છે તે ક્રમપૂર્વક માટીમાંથી પર્યાય આવે છે. ક્રમપૂર્વક ઘડાની પર્યાય થવાનું ટાણું આવે ત્યારે કુંભાર હોય, છતાં માટીમાંથી ક્રમબદ્ધ પર્યાય થાય તે તેના માટીના પોતાના કારણે થાય છે; નહિ કે કુંભારને કારણે.

પ્રશ્ન :- કોઈ કહે કે કુંભાર હાજર ન હોય તો?

ઉત્તર :- ઘડો ન થવાનો હોય ને માટીનો પિંડ રહેવાનો હોય તો તે પણ ક્રમસર જ છે. તે ક્રમ તોડવાને અજ્ઞાની, જ્ઞાની કે તીર્થંકર કોઈની તાકાત નથી.

કાંઈ અકસ્માત થાય તો કોઈને એમ થાય કે આ અકસ્માત કેમ થયું? પણ અકસ્માત કાંઈ થતું જ નથી. તે તેના ક્રમબદ્ધ અવસ્થાના નિયમ પ્રમાણે જ થાય છે. આવો વસ્તુનો નિયમ સમજે તેને વીતરાગ દૃષ્ટિ થયા વગર રહે જ નહિ વીતરાગ સ્વભાવ સમજે તેને વીતરાગતાનું કાર્ય આવ્યા વગર રહે જ નહિ.

પરનું હું કાંઈ કરી શકું નહિ, અને પર મારું કાંઈ કરી શકે નહિ, બધા આત્માની અને જડની એક પછી એક ક્રમસર અવસ્થા થાય છે એમાં હું શું કરું? તેમ સમજતાં ફટ શાંતિ થાય છે. અહીંયાં તો કહેવું છે કે પર ઉપરનું વલણ છોડ, કારણ કે જ્યાં જેની દૃષ્ટિ ત્યાં તે તરફની તેની ક્રમબદ્ધ પર્યાય થાય છે. બીજાનું કર્તાપણું છોડતાં અનંતો પુરુષાર્થ આવી જાય છે.

(આત્મધર્મ એ-૦૧૩, ઓક્ટોબર-૧૯૪૪, પેજ- ૪ થી ૭)

# અનેકાન્તમૂર્તિ ભગવાન આત્માની કેટલીક શક્તિઓ દ્વારા ક્રમબદ્ધપર્યાયનું સ્પષ્ટીકરણ

## ઉત્પાદ-વ્યય-ધ્રુવત્વ શક્તિ

આત્માની ઉત્પાદ-વ્યય-ધ્રુવત્વશક્તિનું વર્ણન ચાલે છે. આત્મામાં જ્ઞાનની સાથે ઉત્પાદ-વ્યય-ધ્રુવપણું પણ સમયે સમયે બની જ રહ્યું છે. આત્મામાં અનંત ગુણો છે તે બધાય ગુણપણે ધ્રુવ ટકીને, દરેક સમયે એક અવસ્થાથી બીજી અવસ્થાપણે બદલી જાય છે. સિદ્ધના આત્માને પણ આનંદનો અનુભવ સમયે સમયે બદલ્યા કરે છે; આનંદ ભલે એવો ને એવો જ રહે છે, પણ પહેલાં સમયનો જે આનંદ હતો તે જ બીજા સમયે નથી રહેતો, બીજા સમયે આનંદની નવી અવસ્થાનો ઉત્પાદ થાય છે, ને પહેલી અવસ્થાનો વ્યય થાય છે, તથા આનંદ ગુણની તો સળંગપણે ધ્રુવતા રહે છે. આ રીતે પર્યાય ઉત્પાદવ્યયથી ક્રમવર્તી છે, ને ગુણો ધ્રુવપણે અક્રમવર્તી છે. આવો વસ્તુનો સ્વભાવ છે.

‘उत्पादव्ययध्रौव्ययुक्तं सत्’ એવું સૂત્રનું વચન છે, એટલે કે દરેક વસ્તુ ઉત્પાદ-વ્યય-ધ્રુવતા સહિત છે. દરેક સમયે નવી પર્યાયની ઉત્પત્તિ, જુની પર્યાયનો નાશ અને દ્રવ્ય-ગુણનું ટકવાપણું બધી વસ્તુઓમાં હોય છે. તેમાં ઉત્પાદ-વ્યયરૂપ પર્યાયો ક્રમવર્તી છે, એક સાથે બધી પર્યાયો નથી વર્તતી, પણ એક પછી એક વર્તે છે; ને ધ્રુવરૂપ ગુણો અક્રમવર્તી છે, બધા ગુણો ત્રણે કાળ એક સાથે જ વર્તે છે.

જુઓ, આ વસ્તુસ્વરૂપ! પોતાના ઉત્પાદ-વ્યય-ધ્રુવ પોતાથી જ છે. આત્મા પોતે પોતાના સ્વભાવથી જ એક અવસ્થા બદલીને બીજી અવસ્થારૂપે થાય છે. આ વાત સમજે તો, મારી અવસ્થ બીજો કોઈ પલટાવી દેશે એવી પરાશ્રયબુદ્ધિ છૂટી જાય, ને પોતામાં ધ્રુવસ્વભાવ તરફ વલણ થઈ જાય; ધ્રુવ સાથે પર્યાયની એક્તા થતાં નિર્મળ પર્યાયરૂપ મોક્ષમાર્ગ પ્રગટે છે.

જે સમયે અપૂર્વ સિદ્ધદશાનો ઉત્પાદ, તે જ સમયે સંસારદશાનો વ્યય, ને

આત્મદ્રવ્યની ધ્રુવતા; જે સમયે સમ્યગ્દર્શનનો ઉત્પાદ, તે જ સમયે મિથ્યાત્વદશાનો વ્યય, ને શ્રદ્ધાગુણની ધ્રુવતા; આમ એક જ સમયમાં ઉત્પાદ-વ્યય-ધ્રુવપણું છે. આવું ઉત્પાદ-વ્યય-ધ્રુવપણું વસ્તુમાં ત્રિકાળ છે, પણ જ્યારે તેનું ભાન કરીને સ્વાશ્રયે પરિણમે ત્યારે નિર્મળતાનો ઉત્પાદ ને મલિનતાનો વ્યય થાય છે.

આત્માના ઉત્પાદ-વ્યય-પોતાથી જ છે, માટે વિકાર પણ પોતાથી જ થાય છે; એ તો ખરું, પણ પોતાની પર્યાયમાં જેણે એકલા વિકારની જ ઉત્પત્તિ ભાસે છે તેણે આત્માના સ્વભાવને ખરેખર જાણ્યો જ નથી. 'મારા ઉત્પાદ-વ્યય-ધ્રુવ મારાથી જ છે' એમ જેણે નક્કી કર્યું તેણે કોની સામે જોઈને તે નક્કી કર્યું? મારા સ્વભાવથી જ મારા ઉત્પાદ-વ્યય-ધ્રુવ છે-એમ નક્કી કરનારની દૃષ્ટિ તો પોતાના સ્વભાવ ઉપર આવી, એટલે એકલા વિકારની ઉત્પત્તિ તેને રહે જ નહિ, તેને તો સ્વભાવદૃષ્ટિમાં નિર્મળ પર્યાય પ્રગટીને સાધકદશા શરૂ થઈ જાય. જેને આવી સાધકદશા થાય તેને જ પર્યાયના વિકારનું યથાર્થ જ્ઞાન થાય. આ મૂળભૂત ન્યાય છે.

પોતાના કારણે ક્રમબદ્ધ 'વિકાર' થાય છે એમ એકલા વિકાર ઉપર દૃષ્ટિવાળાને ખરેખર ક્રમબદ્ધપર્યાયની કે ઉત્પાદ-વ્યય-ધ્રુવત્વશક્તિની પ્રતીત નથી; કેમકે જો શક્તિની પ્રતીત થાય તો શક્તિવાનના અવલંબને નિર્મળ પરિણમન શરૂ થયા વિના રહે નહિ. ત્રિકાળી ગુણી સાથે અભેદ થઈને પર્યાયનું પરિણમન થાય તે ધર્મ છે.

'સર્વજ્ઞ ભગવાને ક્રમબદ્ધપર્યાયમાં જોયું છે માટે મારામાં મિથ્યાત્વાદિ વિકાર થાય છે' એમ એકલા વિકારના ક્રમને જ દેખનારાની દૃષ્ટિ ઘણી ઊંધી છે. આચાર્યદેવ કહે છે કે અરે મૂઢ! તું સર્વજ્ઞનું નામ ન લે, તેં સર્વજ્ઞદેવને માન્યા જ નથી. તું સર્વજ્ઞને નથી દેખતો પણ એકલા વિકારને જ દેખે છે, ક્રમબદ્ધપર્યાયની પણ તને ખબર નથી. સર્વજ્ઞદેવને પ્રતીતમાં લ્યે તેને તો પોતામાં સાધકદશાનો ક્રમ શરૂ થઈ જાય, એકલો વિકારનો ક્રમ તેને રહે જ નહિ. જેને સ્વભાવના આશ્રયે અમુક નિર્મળ પરિણમન થયું છે ને બાકી અલ્પ વિકાર રહ્યો છે એવા સાધક જીવની આ વાત છે. તેને જ પોતાના ક્રમ-અક્રમસ્વભાવની (ઉત્પાદ-વ્યય-ધ્રુવરૂપ સ્વભાવની) તેમજ સર્વજ્ઞદેવની ખરી પ્રતીત થઈ છે. એકલા વિકારના વેગે તણાતો આત્મા સ્વભાવશક્તિની પ્રતીત ક્યાંથી કરે? વિકારના પ્રવાહમાં તણાઈ રહ્યો છે તે જીવ કોના આધારે સ્વભાવની પ્રતીત કરશે? ને કોના આધારે સર્વજ્ઞને માનશે? સ્વભાવ

તરફ વળેલો જીવ વિકારને પણ જેમ છે તેમ જાણશે, ને તે જ સર્વજ્ઞતાને યથાર્થપણે માનશે.

(૧) જે પ્રમાણે કર્મનો ઉદય આવે તે પ્રમાણે વિકાર થાય એમ માનનારની માન્યતા ઘણી ઊંધી છે.

(૨) બીજા કોઈ એમ કહે કે સર્વજ્ઞભગવાને આપણી પર્યાયમાં વિકાર થવાનું જ જોયું છે માટે વિકાર થાય છે, તો તેની દૃષ્ટિ પણ ઊંધી છે.

(૩) ત્રીજો કોઈ એમ કહે કે પર્યાયનો ક્રમબદ્ધ થવાનો સ્વભાવ છે માટે વિકાર થાય છે, તો તેની દૃષ્ટિ પણ વિપરીત છે, ખરેખર ક્રમસ્વભાવને તેણે જાણ્યો જ નથી. એકલા વિકારનો જ ક્રમ જેને વર્તે છે તેને ખરેખર ક્રમબદ્ધપર્યાયની શ્રદ્ધા થઈ જ નથી.

(૪) ચોથો કોઈ એમ કહે કે વિકાર થાય છે તેટલો જ આત્મા છે, અથવા શુભરાગ તે ધર્મનું કારણ છે, તો તેની માન્યતા પણ ઊંધી જ છે.

(૫) ઉત્પાદ-વ્યય-ધ્રુવત્વ શક્તિ, વગેરે અનંત શક્તિનો પિંડ મારો આત્મા છે, એમ અનંતગુણના પિંડરૂપ જ્ઞાન-સ્વભાવની દૃષ્ટિ કરતાં, ગુણોમાં અક્રમપણું ને પર્યાયમાં નિર્મળક્રમ એવા આત્માનો અનુભવ થયો, અને તેને જ શક્તિઓનું ખરું પરિણમન થયું, તેણે જ સર્વજ્ઞદેવને ખરેખર જાણ્યા, તેને જ ક્રમબદ્ધપર્યાયનું ભાન થયું, તે કર્મથી વિકાર થવાનું માને નહિ, ને વિકારથી લાભ માને નહિ. દૃષ્ટિમાં જ્ઞાનાનંદસ્વભાવની મુખ્યતા રાખીને, અસ્થિરતાનો જે અલ્પ વિકાર છે તેને જ્ઞેયપણે જેમ છે તેમ તે જ્ઞાતા જાણે છે.

પર્યાય અંતરમાં વળીને, ત્રિકાળી દ્રવ્ય-ગુણ સાથે અભેદ થઈને પરિણમી ત્યારે જ 'આત્મા'ને ખરેખર માન્યો છે, ને ત્યારે જ આત્માની પ્રસિદ્ધિ થઈ છે. ઉત્પાદ-વ્યય-ધ્રુવરૂપ અથવા ગુણ-પર્યાયરૂપ સ્વભાવ છે તેની ખરી પ્રતીત ક્યારે થઈ કહેવાય ? કે ગુણીના અવલંબને નિર્મળ પર્યાય પ્રગટ કરે ત્યારે. જે એકલા વિકારને જ દેખે છે ને વિકારમાં જ તન્મય થઈને પરિણમે છે તેણે અનંત-શક્તિવાળા આત્માને ખરેખર માન્યો નથી. જો અનંતશક્તિવાળા આત્માને માને તો તેના આશ્રયે સમ્યગ્દર્શનાદિ નિર્મળપરિણમન થયા વગર રહે નહિ. કોઈપણ શક્તિની પ્રતીત ધ્રુવસ્ભાવના આશ્રયે જ થાય છે. અબેદ આત્મસ્વભાવનો આશ્રય લીધા વગર તેની એક પણ શક્તિની ખરી ઓળખાણ થતી નથી.

આત્માના અનંત સ્વભાવોમાંથી એક ઉત્પાદ-વ્યય-ધ્રુવત્વસ્વભાવ છે, તેનું આ વર્ણન ચાલે છે. આત્મા વસ્તુપણે કાયમ રહીને, સમયે સમયે તેમાં નવી નવી અવસ્થા થયા જ કરે એવો તેનો સ્વભાવ છે. તે અવસ્થા, જો પોતાના સ્વભાવ સાથે એક્તા કરીને પરિણમે તો નિર્મળ થાય છે, ને જો પર સાથે એક્તા માનીને પરિણમે તો મલિન થાય છે.

અહીં તો ઉત્પાદ-વ્યયરૂપ પર્યાયને ક્રમવર્તી કીધી છે તેમાંથી 'ક્રમબદ્ધપર્યાય'ની વાત કાઢવી છે. આ ક્રમબદ્ધપર્યાયરૂપ સ્વભાવના નિર્ણયમાં વિકારની વાત નથી પણ નિર્મળ પર્યાયની જ મુખ્ય વાત છે. છતાં એનો અર્થ એમ નથી કે વિકાર પર્યાય આડીઅવળી થઈ જાય છે! પરંતુ ક્રમબદ્ધસ્વભાવનો નિર્ણય કરનારની દૃષ્ટિ જ્ઞાયકસ્વભાવ ઉપર હોય છે એટલે તે દૃષ્ટિ વિકારને સ્વીકારતી નથી, તેથી નિર્મળપર્યાયની જ મુખ્યતા છે.

એક સમયમાં ઉત્પાદ-વ્યય-ધ્રુવતા એ તો જૈનશાસનની મૂળ વાત છે, ઉત્પાદ-વ્યય ને ધ્રુવતા ત્રણે એક સમયમાં, આવા વસ્તુસ્વભાવની પ્રતીત કરે તો વીતરાગીદૃષ્ટિ થઈ જાય. જેમ રવિ-સોમ-મંગળ એ બધા વાર એક પછી એક ક્રમસર થાય છે, તેમ પર્યાયો ક્રમસર થાય છે. પહેલાં સમયની અવસ્થા બીજા સમયે રહેતી નથી પણ વ્યય પામી જાય છે; કોઈ જીવ પર્યાયને બીજા સમયે રાખવા માંગે તો પણ રહી શકે નહિ,એવો જ સ્વભાવ છે, માટે શું કરવું? કે ધ્રુવ સ્વભાવ કાયમી શુદ્ધ એવો ને એવો ટકતો છે, તેની સામે જો, અને તેમાં દૃષ્ટિની એકાગ્રતા કર, તો તે ધ્રુવના આધારે પર્યાયનો નિર્મળ પલટો થઈ જશે. ત્યાંય સમયે સમયે પલટો તો થશે પણ તે પર્યાયો નિર્મળ જ્ઞાન-આનંદસ્વરૂપ થતી જશે.

એક સમયની પર્યાય બીજા સમયે ન રહે, બીજા સમયે નવી પર્યાય થાય એવો ઉત્પાદ-વ્યય સ્વભાવ છે. ને દ્રવ્યનો કદી નાશ ન થાય એવો ધ્રુવસ્વભાવ છે. ઉત્પાદ-વ્યય ને ધ્રુવ એ જુદા જુદા નથી પણ એક જ વસ્તુનો તેવો સ્વભાવ છે. જ્ઞાની કે અજ્ઞાની બધા આત્માને ઉત્પાદ-વ્યય-ધ્રુવ તો સમયે સમયે વર્તે જ છે, પણ તેમાં ફેર એટલો છે કે જ્ઞાનીને તો સ્વભાવની દૃષ્ટિથી નિર્મળ પર્યાયોની ઉત્પત્તિ થતી જાય છે, ને અજ્ઞાનીને વિકારમાં જ આત્મબુદ્ધિ હોવાથી વિકારી પર્યાયોની ઉત્પત્તિ થાય છે. બસ, આ જ ધર્મ-અધર્મ છે, મોક્ષમાર્ગ ને સંસારમાર્ગ આમાં આવી જાય છે.

મારા આત્મામાં એક સાથે અક્રમપણે અનંતગુણો વર્તે છે ને પર્યાય સમયે સમયે મારા

ઉત્પાદ-વ્યય-સ્વભાવથી પલટે છે, આમ ઉત્પાદ-વ્યય-ધ્રુવ સ્વભાવી આત્માને ઓળખીને તેના શ્રદ્ધા-જ્ઞાન કરે ત્યાં મિથ્યાત્વનો ઉત્પાદ રહે જ નહિ.

આત્માનો ક્યો સમય પર્યાય વગરનો હોય ? ઉત્પાદ-વ્યય-ધ્રુવશક્તિ આત્મામાં અનાદિઅનંત છે, તેથી ત્રણ કાળમાં એક પણ સમય પર્યાય વગરનો નથી, ઉત્પાદ-વ્યય-ધ્રુવત્વ સ્વભાવથી દરેક સમયે પર્યાય થયા જ કરે છે. એટલે નિમિત્ત આવે તો પર્યાય થાય ને નિમિત્ત ન આવે તો ન થાય એ વાત રહેતી નથી. આવા સ્વભાવની શ્રદ્ધા થતાં જ્ઞાતાદષ્ટાપણાનો વીતરાગભાવ પ્રગટે છે, પર્યાયના ક્રમને ફેરવવાની કે રાગના કર્તાપણાની બુદ્ધિ રહેતી નથી. ઉત્પાદ-વ્યય-ધ્રુવત્વશક્તિમાં ક્રમ-અક્રમપણું આવે છે, તે ક્રમ-અક્રમપણાની પ્રતીત એકલી પર્યાયને જોવાથી થઈ શકે નહિ, અનંતશક્તિવાળા સ્વભાવ સામે જોવાથી જ ક્રમ-અક્રમપણાની પ્રતીત થાય છે, ને એવી પ્રતીત કરનારને પર્યાયબુદ્ધિ રહેતી નથી. આ રીતે પર્યાયબુદ્ધિનો નાશ ને સ્વભાવબુદ્ધિની ઉત્પત્તિ તે આ શક્તિઓની સમજણનું ફળ છે.

ઉત્પાદ-વ્યય-ધ્રુવત્વ શક્તિ આત્મામાં પણ છે ને જડમાં પણ છે. આત્માના ઉત્પાદ-વ્યય-ધ્રુવમાં શરીરની ક્રિયા નથી. આ શરીરની ક્રિયા તો જડના ઉત્પાદ-વ્યય-ધ્રુવમાં છે. દરેક દ્રવ્યના ઉત્પાદ-વ્યય-ધ્રુવ બીજાથી ભિન્ન છે. મન-વાણી-દેહ-લક્ષ્મી વગેરેના ઉત્પાદ-વ્યયનો આત્મામાં અભાવ છે, તે જડના ઉત્પાદ-વ્યય આત્માથી જુદા છે, એટલે તેનાથી આત્મામાં કાંઈ થતું નથી, ને આત્મા તેનું કાંઈ કરતો નથી. શરીર-લક્ષ્મી વગેરે જડનો સદુપયોગ કરીને હું ધર્મ પામું એ વાત પણ રહેતી નથી. કોઈ એમ વિચારે કે સસલાનાં શીંગડામાં હું સુંદર કારીગરી કરું! તો તે તેની ભ્રમણા છે, કેમકે સસલાના શીંગડાનો અભાવ છે. જેમ સસલામાં શીંગડાનો અભાવ છે તેમ આત્મામાં દેહાદિ જડનો અભાવ છે, એટલે તે દેહાદિના સદુપયોગ વડે ધર્મ કરું એ પણ અજ્ઞાનીની ભ્રમણા જ છે.

પોતાના જ્ઞાનસ્વભાવના ઉત્પાદ-વ્યય-ધ્રુવમાં આત્મા વર્તે છે; પુણ્ય-પાપમાં વર્તે તે ખરેખર આત્મા નથી, અને જડની ક્રિયામાં તો આત્મા કદી વર્તતો જ નથી; જડના ઉત્પાદ-વ્યય-ધ્રુવમાં જડ વર્તે છે. અજ્ઞાની પરની ક્રિયાનું અભિમાન કરીને, પોતાના અનંતગુણોનો અનાદર કરતો થકો અનાદિથી વિકારમાં જ વર્તે છે, તેમાં આત્માની પ્રસિદ્ધિ

નથી. પોતાના ગુણ-પર્યાયમાં અભેદ થઈને વર્તે તે આત્મા છે. આત્મા ને તેના ગુણ-પર્યાય વચ્ચે ખરેખર ભેદ નથી, અનાદિથી પોતાના ગુણ-પર્યાયમાં ઉત્પાદ-વ્યય-ધ્રુવપણે આત્મા વર્તી જ રહ્યો છે, પણ અજ્ઞાની તેની સામે જોતો નથી તેથી વિકારપણે પરિણમે છે. પોતાના સ્વભાવ સન્મુખ થઈને નિર્મળદશારૂપે પરિણમવું ને મલિનતાનો નાશ કરવો તથા ધ્રુવપણે ટકી રહેવું તે આત્માની ફરજ છે. ફરજ કહો કે મોક્ષનો ઉપાય કહો, અજ્ઞાની આવી ફરજ ચૂકીને વિકારપણે પરિણમે છે, પણ પરમાં તો કંઈ પણ ફરજ તે પણ બજાવી શકતો નથી. વસ્તુના ઉત્પાદ-વ્યય-ધ્રુવસ્વભાવને બરાબર સમજે તો બધા ગોટા નીકળી જાય. વસ્તુના સ્વભાવના સ્વીકાર વગર કોઈ રીતે ધર્મ થાય નહિ ને મિથ્યાત્વાદિ પાપ મટે નહિ.

જેણે જ્ઞાનાનંદસ્વભાવની સન્મુખ થઈને તેનો સ્વીકાર કર્યો તેને આત્માના અનંતગુણોનો આદર છે, અને ક્ષણિક વિકારનો આદર નથી. જ્યાં અનંતગુણનો આદર છે ત્યાં જ્ઞાનીને આસક્તિના પાપ પરિણામ હોય તોપણ તે બહુ જ હળવા છે, અનંતગુણના આદર પાસે તેની કાંઈ ગણતરી નથી; અને અજ્ઞાની જીવ આત્મસ્વભાવના અનંતગુણનો અનાદર કરીને ક્ષણિક વિકારનો આદર કરે છે તે જીવ પુણ્ય પરિણામ કરતો હોય તોપણ તે વખતેય ધર્મના અનાદરનું અનંતું પાપ તે સેવી જ રહ્યો છે. મૂળ ધર્મ શું છે ને મૂળ પાપ શું છે તે સમજ્યા વગર જીવોનો મોટો ભાગ પુણ્યમાં કે બહારની ક્રિયામાં જ ધર્મ માનીને અટકી રહ્યો છે. અહીં આચાર્યદેવ સમજાવે છે કે ભાઈ ! અનંતગુણનો આધાર એવો તારો આત્મસ્વભાવ છે તેનો આદર કરવો તે જ મૂળ ધર્મ છે, ને તે સ્વભાવનો અનાદર એ જ મહાન પાપ છે. સ્વભાવના આધારે વિકાર ટળે છે તેને બદલે વિકારના આધારે વિકારને ટાળવા માંગે છે તે મિથ્યાદૃષ્ટિ જીવ પોતાના સ્વભાવનો તિરસ્કાર કરી રહ્યો છે.

શરીર-મન-વાણીના ફેરફારની ક્રિયા (ઉત્પાદ-વ્યય) આત્માના સ્વરૂપમાં નથી એટલે તે ક્રિયા આત્માની નથી ને આત્માને તે ક્રિયાથી ધર્મ થતો નથી.

પુણ્યપાપના ઉત્પાદ-વ્યયરૂપ ક્રિયા જીવની પર્યાયમાં થાય છે, પણ તે વિકારી ક્રિયા છે, તે પણ જીવને હિતનું કારણ નથી, તેના લક્ષે હિત થતું નથી.

જીવની પર્યાયમાં નિર્મળતાના ઉત્પાદરૂપ ક્રિયા થાય તે ધર્મ છે; પણ તે નિર્મળતાની ઉત્પત્તિ કોના લક્ષે થાય ? પર્યાયની સામે લક્ષ રાખવાથી તો વિકારની ઉત્પત્તિ થાય છે,

નિર્મળપર્યાયના લક્ષે પણ નિર્મળતાની ઉત્પત્તિ થતી નથી, માટે પર્યાયનું લક્ષ પણ હિતનું કારણ નથી. પૂર્ણ શક્તિથી ભરેલો ધ્રુવસ્વભાવ છે તેના લક્ષે જ સમ્યગ્દર્શનાદિ નિર્મળપર્યાય પ્રગટે છે ને તે જ હિતરૂપ છે. અહીં આચાર્ય ભગવાન આત્માની શક્તિઓ બતાવીને તેનો જ આશ્રય કરાવવા માંગે છે.

આત્માનો એક એવો સ્વભાવ છે કે ક્રમ-અક્રમપણે વર્તે. ગુણો બધાય અનાદિઅનંત એક સાથે અક્રમ રહેલા છે, ને અનાદિઅનંતકાળની પર્યાય ક્રમવર્તીપણે ગોઠવાયેલી છે, તે પોતાના વ્યવસ્થિતક્રમપણે એક પછી એક વર્તે છે, એવો ક્રમવર્તી સ્વભાવ છે. આવા સ્વભાવને માનતા એકેક પર્યાય કે એકેક ગુણ ઉપરથી દૃષ્ટિ છૂટીને, અનંત ગુણના પિંડરૂપ અખંડ સ્વભાવ ઉપર દૃષ્ટિ થંભે છે, ને તે દૃષ્ટિમાં ક્રમે ક્રમે નિર્મળ પર્યાયોની ઉત્પત્તિ થાય છે. આનું નામ સાધકદશા ને આ મોક્ષનો માર્ગ!

પોતાના આવા સ્વભાવનું યથાર્થ શ્રવણ કરીને તેનું ગ્રહણ અને ધારણ પૂર્વે અનંતકાળમાં એક સેકંડ પણ જીવે કર્યું નથી. એકવાર પણ જ્ઞાની પાસેથી આવા સ્વભાવની વાત સાંભળતાં અંતરના ઉલ્લાસથી તેની પક્કડ થઈ જાય તો અલ્પકાળમાં તે જીવની મુક્તિ થયા વગર રહે નહિ. 'મારો સ્વભાવ શું છે' એમ લક્ષ કરીને જીવે કદી સાચું શ્રવણ કર્યું નથી. પૂર્વે કોઈવાર સાંભળવા મળ્યું અને ધારણા પણ કરી પણ આત્મામાં તે રુચાવ્યું નથી-પોતાના ઘરનું કરીને બેસાડ્યું નથી.

જુઓ, આ આત્મા જ્ઞાનસ્વભાવી વસ્તુ અનાદિ અનંત છે; તેના જ્ઞાનાદિ ગુણો નવા કરાયેલા છે કે અકૃત્રિમ છે? જો નવા કરાયેલા હોય તો તે ક્ષણિક હોય ને તેનો નાશ થઈ જાય, એટલે આત્માનો જ નાશ થઈ જાય. પણ એમ કદી બનતું નથી. 'પર્યાય' નવી ઉત્પન્ન થાય છે ને તેનો નાશ થાય છે. પણ ગુણ કદી નવા ઉત્પન્ન થતા નથી તેમજ તેનો કદી નાશ થતો નથી. ગુણો તો વસ્તુનિષ્ઠ છે, વસ્તુમાં અનાદિઅનંત વસેલા છે. વસ્તુ કે તેના ગુણો નવા ન થાય પણ તેની અવસ્થા નવી ઉત્પન્ન થાય, તેમજ વસ્તુ કે તેના ગુણોનો નાશ ન થાય પણ તેના પર્યાયોનો નાશ થાય. જેમકે જીવમાં સિદ્ધ પર્યાયની ઉત્પત્તિ નવી થાય, ને સંસારપર્યાયનો નાશ થાય, પણ કાંઈ જીવદ્રવ્ય કે તેના જ્ઞાનાદિગુણો નવા ઉત્પન્ન ન થાય, તેમજ તેનો નાશ ન થાય; તે તો સિદ્ધદશા વખતે કે સંસારદશા વખતે એકરૂપ ધ્રુવ રહે છે. આવો ઉત્પાદ-વ્યય-ધ્રુવત્વ સ્વભાવ છે.

વસ્તુના બધા ગુણો ધ્રુવપણે એક સાથે રહે છે, પણ પર્યાયો એક સાથે વર્તતી નથી-એક પછી એક વર્તે છે. જેમકે સોનામાં તેની પીળાશ વજન વગેરે એક સાથે રહે છે, પણ તેની હાર મુગટ વેગેર અવસ્થાઓ એક સાથે વર્તતી નથી, એવો જ તેનો પર્યાયસ્વભાવ છે. હાર ભાંગીને મુગટ થયો, ત્યાં તે અવસ્થા સોનીએ નથી બનાવી, પણ સોનાના જ ઉત્પાદ-વ્યય-ધ્રુવ સ્વભાવને લીધે તેનામાં મુગટ અવસ્થાની ઉત્પત્તિ ને હાર અવસ્થાનો વ્યય તથા સોનાની ધ્રુવતા છે. વસ્તુના ઉત્પાદ-વ્યય-ધ્રુવસ્વભાવને જે નથી જાણતો તે જ બીજાને લીધે અવસ્થા થવાનું માને છે, તેની માન્યતા વસ્તુસ્વભાવથી વિપરીત છે એટલે કે ખોટી છે.

વળી ઉત્પાદ-વ્યય-ધ્રુવમાં પણ, ધ્રુવસ્વભાવના લક્ષે વીતરાગતા થાય છે, ઉત્પાદ-વ્યયના લક્ષે તો રાગ-દ્વેષ થાય છે. જેમ સોનામાં હાર-અવસ્થા નાશ પામીને મુગટ-અવસ્થાની ઉત્પત્તિ થઈ; ત્યાં જે પુરુષ હાર-અવસ્થાને ઈચ્છે છે તેને તે અવસ્થાનો વ્યય થતાં દ્વેષ થાય છે, જે પુરુષ મુગટ-અવસ્થાને ઈચ્છે છે તેને તે અવસ્થાની ઉત્પત્તિ થતાં રાગ થાય છે, પણ જે પુરુષ સોનાની ધ્રુવતાને દેખે છે તેને તે સંબંધી રાગદ્વેષ થતો નથી કેમકે સોનું તો હાર વખતે કે મુગટ વખતે તેટલું ને તેટલું ધ્રુવ છે. તેમ આત્માના ધ્રુવ જ્ઞાનાનંદ સ્વભાવના આશ્રયે વીતરાગતા થાય છે, ને ક્ષણિક પર્યાયના ઉત્પાદ-વ્યયના લક્ષે તો રાગ-દ્વેષ થાય છે.

પરથી ઉત્પાદ-વ્યય થાય એ તો વાત છે જ નહિ. અને, જેમ સોનામાં તાંબાનો ભાગ હોય તે તેનો મૂળ સ્વભાવ નથી તેમ આત્માની પર્યાયમાં રાગ-દ્વેષ થાય તે આત્માનો મૂળસ્વભાવ નથી. માટે, આત્માના સ્વભાવને જોનાર તે રાગ-દ્વેષપણે ઊપજતો નથી પણ વીતરાગી-નિર્મળતાપણે ઊપજે છે. અહીં સ્વભાવદૃષ્ટિમાં નિર્મળક્રમની જ વાત છે. વસ્તુનો એવો સ્વભાવ જ છે કે ક્રમબદ્ધપર્યાય પણે ઊપજે, તે સ્વભાવને જે ફેરવવા માગે તે મિથ્યાદૃષ્ટિ થાય છે. ક્રમ-અક્રમપણે વર્તતો જે જ્ઞાયકસ્વભાવ, તે સ્વભાવમાં એકાગ્ર થનાર જીવ સમ્યગ્દૃષ્ટિ થઈને ક્રમેક્રમે નિર્મળપર્યાયમાં આગળ વધતો વધતો કેવળજ્ઞાન પામે છે.

વસ્તુનો સ્વભાવ તે ધર્મ છે, તેનું આ વર્ણન છે. ઉત્પાદ-વ્યય-ધ્રુવતારૂપ જે વસ્તુસ્વભાવ, તે સ્વભાવનું ભાન થતાં પર્યાયમાં ધર્મની શરૂઆત થાય છે. મારો

જ્ઞાનસ્વભાવ અનંતગુણનો ભંડાર છે એવી જ્યાં શ્રદ્ધા થઈ ત્યાં ક્રમ-અક્રમવર્તનરૂપ ઉત્પાદ-વ્યય-ધ્રુવત્વશક્તિની પ્રતીત પણ તેમાં ભેગી આવી જ ગઈ, ને આવી સ્વભાવની પ્રતીત થતાં શક્તિના ભંડારમાંથી નિર્મળપર્યાયનો ક્રમ પણ શરૂ થઈ જ ગયો. આ રીતે શક્તિ સાથે પર્યાયને ભેગી ભેળવીને આ વાત છે.

ક્ષણિક પર્યાયના લક્ષે રાગની ઉત્પત્તિ થતી હોવાથી નુકસાન થાય છે, તેને બદલે પર્યાયના લક્ષે લાભ થવાનું (-સમ્યગ્દર્શનાદિ થવાનું) જે માને તે મિથ્યાદૃષ્ટિ છે. પર્યાયના આશ્રયે લાભ માનનાર ક્ષણિક પર્યાયને જ વસ્તુનું સ્વરૂપ માને છે એટલે કે પર્યાયની દૃષ્ટિ છોડીને દ્રવ્યસ્વભાવમાં દૃષ્ટિ કરતો નથી તેથી તેને સમ્યગ્દર્શનાદિનો લાભ થતો નથી. ધ્રુવસ્વભાવના આશ્રયે જ સમ્યગ્દર્શનાદિનો લાભ થાય છે. ધ્રુવસ્વભાવ એટલે કે પરમ જ્ઞાયકસ્વભાવ તેનો વિશ્વાસ કરીને તેમાં એકાગ્રતાથી વીતરાગી સમભાવ રહે છે, એકલી પર્યાયના વિશ્વાસે કદી વીતરાગી સમભાવ રહે જ નહિ.

આત્માનો વીતરાગી જ્ઞાતાસ્વભાવ છે, તે સ્વભાવ તરફ વળીને જ્ઞાતા રહે તો ક્રમબદ્ધપર્યાયોનો જેમ છે તેમ વીતરાગભાવે જાણનાર રહે છે. પણ જ્ઞાતાપણું ચૂકીને ફેરફાર કરવા માંગે છે તે મિથ્યાદૃષ્ટિ થાય છે. જેમ કુદરતના ક્રમમાં સાત વારનો કે અઠાવીસ નક્ષત્રનો જે ક્રમ છે તે કદી ફરતો નથી, છતાં તેમાં ફેરફાર થવાનું જે માને તેના જ્ઞાનમાં ભૂલ થાય છે. તેમ પદાર્થોની બધી પર્યાયોનો જે ક્રમ છે તે કદી ફરતો નથી, છતાં તેમાં ફેરફાર થવાનું જે માને તેના જ્ઞાનમાં ભૂલ થાય છે એટલે ત જ્ઞાતા ન રહેતાં મિથ્યાદૃષ્ટિ થાય છે. જ્ઞાની પોતાના જ્ઞાયકસ્વભાવની પ્રતીત કરીને ક્રમબદ્ધપર્યાયનો જ્ઞાતા જ રહે છે, સાધકદશાના ક્રમમાં વચ્ચે અસ્થિરતાનો જે રાગ થાય છે તેનો પણ તે જાણનાર છે.

જુઓ, આ 'ક્રમબદ્ધપર્યાય'ની વાત અટપટી છે... પણ સરળ થઈને, જ્ઞાનસ્વભાવનો મહિમા લાવીને જો સમજવા માંગે તો સીધીસટ છે. આ પોતાના સ્વભાવના ઘરની વાત છે. આ વાત અંતરમાં બેઠા વગર કોઈ રીતે માર્ગ હાથ આવે તેમ નથી. બધાને જાણનારો પોતે, પોતે પોતાના જ્ઞાનસ્વભાવનો નિર્ણય કર્યા વગર જ્ઞાનનું સાચું કાર્ય ક્યાંથી થશે?

**(આત્મધર્મ એ-૧૪૧, જૂન-જુલાઈ-૧૯૫૫)**

## આત્મસ્વભાવની અનુભૂતિમાં તેના સર્વે ગુણોના નિર્મળકાર્યની પ્રતીત ભેગી સમાઈ જાય છે.

**ભાદરવા સુદ ૧૨ (સં.૨૦૨૨)ના રોજ આ 'ઉત્પાદવ્યયધ્રુવત્વ શક્તિ' ઉપરના વિશેષ મંથનથી પૂજ્ય ગુરુદેવે પ્રવચનમાં જે ખાસ ભાવો કહ્યા તેનો સાર અહીં આપવામાં આવ્યો છે.**

આત્માની ૪૭ શક્તિમાં ઉત્પાદ-વ્યય-ધ્રુવત્વ નામની એક શક્તિ છે. ક્રમપ્રવૃત્તિ એટલે ઉત્પાદ-વ્યય, ને અક્રમપ્રવૃત્તિ એટલે ધ્રુવતા, આત્માના સ્વભાવને દૃષ્ટિમાં લેનારને આવા ક્રમ-અક્રમ સ્વભાવનો નિર્ણય પણ થઈ જાય છે. સર્વજ્ઞદેવે ત્રણકાળ જાણ્યા માટે ક્રમબદ્ધપર્યાયથાય-એમ સર્વજ્ઞતાના આધારે તો ક્રમબદ્ધપર્યાયની સીદ્ધિ થાય જ છે, પણ અહીં તો આત્માની જ શક્તિના આધારે ક્રમબદ્ધપર્યાયની સિદ્ધિ થાય છે, તે વાત આજે બપોરના મંથનમાં આવી, તે અત્યારે કહેવાય છે.

અનંતશક્તિસંપન્ન આત્માને અનુભવમાં લેતાં તેની આ ઉત્પાદ-વ્યય-ધ્રુવત્વશક્તિ પણ પ્રતીતમાં આવી જ ગઈ, ને તેની પ્રતીત થતાં અક્રમરૂપ ગુણ ને ક્રમરૂપ પર્યાય તે પણ પ્રતીતમાં આવી જ ગયા. આ રીતે ઉત્પાદવ્યયધ્રુવત્વ શક્તિવડે પણ ક્રમબદ્ધપર્યાય સિદ્ધ થઈ જાય છે. આમ તો આ ક્રમબદ્ધપર્યાયની વાત ઘણા ન્યાયથી આવી ગયેલી છે, પણ આજે આ જુદી ઢબથી કહેવાય છે. દ્રવ્યમાં જ એવી શક્તિ છે કે પર્યાયો ક્રમેક્રમે પ્રવર્તે, ને ગુણો એકસાથે અક્રમે રહે. એટલે દ્રવ્યસ્વભાવની પ્રતીતમાં એની પ્રતીત પણ આવી જાય છે.

ક્રમ-અક્રમવર્તનરૂપ જે ઉત્પાદ-વ્યય-ધ્રુવત્વ સ્વભાવ, તે સ્વભાવનો નિર્ણય કરનારની દૃષ્ટિ ક્યાં જાય છે?-આત્માના સ્વભાવમાં જાય છે, કેમકે આત્માના સ્વભાવની દૃષ્ટિથી જ તેના ધર્મનો સાચો નિર્ણય થાય છે. એકેક ગુણના ભેદના લક્ષે યથાર્થ નિર્ણય થતો નથી. ગુણ કોનો? કે ગુણીનો; તે ગુણી એવા આત્મદ્રવ્ય ઉપર દૃષ્ટિ ગયા વગર તેના ઉત્પાદ-વ્યય-ધ્રુવરૂપ ધર્મનો (કે ક્રમ-અક્રમવર્તીપણાનો) નિર્ણય થાય નહિ. આત્મા ઉપર

દૃષ્ટિ રાખીને આત્માના ધર્મનો નિર્ણય થાય, પણ બીજે ક્યાંય દૃષ્ટિ રાખીને આત્માના ધર્મનો નિર્ણય થઈ શકે નહિ. આત્માને પ્રતીતમાં લેતાં તેનો ઉત્પાદ-વ્યય-ધ્રુવસ્વભાવ પણ પ્રતીતમાં આવી જાય છે, એટલે તેમાં અક્રમરૂપ ગુણ ને ક્રમરૂપ વર્તતી પર્યાય પણ પ્રતીતમાં આવી જ ગઈ.

જુઓ, આમાં પોતાના જ સ્વભાવ સામે જોઈને ક્રમબદ્ધપર્યાયનો નિર્ણય થઈ ગયો; તે નિર્ણય માટે સર્વજ્ઞ સામે જોવાનું ન આવ્યું.

અનંતગુણો એક સાથે અક્રમે રહેવારૂપ ધ્રુવતા, અને ક્રમેક્રમે પર્યાય થવારૂપ ઉત્પાદ-વ્યય, આવો ઉત્પાદ-વ્યય-ધ્રુવરૂપ આત્માનો એક ગુણ છે; એટલે જેણે આવા ધર્મવાળા આત્માને દૃષ્ટિમાં લીધો તેને ક્રમબદ્ધપર્યાય પણ ભેગી પ્રતીતમાં આવી જ ગઈ, કેમકે તેવો સ્વભાવ આત્માની શક્તિમાં સમાયેલો છે.

આત્માને પ્રતીતમાં લેતાં તેના ધર્મો પણ પ્રતીતમાં આવી જાય છે. જો ક્રમે પ્રવર્તતી પર્યાયરૂપ ઉત્પાદ-વ્યય ન માને તો તેણે ઉત્પાદ-વ્યય-ધ્રુવત્વ શક્તિવાળો આત્મા માન્યો જ નથી. આત્મા ઉપર દૃષ્ટિ જતાં તેના અક્રમગુણોની ને તેની ક્રમવર્તી પર્યાયોની પ્રતીત થઈ જ જાય છે. અને આવા દ્રવ્યની દૃષ્ટિનું ફળ સમ્યગ્દર્શન છે, તેમાં રાગનું અકર્તાપણું પણ સમાઈ જાય છે. 'મારા દ્રવ્યનો આવો ધર્મ છે કે ક્રમે અને અક્રમે વર્તે'-આમ નક્કી કરવા જતાં દૃષ્ટિ દ્રવ્ય ઉપર જાય છે, ને દ્રવ્યની દૃષ્ટિથી સમ્યગ્દર્શન થાય છે. એટલે સમ્યગ્દર્શન થતાં જ ક્રમબદ્ધની ખરી પ્રતીત થાય છે; ને આત્મા રાગાદિ પરભાવોના અકર્તાપણે પરિણમે છે.

આત્માની ખરી પ્રતીત ત્યારે કહેવાય કે તેના અનંતગુણની પ્રતીત પણ ભેગી આવે. એકલી પર્યાયનું કે ગુણભેદનું લક્ષ છોડીને જ્યાં અખંડ દ્રવ્યનું લક્ષ થયું ત્યાં દ્રવ્યના બધા ગુણો અનાદિઅનંત ક્રમ-અક્રમરૂપ વર્તતા પ્રતીતમાં આવ્યા. પર્યાયરૂપે ક્રમે પરિણમવું ને ગુણરૂપે અક્રમે રહેવું-એવો મારો સ્વભાવ છે,-એમ બંને વાત દ્રવ્યદૃષ્ટિમાં ભેગી સમાઈ જ ગઈ.

અહો, દ્રવ્યની દૃષ્ટિમાં તો ગંભીરતા છે; તે અનંતગુણને પોતામાં સમાવી દે છે. અનુભૂતિમાં ધર્મીને એવું દ્રવ્ય આવ્યું કે જેના અનંત ગુણો અક્રમે ધ્રુવ રહે, ને જેની પર્યાયો ક્રમેક્રમે ઉત્પાદ-વ્યયરૂપ થાય; આવું ઉત્પાદ-વ્યય-ધ્રુવસ્વરૂપ આત્મદ્રવ્ય દૃષ્ટિમાં

લેવું તે સમ્યગ્દર્શન છે. આવા ઉત્પાદ-વ્યય ને ધ્રુવતારૂપ આત્માનો એક ગુણ છે. આવા ગુણસહિત આત્મા ધર્મીને અનુભૂતિમાં આવ્યો; ત્યાં વિકલ્પનું કર્તૃત્વ ન રહ્યું. પર્યાયબુદ્ધિ ના રહી. દ્રવ્યદૃષ્ટિમાં રાગથી ભિન્ન નિર્મળ પરિણમન થયું, ત્યાં રાગ તે કાળે હોય પણ તે કર્તૃત્વમાંથી બહાર રહી ગયો તે કાળે તેનું જ્ઞાન રહી ગયું પણ કર્તૃત્વ ન રહ્યું. આવું દ્રવ્યદૃષ્ટિનું ફળ છે. આમાં અપૂર્વ ધર્મ છે.

જુઓ આ ક્રમબદ્ધપર્યાયનું રહસ્ય! ઠેઠ અંતરસ્વભાવમાં દૃષ્ટિ ગઈ ત્યારે ક્રમબદ્ધપર્યાયની પ્રતીત સાચી થઈ.

સર્વજ્ઞદેવે જોયું છે માટે ક્રમબદ્ધ છે-એમાં તો સર્વજ્ઞનો આધાર આપીને ક્રમબદ્ધની સિદ્ધિ થઈ.-એ ન્યાય તો ઘણીવાર કહેવાઈ ગયો છે. અત્યારે તો, વસ્તુના સ્વભાવમાં જ એવો ધર્મ છે કે તે ઉત્પાદ-વ્યય-ધ્રુવત્વરૂપ ધર્મના આધારે ક્રમબદ્ધપર્યાયની સિદ્ધિ થઈ જાય છે, તે બતાવવું છે. આત્માની શક્તિના આધારે જ તેની પર્યાયનું ક્રમબદ્ધપણું સિદ્ધ થઈ જાય છે.

(આવો ક્રમવર્તીરૂપ ઉત્પાદ-વ્યય-ધ્રુવત્વ સ્વભાવ તો બધાય દ્રવ્યોમાં છે, જડમાં પણ છે; પણ આપણે તો અહીં આત્માની વાત અત્યારે મુખ્ય લેવી છે) વસ્તુની ઉત્પાદ-વ્યય-ધ્રુવત્વશક્તિને ખ્યાલમાં લેતાં આ વાત ખ્યાલમાં આવી જાય છે, કેમકે આત્માની આ શક્તિનું જ એવું કાર્ય છે કે ગુણોથી અક્રમપણે ને પર્યાયોથી ક્રમપણે વર્તે.

આત્માના અનંતગુણ સર્વજ્ઞભગવાને જોયાં, તેમાં એક ગુણ ઉત્પાદ-વ્યય-ધ્રુવતા છે, ધ્રુવતા એટલે અક્રમ રહેતા ગુણ, ને ઉત્પાદ-વ્યય એટલે ક્રમે ક્રમે થતી પર્યાયો. આવા ગુણ-પર્યાયસહિત ઉત્પાદ-વ્યય-ધ્રુવસ્વભાવવાળા આત્માને દૃષ્ટિમાં લેતાં સમ્યગ્ર્શન થાય છે. આત્માને અભેદ દૃષ્ટિમાં લીધો તેમાં ભેગો આ ગુણ આવી જ ગયો, એટલે ગુણનું અક્રમવર્તીપણું ને પર્યાયનું ક્રમવર્તીપણું-એવી પ્રતીત આત્માની અનુભૂતિમાં સમાઈ જ ગઈ. એના વગર આત્માને માન્યો જ ન કહેવાય.

આત્મામાં ઉત્પાદ-વ્યય-ધ્રુવરૂપ શક્તિ ત્રિકાળ છે. હવે તેનું કાર્ય શું? - કે ગુણોને અક્રમરૂપ રાખવા ને પર્યાયોને ક્રમરૂપ પ્રવર્તાવવી-એવું આ શક્તિનું કાર્ય છે. ત્રણેકાળે વસ્તુમાં આવું અક્રમ ને ક્રમવર્તીપણું છે.

આત્મામાં ગુણઅપેક્ષાએ સદશતા ને પર્યાયઅપેક્ષાએ વિસદશતા-એવો જે સ્વભાવ

છે તેમાંથી પણ આ વાત નીકળે છે.

૨૧મી અકર્તૃત્વશક્તિમાં, વિકારભાવનું કર્તૃત્વ ઉપરામ પામી ગયું-તેની વાત છે. એટલે કે દ્રવ્યદષ્ટિ થતાં આત્મા વિકારનો અકર્તા થયો, રાગને જાણવાનું રહ્યું પણ તેનું કર્તૃત્વ જ્ઞાનમાં ન રહ્યું. આવી અકર્તૃત્વશક્તિથી આત્મા રાગના અકર્તાપણે શોભી ઊઠ્યો. સમ્યગ્દર્શન થતાં જે અનંતશક્તિસંપન્ન આત્મદ્રવ્ય પ્રતીતમાં આવ્યું તેની સાથે તેની આવી અકર્તૃત્વશક્તિ પણ પ્રતીતમાં આવી, એટલે રાગનું અકર્તાપણું પ્રગટ્યું. આવું અકર્તૃત્વશક્તિનું કાર્ય છે. સમ્યગ્દર્શન થતાં બધાય ગુણો સ્વકાર્યને કરે છે, નિર્મળપણે પરિણમન શરૂ થાય છે.

સમ્યગ્દષ્ટિને રાગનું અકર્તૃત્વ કેમ થયું?-કે આત્માની અનુભૂતિમાં રાગના અકર્તાપણારૂપ અકર્તૃશક્તિ પણ ભેગી અનુભૂતિમાં આવી ગઈ છે, એટલે ત્યાં રાગનું કર્તૃત્વ રહ્યું નથી, રાગના અકર્તારૂપ પરિણમન થયું છે. આત્માના સ્વભાવની દષ્ટિ થતાં આવા અકર્તૃત્વરૂપ નિર્મળપર્યાયનો ક્રમ શરૂ થયો તે દષ્ટિનું ફળ છે. રાગનું કર્તૃત્વ આત્માના કોઈ ગુણમાં નથી એટલે આત્માની પ્રતીત થતાં કોઈ ગુણમાં રાગના કર્તૃત્વરૂપ પરિણમન રહેતું નથી. રાગનું જ્ઞાન ભલે રહે પણ તેનું કર્તૃત્વ રહેતું નથી. દ્રવ્ય-ગુણમાં જે અકર્તૃત્વ હતું તે અકર્તૃત્વ (સ્વભાવદષ્ટિ થતાં) પર્યાયમાં પણ વ્યાપી ગયું, એટલે પર્યાય પણ રાગના અકર્તૃત્વરૂપ થઈને પરિણમી. આ રીતે, ધર્મીને રાગ વખતેય અકર્તૃત્વશક્તિ 'રાગના કર્તૃત્વથી ઉપરામરૂપે' પરિણમી રહી છે, રાગના અભાવરૂપે પોતે પરિણમન છે. આનું નામ 'જ્ઞાન આસ્રવોથી નિવર્ત્યું' એમ કહેવાય છે. આવું કાર્ય થાય ત્યારે અકર્તૃત્વ શક્તિવાળા આત્માને જાણ્યો ને અનુભવ્યો કહેવાય. ત્યાં ધર્મીને વ્યવહારરત્નત્રયના રાગનુંય કર્તૃત્વ કે સ્વામીત્વ રહેતું નથી. તે-તે કાળના વ્યવહારને જાણે છે પણ તેનો તે સ્વામી થતો નથી. રાગરૂપ વ્યવહાર છે તેનો અકર્તા થયો ત્યારે તેના વ્યવહારને વ્યવહાર કહ્યો.

આમાં સ્વ-સ્વામીત્વશક્તિનું પણ નિર્મળકાર્ય આવી ગયું. દ્રવ્યદષ્ટિ થતાં પોતાની નિર્મળપર્યાયના સ્વામીત્વપણે જ પરિણમ્યો ને રાગાદિના સ્વામીત્વપણે ન પરિણમ્યો,-આવું સ્વસ્વામીત્વસંબંધ-શક્તિનું કાર્ય પ્રગટ્યું.

આવા આત્માના સ્વભાવમાં જે આવ્યો તે પરભાવથી નિવૃત્ત થયો, કેમકે પરભાવનું કર્તૃત્વ આત્માના સ્વભાવમાં નથી. આત્માના અકર્તૃત્વસ્વભાવને જાણે ને રાગનું કર્તૃત્વ

રહે એમ બને નહિ. સ્વભાવને જાણતાં પર્યાય તે તરફ વળે એટલે રાગાદિ પરભાવોથી નિવૃત્તિ થાય જ. પર્યાય અંતર્મુખ થઈને આત્માને જાણે ને પરભાવોથી નિવૃત્તિ ન થાય એમ બને જ નહિ. સ્વભાવને જાણતાં જ રાગનું કર્તૃત્વ છૂટી જાય છે ને જ્ઞાન પોતાના સ્વભાવમાં વળી જાય છે એટલે નિર્મળ જ્ઞાન-આનંદની પર્યાયો પ્રગટે છે-આવું ભેદજ્ઞાનનું ફળ છે.

આમાં અકારણકાર્યત્વશક્તિનું નિર્મળ કાર્ય પણ આવી ગયું. અંતરસ્વભાવની દૃષ્ટિથી જે નિર્મળપર્યાય પ્રગટી તેણે આખા આત્માને અકારણકાર્યસ્વરૂપે જાણ્યો, એઠલે પર્યાયમાંથી પણ રાગનું કારણપણું છૂટી ગયું; તથા તે નિર્મળપર્યાય પોતે રાગનું કાર્ય પણ નથી; રાગને કારણ બનાવીને નિર્મળપર્યાયરૂપ કાર્ય થયું-એમ નથી. આ રીતે એક આત્મસ્વભાવની પ્રતીતિ અને અનુભૂતિમાં તેના સર્વે ગુણોના નિર્મળકાર્યની પ્રતીત ભેગી સમાઈ જાય છે.

**(આત્મધર્મ એ-૨૭૫એ, ઓક્ટો.૧૯૬૬, પેજ-૧૪ થી ૧૮)**

[1]હવે આ શક્તિઓ સિવાય બીજા ગ્રંથો-અનુભવપ્રકાશ, પદ્મનંદિપચ્ચીસી, રાજવાર્તિક વગેરેમાંથી લીધેલી ૩૭ શક્તિઓનું વર્ણન કરે છે.

(૩૬) **અનાદિસંતતિબંધનબંધત્વશક્તિ :-** એક પછી એક ક્રમસર વહે એવી શક્તિ આત્મામાં ત્રિકાળ છે. ક્રમબદ્ધ પર્યાય થાય, આડી અવળી ન થાય, તૂટ પડે નહી એવી અનાદિ સંતતિ ચાલી આવે છે. જેમ માળાના મણકા એક પછી એક હોય છે, પહેલાના પહેલા અને પછીના પછી મણકા હોય છે તેવી રીતે પર્યાય ક્રમબદ્ધ થાય છે એવી શક્તિ આત્મામાં છે.

[2]ભાવશક્તિમાં તો... એક તો તેમાં વિદ્યમાન અવસ્થા સહિત ક્રમબદ્ધનો નિર્ણય થાય છે. ભાવશક્તિને કારણે પોતાની પર્યાય વિદ્યમાન કોઈપણ હોય જ છે, એ કરવી પડે એમ નથી. એ હોય જ છે. અને અનંતગુણમાં ભાવશક્તિનું રૂપ છે તે કારણે અનંતગુણની

૧. સદ્‌ગુરુપ્રસાદ-સમયસાર-૯ (૧૯૫૦-૧૯૫૧) પ્રસાદ નં.૮૬, શક્તિ-પેજ-૧૪૫

૨. સમયસારસિદ્ધિ-૧૨, પેજ-૩૪૯

વર્તમાન પર્યાય વિદ્યમાન સહિત જ છે. આહાહા..! એવી વિકારરહિત નિર્મળ પર્યાયસહિત હોવું તેને અહીંયાં ભાવશક્તિની વિદ્યમાન અવસ્થા કહેવામાં આવે છે. તેમાં રાગનો અભાવ છે, વ્યવહાર રત્નત્રયના વિકલ્પનો અભાવ છે તે અનેકાંત છે. એનાથી થાય છે એમ નથી એને કારણે ભાવશક્તિને કારણે અવસ્થા નિર્મળ થાય છે, રાગથી અવસ્થા નિર્મળ થાય છે એમ નથી. એ રાગથી નથી થતી એનું નામ અનેકાંત છે. સમજાય છે કાંઈ ? આવી વાતું છે. આહાહા..!

## અકાર્યકારણશક્તિ અને પર્યાયમાં તેનું પરિણમન.

[૧]જ્ઞાની જાણે છે કે મારામાં અકાર્યકારણશક્તિ છે. હું કારણ થઈને પરનું કાર્ય કરું કે પર વસ્તુ કારણ થઈને મારું કાર્ય કરે એવું પર સાથે કાર્યકારણપણું મારે નથી. અરે! અંતરમાં જ્ઞાન કારણ થઈને રાગને કાર્યપણે ઉપજાવે અથવા તો રાગને કારણ બનાવીને જ્ઞાન તેના કાર્યપણે ઊપજે એવું જ્ઞાન અને રાગને પણ કાર્યકારણપણું નથી. આવી અકાર્યકારણશક્તિ આત્મામાં છે.

પ્રશ્ન :- અકાર્યકારણપણું તો દ્રવ્યમાં જ છે ને?


ઉત્તર :- દ્રવ્યમાં અકાર્યકારણશક્તિ છે એમ માન્યું કોણે? પર્યાયે. જે પર્યાયે દ્રવ્યસન્મુખ થઈને અકાર્યકારણશક્તિને માની તે પર્યાય દ્રવ્યની સાથે અભેદ થઈને પોતે પણ અકાર્યકારણરૂપ થઈ ગઈ છે. એ રીતે પર્યાયમાં પણ અકાર્યકારણપણું છે. બીજી રીતે કહો તો, જ્ઞાયકસ્વભાવ તરફ વળીને જે પર્યાય અભેદ થઈ તે પર્યાયમાં રાગનું કે પરનું કર્તાપણું નથી, તે તો જ્ઞાયકભાવરૂપ જ છે.

૧. જ્ઞાનસ્વભાવ-જ્ઞેયસ્વભાવ-૨, બોલ-૧૪૪

ૐ

‘‘આ  વાતની (ક્રમબદ્ધ પર્યાયની) સમજણમાં આત્માના મોક્ષનો ઉપાય રહેલો છે માટે આ વાત બરાબર છંછેડીને સમજવી, જરા પણ ઢાંકવી નહિ. નિર્ણયપૂર્વક ખુલ્લી કરીને જાણવી જોઈએ. પરમ સત્‌ને ઢંકાય નહિ પણ ઉહાપોહ કરીને બરાબર છંછેડી-છંછેડીને નક્કી કરવું જોઈએ. સત્યમાં કોઈની શરમ હોય નહિ. આ તો વસ્તુસ્વરુપ છે.’’

પૂજ્ય ગુરુદેવશ્રી




## (૧)
## અજ્ઞાની જીવ સર્વજ્ઞ ભગવાનને કેવી રીતે જોવે છે?

- કેવળી ભગવાને મારાં જેટલાં ભવ દીઠા હશે તેટલા થશે ને?
- સર્વજ્ઞ ભગવાને ક્રમબદ્ધપર્યાયમાં જોયું છે માટે મારામાં મિથ્યાત્વ આદિ વિકાર થાય છે ને?
- સર્વજ્ઞ ભગવાને જોયું હોય ત્યારે આત્માની રુચિ થાય ને?
- સર્વજ્ઞ ભગવાને જ્યારે મારો પુરુષાર્થ ઉપડવાનો જોયો હશે ત્યારે મારો પુરુષાર્થ ઉપડશે ને?
- અમારે ક્રમબદ્ધમાં જ્યારે સમકિત થવાનું હશે ત્યારે થાશે ને?
- અમને ભગવાને કહેલા નવ તત્ત્વની શ્રદ્ધા છે, તો તેમાં મોક્ષતત્ત્વની શ્રદ્ધા આવી ગઈ, તો હવે મોક્ષ માટે અલગ ઉદ્યમ શા માટે કરવો?
- અમે જિનમતમાં કહેલા જીવાદિ તત્ત્વોને તો માનીએ છીએ તેમના નામ ભેદ આદિને પણ જાણીએ છીએ, માટે અમને તો સર્વજ્ઞની શ્રદ્ધા સાચી છે ને?
- કેવળી ભગવાને જેમ જોયું હોય તેમ થાય તોપણ નિમિત્ત તો આપણે મેળવવા પડે ને?

વિગેરે-વિગેરે અનંત પ્રકાર...

**આગળના દરેક સવાલોનો પૂજ્ય ગુરુદેવશ્રીએ શાસ્ત્રોનાં આધારથી તથા નિજ અનુભવથી આપેલ અત્યંત નિઃસંદેહ કરતા સચોટ સમાધાનો :–**

(૧)

[૧]અહીં કોઈ ઊંધી દૃષ્ટિવાળો જીવ એમ કુતર્ક કરે કે 'અમારે ક્રમબદ્ધપર્યાયમાં અનંત ભવ થવાના હોય તો?–અથવા અમારે ક્રમબદ્ધપર્યાયમાં મિથ્યાત્વ થવાનું હોય તો?' તો શ્રી આચાર્યદેવ તેને કહે છે કે અરે મૂઢ! ક્રમબદ્ધપર્યાયને તું સમજ્યો જ નથી. ક્રમબદ્ધપર્યાયની યથાર્થ પ્રતીત કરનારને તો જ્ઞાનસ્વભાવની દૃષ્ટિ થઈ ગઈ, તેનું પરિણમન જ્ઞાન તરફ વળી ગયું, તેને હવે અનંત ભવ હોય જ નહિ. આમ છતાં 'મારી પર્યાયના ક્રમમાં અનંતભવ હશે તો' – એમ જે સંદેહ કરે છે તે જીવ તીવ્ર મિથ્યાદૃષ્ટિ છે; તેણે નથી તો આત્માને દેખ્યો, નથી સર્વજ્ઞને માન્યા, કે નથી ક્રમબદ્ધપર્યાયને માની. અનંત ભવની શંકાવાળા જીવને ધર્મની અંશમાત્ર રુચિ જ થઈ નથી. સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રરૂપ ધર્મ તો ભવના નાશનું કારણ છે. આવા ધર્મનું સેવન કરે અને અનંત ભવની શંકા રહે–એમ કદી બને જ નહિ. સરોવરના કિનારે જાય તોય ઠંડી હવા આવે છે ને ખાતરી થઈ જાય છે કે હવે પાણી નજીકમાં જ છે, તેમ જેને આત્માના ધર્મની સમ્યક્ રુચિ થઈ તેને અંદરથી અપૂર્વ શાંતિના ભણકાર આવે છે અને અલ્પકાળમાં મોક્ષ થવાની નિઃસંદેહ ખાતરી થઈ જાય છે. જેને આવી નિઃશંકતા નથી અને ભવનો સંદેહ છે તે જીવ કર્મથી ભિન્ન આત્માને નથી દેખતો પણ કર્મને જ અને અશુદ્ધ આત્માને જ દેખે છે.

જેમ– 'કેવળીભગવાને મારા અનંત ભવ દીઠા હશે...' એવા સંદેહવાળો જીવ મિથ્યાદૃષ્ટિ છે, તેણે ખરેખર કેવળી ભગવાનને જાણ્યા જ નથી; તેમ– 'ક્રમબદ્ધ પર્યાયમાં પોતાને મિથ્યાત્વ આવશે...' એવી શંકાવાળો જીવ પણ મિથ્યાદૃષ્ટિ જ છે, તેણે ખરેખર ક્રમબદ્ધપર્યાયને જાણી જ નથી. જેમ કેવળજ્ઞાનનો યથાર્થ નિર્ણય કરનારને પોતાના જ્ઞાનસ્વભાવની પ્રતીત થઈ જાય છે ને ભવની શંકા છૂટી જાય છે, તેમ ક્રમબદ્ધપર્યાય

૧. આત્મધર્મ–એ૧૧૯; સપ્ટે.૧૯૫૩ પેજ–૨૩૩, ૨૩૪

જેણે ખરેખર જાણી હોય તેને કર્મથી ભિન્નતાની દૃષ્ટિ થઈને દ્રવ્યનો આશ્રય થઈ જાય છે ને મિથ્યાત્વનો જરૂર નાશ થઈ જાય છે. કર્મ સાથેના નિમિત્ત-નૈમિત્તિક સંબંધ ઉપર દૃષ્ટિ રાખીને ક્રમબદ્ધપર્યાયનો નિર્ણય થઈ શકતો નથી, કેમકે ક્રમબદ્ધપર્યાયનો પ્રવાહ તો દ્રવ્યમાંથી આવે છે માટે દ્રવ્યસન્મુખ દૃષ્ટિથી જ તેનો નિર્ણય થાય છે; અને જેણે આવો નિર્ણય કર્યો તેની વર્તમાન પર્યાય તો દ્રવ્ય તરફ ઝૂકી ગઈ છે તેથી તે પર્યાયમાં મિથ્યાત્વ રહ્યું જ નહિ તેમજ મિથ્યાત્વના ક્રમની શંકા પણ ત્યાં રહે જ નહિ. જેમ કેવળજ્ઞાનની પ્રતીત અને અનંતભવની શંકા-એ બંને કદી સાથે હોય નહિ. તેમ ક્રમબદ્ધપર્યાયનો નિર્ણય અને મિથ્યાત્વનો ક્રમ-એ બંને પણ સાથે હોય જ નહિ. જેને ક્રમબદ્ધપર્યાયનો યથાર્થ નિર્ણય થયો હોય તેને કર્મ અને આત્માની ભિન્નતાનો વિવેક થઈ જ ગયો હોય, અને તેની દૃષ્ટિ પર ઉપરથી ખસીને આત્મા તરફ વળી ગઈ હોય, તેને અનંતસંસાર હોવાનો સંદેહ હોય નહિ. 'મારે હજી અનંત સંસાર બાકી હશે તો?' -એમ જેને સંદેહ છે તેની દૃષ્ટિ કર્મ ઉપર જ છે, તેને ક્રમબદ્ધપર્યાયનો નિર્ણય થયો જ નથી.

(૨)

[૧]'સર્વજ્ઞ ભગવાને ક્રમબદ્ધપર્યાયમાં જોયું છે માટે મારામાં મિથ્યાત્વાદિ વિકાર થાય છે' એમ એકલા વિકારના ક્રમને જ દેખનારની દૃષ્ટિ ઘણી ઊંધી છે. આચાર્યદેવ કહે છે કે અરે મૂઢ! તું સર્વજ્ઞનું નામ ન લે, તેં સર્વજ્ઞદેવને માન્યા જ નથી. તું સર્વજ્ઞને નથી દેખતો પણ એકલા વિકારને જ દેખે છે, ક્રમબદ્ધપર્યાયની પણ તને ખબર નથી. સર્વજ્ઞદેવને પ્રતીતમાં લ્યે તેને તો પોતામાં સાધકદશાનો ક્રમ શરૂ થઈ જાય, એકલો વિકારનો ક્રમ તેને રહે જ નહિ. જેને સ્વભાવના આશ્રયે અમુક નિર્મળ પરિણમન થયું છે ને બાકી અલ્પ વિકાર રહ્યો છે એવા સાધક જીવની આ વાત છે. તેને જ પોતાના ક્રમ-અક્રમસ્વભાવની (-ઉત્પાદ-વ્યય-ધ્રુવસ્વરૂપ સ્વભાવની) તેમજ સર્વજ્ઞદેવની ખરી પ્રતીત થઈ છે. એકલા વિકારના વેગે તણાતો આત્મા સ્વભાવશક્તિની પ્રતીત ક્યાંથી કરે? વિકારના પ્રવાહમાં તણાઈ રહ્યો છે તે જીવ કોના આધારે સ્વભાવની પ્રતીત કરશે? ને કોના આધારે સર્વજ્ઞને માનશે? સ્વભાવ તરફ વળેલો જીવ વિકારને પણ જેમ છે તેમ જાણશે, ને તે જ સર્વજ્ઞતાને યથાર્થપણે માનશે.

૧. આત્મધર્મ એ-૦૧૪૧; જુન-જુલાઈ-૧૯૫૫, પેજ-૨૨૪, ૨૨૫ (ઉત્પાદ-વ્યય-ધ્રુવ શક્તિ)

(૧) જે પ્રમાણે કર્મનો ઉદય આવે તે પ્રમાણે વિકાર થાય એમ માનનારની માન્યતા ઘણી ઊંધી છે.

(૨) બીજા કોઈ એમ કહે કે સર્વજ્ઞભગવાને આપણી પર્યાયમાં વિકાર થવાનું જ જોયું છે માટે વિકાર થાય છે, તો તેની દૃષ્ટિ પણ ઊંધી છે.

(૩) ત્રીજો કોઈ એમ કહે કે પર્યાયનો ક્રમબદ્ધ થવાનો સ્વભાવ છે માટે વિકાર થાય છે, તો તેની દૃષ્ટિ પણ વિપરીત છે, ખરેખર ક્રમસ્વભાવને તેણે જાણ્યો જ નથી. એકલા વિકારનો જ ક્રમ જેને વર્તે છે તેને ખરેખર ક્રમબદ્ધપર્યાયની શ્રદ્ધા થઈ જ નથી.

(૪) ચોથો કોઈ એમ કહે કે વિકાર થાય છે તેટલો જ આત્મા છે, અથવા શુભરાગ તે ધર્મનું કારણ છે, તો તેની માન્યતા પણ ઊંધી જ છે.

(૫) ઉત્પાદ-વ્યય-ધ્રુવત્વ શક્તિ, વગેરે અનંત શક્તિનો પિંડ મારો આત્મા છે, એમ અનંતગુણના પિંડરૂપ જ્ઞાન-સ્વભાવની દૃષ્ટિ કરતાં, ગુણોમાં અક્રમપણું ને પર્યાયમાં નિર્મળક્રમ એવા આત્માનો અનુભવ થયો, અને તેને જ શક્તિઓનું ખરું પરિણમન થયું, તેણે જ સર્વજ્ઞદેવને ખરેખર જાણ્યા, તેને જ ક્રમબદ્ધપર્યાયનું ભાન થયું, તે કર્મથી વિકાર થવાનું માને નહિ, ને વિકારથી લાભ માને નહિ. દૃષ્ટિમાં જ્ઞાનાનંદસ્વભાવની મુખ્યતા રાખીને, અસ્થિરતાનો જે અલ્પ વિકાર છે તેને જ્ઞેયપણે જેમ છે તેમ તે જ્ઞાતા જાણે છે.

(૩)

[૧]જે જીવ વસ્તુની ક્રમબદ્ધ સ્વતંત્ર પર્યાયને નથી માનતો અને 'પરનું હું ફેરવું કે પર મને રાગ-દ્વેષ કરાવે' એમ માને છે તેને સર્વજ્ઞના જ્ઞાનની શ્રદ્ધા નથી તેમ જ તે સર્વજ્ઞના આગમથી પ્રતિકૂળ, પ્રગટપણે મિથ્યાદૃષ્ટિ છે. સર્વજ્ઞના જ્ઞાનમાં જે જણાયું તેમાં હું ફેરફાર કરી દઉં એમ જેણે માન્યું તેણે સર્વજ્ઞના જ્ઞાનને માન્યું નથી. સર્વજ્ઞનું જ્ઞાન અને તેમની શ્રીમુખવાણીના ન્યાયોને જે નથી માનતો તે પ્રગટપણે મિથ્યાદૃષ્ટિ છે; સર્વજ્ઞદેવ ત્રણકાળ ત્રણલોકના બધા દ્રવ્યોની પર્યાયને જાણે છે અને બધી વસ્તુની પર્યાય પ્રગટપણે તેનાથી સ્વયં થાય છે છતાં તેનાથી વિરુદ્ધ (સર્વજ્ઞના જ્ઞાનથી અને વસ્તુના સ્વરૂપથી વિરુદ્ધ) જે માને છે તે સર્વજ્ઞનો અને પોતાના આત્માનો વિરોધી પ્રગટપણે મિથ્યાદૃષ્ટિ છે.

૧. આત્મધર્મ એ-૦૨૮, ફેબ્રુ.૧૯૪૬, પેજ-૮૯ (સ્વામીકાર્તિકેયાનુપ્રેક્ષા, ગાથા-૩૨૧-૩૨૩)

(૪)

[૧]અજ્ઞાનીને વસ્તુસ્વરૂપનું સાચું જ્ઞાન નથી એટલે તે વસ્તુની ક્રમબદ્ધપર્યાયમાં શંકા કરે છે કે આ આમ કેમ બન્યું? તેને સર્વજ્ઞના જ્ઞાનની અને વસ્તુની સ્વતંત્રતાની પ્રતીત નથી; જ્ઞાનીને વસ્તુસ્વરૂપમાં શંકા પડતી નથી. તે જાણે છે કે જે કાળે જે વસ્તુની જે પર્યાય થાય છે તે તેની ક્રમબદ્ધ વ્યવસ્થા છે, હું માત્ર જાણનાર છું; આમ જ્ઞાનીને પોતાના જાણનાર સ્વભાવનું ભાન છે તેથી સર્વજ્ઞ ભગવાનને જાણેલા વસ્તુસ્વરૂપનું ચિંતવન કરીને તે પોતાના જ્ઞાનની ભાવના વધારે છે કે જે કાળે જેમ બને તેમ હું તેનો જ્ઞાયક જ છું, મારા જ્ઞાયક સ્વરૂપની ભાવના કરતાં કરતાં મારું કેવળજ્ઞાન પ્રગટવાનું છે.

(૫)

## આત્માનું જ્ઞાયકપણું ન માને તે કેવળી વગેરેને પણ માનતો નથી.

[૨]સમયે સમયે પોતાના ક્રમબદ્ધ પરિણામપણે જીવ ઊપજે છે. જીવમાં અનંતગુણો હોવાથી એક સમયમાં તે અનંત ગુણોના અનંત પરિણામો થાય છે. તેમાં દરેક ગુણના પરિણામ સમયે સમયે નિયમિત ક્રમબદ્ધ જ થાય છે. આવા વસ્તુસ્વભાવનો નિર્ણય કરતાં જ્ઞાન સ્વસન્મુખ થઈને અકર્તાપણે-સાક્ષીભાવે પરિણમ્યું. ત્યાં સાધકદશા હોવાથી હજી અસ્થિરતાનો રાગ પણ થાય છે, પરંતુ જ્ઞાન તો તેનું ય સાક્ષી છે. સ્વ-પરપ્રકાશક જ્ઞાન ખીલ્યું તેની ક્રમબદ્ધ પર્યાય એવી જ છે કે તે સમયે જ્ઞાયકને જાણતાં તેવા રાગને પણ જાણે. આવું જ્ઞાયકપણું જે ન માને ને પર્યાયના ક્રમમાં ફેરફાર કરવાનું માને તો તે જીવ આત્માના જ્ઞાનસ્વભાવને માનતો નથી, કેવળીભગવાનને પણ તે નથી માનતો, કેવળીભગવાને કહેલાં શાસ્ત્રોને પણ તે નથી માનતો અને કેવળજ્ઞાનના સાધક ગુરુ કેવા હોય તેને પણ તે જાણતો નથી. ક્રમબદ્ધપર્યાયની પ્રતીત કરીને જેણે પોતાના જ્ઞાનસ્વભાવને પ્રતીતમાં લીધો તેને સમ્યગ્દર્શનાદિ થયા છે, અને તેણે જ ખરેખર કેવળીભગવાનને, કેવળીના શાસ્ત્રોને તથા ગુરુને માન્યા છે.

---

૧. આત્મધર્મ એ-૦૨૮, ફેબ્રુ.૧૯૪૬, પેજ-૮૧


૨. જ્ઞાનસ્વભાવ-જ્ઞેયસ્વભાવ, બોલ-૩૮

(૬)

## ‘કેવળીએ જોયું હશે તેમ થશે’ એમ માત્ર ભાષા પકડનારને જરાપણ ધર્મ થતો નથી.

[૧]જે જીવ, ‘કેવળીએ જોયું હશે તેમ થશે’-એમ માની પુરુષાર્થ ઉપાડતો નથી ને માત્ર ભાષા બોલે છે તે જીવના શ્રદ્ધા-જ્ઞાન જૂઠાં છે. તેને વીતરાગના શાસ્ત્રની કે સર્વજ્ઞની શ્રદ્ધા નથી. એટલે કે પોતાની પણ શ્રદ્ધા નથી. થવાનું હશે તેમ થશે, એમ માત્ર ભાષા બોલી પોતાના મિથ્યાત્વને ટાળતો નથી, સંયોગીબુદ્ધિ છોડી, સ્વભાવબુદ્ધિ કરી, અક્રમ સ્વભાવની શ્રદ્ધા કરતો નથી, તેને ધર્મ થતો નથી. તેણે ભાષા પકડી છે. ભાષા પાછળ રહેલો મર્મ પકડ્યો નથી. જેને થવાનું હશે તેમ થશે એટલે ક્રમબદ્ધનો નિર્ણય છે તેને રાગરહિત જ્ઞાનસ્વભાવનો નિર્ણય થયા વિના રહે નહિ. તેને ભવ હોઈ શકે નહિ, પણ જે માત્ર ભાષા પકડી પુરુષાર્થ કરતો નથી, તેમને સંસાર ઊભો છે. જેમ સંસારમાં ‘રોતો જાય તે મુવાના સમાચાર લાવે છે’ એટલે કે તે કોઈ કામ પાર ઉતારતો નથી તેમ જેટલા ભવ થવાના હશે તેટલા થશે તે રોતલ જેવા છે, પુરુષાર્થહીન છે. તેઓ સંસારની પાર ઉતરતા નથી.

૧. સદ્‌ગુરુપ્રસાદ - સમયસાર-૯ (૧૯૫૧-૧૯૫૨) પ્રસાદ નં.૧૯૮-કળશ-૧૨૬, પેજ.-૨૩૪




# (૨)
# સર્વજ્ઞ ભગવાન જીવને કેવી રીતે જોવે છે?

(૭)

[૧]'પોતાની શુદ્ધ પરિણતિ હોતાં નિર્વિકાર છે.' દેખો! પોતે સ્વભાવ ચૈતન્યમૂર્તિ છે, જાણનાર આનંદકંદ વસ્તુ આત્મા છે. સર્વજ્ઞ પરમાત્મા તીર્થંકરદેવ કેવળજ્ઞાનીએ તો એમ જોયું કે તું તો જ્ઞાન અને આનંદ છો. એમ નથી જોયું કે તું રાગવાળો ને પરવાળો છે, એમ જોયું છે ભગવાને? આ આત્માને ભગવાન કેવળજ્ઞાનીઓ એવો જોયો કે આ તો જ્ઞાનસ્વરૂપ, આનંદસ્વરૂપ છે અને પરવસ્તુ તે જ્ઞેયસ્વરૂપ (છે), એમ ભગવાને જોયું. એમ તું તને ન જોતાં, હું જાણનાર-દેખનાર અને આનંદ છું એમ ન જોતાં પરને જોતાં તને તારી પર્યાયમાં વિકારની દશા ઉત્પન્ન થાય એ તો સ્વરૂપના અજ્ઞાનના અભાને ઉત્પન્ન થાય છે. સમજાણું કાંઈ?

(૮)


[૨]ભગવાન આ આત્માને અને અનંત આત્માઓને કેવા જોવે છે? (કે) નિજ સત્તા-પોતાનું હોવાપણું (જે) પવિત્ર અને શુદ્ધ છે તેને હે ભગવાન! આપ આત્મા કહો છો અને જાણો છો. (જ્યારે) અંદર પુણ્ય અને પાપના વિકલ્પ છે એ તો આસ્રવતત્ત્વ છે (અને) જે જડ છે એ તો અજીવતત્ત્વ છે, હે ભગવાન! આપના જ્ઞાનમાં - હે વીતરાગ પરમેશ્વર પ્રભુ નાથ! આપના જ્ઞાનમાં - અમારો (જે) આ આત્મા નિજ હોવાપણે શુદ્ધ છે તેને તમે આત્મા જાણો છો (અને) કહો છો. આહાહા ! એમ-જેમ ભગવાને જાણ્યું છે એ રીતે - જે આત્મા જાણે (છે તેને સમ્યગ્દર્શન થાય છે). આહાહા !

(જે) નિજ સત્તા (છે) પોતાનું જે અસ્તિત્વ છે, પોતાની હયાતી (જે) છે, જે મોજૂદગી ચીજ છે એ તો તદ્દન અનંત-અનંત ગુણોની પવિત્રતાની ખાણ છે. આહાહા !

---

૧. કલશામૃત ભાગ-૭, પેજ-૭૬-૭૭     ૨. પ્રવચન સુધા ભાગ-૧, પેજ-૯૩-૯૪

પવિત્રતાની ખાણ કહેવી એ તો પર્યાયની અપેક્ષાએ છે બાકી એ તો અનંત-અનંત ગુણસ્વરૂપ છે (કે) જેમાંથી અનંત આનંદ (આવે છે). સર્વજ્ઞ પરમેશ્વર વીતરાગને શુદ્ધોપયોગના ફળ તરીકે જે અનંત આનંદ પ્રગટ્યો છે (તે તો) એક સમયનો આનંદ (છે). એવો બીજે સમયે અનંત આનંદ, એવો ત્રીજે સમયે અનંત આનંદ, એમ સાદિ અનંતકાળ અતીન્દ્રિય આનંદ જે (છે તે) પરાશ્રય વિનાનો અને સ્વાશ્રયવાળો (છે). (એવા) શુદ્ધોપયોગનું ફળ પરમ આનંદ છે. આહાહા ! (અને તે) પરાશ્રયથી નિરપેક્ષ (છે). (એટલે કે) પાંચ ઇન્દ્રિયો, શબ્દો અને મનના સંકલ્પ-વિકલ્પના આશ્રયની અપેક્ષા વિનાનો હોવાથી વિષયાતીત છે - વિષયથી રહિત છે. આહાહા ! મન અને પંચાન્દ્રિયના વિષયથી તે સુખ રહિત છે. આહાહા !



## (3)
## રાગ–દ્વેષ ક્રમબદ્ધ થાય છે, તે ઊંધેથી ઉપડ્યો છે.

(૯)

[૧]પ્રશ્ન :- જો ક્રમબદ્ધપર્યાય જ્યારે જે થવાની હોય તે જ થાય છે તો પછી વિકારીભાવ પણ થવાના હતા ત્યારે જ થયા છે ને?

ઉત્તર :- અરે, ભાઈ ! તારો પ્રશ્ન ઊંધેથી ઉપડ્યો છે. 'વિકારી પર્યાય થવાની હતી ત્યારે થઈ' આમ જેણે પોતાના જ્ઞાનમાં પ્રતીત કરી છે તેની રુચિ ક્યાં અટકી છે? વિકારને જાણનાર જ્ઞાનની રુચિ છે કે વિકારની રુચિ છે? વિકારને યથાર્થપણે જાણવાનું કામ કરનાર વીર્ય તો પોતાના જ્ઞાનનું છે અને તે જ્ઞાનનું વીર્ય વિકારથી ખસીને સ્વભાવના જ્ઞાનમાં અટક્યું છે; સ્વભાવના જ્ઞાનમાં અટકેલું વીર્ય વિકારની કે પરની રુચિમાં અટકે જ નહિ, પણ સ્વભાવના જોરે વિકારનો અલ્પકાળમાં ક્ષય કરે. જેને વિકારની રુચિ છે તેની દૃષ્ટિનું જોર (વીર્યનું વજન) વિકાર તરફ જાય છે. 'થવાની હોય તે જ પર્યાય ક્રમબદ્ધ થાય છે.' આમ કોનું વીર્ય કબૂલ કરે છે? આ કબૂલનારના વીર્યમાં પરમાં સુખબુદ્ધિ ન હોય, પણ સ્વભાવમાં જ સંતોષ હોય.

જે મોટા પુરુષના ઘરે લગ્ન પ્રસંગ હોય અને માંડવે સાગમટે નોતરે બધાને આમંત્રણ કરીને હરખથી બદામ પીસ્તાના મેસુબ જમાડે,-તેમ અહીં સર્વજ્ઞદેવના ઘરનાં સાગમટે નોતરાં છે, 'મુક્તિના માંડવે' બધાને આમંત્રણ છે, આખા જગતને આમંત્રણ છે, મુક્તિ મંડપના હરખ જમણમાં સર્વજ્ઞ ભગવાને દિવ્યધ્વનિમાં પીરસેલાં ન્યાયોમાંથી ઊંચા-ઊંચા જાતના ન્યાયો પીરસાય છે-કે જે પચાવતાં આત્મા પુષ્ટ થાય. તારે સર્વજ્ઞ ભગવાન થવું હોય તો તું પણ આ વાત માન, જેણે આ વાત માની તેની મુક્તિ જ છે.

(૧૦)

[૨]આ ક્રમબદ્ધપર્યાયનાં સિદ્ધાંતમાં તો અધ્યાત્મસ્વરૂપની વાત છે, તે સમજતાં જેને

૧. આત્મધર્મ એ-૦૨૮, ફેબ્રુ.૧૯૪૬, પેજ-૮૮ (સ્વામીકાર્તિકિયાનુપ્રેક્ષા, ગાથા-૩૨૧-૩૨૩)
૨. આત્મધર્મ એ-૦૩૦, માર્ચ-એપ્રિલ-૧૯૪૬, પેજ-૧૧૨ (સમયસાર)

કંટાળો લાગે છે તેને આત્માના સ્વરૂપની અરુચિ છે. સ્વરૂપ સમજવાના કંટાળાને લીધે તેને રાગની વાત સહેલી લાગે છે. અધ્યાત્મ પદ્ધતિમાં તો રાગનો ઉપદેશ હોય નહિ, આગમપદ્ધતિમાં રાગ અને વિકલ્પની વાત વ્યવહારથી કરી હોય તે સાંભળતાં જેને હોંશ આવે છે અને અધ્યાત્મસ્વરૂપની વાત સમજવાની હોંશ આવતી નથી તેને આત્માના પરમાર્થ સ્વરૂપનો કંટાળો છે, અને સ્વરૂપનો કંટાળો તે જ મિથ્યાત્વ છે.

કુંદકુંદ ભગવાન પડકાર મારીને ચેતવે છે કે ભાઈ રે! ધ્યાન રાખજે, સ્વભાવની સાધક દશામાં વચ્ચે રાગ આવી પડશે ખરો, મુનિદશામાં પણ વિકલ્પ ઊઠશે ખરો, પણ તેને સાધન ન માનીશ, તેની હોંશ ન કરીશ, તે બાધક છે, તેને બાધકપણે જાણીને છોડી દેજે અને નિશ્ચય સ્વભાવના જોરે આગળ પગલાં ભરજે, એટલે કે નિશ્ચયસ્વભાવની દૃષ્ટિના જોરે જ તારી પર્યાય ક્રમે ક્રમે શુદ્ધ થતી જશે.

(૧૧)

[૧]પ્રશ્ન :- આ તો નિયતવાદ થઈ ગયો છે?

ઉત્તર :- આ '**सम्यक् नियतवाद**' છે. મિથ્યા નિયતવાદ નથી. સમ્યક્ નિયતવાદ એટલે શું? જે પદાર્થમાં જે સમયે જે ક્ષેત્રે જે નિમિત્તે જેમ થવાનું તેમ થવાનું જ છે, તેમાં કિંચિત્ ફેરફાર કરવા કોઈ સમર્થ નથી-એવો જ્ઞાનમાં નિર્ણય કરવો તે સમ્યક્ નિયતવાદ છે, અને તે નિર્ણયમાં સ્વભાવ તરફનો અનંત પુરુષાર્થ આવી જાય છે. બધું જ નિયત છે એમ જે જ્ઞાને નિર્ણય કર્યો તે જ્ઞાનમાં એમ પણ નિર્ણય થઈ ગયો કે કોઈપણ દ્રવ્યમાં કાંઈ પણ ફેરવવા હું સમર્થ નથી. એ રીતે, નિયતનો નિર્ણય કરતાં 'હું પરનું કરી શકું' એવો અહંકાર ટળી ગયો અને જ્ઞાન પરથી ઉદાસીન થઈ સ્વભાવ તરફ વળ્યું.

હવે પોતાની પર્યાય પણ ક્રમબદ્ધ જ છે, તે ક્રમબદ્ધપણાનો નિર્ણય કરનારું જ્ઞાન, રાગ હોવા છતાં તેનો નિષેધ કરીને દ્રવ્યસ્વભાવ તરફ ઢળે છે. કઈ રીતે ઢળે છે? જ્યારે રાગને જાણે છે ત્યારે જ્ઞાનમાં એમ વિચારે છે કે, મારી ક્રમબદ્ધ પર્યાયો મારા દ્રવ્યમાંથી પ્રગટે છે, ત્રિકાળી દ્રવ્ય જ એક પછી એક પર્યાયને દ્રવે છે, તે ત્રિકાળી દ્રવ્ય રાગસ્વરૂપ નથી, માટે આ જે રાગ થયો છે તે પણ મારું સ્વરૂપ નથી અને હું તેનો કર્તા નથી. આ રીતે, સમ્યક્નિયતવાદનો પોતાના જ્ઞાનમાં જેણે યથાર્થ નિર્ણય કર્યો તે જીવનું જ્ઞાન

૧. આત્મધર્મ એ-૦૪૭, સપ્ટે.-ઓક્ટો.-૧૯૪૭, પેજ-૨૪૪-૨૪૫

પોતાના શુદ્ધસ્વભાવ તરફ ઢળ્યું અને તેને સ્વભાવનાં શ્રદ્ધા-જ્ઞાન થયાં, પરથી ઉદાસીન થયો, રાગનો અકર્તા થયો, ને પરથી તથા વિકારથી ખસીને બુદ્ધિ સ્વભાવમાં જ રોકાણી.-આ સમ્યક્‌નિયતવાદનું ફળ છે; તેમાં જ્ઞાન અને પુરુષાર્થનો સ્વીકાર છે. પણ જે નિયતવાદને માને છે એટલે કે જેમ થવાનું હશે તેમ થશે-એમ માને છે, પરંતુ નિયતવાદના નિર્ણયમાં પોતાનું જે જ્ઞાન અને પુરુષાર્થ આવે છે તેનો સ્વીકાર કરતો નથી અર્થાત્ સ્વભાવ તરફ ઢળતો નથી તે મિથ્યાદૃષ્ટિ છે; અને નિયતવાદ તે ગૃહીત મિથ્યાત્વનો ભેદ છે તેથી તે ગૃહીતમિથ્યાદૃષ્ટિ છે.

(૧૨)

[૧]પ્રશ્ન :-ક્રમબદ્ધનું વાસ્તવિક રહસ્ય ન સમજવાવાળા અજ્ઞાની ક્રમબદ્ધનું ગીત ગાતી વખતે શું ભૂલ કરે છે?

ઉત્તર :- એક કહે કે ક્રમબદ્ધ પર્યાય હોય તો તો નિયત થઈ જાય છે, બીજો કહે કે ક્રમબદ્ધમાં અમારે રાગ આવવાનો હતો તે આવ્યો. તે બન્ને ભૂલ્યા છે, મિથ્યાદૃષ્ટિ છે, મિથ્યાત્વને ઊલટું પુષ્ટ કરીને નિગોદનો માર્ગ બંન્નેએ લીધો છે. જેને ક્રમબદ્ધ યથાર્થ બેઠું છે તેની દૃષ્ટિ પર્યાય ઉપરથી ખસીને આનંદમય આત્મા ઉપર છે, તેને ક્રમબદ્ધમાં રાગ આવે છે તેનો જાણનાર રહે છે. જ્ઞાનાનંદસ્વભાવની દૃષ્ટિપૂર્વક જે રાગ આવે છે તે રાગ દુઃખરૂપ લાગે છે, તેણે ક્રમબદ્ધને યથાર્થ માન્યું છે. આનંદની સાથે દુઃખને મેળવે છે-મીંઢવે છે કે અરે! આ રાગ દુઃખરૂપ છે-એમ ક્રમબદ્ધ માનનારો આનંદની દૃષ્ટિપૂર્વક રાગને દુઃખરૂપ જાણે છે, રાગની મીઠાશ ઊડી ગઈ છે. જેને રાગમાં મીઠાશ પડી છે અને પહેલાં અજ્ઞાનમાં રાગને ટાળવાની ચિંતા હતી તે પણ ક્રમબદ્ધ કરીને મટી ગઈ છે તેને તો મિથ્યાત્વની પુષ્ટિ વધી છે, મિથ્યાત્વને તીવ્ર કર્યો છે. રાગ મારો નથી એમ કહે અને આનંદસ્વરૂપની દૃષ્ટિ નથી તો તેણે તો મિથ્યાત્વને વધાર્યું છે. ભાઈ ! આ તો કાચા પારા જેવું વીતરાગનું સૂક્ષ્મ રહસ્ય છે. અંતરથી પચાવે તો વીતરાગતાની પુષ્ટિ થાય અને તેનું રહસ્ય ન સમજે તો મિથ્યાત્વને પુષ્ટિ કરે.

(૧૩)

[૨]જુઓ, આમાં જ્ઞાયકસ્વભાવ તરફથી લેવાનું છે. જ્ઞાયક તરફથી લ્યે તો જ આ

૧. જ્ઞાનગોષ્ઠી બોલ-૫૯૨ ૨. યોગસાર પ્રવચન ભાગ-૧, પેજ-૧૧૨

ક્રમબદ્ધપર્યાયની વાત યથાર્થ સમજાય તેવી છે. જે જીવ પાત્ર થઈને પોતાના આત્માને માટે સમજવા માંગતો હોય તેને આ વાત યથાર્થ સમજાય તેવી છે. બીજા ધીઠાઈવાળા જીવો તો આ સમજ્યા વિના ઊંધું લ્યે છે ને જ્ઞાયકસ્વભાવના નિર્ણયનો પુરુષાર્થ છોડીને ક્રમબદ્ધપર્યાયના નામે પોતાના સ્વછંદને પોષે છે. જેને જ્ઞાનની શ્રદ્ધા નથી, કેવળીની પ્રતીત નથી, અંતરમાં વૈરાગ્ય નથી, કષાયની મંદતા પણ નથી, સ્વછંદતા છૂટી નથી ને ક્રમબદ્ધપર્યાયનું નામ લ્યે છે એવા ધીઠ-સ્વછંદી જીવની અહીં વાત નથી. આ ક્રમબદ્ધપર્યાય સમજે તેને સ્વછંદ રહે જ નહિ, તે તો જ્ઞાયક થઈ જાય. ભગવાન! ક્રમબદ્ધપર્યાય સમજાવીને અમે તો તને તારા જ્ઞાયક આત્માનો નિર્ણય કરાવવા માંગીએ છીએ અને આત્મા પરનો અકર્તા છે એ બતાવવા માંગીએ છીએ. જો તારા જ્ઞાયકસ્વભાવનો નિર્ણય ન કર તો તું ક્રમબદ્ધપર્યાયને સમજ્યો જ નથી.

(૧૪)

[૧]જીવની પર્યાયમાં અનાદિથી જે સંકોચ છે તે કોઈ પરના કારણે નથી પણ પોતાની જ પર્યાયમાં ભૂલને કારણે છે. જે જીવ પોતાની પર્યાયની ભૂલને ન પકડે અને પરને કારણે પોતાની પર્યાય સંકોચાણી છે-એમ માને, તે જીવ ભલે રાગ ઘટાડીને ઘણા શાસ્ત્રોની ધારણા કરી જાય તોય તેને આત્માનો લાભ ન થાય. અને, મારી પર્યાયમાં સંકોચ છે તે મારી પોતાની ભૂલને કારણે છે, કોઈ પરના કારણે નથી-એમ તો માને, પરંતુ જો ભૂલરહિત સ્વભાવની સામે જોઈને તે ભૂલનો નાશ ન કરે તો તેને પણ આત્માનો લાભ થાય નહિ. ત્રિકાળી ચૈતન્યસ્વભાવનો પિંડ આત્મા છે તેની સન્મુખતાથી જ આત્માનો લાભ થાય છે તથા સંકોચ ટળીને વિકાસ પ્રગટે છે. મારો ત્રિકાળી સ્વભાવ શું છે અને પરિણમનમાં સંકોચ કેમ છે-તે વાત સમજ્યા વિના કોની સામે જોઈને પર્યાયનો વિકાસ કરશે? મંદ-કષાય થયો તેને જ ચૈતન્યનો વિકાસ જે જીવ માની બેઠો હોય તેને કષાયથી ભિન્ન ચૈતન્યસ્વભાવનું ભાન નથી એટલે તેને ચૈતન્યનો વિલાસ પ્રગટે નહિ. મૂળ ભૂલ શું છે અને તે ભૂલ વગરનો સ્વભાવ શું છે? તે જાણે નહિ ને બફમમાં-ભ્રમણામાં રહી જાય તેને ચૈતન્યનો વિકાસ થતો નથી; તેને કદાચ કષાયની મંદતા અને જ્ઞાનનો ઉઘાડ ભલે હોય પરંતુ તેમાં આત્માનું હિત નથી, તે ચૈતન્યનો ખરો વિલાસ નથી. ચૈતન્યના

૧. આત્મધર્મ એ-૧૧૨; જાન્યુ.૧૯૫૩; પેજ-૭૫-૭૬ (અસંકુચિત વિકાસત્વશક્તિ)

વિલાસની અતીન્દ્રિય મોજ તો કોઈ પરમ અદ્‌ભુત છે!

કોઈ જીવ જ્ઞાનના ઉઘાડના બળે આ વાત ધારી લ્યે, પણ પોતાને આત્માની પર્યાયમાં જે ભૂલ છે તેની જો ખબર ન પડે તો તેને જ્ઞાનના ઉઘાડથી આ વાત ખ્યાલમાં આવવા છતાં પણ તેની ભૂલ ભાંગે નહિ અને અપૂર્વ કલ્યાણ પ્રગટે નહિ. ભૂલનો જ ખ્યાલ ન આવે તો તે ભૂલ ભાંગીને ભગવાન ક્યાંથી થાય ? ભગવાનપણું અને ભૂલ-એ બંનેને જે જીવ સમજે તેને પોતામાં ભૂલ ટળીને ભગવાનપણાનો વિકાસ થયા વિના રહે નહિ. મારો સ્વભાવ શું છે અને અંતરની સૂક્ષ્મ ભૂલ ક્યા રહી જાય છે એની ખબર પડ્યા વગર અગિયાર અંગ ભણ્યો તોપણ જીવની ભૂલ ભાંગી નહિ. જો વર્તમાનમાં ભૂલ છે તો નક્કી થાય છે કે નિજસ્વભાવની જેવી રુચિ હોવી જોઈએ તેવી રુચિ કરી નથી, અને જો ભૂલ ન હોય તો નિજસ્વરૂપ સમજાયું હોવું જોઈએ અને તેના આનંદ વગેરેનો વિલાસ ખીલવો જોઈએ. સંકોચ વગરનો મારો સ્વભાવ કેવો છે અને અત્યાર સુધી પર્યાયમાં સંકોચ કેમ રહ્યો-એ વાત જેને પકડતાં ન આવડે તે જીવ સંકોચપર્યાયનો નાશ ન કરી શકે અને તેને સંકોચ વગરનો વિકાસ પ્રગટે નહિ.

(૧૫)

[૧]જુઓ, 'રાગાદિરૂપે પરિણમવામાં પણ આત્મા પોતે સ્વતંત્ર પ્રભુ છે'-એમ કહ્યું, તેનો અર્થ એવો નથી કે રાગ ક્રમબદ્ધ-પર્યાયમાં ભલે થયા કરે!-રે ભાઈ ! શું એકલા વિકારમાં જ પરિણમવાની આત્માની પ્રભુતા કીધી છે? -કે વિકારમાં ને અવિકારમાં બંનેમાં પરિણમવાની આત્માની પ્રભુતા કીધી છે? વિકાર કે અવિકાર બંનેમાં સ્વતંત્રપણે પરિણમવાની મારા આત્માની પ્રભુતા છે-આમ જે નિર્ણય કરે તે 'પ્રભુ' થઈને નિર્મળરૂપે પરિણમે, વિકારરૂપ અલ્પ પરિણમન હોય તેની રુચિ તેને ન હોય. એકાંત આસ્રવ-બંધરૂપ મલિનભાવે પરિણમે તેણે ખરેખર આત્માની પ્રભુતાને જાણી જ નથી. આમ અંતર્મુખ સ્વભાવ તરફ વળીને નિર્મળ પર્યાયના કર્તારૂપે પરિણમ્યો ત્યાં પ્રભુતાનું ભાન થયું કે અહો, મારી આ સમ્યગ્દર્શનાદિ નિર્મળ પર્યાયરૂપે પરિણમવામાં મારી જ પ્રભુતા છે, મારી પર્યાયને કરવામાં હું જ સમર્થ છું, અને મલિન પર્યાયને કરવામાં પણ હું જ સ્વતંત્રપણે કર્તા હતો. રત્નત્રય લક્ષણવાળા જે સંવર-નિર્જરારૂપ ભાવ છે તેને કરવામાં પણ આત્મા

૧. આત્મધર્મ એ-૧૭૭, જૂન-જુલાઈ-૧૯૫૮, પેજ-૨૦ (પંચાસ્તિકાય)

પોતે સ્વતંત્ર હોવાથી આત્મા પ્રભુ છે.

(૧૬)

[૧]અહીં ઉત્પાદ-વ્યય-ધ્રુવત્વ શક્તિનું વર્ણન ચાલે છે. ઉત્પાદ-વ્યય-ધ્રુવત્વશક્તિ તો જડમાં પણ છે, પરંતુ તેની શક્તિ તેનામાં રહી, આત્મામાં તેનું નાસ્તિપણું છે. અહીં તો આત્માના જ્ઞાનમાત્ર ભાવની સાથે રહેલી શક્તિઓનું આ વર્ણન છે. જ્ઞાનમાત્રભાવની સાથે આ શક્તિઓ પરિણમે છે, જેને જ્ઞાનમાત્રભાવની ખબર નથી ને એકલા વિભાવનું જ પરિણમન વર્તે છે તેને શક્તિનું ખરું પરિણમન નથી. પર્યાયના ક્રમને આડોઅવળો ફેરવી નાંખવાની વાત તો દૂર રહી, પરંતુ પોતાની પર્યાયના ક્રમમાં જેને એકલા વિભાવનું જ પરિણમન છે તેને પણ વસ્તુના ક્રમ-અક્રમ સ્વભાવની ખબર નથી. વસ્તુના ક્રમ-અક્રમ સ્વભાવને જાણે તો સ્વસન્મુખ પરિણમન થયા વિના રહે નહિ, એટલે તેના ક્રમમાં એકલું વિભાવ પરિણમન રહે જ નહિ, પણ સાધકદશા થઈ જાય. વિભાવ પરિણમનમાં ક્રમપણું હોવા છતાં, તે આત્માની ત્રિકાળી શક્તિના અવલંબને થયેલું પરિણમન નથી એટલે તે ખરેખર આત્મા જ નથી.

(૧૭)

[૨]જ્ઞાનમાં વિકાર જણાય છે તે તો જ્ઞાનની પર્યાયનું સામર્થ્ય જ તેવું ખીલ્યું છે-એમ કહીને જ્ઞાન અને વિકાર વચ્ચે ભેદ પાડ્યો છે. તેને બદલે કોઈ એમ માની બેસે કે 'ભલે વિકાર થયા કરે, તે તો જ્ઞાનનું જ્ઞેય છે ને!' તો તે જ્ઞાનનું સ્વરૂપ જ સમજ્યો નથી. ભાઈ, જેના પુરુષાર્થનો પ્રવાહ જ્ઞાન પ્રત્યે ઢળ્યો તેના પુરુષાર્થનો પ્રવાહ વિકાર પ્રત્યેથી અટકી ગયો એટલે કે તેને ક્ષણે ક્ષણે વિકારનો નાશ જ થાય છે. સાધકદશામાં જે જે વિકારની લાગણી ઊઠે છે તે તે જ્ઞાનમાં જણાઈને છૂટી જાય છે, પણ રહેતી નથી. આ રીતે ક્રમબદ્ધ દરેક પર્યાયમાં જ્ઞાનનું વલણ સ્વભાવમાં વળતું જાય છે અને વિકારથી છૂટતું જાય છે. 'વિકાર ભલે થાય' એ ભાવના મિથ્યાદ્રષ્ટિની જ છે. જ્ઞાની તો જાણે છે કે કોઈ વિકાર મારું સ્વરૂપ જ નથી તેથી તે જ્ઞાનની જ ભાવના કરે છે અને વિકાર તરફથી તેનો પુરુષર્થ પાછો ખેંચાઈ ગયો છે. જ્ઞાનની અસ્તિમાં વિકારની નાસ્તિ છે.

---

૧. આત્મધર્મ એ૧૩૯; એપ્રિલ-મે-૧૯૫૫, પેજ-૧૭૦ (પ્રવચનસાર - ઈશ્વર નય)

૨. આત્મધર્મ એ-૦૩૪; જુલાઈ-ઓગસ્ટ.૧૯૪૬, પેજ-૧૮૩-૧૮૪ (સમયસાર)

પહેલાં રાગાદિ કાંઈ ઓળખાતું ન હતું, અને હવે સૂક્ષ્મ રાગાદિને પણ જ્ઞાન જાણી લે છે તે જ્ઞાનનું સામર્થ્ય ખીલી ગયું છે. સૂક્ષ્મ વિકલ્પને પણ બંધભાવ તરીકે જ્ઞાન જાણી લે છે, ત્યાં રાગનું સામર્થ્ય ન રહ્યું પણ જ્ઞાનનું જ સામર્થ્ય છે. આવા સ્વાશ્રય જ્ઞાનની પ્રતીત, રુચિ, શ્રદ્ધા અને સ્થિરતા સિવાયના બીજા બધાય ઉપાય આત્મહિત માટે નકામા છે. અહો! પોતાના પરિપૂર્ણ સ્વાધીન સ્વતત્ત્વના સામર્થ્યની પ્રતીત વગર જીવ પોતાની સ્વાધીનદશા ક્યાંથી લાવશે? સ્વની પ્રતીતવાળો સ્વમાં ઢળશે અને મુક્તિ પામશે, અને જેને સ્વની પ્રતીત નથી તે વિકારમાં ઢળશે અને સંસારમાં રખડશે.

જ્ઞાન ચેતનાર છે એટલે કે સદાય ચેતતુ-જાગતું રહે છે. જે વૃત્તિ આવે તેને જ્ઞાનવડે પકડીને ફડાક તોડી નાખે છે, અને પર્યાયે પર્યાયે જ્ઞાન સામર્થ્ય વધતું જ જાય છે. એકપણ વૃત્તિને કદી પણ મોક્ષમાર્ગ તરીકે જે સ્વીકાર કરતું નથી એવું ભેદજ્ઞાન વૃત્તિઓને તોડતું તોડતું, સ્વરૂપની એકાગ્રતા વધારતું વધારતું, મોક્ષમાર્ગ પૂર્ણ કરીને મોક્ષરૂપે પરિણમી જાય છે. આવા પૂરા જ્ઞાન સ્વભાવ સામર્થ્યનું જોર જેને પ્રતીતમાં બેઠું તેને અલ્પકાળમાં મોક્ષ જ છે. મોક્ષનું મૂળ ભેદવિજ્ઞાન જ છે. રાગને જાણીને રાગથી જુદું રહેનાર જ્ઞાન મોક્ષ પામે છે. અને રાગને જાણતાં રાગમાં અટકી જનારું જ્ઞાન બંધાય છે. જ્ઞાનીને પ્રજ્ઞાછીણીનું જોર છે કે-આ લાગણીઓ તો ક્ષણે ક્ષણે ચાલી જ જાય છે અને લાગણી રહિત મારું જ્ઞાન વધતું જ જાય છે. અજ્ઞાનીને એમ થાય છે કે-અરે મારા જ્ઞાનમાં આ લાગણી થઈ, અને લાગણી સાથે મારું જ્ઞાન પણ ચાલ્યું જાય છે. અજ્ઞાનીને રાગ અને જ્ઞાન વચ્ચે અભેદબુદ્ધિ (એકત્વબુદ્ધિ) છે તે મિથ્યાજ્ઞાન છે, જ્ઞાનીએ પ્રજ્ઞાછીણી વડે રાગ અને જ્ઞાનને જુદાં ઓળખ્યા છે-તે સમ્યગ્જ્ઞાન છે. જ્ઞાન જ મોક્ષનો ઉપાય છે અને જ્ઞાન જ મોક્ષ છે. જે સમ્યગ્જ્ઞાન સાધકપદશાપણે હતું તે જ સમ્યગ્જ્ઞાન વધીને સાધ્યદશારૂપે થાય છે. આ રીતે જ્ઞાન જ સાધક-સાધ્ય છે. આત્માને પોતાના મોક્ષ માટે પોતાના ગુણ સાથે સંબંધ હોય કે પરદ્રવ્યો સાથે હોય ? આત્માને પોતાના જ્ઞાન સાથે જ સંબંધ છે, પરદ્રવ્ય સાથે આત્માના મોક્ષનો સંબંધ નથી. આત્મા પરથી તો છૂટો છે જ, પણ અહીં તો વિકારથી પણ છૂટો-એમ અંતરમાં ભેદજ્ઞાન કરાવે છે. વિકારથી આત્માનો ભેદ પાડવો તે જ વિકારના નાશનો

ઉપાય છે. રાગની ક્રિયા મારા સ્વભાવમાં નથી એમ સ્વભાવ સામર્થ્યનો સમ્યગ્જ્ઞાન વડે સ્વીકાર કર્યો ત્યાં વિકારનો જ્ઞાતા જ થઈ ગયો. જેમ પર્વતમાં વીજળી પડતા તિરાડ પડી જાય તેમ પ્રજ્ઞારૂપી છીણી પડતાં સ્વભાવ અને વિકાર વચ્ચે તિરાડ પાડીને જ્ઞાન સ્વમાં વળ્યું, અનાદિનું ઊંધું પરિણમન હતું તે અટકીને હવે સ્વભાવ તરફનું પરિણમન શરૂ થયું. અહો! આમાં સ્વભાવનો અનંત પુરુષાર્થ છે.

(૧૮)

[૧]અહીં કોઈ પૂછે કે જીવને ક્રોધ ક્રમબદ્ધ થવાનો હતો માટે થયો?

સમાધાન :- આ ક્રોધ થવાનો હતો તે થયો-એમ નિર્ણય કરનાર કોણ છે? ક્રોધ ક્ષણિક છે ને આત્મા શાંતસ્વભાવી છે તે સન્મુખ દૃષ્ટિ કરનાર 'આ ક્રોધ થવાનો હતો તો થયો'-એમ કહી શકે. તેની દૃષ્ટિ વર્તમાન પર્યાય ઉપર નથી - જ્ઞાયકસ્વભાવ ત્રિકાળી છે તેના નિર્ણય વિના 'આ ક્રોધ થવાનો હતો તે થયો' એ નિર્ણય કરી શકે નહિ.

(૧૯)

[૨]અલૌકિક નિશ્ચયની વાત બહાર આવી ત્યારે કેટલાક લોકો એવા સ્વચ્છંદી થયા કે અમારો અશુભ-રાગનો પર્યાય ક્રમબદ્ધ થવાનો છે માટે થાય છે એમ માની સ્વચ્છંદને સેવે છે. સત્સમાગમનો વ્યવહારે પણ ઉત્સાહ રહ્યો નથી. સ્વભાવની દૃષ્ટિ કર્યા વિના રાગના ટાણે રાગ આવે છે એમ કહેનારો સ્વચ્છંદ સેવે છે. ક્રમબદ્ધપર્યાયના નિર્ણયવાળાને જ્ઞાનસ્વભાવ ઉપર દૃષ્ટિ છે, બીજા ઉપર દૃષ્ટિ નથી, પર્યાય ઉપર દૃષ્ટિ નથી. વળી કેટલાક ક્રમબદ્ધને એકાંત નિયત કહે છે તે પણ મિથ્યાદૃષ્ટિ છે.

વળી નિયમબદ્ધ અવસ્થાની વાત કરો ત્યારે કોઈ કહે કે 'અમોને સ્વાધ્યાયનો વિકલ્પ આવવા ટાણે આવશે' એમ કહી ઊલટો દિગ્મૂઢ થાય છે, પોતાના સ્વચ્છંદને પોષવા માગે છે. વળી કોઈ કહે કે દેવ-ગુરુ-શાસ્ત્રનો નિર્ણય થવાનો હશે તો થશે તે પણ મૂઢ છે. અરે! તારા આત્માનો નિર્ણય થયો હોય તો દેવ-ગુરુ-શાસ્ત્રનો નિર્ણય હોવો જોઈએ.

અનુભવપ્રકાશમાં કહ્યું છે કે : 'તારી હરામજાદીએ ભવ ઊભા કર્યા છે.' ચૈતન્યતત્ત્વને નહિ ઓળખતા ઊંધે રસ્તે દોરાઈ ગયો છે. રાગ ટાણે રાગ આવશે એમ કહેનારનું લક્ષ ક્યાં

૧. સદ્‌ગુરુ પ્રસાદ-મોક્ષમાર્ગ પ્રકાશક (૧૯૫૧-૧૯૫૨) ભાગ-૧, પેજ-૧૬૮

૨.સદ્‌ગુરુપ્રસાદ-મોક્ષમાર્ગ પ્રકાશક (૧૯૫૧-૧૯૫૨) ભાગ-૨, પેજ-૪૩૫

છે? અપેક્ષા કઈ છે? તે યથાર્થ જાણવું જોઈએ. પ્રથમ વ્યવહારથી સ્વાધ્યાયનો ઉત્સાહ હતો તે ક્રમબદ્ધના બહાને સ્વચ્છંદ સેવતા તે ઉત્સાહ પણ ચાલ્યો ગયો.

(૨૦)

[૧]પ્રશ્ન :- વિકાર તો ક્રમબદ્ધ થાય છે ને?

ઉત્તર :- આવું કહેનાર કોની દૃષ્ટિ અને મુખ્યતા રાખીને કહે છે? નિત્ય, જ્ઞાતા દૃષ્ટા, શુદ્ધ દ્રવ્ય ઉપર જેની દૃષ્ટિ છે તેને ક્ષણિક નબળાઈથી રાગ થયો તેને ભૂમિકા અનુસાર ક્રમબદ્ધ કહેવાય છે. રાગ થયો કે રાગનો અભાવ થયો તે ક્રમબદ્ધ છે એમ કહેવાનો અધિકાર કોને છે કે તે દ્રવ્ય સ્વભાવ નિર્મળ છે, તેમાં તો રાગ છે નહિ એમ શુદ્ધ સ્વરૂપની રુચિમાં ભળીને ત્યાં જ દૃષ્ટિ ને મુખ્ય કરે ને તેથી વિકાર ક્ષણે ક્ષણે ઘટે પછી અલ્પ વિકાર રહ્યો તેની હેયબુદ્ધિ વર્તે છે. તે ક્રમબદ્ધની વાત જ્ઞાતા રહીને કરે છે. પણ સ્વચ્છંદી ક્રમબદ્ધની માત્ર વાતો કરે તો તે યથાર્થ નથી.

૧. સદ્‌ગુરુપ્રસાદ-સમયસાર-૯ (૧૯૫૦-૧૯૫૨), પ્રસાદ નં.૧૬૫, કળશ-૧૧૧, પેજ-૮૫



## (૪)
## અનાદિથી ક્રમબદ્ધપર્યાય થયા કરતી હોવા છતા હજી નિર્મળ પર્યાય કેમ ના થઈ ?

(૨૧)

[૧]પ્રશ્ન :- આ ક્રમબદ્ધપર્યાય ક્યારની ચાલે છે?

ઉત્તર :- અનાદિથી ચાલે છે. જેમ દ્રવ્ય અનાદિ છે તેમ તેની પર્યાયનો ક્રમ પણ અનાદિથી ચાલી જ રહ્યો છે. જેટલા ત્રણ કાળના સમયો છે તેટલી જ દરેક દ્રવ્યની પર્યાયો છે.

પ્રશ્ન :- અનાદિથી ક્રમબદ્ધપર્યાય થયા કરતી હોવા છતાં હજી નિર્મળ પર્યાય કેમ ન થઈ ?

ઉત્તર :- બધા જીવોને અનાદિથી ક્રમબદ્ધપર્યાય થતી હોવા છતાં જ્ઞાયક તરફના સવળા પુરુષાર્થ વગર નિર્મળ પર્યાય થઈ જાય એમ કદી બનતું નથી. ઊંધો પુરુષાર્થ હોય ત્યાં ક્રમબદ્ધપર્યાય પણ વિકારી જ હોય છે. અજ્ઞાનીને જ્ઞાયકસ્વભાવના ભાન વગર ક્રમબદ્ધપર્યાયની સાચી પ્રતીત નથી અને જ્ઞાયકસ્વભાવના પુરુષાર્થ વગર નિર્મળ પર્યાય થતી નથી. જ્ઞાનીને પોતાના જ્ઞાયકસ્વભાવની પ્રતીત થતાં ક્રમબદ્ધપર્યાયની પણ સાચી પ્રતીત છે અને જ્ઞાયકસ્વભાવ સન્મુખના પુરુષાર્થ વડે તેને નિર્મળ ક્રમબદ્ધપર્યાય થાય છે. આ રીતે જ્ઞાયકસ્વભાવ સન્મુખનો પુરુષાર્થ કરવાનો આ ઉપદેશ છે. આવું સમજે તે જ ક્રમબદ્ધપર્યાય સમજ્યો છે.

(૨૨)

[૨]આત્મા જ્ઞાયકસ્વરૂપ...સમભાવી સૂર્ય છે, એવા સ્વભાવને જે જાણતો નથી ને સ્વછંદી થઈને મિથ્યાત્વની વિષમબુદ્ધિથી કર્તાપણું માને છે-પરમાં આડુંઅવળું કરવા માંગે છે તેણે ખરેખર જીવને માન્યો નથી, જ્ઞાયકસ્વરૂપ જીવતત્ત્વને તેણે જાણ્યું નથી. કર્તાપણું

૧. આત્મધર્મ એ-૧૩૪-૧૩૫; નવે.-ડિસે. જાન્યુ.-૧૯૫૪-૫૫, પેજ-૮૮ (સમયસાર)
૨. યોગસાર પ્રવચન ભાગ-૧, પેજ-૨૭૦

માનીને ક્યાંય પણ ફેરફાર કરવા ગયો ત્યાં પોતે જ્ઞાતાપણે ન રહ્યો ને ક્રમબદ્ધપર્યાય જ્ઞેયપણે છે તેને પણ ન માની એટલે અકર્તા-સાક્ષીસ્વરૂપ જ્ઞાયક જીવતત્ત્વ તેની દૃષ્ટિમાં ન રહ્યું. જ્ઞાયકસ્વભાવ ઉપર જેની દૃષ્ટિ છે તે જ્ઞાતા છે-અકર્તા છે અને નિર્મળ ક્રમબદ્ધપર્યાયપણે તે ઊપજે છે; જ્ઞાતાસ્વભાવ ઉપર જેની દૃષ્ટિ નથી ને પર સાથે નિમિત્ત-નૈમિત્તિક સંબંધ ઉપર જ જેની દૃષ્ટિ છે તેને ઊંધી દૃષ્ટિમાં ક્રમબદ્ધપર્યાય અશુદ્ધ થાય છે. આ રીતે દૃષ્ટિ ફેરવવાની આ વાત છે. પરની દૃષ્ટિ છોડીને જ્ઞાયકસ્વભાવની દૃષ્ટિ કરવાની આ વાત છે. એવી દૃષ્ટિ પ્રગટ કર્યા વગર આ વાત યથાર્થપણે સમજાય તેવી નથી.

(૨૩)

[૧]શ્રોતા :- આત્માની દૃષ્ટિ કરવા ધારે ત્યારે થાય કે જ્યારે થવાની હોય ત્યારે થાય ?

પૂજ્ય ગુરુદેવશ્રી :- જ્યારે આત્માની દૃષ્ટિ કરવા ધારે ત્યારે થાય પણ એ થવાની હોય ત્યારે જ થાય છે. જ્યારે કરવા ધારે ત્યારે થાય એટલે સ્વભાવસન્મુખનો પુરુષાર્થ કરે ત્યારે કાળલબ્ધિ આદિ પાંચે સમવાય સાથે જ હોય, કાળલબ્ધિનો નિર્ણય કરનારો પુરુષાર્થ જાગે ત્યારે નિર્ણય થાય.

(૨૪)

[૨]પર્યાય ક્રમબદ્ધ હોવા છતાં, પુરુષાર્થવાળાને જ સમ્યગ્દર્શનાદિ નિર્મળપર્યાય થાય છે.

જુઓ, આમાં આત્માના જ્ઞાયકસ્વભાવના પુરુષાર્થની વાત છે. 'ક્રમબદ્ધપર્યાય'નો એવો અર્થ નથી કે જીવ ગમે તેવા કુધર્મને માનતો હોય છતાં તેને સમ્યગ્દર્શન થઈ જાય. અથવા ગમે તેવા તીવ્ર વિષય-કષાયોમાં વર્તતો હોય કે એકેન્દ્રિયાદિ પર્યાયમાં વર્તતો હોય છતાં તેને પણ ક્રમબદ્ધપણે તે પર્યાયમાં સમ્યગ્દર્શનાદિ થઈ જાય એમ કદી બનતું નથી. જે કુધર્મને માને છે, તીવ્ર વિષય-કષાયમાં વર્તે છે કે એકેન્દ્રિયાદિમાં પડ્યા છે તેને ક્યાં પોતાના જ્ઞાનસ્વભાવની કે ક્રમબદ્ધપર્યાયની ખબર છે? પર્યાય ક્રમબદ્ધ હોવા છતાં શુદ્ધસ્વભાવના પુરુષાર્થ વિના શુદ્ધપર્યાય કદી થતી નથી. જ્ઞાનસ્વભાવની પ્રતીતનો અપૂર્વ પુરુષાર્થ કરે તેને જ સમ્યગ્દર્શનાદિ નિર્મળ પર્યાય ક્રમબદ્ધ થાય છે અને જે તેવો પુરુષાર્થ નથી કરતો તેને ક્રમબદ્ધ મલિન પર્યાય થાય છે. પુરુષાર્થ વગર જ અમને સમ્યગ્દર્શનાદિ

૧. પૂજ્ય ગુરુદેવશ્રીના વચનામૃત ૨. જ્ઞાનસ્વભાવ-જ્ઞેયસ્વભાવ, બોલ-૩૯

નિર્મળ દશા થઈ જશે એમ કોઈ માને તો તે ક્રમબદ્ધપર્યાયનું રહસ્ય સમજ્યો જ નથી. જે જીવ કુદેવને માને છે, કુગુરુને માને છે, કુધર્મને માને છે, સ્વચ્છંદપણે તીવ્ર કષાયોમાં વર્તે છે એવા જીવને ક્રમબદ્ધપર્યાયની શ્રદ્ધા જ થઈ નથી. ભાઈ ! તારા જ્ઞાનસ્વભાવના પુરુષાર્થ વગર તે ક્રમબદ્ધપર્યાયને ક્યાંથી જાણી ? જ્યાં સુધી કુદેવ-કુધર્મ વગેરેને માને ત્યાં સુધી તેની ક્રમબદ્ધપર્યાયમાં સમ્યગ્દર્શનની લાયકાત થઈ જાય એમ બને નહિ. સમ્યગ્દર્શનની લાયકાતવાળા જીવને તેની સાથે જ્ઞાનનો વિકાસ, સ્વભાવનો પુરુષાર્થ વગેરે પણ યોગ્ય જ હોય છે. એકેન્દ્રિયપણું વગેરે પર્યાયમાં તે પ્રકારના જ્ઞાન, પુરુષાર્થ વગેરે હોતાં નથી એવો જ તે જીવની પર્યાયનો ક્રમ છે. અહીં તો એ વાત છે કે પુરુષાર્થ વડે જેણે જ્ઞાનસ્વભાવની પ્રતીત કરી તેને સમ્યગ્દર્શન થયું, એટલે પરનો તેમ જ રાગાદિનો તે અકર્તા થયો અને તેણે જ ક્રમબદ્ધપર્યાયને ખરેખર જાણી છે. હજી તો કુદેવ અને સુદેવનો નિર્ણય કરવાની પણ જેના જ્ઞાનમાં તાકાત નથી તે જીવમાં જ્ઞાયકસ્વભાવનો ને અનંત ગુણોની ક્રમબદ્ધ-પર્યાયનો નિર્ણય કરવાની તાકાત તો ક્યાંથી હોય ? ને યથાર્થ નિર્ણય વગર ક્રમબદ્ધપર્યાયમાં શુદ્ધતા થાય એમ બનતું નથી.


(૨૫)

[૧]ક્રમબદ્ધપર્યાયમાં શુદ્ધતાનો ક્રમ ક્યારે ચાલુ થાય?

પ્રથમ તો જીવની વાત કરી કે જીવ પોતાના અનંત ગુણોના પરિણામોથી ક્રમબદ્ધ નિયમિતપણે ઊપજે છે અને તે પરિણામમાં અનન્યપણે તે જીવ જ છે, અજીવ નથી. આમાં દ્રવ્ય-ગુણ ને પર્યાય ત્રણે આવી ગયા. પોતાના અનાદિ-અનંત પરિણામોમાં ક્રમબદ્ધપણે ઊપજતો જ્ઞાયકસ્વભાવી જીવ કોઈ પરના કાર્યમાં કારણ નથી અને કોઈ પર તેના કાર્યમાં કારણ નથી. કોઈને કારણે કોઈની અવસ્થાના ક્રમમાં ફેરફાર થાય એમ બનતું નથી. ‘હું જ્ઞાયક છું’ એવી સ્વભાવસન્મુખ દૃષ્ટિ થતાં ધર્મીને ક્રમબદ્ધપર્યાય નિર્મળપણે પરિણમવા લાગે છે, પરંતુ પર્યાયને આઘીપાછી ફેરવવા ઉપર તેની દૃષ્ટિ નથી. આ રીતે જ્ઞાયકસ્વભાવની દૃષ્ટિનો પુરુષાર્થ થતાં ક્રમબદ્ધપર્યાયમાં શુદ્ધતાનો ક્રમ ચાલુ થઈ જાય છે.

૧. જ્ઞાનસ્વભાવ-જ્ઞેયસ્વભાવ, બોલ-૬૨

# (૫)




# ક્રમબદ્ધથી પુરુષાર્થ સિદ્ધ થાય છે કે સ્વચ્છંદપણું?

(૨૬)

[૧]પ્રશ્ન :- જો બધું જ ક્રમબદ્ધ છે અને તેમાં જીવ કાંઈ જ ફેરફાર ન કરી શકે તો પછી જીવમાં પુરુષાર્થ ક્યાં રહ્યો?

ઉત્તર :- બધું ક્રમબદ્ધ છે એવા નિર્ણયમાં જ જીવનો અનંત પુરુષાર્થ સમાણો છે, પરનું ફેરફાર કરવું તે કાંઈ આત્માના પુરુષાર્થનું કાર્ય નથી. ભગવાન જગતનું બધું માત્ર જાણે જ છે પરંતુ તેઓ પણ કાંઈ ફેરવી ન શકે તો તેથી શું ભગવાનનો પુરુષાર્થ પરિમિત (હદવાળો) થઈ ગયો? નહિ, નહિ, ભગવાનનો અનંત-અપરિમિત પુરુષાર્થ પોતાના જ્ઞાનમાં સમાણો છે. ભગવાનનો પુરુષાર્થ સ્વમાં છે, પરમાં નહિ; પુરુષાર્થ તે જીવ દ્રવ્યની પર્યાય છે તેથી તેનું કાર્ય જીવની જ પર્યાયમાં આવે પણ જીવના પુરુષાર્થનું કાર્ય પરમાં ન આવે.

સમ્યગ્દર્શન અને કેવળજ્ઞાનદશા આત્માના પુરુષાર્થ વગર થાય એમ જે માને તે મિથ્યાદષ્ટિ છે. જ્ઞાની તો ક્ષણે ક્ષણે સ્વભાવની પૂર્ણતાના પુરુષાર્થની ભાવના કરે છે; અહો! જેમને પૂરો જ્ઞાયકસ્વભાવ ઉઘડી ગયો તે કેવળજ્ઞાની છે, તેમના જ્ઞાનમાં બધું એક સાથે જણાય છે આવી પ્રતીતિ કરતાં પોતે પણ સ્વદષ્ટિથી જોનાર જ રહ્યો, જ્ઞાન સિવાય પરનું કર્તૃત્વ કે રાગાદિ એ બધું અભિપ્રાયમાંથી ટળી ગયું; આવી દ્રવ્યદષ્ટિના જોરે જ્ઞાનની પૂર્ણતાની ભાવનાથી વસ્તુસ્વરૂપ ચિંતવે છે. આ ભાવના જ્ઞાનીની છે, અજ્ઞાની મિથ્યાદષ્ટિની આ ભાવના નથી કેમકે મિથ્યાદષ્ટિ જીવ તો પરનું કર્તૃત્વ માને છે. કર્તાપણાની માન્યતાવાળો જીવ જ્ઞાતાપણાની યથાર્થ ભાવના કરી શકે નહિ, કેમકે કર્તાપણાને અને જ્ઞાતાપણાને પરસ્પર વિરોધ છે.

'સર્વજ્ઞ ભગવાને પોતાના કેવળજ્ઞાનમાં જેમ જોયું હોય તેમ જ થાય, આપણે તેમાં

૧. આત્મધર્મ-એ-૦૨૮, ફેબ્રુ. ૧૯૪૬, પેજ-૮૩ (સ્વામીકાર્તિકેયાનુપ્રેક્ષા, ગાથા-૩૨૧-૩૨૩)

કાંઈ ફેરફાર ન કરી શકીએ, તો પછી તેમાં પુરુષાર્થ રહેતો નથી.' આમ જે માને છે તે અજ્ઞાની છે. હે ભાઈ ! તું કોના જ્ઞાનથી વાત કરે છે? તારા જ્ઞાનથી કે બીજાના જ્ઞાનથી ? જો તું તારા જ્ઞાનથી જ વાત કરે છે તો પછી જે જ્ઞાને સર્વજ્ઞનો અને બધા દ્રવ્યોની અવસ્થાનો નિર્ણય કરી લીધો તે જ્ઞાનમાં સ્વદ્રવ્યનો નિર્ણય ન હોય એ બને જ કેમ ? સ્વદ્રવ્યનો નિર્ણય કરનાર જ્ઞાનમાં અનંત પુરુષાર્થ છે.

વળી તારી દલીલમાં 'સર્વજ્ઞભગવાને પોતાના કેવળજ્ઞાનમાં જેમ જોયું હોય તેમ થાય' એમ કહ્યું છે તો તે માત્ર વાત કરવા માટે કહ્યું છે કે તને સર્વજ્ઞના કેવળજ્ઞાનનો નિર્ણય છે? પ્રથમ તો, જો કેવળજ્ઞાનનો તને નિર્ણય ન હોય તો પહેલાં તે નિર્ણય કર, અને જો સર્વજ્ઞના નિર્ણયપૂર્વક તું કહેતો હોય તો, સર્વજ્ઞ ભગવાનના કેવળજ્ઞાનનો નિર્ણય કરનાર જ્ઞાનમાં અનંત પુરુષાર્થ આવી જ જાય છે. સર્વજ્ઞનો નિર્ણય કરવામા જ્ઞાનનું અનંત વીર્ય કામ કરે છે છતાં તેની ના પાડીને તું કહે છે કે 'ક્રમબદ્ધપર્યાયમાં પુરુષાર્થ ક્યાં આવ્યો?' તો તને પૂર્ણ કેવળજ્ઞાનના સ્વરૂપની જ શ્રદ્ધા થઈ નથી, તેમ કેવળજ્ઞાનને કબૂલવાનો અનંત પુરુષાર્થ તારામાં પ્રગટ્યો નથી. કેવળજ્ઞાનને કબૂલવામાં અનંત પુરુષાર્થની અસ્તિ આવે છે છતાં કબૂલતો નથી તો તું માત્ર વાતો જ કરે છે પણ તને સર્વજ્ઞનો નિર્ણય થયો નથી; જો સર્વજ્ઞનો નિર્ણય હોય તો પુરુષાર્થની અને ભવની શંકા ન હોય; સાચો નિર્ણય આવે અને પુરુષાર્થ ન આવે તેમ બને જ નહિ.

(૨૭)

[૧]પ્રશ્ન :- વસ્તુની પર્યાય ક્રમબદ્ધ જ છે ત્યારે પુરુષાર્થ કરવાનો ન રહ્યો ને?

ઉત્તર :- ક્રમબદ્ધ પર્યાયની શ્રદ્ધા કોણે કરી ? ક્રમબદ્ધ પર્યાયની શ્રદ્ધા શા વડે કરી ? ક્રમબદ્ધની શ્રદ્ધા કરનાર જીવ બધાય પદાર્થોથી ઉદાસ થઈ ગયો અને પરનું લક્ષ છોડીને જ્ઞાનને સ્વમાં એકાગ્ર કર્યું. હવે સ્વ વસ્તુમાં પણ ક્રમબદ્ધ પર્યાય જ છે, તે સ્વની ક્રમબદ્ધ પર્યાય ક્યાંથી આવે છે? પર્યાયમાંથી આવતી નથી પણ વસ્તુમાંથી આવે છે, તેથી વસ્તુદૃષ્ટિ થઈ. વસ્તુદૃષ્ટિ થયા વગર ક્રમબદ્ધ પર્યાયની શ્રદ્ધા હોય નહિ.

ક્રમબદ્ધ પર્યાયની શ્રદ્ધા થતાં પરમાંથી તો ઉદાસ જ થઈ ગયો-જ્ઞાતા જ રહી ગયો, હવે સ્વની જે ક્રમબદ્ધ પર્યાય થાય છે તે સ્વભાવમાંથી જ આવે છે અને સ્વભાવમાં વિકાર

૧. આત્મધર્મ-એ-૦૩૦, માર્ચ-એપ્રિલ. ૧૯૪૬, પેજ-૧૧૧ (સમયસાર)

નથી માટે વિકાર તે મારું સ્વરૂપ નથી; આ રીતે વિકારરહિત વસ્તુસ્વભાવની જેને શ્રદ્ધા થઈ તેને જ ક્રમબદ્ધપર્યાયની વાત બેઠી છે અને તેમાં જ અનંત પુરુષાર્થ છે.

એક ક્રમબદ્ધપર્યાયના સિદ્ધાંતમાંથી જ આત્મા આખો ભગવાન સિદ્ધ થાય છે. એક ક્રમબદ્ધપર્યાયના સિદ્ધાંતને જાણતાં તેમાં બધું આવી જાય છે. 'ક્રમબદ્ધ' કહેતાં અનેક પર્યાય લક્ષમાં આવે છે એટલે બધી પર્યાયોનો પિંડ તે વસ્તુ છે તેમાંથી જ પર્યાય પ્રગટે છે એમ પ્રતીત કરતાં પર પદાર્થ ઉપર કે વિકાર ઉપર કે પર્યાય ઉપર દૃષ્ટિ ન રહી, પણ વસ્તુ ઉપર દૃષ્ટિ ગઈ. વસ્તુ દૃષ્ટિમાં અનંત વીર્ય આવે છે અને તે જ વીર્ય આગળ વધીને પૂરું થતાં કેવળજ્ઞાન થાય છે.

ક્રમબદ્ધ પર્યાયની શ્રદ્ધા કરવામાં કેટલું વીર્ય આવ્યું? જગતના જેટલા પદાર્થો છે તે બધાયની પર્યાય ક્રમબદ્ધ થાય છે, તે કોઈ પદાર્થોનું હું કાંઈ ન કરું, અને મારી પર્યાય મારા દ્રવ્યમાંથી ક્રમબદ્ધ થાય છે માટે મારે કોઈ પરદ્રવ્યનો આધાર નહિ; બસ, આ ભેદવિજ્ઞાન પ્રગટી ગયું.

મારી પર્યાયનો આધાર દ્રવ્ય છે એમ જેને દ્રવ્યદૃષ્ટિ થઈ તેણે (૧) પરથી પોતાને જુદો જાણ્યો (૨) વિકારથી મારી પર્યાય પ્રગટતી નથી એમ જાણ્યું અને (૩) સ્વભાવદૃષ્ટિ થતાં ઊણીદશા જેટલો પણ હું નહિ એમ પૂરા સ્વભાવનું જ જોર આવ્યું. પૂરા સ્વભાવના જોરે અલ્પકાળમાં કેવળજ્ઞાન થાય જ; માટે ક્રમબદ્ધ પર્યાયની પ્રતીતમાં તો કેવળજ્ઞાન લેવાનો પુરુષાર્થ સમાયેલો છે.

આ વાત સ્વભાવની છે, સ્વભાવથી જ આ વાત બેસે તેમ છે, કુતર્કથી બેસે તેમ નથી. સ્વભાવના પરિણમનમાં જો આ વાત ન બેસે અને ન રુચે તો સ્વની દૃઢતામાં પુરુષાર્થ વળ્યો નથી; પુરુષાર્થ જ્યારે સ્વની દૃઢતામાં ન વળ્યો ત્યારે તે ક્યાંક પરની રુચિમાં અટક્યો છે એટલે તેને ભવની શંકા રહે જ છે. સ્વભાવની ક્રમબદ્ધ પર્યાયની પ્રતીતમાં મોક્ષની નિઃસંદેહ ખાતરી થઈ જાય છે કેમકે સ્વભાવના પરિણમનથી જ મોક્ષ થાય છે.

(૨૮)

[૧]પ્રશ્ન :- જેને પુરુષાર્થ કરવો નથી એ ક્રમબદ્ધમાં થવું હશે તેમ થશે તેમ માનીને પ્રમાદમાં પડ્યો રહેશે?

ઉત્તર :- અરે ભાઈ ! ક્રમબદ્ધના નિર્ણયમાં અકર્તાવાદનો અનંતો પુરુષાર્થ થાય છે. અનંતો પુરુષાર્થ થયા વિના ક્રમબદ્ધ માની શકતો નથી. ક્રમબદ્ધનો સિદ્ધાંત એવો છે કે તે બધા વિરોધને તોડી નાખનારો છે. ક્રમબદ્ધમાં જ્ઞાતાપણાનો-અકર્તાપણાનો પુરુષાર્થ છે. રાગને ફેરવવો તો નથી પણ પર્યાયને કરવી કે ફેરવવી નથી. બસ જાણે... જાણે... ને જાણે, સમયસાર ગાથા ૩૨૦માં કહ્યું છે ને કે બંધ મોક્ષને પણ કરતો નથી, જાણે જ છે. ક્રમબદ્ધના નિર્ણયવાળાનું લક્ષ દ્રવ્ય ઉપર છે. દ્રવ્ય ઉપર લક્ષવાળો જ્ઞાતા છે તેને ક્રમબદ્ધના કાળમાં રાગાદિ આવે છે પણ તેના ઉપર લક્ષ નથી, તેથી તે રાગાદિનો જાણનાર જ છે.

એક ક્રમબદ્ધને સમજે તો બધા ફેંસલા-ખુલાસા થઈ જાય. નિમિત્તથી થાય નહિ પર્યાય આડી-અવળી થાય નહિ અને થયા વિના રહે નહિ. પોતાની પર્યાયનો પણ અકર્તા થઈ જાય. ક્રમબદ્ધનું તાત્પર્ય વીતરાગતા છે.

(૨૯)

[૨]પ્રશ્ન :- પર્યાય તો વ્યવસ્થિ જ થવાની છે એટલે પુરુષાર્થની પર્યાય તો જ્યારે તેનો પ્રગટવાનો કાળ આવશે ત્યારે જ પ્રગટશે એટલે હવે કરવાનું શું રહે છે?

ઉત્તર :- વ્યવસ્થિત પર્યાય છે એમ જાણ્યું ક્યાંથી ? વ્યવસ્થિત પર્યાય દ્રવ્યમાં છે તો તેને દ્રવ્ય ઉપર દૃષ્ટિ કરવાની છે. પર્યાયના ક્રમ ઉપર દૃષ્ટિ રાખવાની નથી પણ ક્રમસર પર્યાય જેમાંથી પ્રગટે છે એવા દ્રવ્યસામાન્ય ઉપર જ એને દૃષ્ટિ કરવાની છે. સામાન્ય ઉપરની દૃષ્ટિમાં અનંત પુરુષાર્થ આવે છે. ક્રમબદ્ધના સિદ્ધાંતથી અકર્તાપણું સિદ્ધ થાય છે, ક્રમ સામે જોવાનું નથી.

(૩૦)

[૩]પ્રશ્ન :- જ્યારે આત્મા જ્ઞાયક જ છે, તો પછી તેમાં કરવાનું શું?

ઉત્તર :- ભાઈ ! તું જ્ઞાયક જ છો એમ નિર્ણય લાવ ! જ્ઞાયક જ છો પણ એ

૧. જ્ઞાનગોષ્ઠી બોલ-૫૭૪ ૨. જ્ઞાનગોષ્ઠી બોલ-૫૮૨ ૩. જ્ઞાનગોષ્ઠી બોલ-૫૮૧

જ્ઞાયકનો નિર્ણય કરવાનો છે

પુરુષાર્થ કરું... કરું... પણ એ પુરુષાર્થ તો દ્રવ્યમાં ભર્યો છે તો એ દ્રવ્ય ઉપર લક્ષ જાય ત્યાં પુરુષાર્થ પ્રગટે છે, પણ એને કરું... કરું... કરીને કાંઈક નવીન કાર્ય કરવું છે. પણ જ્યારે દ્રવ્ય ઉપર લક્ષ જાય છે ત્યારે બધું જેમ છે તેમ છે તેમ જાણે છે. પરનું તો કાંઈ પલટાવવું નથી અને સ્વનું પણ કાંઈ પલટાવવું નથી. સ્વનો નિર્ણય કરતાં દિશા જ પલટી જાય છે.

(૩૧)

[૧]પ્રશ્ન :- પર્યાય તો ક્રમબદ્ધ થાય છે ને તો પછી પુરુષાર્થ કરવાનું કેમ કહો છો!!

ઉત્તર :- અરે ભાઈ, ક્રમબદ્ધપર્યાયના નિર્ણયવાળાને પણ પુરુષાર્થ તો ભેગો જ છે. ક્રમબદ્ધપર્યાયના નિર્ણયને અને પ્રયત્નને કાંઈ વિરોધ નથી, અર્થાત્ ક્રમબદ્ધપર્યાય માની માટે હવે પુરુષાર્થ ન રહ્યો-એમ નથી. પર્યાય ક્રમબદ્ધ થાય છે-એ વાત તો એમ જ છે,- પણ તે ક્રમબદ્ધપર્યાય શું પુરુષાર્થ વગર થાય છે? ભાઈ, ક્રમબદ્ધપર્યાયનો સાચો નિર્ણય પણ જ્ઞાનસ્વભાવસન્મુખના પુરુષાર્થ વડે જ થાય છે, ને મોક્ષનો માર્ગ પણ તે જ પ્રયત્નપૂર્વક સાધ્ય છે.

(૩૨)

[૨]ભલે, પર્યાય ક્રમબદ્ધ થાય છે પણ પુરુષાર્થ વગર પર્યાય થતી નથી. જે તરફનો પુરુષાર્થ કરે તે તરફની ક્રમબદ્ધ પર્યાય થાય. કોઈ પૂછે કે આમાં તો નિયત આવ્યું ને? તો ઉત્તર-ભાઈ ! ત્રણેકાળની નિયત પર્યાયનો નિર્ણય કરનાર કોણ છે? જેણે ત્રણેકાળની પર્યાય નક્કી કરી તેણે દ્રવ્ય જ નક્કી કર્યું છે. પર લક્ષે સ્વનું નિયત માને તો તે એકાંતવાદી વાતોડિયો છે અને પોતાના સ્વભાવના લક્ષે સ્વભાવમાં પોતે ભળીને-સ્વભાવની એક્તા કરીને, રાગ ટાળીને જે જ્ઞાયક થઈ ગયો છે તેને તો પોતાના સ્વભાવના પુરુષાર્થમાં નિયત સમાઈ જાય છે. સ્વભાવનો પુરુષાર્થ છે ત્યાં નિયમથી મોક્ષ છે એટલે પુરુષાર્થમાં જ નિયત આવી જાય છે, જ્યાં પુરુષાર્થ નથી ત્યાં મોક્ષપર્યાયનું નિયત પણ નથી.

---

૧. આત્મધર્મ એ-૧૪૫, નવે.-ડિસે.૧૯૫૫, પેજ-૧૦ (ભાવ પ્રબોધ ગાથા)

૨. આત્મધર્મ એ-૦૨૮, ફેબ્રુ.૧૯૪૬, પેજ-૮૯ (સ્વામીકાર્તિકેયાનુપ્રેક્ષા, ગાથા-૩૨૧-૩૨૩)

(૩૩)

[1]ઘણાને એમ પ્રશ્ન ઊઠે છે કે દ્રવ્યની પર્યાયો તો ક્રમબદ્ધ જ થાય છે-એમ આપ કહો છો, તો તેમાં પુરુષાર્થ ક્યાં આવ્યો? -તેનું સમાધાન :- જુઓ ભાઈ ! દ્રવ્યની ક્રમબદ્ધ પર્યાયો થાય છે એમ જેણે નક્કી કર્યું તેણે એમ પણ નક્કી કર્યું જ છે કે તે પર્યાયો દ્રવ્યમાંથી આવે છે, બહારથી નથી આવતી; એટલે એમ નક્કી કરનારની દૃષ્ટિ બહારમાં નથી રહેતી પણ અંતરમાં પોતાના દ્રવ્ય ઉપર તેની દૃષ્ટિ જાય છે. અને દ્રવ્યમાં તો સંકોચ વગરનો વિકાસ થવાનો સ્વભાવ છે તેથી તે દ્રવ્યની દૃષ્ટિના જોરે પર્યાયમાં ક્રમબદ્ધ વિકાસ જ થતો જાય છે. આ રીતે ક્રમબદ્ધ પર્યાયના નિર્ણયમાં દ્રવ્યદૃષ્ટિ અને મોક્ષમાર્ગનો અપૂર્વ પુરુષાર્થ આવી જાય છે.

(૩૪)

[2]કોઈ એમ કહે છે કે, આડીઅવળી પર્યાય તો થતી નથી અને પુરુષાર્થ જોઈએ છે એટલે શું? (પ્રત્યેક પર્યાય) ક્રમબદ્ધ તો થાય છે.

ઉત્તર : ક્રમબદ્ધમાં અકર્તાનો પુરુષાર્થ છે અને અકર્તાનો પુરુષાર્થ નાસ્તિથી છે. અસ્તિથી જ્ઞાતાનો પુરુષાર્થ છે. સમજાણું? ક્રમબદ્ધમાં જે સમયે જે દ્રવ્યની (જે) પર્યાય થાય, તે થાય. તે ક્રમબદ્ધમાં અકર્તા-અકર્તાપણાનો પુરુષાર્થ છે. એને અસ્તિથી જ્ઞાતાનો પુરુષાર્થ છે. અકર્તા એટલે કરવું નથી; આ કરવું, એવું નથી. એટલે જ્ઞાતાપણાનો પુરુષાર્થ છે. આહા..હા..હા..! આવી વાત છે.

'કેવળજ્ઞાન સુધી પુરુષાર્થ જ જોઈએ છે.' આ..હા..હા..! જાણનાર... જાણનાર... જાણનાર... જાગ્યો. એ જાણનાર, જાણનારપણે જ પુરુષાર્થ કરે છે. ચાહે તો ઉદય હોય એને જાણે, નિર્જરા થાય એને જાણે, બંધ થાય એને જાણે, મોક્ષ થાય એને જાણે. એ તો જ્ઞાતાનો પુરુષાર્થ જ ત્યાં વર્તે છે, થયા કરે છે, આ..હા..હા..!

(૩૫)

[3]ક્રમબદ્ધ પર્યાયનો નિર્ણય કે સર્વજ્ઞનો નિર્ણય પણ આવા શુદ્ધ દ્રવ્યના નિર્ણયથી જ

૧. આત્મધર્મ એ-૧૧૨, જાન્યુ.૧૯૫૩, પેજ-૭૬ (અસંકુચિત વિકાસત્વ શક્તિ)

૨. અમૃતપ્રવચન ભાગ-૧, બોલ-૭, પેજ-૨૭

૩. આત્મધર્મ એ૧૬૭, ઓગસ્ટ, સપ્ટે.૧૯૫૭, પેજ-૮ (એકત્વ અનેકત્વ શક્તિ)

થાય છે. જો કે પર્યાય તો પહેલાં પણ ક્રમબદ્ધ જ થતી હતી પણ અજ્ઞાનદશામાં તેનો નિર્ણય ન હતો, શુદ્ધદ્રવ્યના નિર્ણયપૂર્વક ક્રમબદ્ધ પર્યાયની પ્રતીતિ યથાર્થ થઈ અને શુદ્ધતાનો ક્રમ પણ તેને શરૂ થઈ ગયો. શુદ્ધ દ્રવ્ય તરફ વળીને જ્યાં ક્રમબદ્ધ પર્યાયનો યથાર્થ નિર્ણય કરે ત્યાં એકલી અશુદ્ધતાનો ક્રમ રહે-એમ બને નહિ. આ રીતે શુદ્ધ દ્રવ્યનો નિર્ણય, સ્વસન્મુખદષ્ટિ, સર્વજ્ઞનો નિર્ણય, ક્રમબદ્ધપર્યાયનો નિર્ણય, શુદ્ધપર્યાયના ક્રમની શરૂઆત, અપૂર્વ પુરુષાર્થ-એ બધુંય એક જ સાથે છે.

(૩૬)

[૧]અહા ! જુઓ તો ખરા ! ક્રમબદ્ધ પર્યાયના નિર્ણયમાં કેટલી ગંભીરતા છે! દ્રવ્યની પર્યાય પરથી ફરે એ તો વાત છે જ નહિ, પણ દ્રવ્ય પોતે પોતાની પર્યાયને આડીઅવળી ફેરવવા માગે તોય ફરે નહિ. જેમ ત્રિકાળી દ્રવ્ય પલટીને બીજારૂપે થઈ જતું નથી તેમ તેનો એકેક સમયનો અંશ-પરિણામ પણ પલટીને બીજારૂપે થતો નથી. 'મારે જીવ નથી રહેવું પણ અજીવ થઈ જવું છે.' એમ જીવને ફેરવીને કોઈ અજીવ કરવા માગે તો શું તે ફરી શકે? ન જ ફરે. જીવ પલટીને કદી અજીવપણે ન થાય, ને અજીવ પલટીને કદી જીવપણે ન થાય. જેમ ત્રિકાળી સત્ નથી ફરતું તેમ તેનું વર્તમાન સત્ પણ નથી ફરતું. જેમ ત્રિકાળી દ્રવ્ય ફરતું નથી તેમ દ્રવ્યની એકેક સમયની અનાદિઅનંત અવસ્થાઓ પણ જે સમયે જેમ છે તેમાં ફેરફાર કે આઘુંપાછું થઈ શકે નહિ. ત્રિકાળી પ્રવાહના વર્તમાન અંશો પોતપોતાના કાળે સત્ છે. બસ, પરમાં કે સ્વમાં ક્યાંય ફેરફારની બુદ્ધિ ન રહી એટલે જ્ઞાન જાણનાર જ રહી ગયું. પર્યાયબુદ્ધિમાં અટકવાનું ન રહ્યું. આમ જ્ઞાન જાણવાનું કામ કરે; એવા જ્ઞાનસ્વભાવની પ્રતીતિ કરવી તે સમ્યગ્દર્શન છે. હજી કેવળજ્ઞાન થયા પહેલાં એ જીવ કેવળી ભગવાનનો લઘુનંદન થઈ ગયો. શ્રદ્ધા અપેક્ષાએ તો તે સાધક પણ સર્વનો જ્ઞાયક થઈ ગયો છે.

બધા પદાર્થોના ઉત્પાદ-વ્યય-ધ્રુવસ્વભાવને નક્કી કરતાં, સ્વમાં કે પરમાં ફેરફારની બુદ્ધિ ન રહી પણ જ્ઞાનમાં જાણવાનું જ કામ રહ્યું. એટલે જ્ઞાનમાંથી 'આમ કેમ' એવો ખદબદાટ નીકળી ગયો ને જ્ઞાન ધીરું થઈને પોતામાં ઠર્યું. -આમાં જ જ્ઞાનનો પરમ

૧. આત્મધર્મ એ-૦૮૭, જાન્યુ.૧૯૫૧, પેજ-૪૯ (પ્રવચનસાર ગાથા-૯૯)

પુરુષાર્થ છે, આમાં જ મોક્ષમાર્ગનો ને કેવળજ્ઞાનનો પુરુષાર્થ આવી જાય છે. પરમાં કર્તાબુદ્ધિવાળાને જ્ઞાનસ્વભાવની પ્રતીતિ નથી બેસતી, ને તેને જ્ઞાનના સ્વભાવનો જ્ઞાયકપણાનો પુરુષાર્થ પણ નથી જણાતો.

(૩૭)

[૧]પહેલી આ શરત છે કે મારે બીજી કોઈ ચીજ જોઈએ નહીં, મારે એક આત્મા જ જોઈએ. એવો દૃઢ નિશ્ચય હોવો જોઈએ. દુનિયાની કોઈ ચીજ, પૈસા આબરૂ આદિ કાંઈ નહીં પણ એક આત્મા જ મારે જોઈએ. એવો દૃઢ નિશ્ચય થવો જોઈએ. આવો જેને દૃઢ નિશ્ચય હોય તેણે ગમે તેવા પ્રતિકૂળ સંયોગોમાં પણ તીવ્ર ને કરડો પુરુષાર્થ ઉપાડ્યે જ છૂટકો છે. પુરુષાર્થ વિના પ્રાપ્તિ નથી. ક્રમબદ્ધ પ્રમાણે જ આત્મા પ્રાપ્ત થશે. પરંતુ ક્રમબદ્ધનો નિર્ણય કરનારની દૃષ્ટિ જ્ઞાયક તરફ જ જાય ને ત્યારે ક્રમબદ્ધની સાચી શ્રદ્ધા થાય છે. અને બીજી વાત એ કે એક દ્રવ્યની પર્યાયને પરની સાથે કાંઈ સંબંધ નથી, એક દ્રવ્ય બીજા દ્રવ્યને સ્પર્શતું નથી. કર્મ આત્માને સ્પર્શતા નથી. આત્મા શરીરને સ્પર્શતો નથી. આહાહા ! આવો નિર્ણય થાય ત્યારે જ તેની દૃષ્ટિ સાચી થાય છે.

(૩૮)

[૨]આત્માના સ્વભાવને જોનાર તે રાગ-દ્વેષપણે ઊપજતો નથી પણ વીતરાગી નિર્મળતાપણે ઊપજે છે. અહીં સ્વભાવદૃષ્ટિમાં નિર્મળક્રમની જ વાત છે. વસ્તુનો એવો સ્વભાવ જ છે કે ક્રમબદ્ધપર્યાય પણે ઊપજે, તે સ્વભાવને જે ફેરવવા માગે તે મિથ્યાદૃષ્ટિ થાય છે. ક્રમ-અક્રમપણે વર્તતો જે જ્ઞાયકસ્વભાવ, તે સ્વભાવમાં એકાગ્ર થનાર જીવ સમ્યગ્દૃષ્ટિ થઈને ક્રમે ક્રમે નિર્મળપર્યાયમાં આગળ વધતો વધતો કેવળજ્ઞાન પામે છે.

વસ્તુનો સ્વભાવ તે ધર્મ છે, તેનું આ વર્ણન છે. ઉત્પાદ-વ્યય-ધ્રુવતારૂપ જે વસ્તુસ્વભાવ, તે સ્વભાવનું ભાન થતાં પર્યાયમાં ધર્મની શરૂઆત થાય છે. મારો જ્ઞાનસ્વભાવ અનંતગુણનો ભંડાર છે એવી જ્યાં શ્રદ્ધા થઈ ત્યાં ક્રમ-અક્રમવર્તનરૂપ ઉત્પાદ-વ્યય-ધ્રુવત્વશક્તિની પ્રતીત પણ તેમાં ભેગી આવી જ ગઈ, ને આવી સ્વભાવની પ્રતીત થતાં શક્તિના ભંડારમાંથી નિર્મળપર્યાયનો ક્રમ પણ શરૂ થઈ જ ગયો. આ રીતે

૧. દ્રવ્યદૃષ્ટિ જિનેશ્વર, બોલ-૨૯૨

૨. આત્મધર્મ એ-૧૪૧, જૂન-જુલાઈ.૧૯૫૫, પેજ-૨૨૮ (ઉત્પાદ-વ્યય-ધ્રુવત્વ શક્તિ)

શક્તિ સાથે પર્યાયને ભેગી ભેળવીને આ વાત છે.

(૩૯)

[૧]સર્વજ્ઞે જોયું છે એમ થશે, એની કોણ ના પાડે છે? પણ સર્વજ્ઞ છે, કેવળજ્ઞાની છે, એક સમયમાં ત્રણકાળ ત્રણલોક જાણનાર છે એવી પ્રતીત આવી છે? અને એ પ્રતીત ક્યારે આવે? પર્યાયના લક્ષે આવશે? આખો જ્ઞાનમૂર્તિ ભગવાન અંદર સર્વજ્ઞસ્વભાવી (છે). ત્યારે તે વખતે તો જ્ઞાન કહેલું, પણ આ સર્વજ્ઞસ્વભાવી ભગવાન અંદર છે તેની ઉપર દૃષ્ટિ જાય ત્યારે ભગવાને દીઠું એમ થશે એનો સાચો નિર્ણય થાય છે. આહાહા..! આ તો ૨૫ વર્ષની ઉંમરે (હેલું), અત્યારે તો ૯૧ ચાલે છે. સંસ્કાર હતા ને! ૮૦ ગાથાનો ભાવ અંદરથી આવ્યો. 'પ્રવચનસાર'માં છે ને? '**जो जाणदि अरहंतं**' અરિહંતને જે જાણે એ આત્માને જાણે. અરિહંતના કેવળજ્ઞાનને વાસ્તવિક જાણે તે આત્મા સાથે મેળવે કે મારી પર્યાયમાં કેમ અરિહંતપણું નથી ? શું છે? પર્યાય ક્યાંથી ઉત્પન્ન થાય છે? દ્રવ્યમાંથી. દ્રવ્ય શું છે? પૂર્ણાનંદનો નાથ દ્રવ્ય ઉપર દૃષ્ટિ પડતાં ક્રમબદ્ધનો અને કેવળજ્ઞાનનો નિર્ણય ત્યારે થાય છે. એ પુરુષાર્થ છે. આહા..! 'ભાગચંદજી'! થોડું સમજાય છે? ઝીણી વાત છે, ભગવાન!

(૪૦)

[૨]જગતના દ્રવ્યની ક્રમબદ્ધ પર્યાય જે સમયે જે થવાની તે થાય, તે સમયે (થાય), બીજે સમયે બીજી, ત્રીજે સમયે ત્રીજી. મોતીના હારની જેમ. મોતીના હારમાં જ્યાં જ્યાં મોતી ત્યાં ત્યાં (તેનું) સ્થાન (છે). એ સ્થાન. એમ જ્યાં જ્યાં પર્યાય ત્યાં ત્યાં એનો કાળ. આહાહા..! પણ એની દૃષ્ટિ જાય ક્યાં? ક્રમબદ્ધનો નિર્ણય કરનારની દૃષ્ટિ અકર્તા પુરુષાર્થમાં જાય છે, અકર્તા પુરુષાર્થમાં જાય છે. આહાહા..! નિયતવાદમાં જાતું નથી. આહાહા..! રાગનો પણ કર્તા નહિ ને પર્યાયનો કર્તા નહિ એવી અકર્તાબુદ્ધિ થાય છે. આહાહા..! શું થાય ?

(૪૧)

[૩]અહીં ઈ કહે છે, 'મુનિ ઉદ્યમથી સ્વભાવમાં પ્રવર્તે છે...' એ આવ્યું ને ભાવાર્થમાં? ઉદ્યમથી સ્વભાવમાં પ્રવર્તે છે. અચિરાત્ કીધું હતું ને એટલે એનો અર્થ કર્યો છે. 'તે શુદ્ધ

૧.સમયસારસિદ્ધિ-૮, પેજ-૪૩ ૨.સમયસારસિદ્ધિ-૮, પેજ-૨૯૯
૩. સમયસારસિદ્ધિ-૯, પેજ-૨૬૬

થઈને મોક્ષને પામે છે.' ધર્માત્મા અંદર પોતામાં ઉદ્યમ કરે છે. ક્રમબદ્ધમાં અનંતી સ્વતંત્રતા છે અને એ અનંતી સ્વતંત્રતા સ્વસન્મુખ વળે છે. એ સ્વસન્મુખ શુદ્ધતામાં વળે છે તેમાં કર્મબંધનો નાશ થાય છે. આહાહા..! એવો ઉદ્યમ છે. આહા..! 'મુનિ ઉદ્યમથી સ્વભાવમાં પ્રવર્તે છે...' જોયું? ઉદ્યમથી સ્વભાવમાં પ્રવર્તે છે. જે ત્રિકાળ સ્વભાવ છે એમાં ઉદ્યમથી પ્રવર્તે છે. ઘણા વાંધા હતા.

(૪૨)

[૧]મુમુક્ષુ :- આપે નવો ધર્મ કેમ ચલાવ્યો?

ઉત્તર :- નવો નથી. અનાદિથી સર્વજ્ઞ પરમાત્મા કહે છે તે વાત છે. સમજાય છે કાંઈ ? આહાહા..! એ તો કહ્યું ને? (સંવત) ૧૯૭૨ની સાલ, ૧૯૭૨, કેટલા વર્ષ થયા ? ૬૧, સાંઈઠ ને એક. ૧૯૭૨માં ચર્ચા ચાલી. બે વર્ષ સાંભળ્યું કે કેવળીએ દીઠું એમ થશે, આપણે શું પુરુષાર્થ કરીએ? આ વાત બે વર્ષ સાંભળી. નવદીક્ષિત હતા. સાડી ત્રેવીસ વર્ષે દીક્ષા લીધી. પચીસ વર્ષની ઉંમર હતી. અત્યારે તો ૮૮ થયા. કેટલા વર્ષ થયા ? ૬૧. અમારા ગુરુભાઈ વારંવાર એમ કહેતા કે કેવળજ્ઞાનીએ દીઠું એમ થશે, આપણે શું પુરુષાર્થ કરીએ? બે વર્ષ તો સાંભળ્યું પછી એકવાર કહ્યું, કેવળજ્ઞાન છે એવી સત્તાનો સ્વીકાર છે? 'લાલચંદભાઈ'! આ તો ૧૯૭૨ની વાત છે.

કેવળજ્ઞાન એક સમય પ્રભુ ! જ્ઞાનગુણની એક સમયની પર્યાય અનંત કેવળીને જાણે. એ કેવળીને જાણે એ કહેવું પણ વ્યવહાર છે. એ પર્યાયનું સામર્થ્ય એટલું છે. આહાહા..!

એક ગુણની એક સમયની એક પર્યાયમાં એટલી તાકાત છે કે અનંતા કેવળી જાણે. પોતાની પર્યાયથી, કેવળી છે તો નહિ. કેવળી છે તો કેવળીને જાણે છે એમ નહિ. આહાહા..! એવી એક સમયની કેવળજ્ઞાનની પર્યાયની સત્તા જગતમાં છે એનો જેને સ્વીકાર છે એની દૃષ્ટિ જ્ઞાનમાં ઘુસી જાય છે. સમજાય છે કાંઈ? એ વખતે એટલું હતું. ૧૯૭૨ની સાલ હતી. ત્યારે દ્રવ્યનો આશ્રય ને એટલું નહોતું. સમજાય છે કાંઈ ?

જેણે... આહાહા..! સર્વજ્ઞ પર્યાય એક ગુણની એક સમયની પર્યાય એટલી તાકાતવાળી કે એ પર્યાય દ્રવ્ય-ગુણને જાણે, પોતાના ત્રિકાળી દ્રવ્ય-ગુણને જાણે, છ દ્રવ્યને જાણે, અનંત સિદ્ધોને જાણે. એક જ પર્યાયનું અસ્તિત્વ છે બાકી બધાનું એમાં

૧. સમયસારસિદ્ધિ-૧૨, પેજ-૨૦૮-૨૦૯

નાસ્તિત્વ છે. સમજાય છે કાંઈ ? એવી એક સમયની પર્યાય દ્રવ્ય-ગુણને કારણે પણ નથી. એટલું તો એ વખતે નહોતું. પણ કેવળજ્ઞાન છે, એક સમયની સત્તા જગતમાં છે, આહાહા..! એ સત્તાનો જેને સ્વીકાર છે તો ખરેખર સર્વજ્ઞની સત્તાનો સ્વીકાર, સર્વજ્ઞશક્તિવાન ભગવાન છે એની ઉપર દૃષ્ટિ પડવાથી સર્વજ્ઞની સત્તાનું યથાર્થ શ્રદ્ધાન થાય છે. સમજાય છે કાંઈ ? આહાહા..!

(૪૩)

**જ્યાં સ્વચ્છંદ છે ત્યાં ક્રમબદ્ધપર્યાયની શ્રદ્ધા નથી**
**સાધકને જ ક્રમબદ્ધપર્યાયની ખરી શ્રદ્ધા છે.**

[૧]પ્રશ્ન :- ક્રમબદ્ધપર્યાયની શ્રદ્ધા થાય, પણ પર્યાયના ક્રમમાંથી સ્વચ્છંદ ન ટળે તો?

ઉત્તર :- એમ બને જ નહિ. ભાઈ ! ક્રમબદ્ધપર્યાયની શ્રદ્ધા કરે તેને પર્યાયમાં સ્વચ્છંદનો ક્રમ રહે જ નહિ, કેમ કે જ્ઞાનસ્વભાવની સન્મુખ થઈને તેણે તે પ્રતીત કરી છે. જ્ઞાનસ્વભાવની ઓળખાણના પુરુષાર્થ વિના એકલી ક્રમબદ્ધપર્યાયનું નામ લ્યે તેની અહીં વાત નથી, કેમ કે જ્ઞાનસ્વભાવની ઓળખાણ વગર તે ક્રમબદ્ધપર્યાયને પણ સમજ્યો નથી. જ્ઞાનસ્વભાવ તરફ વળીને ક્રમબદ્ધપર્યાયની પ્રતીત કરી ત્યાં તો અનંત ગુણોનો અંશ નિર્મળરૂપે પરિણમવા માંડ્યો છે. શ્રદ્ધામાં સમ્યગ્દર્શન થયું, જ્ઞાનમાં સમ્યગ્જ્ઞાન થયું, આનંદના અંશનું વેદન થયું, વીર્યનો અંશ સ્વ તરફ વળ્યો, એ રીતે બધા ગુણોની અવસ્થાના ક્રમમાં નિર્મળતાની શરૂઆત થઈ ગઈ. હજી જેને શ્રદ્ધા-જ્ઞાન સમ્યક્ થયા નથી, આનંદનું ભાન નથી, વીર્યબળ અંતરસ્વભાવ તરફ વળ્યું નથી, તેને ક્રમબદ્ધપર્યાયની ખરી પ્રતીત નથી. ક્રમબદ્ધપર્યાયની પ્રતીતની સાથે તો સ્વભાવ તરફનો પુરુષાર્થ છે, શ્રદ્ધા-જ્ઞાન સમ્યક્ થયા છે, આનંદ અને વીતરાગનો અંશ પ્રગટ થયો છે, એટલે ત્યાં સ્વચ્છંદ તો હોતો જ નથી. સાધકદશામાં અસ્થિરતાનો રાગ આવે, પણ ત્યાં સ્વચ્છંદ તો હોતો જ નથી અને જે રાગ છે તેનો પણ પરમાર્થે તો તે જ્ઞાની જ્ઞાતા જ છે. આ રીતે આમાં ભેદજ્ઞાનની વાત છે. સમ્યગ્દર્શન કહો, ભેદજ્ઞાન કહો કે જ્ઞાયકભાવનો પુરુષાર્થ કહો કે ક્રમબદ્ધપર્યાયની પ્રતીત કહો-એ બધું ભેગું જ છે. ક્રમબદ્ધપર્યાયની શ્રદ્ધાવાળાને હઠ પણ નથી રહેતી તેમ જ સ્વચ્છંદ પણ નથી રહેતો. સમ્યક્શ્રદ્ધા થવા ભેગું જ તેણે તે ક્ષણે જ ચારિત્ર પ્રગટ કરીને મુનિપણું લઈ લેવું જોઈએ એમ હઠ ન હોય અને ગમે તેવો રાગ

૧. જ્ઞાનસ્વભાવ-જ્ઞેયસ્વભાવ, બોલ-૪૪

થાય તેનો વાંધો નથી એવો સ્વચ્છંદ પણ ન હોય. જ્ઞાયકભાવરૂપ મોક્ષમાર્ગનો ઉદ્યમ તેને ચાલ્યા જ કરે છે

(૪૪)

[૧]પ્રશ્ન :- પુરુષાર્થ ક્રમબદ્ધ થાય છે ને?

ઉત્તર :- સ્વભાવસન્મુખ થતાં ક્રમબદ્ધનો નિર્ણય થાય છે, પરની કર્તાબુદ્ધિ ને રાગની કર્તાબુદ્ધિ છૂટી જાય છે. સ્વભાવસન્મુખ દશા સહજ હોય છે.

ઉપદેશની પદ્ધતિ અમુક પ્રકારે આવે છે પણ મર્મ બીજો છે. સ્વભાવનો પુરુષાર્થ કર્યો તેમાં કેવળી ભગવાનનો નિર્ણય પણ થઈ ગયો, ને એ જ મોક્ષમાર્ગ છે. સ્વભાવસન્મુખ દશા થવી તે જ ધર્મ છે.

(૪૫)

[૨]ભાઈ ! તું ચેતન દ્રવ્ય છો. જ્ઞાતા-દૃષ્ટાનો પુરુષાર્થ થતાં રાગ ઉત્પન્ન થતા જ નથી, માટે પુદ્‌ગલના કહ્યા છે, એમ કહે તો પોતે સ્વભાવને સમજે નહિ. સ્વચ્છંદે રાગ કર્યા કરે અને તે પુદ્‌ગલના છે, એમ કહે તો તે અજ્ઞાની રાગના સ્વરૂપને સમજ્યો જ નથી. વળી ક્રમબદ્ધપર્યાયના નિયમમાં આવ્યો છે માટે રાગ કરવો પડે-એમ માનનારને ક્રમબદ્ધપર્યાયની શ્રદ્ધા જ નથી. કેમ કે ક્રમબદ્ધપર્યાયની શ્રદ્ધાવાળાને સ્વભાવ ઉપર લક્ષ હોય છે, રાગ કરવા ઉપર તેનું લક્ષ હોતું નથી, પણ તે રાગને જાણવાનું કામ કરે છે, તો જ ક્રમબદ્ધપર્યાયને સમજ્યો કહેવાય.

ક્રમબદ્ધપર્યાયમાં જે રાગ થયો, તે રાગ કર્મે કરાવ્યો નથી અને સ્વભાવમાં તે રાગ નથી-એમ જાણે તો સ્વભાવની દૃષ્ટિએ તે રાગનો જ્ઞાતા રહે છે. ત્યારે તે રાગ પુદ્‌ગલદ્રવ્યનો પરિણામ કહેવામાં આવે છે. કેમકે તેને રાગ ઉપર રુચિ રહેતી નથી. જે સમયે રાગ થાય છે તે વખતે ત્રિકાળી ધ્રુવદ્રવ્ય છે. તેની રુચિએ રાગનું જ્ઞાન થાય છે પણ રાગની રુચિ રાખીને, તેની મીઠાશથી સ્વચ્છંદે રાગ કરે અને તે જડની પર્યાય છે, એમ કહે તો તેમ કહેનાર ક્રમબદ્ધ પર્યાયને પણ માનતો નથી. ક્રમબદ્ધપર્યાયની શ્રદ્ધા તે દ્રવ્યની શ્રદ્ધા કરાવે છે, તેને અસ્થિરતાથી રાગ થાય છે, તે પણ તેના જ્ઞાનનું જ્ઞેય છે.

૧. સદ્‌ગુરુપ્રસાદ-મોક્ષમાર્ગ પ્રકાશક (૧૯૫૨-૧૯૫૩) ભાગ-૧, પેજ-૨૮૯

૨. સદ્‌ગુરુપ્રસાદ-સમયસાર-૯ (૧૯૫૦-૧૯૫૨), પ્રસાદ નં.૩૩, ગાથા-૫૦-૫૫, પેજ-૧૦૩



# (૬)
# ક્રમબદ્ધ નહીં સમજનારની કેટલીક ભ્રમણાઓ

(૪૬)

[1]શ્રોતા :- બધા ગુણોનું કાર્ય વ્યવસ્થિત જ છે તો પછી તેને પુરુષાર્થ કરવાનો રહેતો નથી ?

પૂજ્ય ગુરુદેવ :- જેને ક્રમબદ્ધપર્યાયની શ્રદ્ધામાં પુરુષાર્થ ભાસતો નથી તેને વ્યવસ્થિત બેઠું છે જ ક્યાં?

શ્રોતા :- તેને વ્યવસ્થિત બેઠું નથી એવું તેનું પરિણમન પણ વ્યવસ્થિત જ છે. એ વ્યવસ્થિતનો નિર્ણય ન કરી શકે તેવું તેનું પરિણમન વ્યવસ્થિત જ છે તો પછી તેને નિર્ણય કર તેમ કેમ કહેવામાં આવે છે?

પૂજ્ય ગુરુદેવ :- એનું પરિણમન વ્યવસ્થિત જ છે એમ તેને ક્યાં ખબર છે? વ્યવસ્થિત પરિણમન છે તેમ સર્વજ્ઞે કહ્યું પણ સર્વજ્ઞનો તેને ક્યાં નિર્ણય છે? પહેલાં એ સર્વજ્ઞનો તો નિર્ણય કરે? પછી વ્યવસ્થિતની ખબર પડે.

શ્રોતા :- વ્યવસ્થિત પરિણમનશીલ વસ્તુ છે એમ ભગવાને કહેલું તેને બેઠું છે.

પૂજ્ય ગુરુદેવ :- ના, સર્વજ્ઞ ભગવાનનો પણ ખરો નિર્ણય તેને ક્યાં છે? પહેલાં સર્વજ્ઞનો નિશ્ચય આવ્યા વિના વ્યવસ્થિતનો નિર્ણય ક્યાંથી આવ્યો? એમ ને એમ જ્ઞાનીની વાતો ધારી ધારીને કરે તે ન ચાલે, પહેલાં સર્વજ્ઞનો નિર્ણય લાવ. દ્રવ્યનો નિર્ણય કર્યા વિના સર્વજ્ઞો નિર્ણય પણ ખરેખર થાય નહિ.

(૪૭)

[2]મુમુક્ષુ :- તે પર્યાય પણ સ્વતંત્ર.

ઉત્તર :- સ્વતંત્ર. અહીં તો હજી ગુણને અનુસરીને કહ્યું છે. ત્યાં 'પ્રવચનસાર'ની ૧૦૧ ગાથામાં કહ્યું છે કે, જે કાંઈ કેવળજ્ઞાન કે મતિ આદિનો પર્યાય ઉત્પન્ન થાય એ ઉત્પાદ, ઉત્પાદને આશ્રયે છે. ધ્રુવને આશ્રયે નહિ, વ્યયને આશ્રયે નહિ. આહાહા..!

૧. દ્રવ્યદૃષ્ટિ જિનેશ્વર બોલ-૪૪૬ ૨. કાર્યકારણ નિયમ ભાગ-૧, પેજ-૨૦૬

મુમુક્ષુ :- ક્રમબદ્ધ થઈ જાય.

ઉત્તર :- ક્રમબદ્ધ જ છે. પણ ક્રમબદ્ધ એમ માનવું એમ નહિ. વસ્તુમાંથી પર્યાય આવે છે એ વસ્તુ કેવી છે? એનું ભાન થયે એને ક્રમબદ્ધનું જ્ઞાન સાચું કહેવામાં આવે છે.

(૪૮)

[૧]પર્યાયને આડી-અવળી (આઘી-પાછી) થવાનું માને તો વસ્તુસ્વભાવ સિદ્ધ થતો નથી. પોતપોતાના અવસરે પરિણામ થાય છે (પ્રવચનસાર ગાથા ૮૯), તથા દરેક દ્રવ્યની પર્યાયની જન્મક્ષણ હોય છે, વસ્તુના પરિણામ ક્રમબદ્ધ જ થાય છે. ત્રિકાળી દ્રવ્ય સ્વભાવનો જેને નિર્ણય થાય છે તેનો ક્રમબદ્ધનો નિર્ણય સાચો છે, પર્યાયના ક્રમને દેખ્યા કરે પણ અક્રમરૂપ દ્રવ્યસ્વભાવની દૃષ્ટિ કરે નહીં તેનો ક્રમબદ્ધનો નિર્ણય સાચો નથી, માત્ર ધારણારૂપ છે.

(૪૯)

[૨]શ્રોતા :- ક્રમબદ્ધપર્યાયની શ્રદ્ધા થાય પણ પર્યાયના ક્રમમાંથી સ્વછંદ ન ટળે તો?

પૂજ્ય ગુરુદેવશ્રી :- એમ બને જ નહિ ભાઈ ! ક્રમબદ્ધપર્યાયની શ્રદ્ધા કરે તેને પર્યાયમાં સ્વછંદનો ક્રમ રહે જ નહિ કેમ કે જ્ઞાનસ્વભાવની સન્મુખ થઈને તેણે તે પ્રતીત કરી છે. જ્ઞાનસ્વભાવની ઓળખાણના પુરુષાર્થ વિના એકલી ક્રમબદ્ધપર્યાયનું નામ લ્યે, તેની અહીં વાત નથી, કેમકે જ્ઞાનસ્વભાવની ઓળખાણ વગર તે ક્રમબદ્ધપર્યાયને પણ સમજ્યો નથી. જ્ઞાનસ્વભાવ તરફ વળીને ક્રમબદ્ધપર્યાયની પ્રતીત કરી ત્યાં તો અનંત ગુણોનો અંશ નિર્મળરૂપે પરિણમવા માંડ્યો છે. શ્રદ્ધામાં સમ્યગ્દર્શન થયું, જ્ઞાનમાં સમ્યગ્જ્ઞાન થયું, આનંદના અંશનું વેદન થયું, વીર્યનો અંશ સ્વ તરફ વળ્યો-એ રીતે બધા ગુણોની અવસ્થાના ક્રમમાં નિર્મળતાની શરૂઆત થઈ ગઈ. હજી જેને શ્રદ્ધા-જ્ઞાન સમ્યક્ થયા નથી, આનંદનું ભાન નથી, વીર્યબળ અંતરસ્વભાવ તરફ વળ્યું નથી તેને ક્રમબદ્ધપર્યાયની ખરી પ્રતીત નથી. ક્રમબદ્ધપર્યાયની પ્રતીતની સાથે તો સ્વભાવ તરફનો પુરુષાર્થ છે, શ્રદ્ધા-જ્ઞાન સમ્યક્ થયા છે, આનંદ અને વીતરાગનો અંશ પ્રગટ થયો છે; એટલે ત્યાં સ્વછંદ તો હોતો જ નથી. સાધકદશામાં અસ્થિરતાનો રાગ આવે પણ ત્યાં

૧. આત્મધર્મ એ-૩૮૮, ફેબ્રુ.૧૯૭૬, પેજ-૨૨ (જ્ઞાનગોષ્ઠી)

૨. યોગસાર પ્રવચન પાર્ટ-૧, પેજ-૩૪૯

સ્વચ્છંદ તો હોતો જ નથી અને જે રાગ છે તેનો પણ પરમાર્થે તો તે જ્ઞાની જ્ઞાતા જ છે. આ રીતે આમાં ભેદજ્ઞાનની વાત છે. સમ્યગ્દર્શન કહો, ભેદજ્ઞાન કહો કે જ્ઞાયકભાવનો પુરુષાર્થ કહો કે ક્રમબદ્ધપર્યાયની પ્રતીત કહો - એ બધું ભેગું જ છે. ક્રમબદ્ધપર્યાયની શ્રદ્ધાવાળાને હઠ પણ નથી રહેતી તેમ જ સ્વચ્છંદ પણ નથી રહેતો. સમ્યક્ શ્રદ્ધા થવા ભેગું જ તેણે તે ક્ષણે જ ચારિત્ર પ્રગટ કરીને મુનિપણું લઈ લેવું જોઈએ - એમ હઠ ન હોય અને ગમે તેવો રાગ થાય તેનો વાંધો નથી એવો સ્વચ્છંદ પણ ન હોય. જ્ઞાયકભાવરૂપ મોક્ષમાર્ગનો ઉદ્યમ તેને ચાલ્યા જ કરે છે.

(૫૦)

## ક્રમબદ્ધપર્યાય નહિ સમજનારની કેટલીક ભ્રમણાઓ.

[૧]અજીવમાં જ્ઞાન નથી એટલે તેની અવસ્થા તો જેમ થવાની હોય તેમ ક્રમબદ્ધ થયા કરે, પણ જીવની અવસ્થા ક્રમબદ્ધ ન હોય, તે તો અક્રમે પણ થાય એમ કોઈ માને તો તે વાત જૂઠી છે.

અજીવમાં જ્ઞાન નથી માટે તેની અવસ્થા જીવ જેવી કરવા ધારે તેવી થાય, એટલે તેની અવસ્થા ક્રમબદ્ધ નથી પણ અક્રમ છે પાણી ભર્યું હોય તેમાં જેવો રંગ નાખશો તેવા રંગનું તે થઈ જશે એમ કોઈ માને તો તેની વાત પણ જૂઠી છે.

ક્રમબદ્ધપર્યાય છે માટે આપણે કાંઈ પુરુષાર્થ ન કરવો એમ કોઈ માને તો તે પણ અજ્ઞાની છે, ક્રમબદ્ધપર્યાયને તે સમજ્યો નથી.

'હું જ્ઞાયક છું'-એવા સ્વભાવનો પુરુષાર્થ કરતાં બધા દ્રવ્યોની ક્રમબદ્ધપર્યાયનો પણ નિર્ણય થાય છે તે યથાર્થ છે. આ તરફ આત્માનો જ્ઞાયકસ્વભાવ ન માને, તથા બીજી તરફ પદાર્થોમાં ક્રમબદ્ધપરિણામ ન માને ને ફેરફાર કરવાનું માને તો તે જીવ વસ્તુ સ્વરૂપને જાણતો નથી ને પંચપરમેષ્ઠી ભગવંતોને પણ ખરેખર માનતો નથી.

(૫૧)

## 'યોગ્યતા' ક્યારે માની કહેવાય ?

[૨]પ્રશ્ન :- એક પ્યાલામાં પાણી ભર્યું છે. પાસે અનેક જાતના લાલ-લીલા રંગ પડ્યા

૧. જ્ઞાનસ્વભાવ-જ્ઞેયસ્વભાવ, બોલ-૫૯ ૨. જ્ઞાનસ્વભાવ-જ્ઞેયસ્વભાવ, બોલ-૮૮

છે. તેમાંથી જેવો રંગ લઈને પાણીમાં નાંખશો તેવા રંગનું પાણી થઈ જશે. તેનામાં યોગ્યતા તો બધી જાતની છે, પણ જે રંગનું નિમિત્ત આપશો તે જ રંગનું તે થશે. માટે નિમિત્ત પ્રમાણે કાર્ય થાય છે! ભલે થાય છે તેની યોગ્યતાથી, પણ જેવું નિમિત્ત આવે તેવું થાય !

ઉત્તર :- અરે ભાઈ ! તારી બધી વાત ઊંધી છે. યોગ્યતા કહેવી ને વળી નિમિત્ત આવે તેવું થાય એમ કહેવું એ વાત વિરૂદ્ધ છે. નિમિત્ત આવે તેવું થાય એમ માનનારે 'યોગ્યતા' માની જ નથી એટલે કે વસ્તુના સ્વભાવને માન્યો જ નથી. પાણીના પરમાણુઓમાં જે સમયે જેવી લીલા કે લાલ રંગરૂપે થવાની યોગ્યતા છે તે જ રંગરૂપે તે પરમાણુઓ સ્વયં ઊપજે છે, બીજો નિમિત્ત લાવી શકે કે તેમાં ફેરફાર કરી શકે એમ નથી. અરે! રંગના પરમાણુ જુદા ને પાણીના પરમાણુ પણ જુદા, એટલે રંગનું નિમિત્ત આવ્યું માટે પાણીના પરમાણુઓનો રંગ બદલ્યો એમ પણ નથી, પાણીના પરમાણુઓ જ સ્વયં પોતાની તેવી રંગ અવસ્થાપણે પરિણમ્યા છે.

લોટના પરમાણુઓમાંથી રોટલીની અવસ્થા હોશિયાર બાઈએ બનાવી એમ નથી, પણ સ્વયં તે પરમાણુઓ જ તે અવસ્થારૂપે ઊપજ્યા છે. એ વાત પણ ઉપરના દૃષ્ટાંત પ્રમાણે સમજી લેવી. સ્કંધમાં રહેલો દરેક પરમાણુ સ્વતંત્રપણે પોતાની ક્રમબદ્ધયોગ્યતાથી પરિણમે છે. સ્કંધના બીજા પરમાણુઓને લીધે તે સ્થૂળરૂપે પરિણમ્યો એમ નથી, પણ તેનામાં જ સ્થૂળરૂપે પરિણમવાની સ્વતંત્ર લાયકાત થઈ છે. જુઓ, એક પરમાણુ છૂટો હોય ત્યારે તેનામાં સ્થૂળ પરિણમન ન થાય, પણ સ્થૂળ સ્કંધમાં ભળે ત્યારે તેનામાં સ્થૂળ પરિણમન થાય છે. તો તેના પરિણમનમાં એટલો ફેરફાર થયો કે નહિ ? હા, ફેરફાર તો થયો છે, પણ તે કોના કારણે? કે પોતાની જ ક્રમબદ્ધ અવસ્થાના કારણે, પરને કારણે નહિ. એક છૂટો પરમાણુ સ્થૂળ સ્કંધમાં ભળ્યો ત્યાં જેવો છૂટો હતો તેવો જ સ્કંધમાં તે નથી રહ્યો, પણ સૂક્ષ્મમાંથી સ્થૂળસ્વભાવરૂપે તેનું પરિણમન થયું છે. તેનામાં સર્વથા ફેરફાર નથી થયો એમ પણ નથી અને પરને કારણે ફેરફાર થયો એમ પણ નથી. તેની પોતાની યોગ્યતાથી જ તેનામાં ફેરફાર એટલે કે સૂક્ષ્મતામાંથી સ્થૂળતારૂપ પરિણમન થયું છે. જેમ એક છૂટા પરમાણુમાં સ્થૂળતારૂપ પરિણમન નથી થતું તેમ સ્થૂળ સ્કંધમાં પણ જો તેનું સ્થૂળ પરિણમન ન થતું હોય તો આ શરીરાદિ નોકર્મ વગેરે કાંઈ સિદ્ધ જ નહિ થાય. છૂટો

પરમાણુ સ્થૂળ સ્કંધમાં ભળતાં તેનામાં સ્થૂળતારૂપ પરિણમન તો થાય છે, પણ તે પરને લીધે થતું નથી, તેની પોતાની યોગ્યતાથી જ થાય છે.

(૫૨)

## સંસ્કારનું સાર્થકપણું, છતાં પર્યાયનું ક્રમબદ્ધપણું.

[૧]પ્રશ્ન :- પ્રવચનસારના ૪૭ નયોમાં તો કહ્યું છે કે અસ્વભાવનયે આત્મા સંસ્કારને સાર્થક કરનારો છે. જેમ લોઢાના તીરમાં સંસ્કાર પાડીને લુહાર નવી અણી કાઢે છે તેમ આત્માની પર્યાયમાં નવા સંસ્કાર પડે છે-આમ છે તો પછી પર્યાયના ક્રમબદ્ધપણાનો નિયમ ક્યાં રહ્યો?

ઉત્તર :- આત્મા પોતાની પર્યાયમાં જેવા સંસ્કાર પાડે તેવા પડે છે. અનાદિથી પર્યાયમાં મિથ્યાશ્રદ્ધા-જ્ઞાન હતા તેને બદલે હવે જ્ઞાયકસ્વભાવ તરફ વળતાં તે મિથ્યાશ્રદ્ધ-જ્ઞાન ટળીને સમ્યક્શ્રદ્ધા-જ્ઞાનના અપૂર્વ સંસ્કાર પડ્યા, તેથી પર્યાયમાં નવા સંસ્કાર કહ્યા. તો પણ ત્યાં ક્રમબદ્ધપર્યાયનો્ નિયમ તૂટ્યો નથી. શું સર્વજ્ઞભગવાને તેમ નહોતું જોયું ને થયું? અથવા શું ક્રમબદ્ધપર્યાયમાં તેમ નહોતું ને થયું? એમ નથી. પોતે પોતાના જ્ઞાયકસ્વભાવ સન્મુખના પુરુષાર્થ વડે નિર્મળ પર્યાયપણે ઊપજ્યો ત્યાં કેવળીભગવાને ક્રમબદ્ધપર્યાયમાં જે નિર્મળ પર્યાય થવાનું જોયું હતું તે જ પર્યાય આવીને ઊભી રહી. આ રીતે, જ્ઞાયકસ્વભાવનો પુરુષાર્થ કરનારને પર્યાયમાં મિથ્યાત્વ ટળીને સમ્યગ્દર્શનના અપૂર્વ નવા સંસ્કાર પડ્યા વગર રહે નહિ અને ક્રમબદ્ધપર્યાયનો ક્રમ પણ તૂટે નહિ-આવો મેળ જ્ઞાયકસ્વભાવની દૃષ્ટિ વગર સમજાશે નહિ.

(૫૩)

## જ્ઞાનના નિર્ણયમાં ક્રમબદ્ધનો નિર્ણય.

[૨]પ્રશ્ન :- ત્રણકાળની પર્યાય ક્રમબદ્ધ છે, છતાં કાલની વાત પણ કેમ જણાતી નથી ?

ઉત્તર :- એનો જાણનાર-જ્ઞાયક કોણ છે તેનો તો પહેલાં નિર્ણય કરો. જાણનારનો નિર્ણય કરતાં ત્રણકાળની ક્રમબદ્ધપર્યાયનો પણ નિર્ણય થઈ જશે. વળી જુઓ, ગઈ કાલે શનિવાર હતો ને આવતી કાલે સોમવાર જ આવશે, ત્યાર પછી મંગળવાર જ આવશે. એ

૧. જ્ઞાનસ્વભાવ-જ્ઞેયસ્વભાવ, બોલ-૯૧ ૨. જ્ઞાનસ્વભાવ-જ્ઞેયસ્વભાવ, બોલ-૯૯

પ્રમાણે સાતે વારનું ક્રમબદ્ધપણું જાણી શકાય છે કે નહીં? ઘણા કાળ પછી ક્યારેક સોમવાર પછી શનિવાર આવી જશે તો? અથવા રવિવાર પછી બુધવાર આવી જશે તો? એમ કદી શંકા નથી પડતી, કેમકે તે પ્રકારનો ક્રમબદ્ધપણાનો નિર્ણય થયો છે. તેમ આત્માના કેવળજ્ઞાનસ્વભાવની પ્રતીત કરતાં બધા દ્રવ્યનો ક્રમબદ્ધપર્યાયનો નિર્ણય થયો છે. તેમ આત્માના કેવળજ્ઞાનસ્વભાવની પ્રતીત કરતાં બધા દ્રવ્યોની ક્રમબદ્ધપર્યાયનો નિર્ણય થઈ જાય છે. અહીં તો 'ક્રમબદ્ધપર્યાય' કહેતાં જ્ઞાયકનો નિર્ણય કરવાનું પ્રયોજન છે. જ્ઞાતા પોતાના સ્વભાવસન્મુખ થઈને પરિણમ્યો ત્યાં પોતે સ્વકાળે ક્રમબદ્ધ પરિણમે છે, ને તેનું સ્વ-પરપ્રકાશક જ્ઞાન ખીલ્યું તે પરને પણ ક્રમબદ્ધ પરિણમતા જાણે છે, એટલે તેનો તે કર્તા થતો નથી.

(૫૪)

## પંચ તરીકે પરમેષ્ઠી અને તેનો ફેંસલો :

[૧]પ્રશ્ન :- આ સંબંધમાં અત્યારે બહુ ઝઘડા (-મતભેદ) ચાલે છે, માટે આમાં 'પંચ'ને વચ્ચે નાંખીને કાંઈક નીવેડો લાવો ને?

ઉત્તર :- ભાઈ, પંચપરમેષ્ઠી ભગવાન જ અમારા 'પંચ' છે. જ્ઞાયકસ્વભાવ અને ક્રમબદ્ધપર્યાયનું આ જે વસ્તુસ્વરૂપ કહેવાય છે તે જ પ્રમાણે અનાદિથી પંચપરમેષ્ઠી ભગવંતો કહેતા આવ્યા છે અને મહાવિદેહમાં બિરાજતા સીમંધરાદિ ભગવંતો અત્યારે પણ એ જ ઉપદેશ આપી રહ્યા છે. આ સિવાય અજ્ઞાનીઓ બીજું વિપરીત માને તો ભલે માને, પણ અહીં તો પંચપરમેષ્ઠી ભગવંતોને પંચ તરીકે રાખીને આ વાત કહેવાય છે. પંચપરમેષ્ઠી હોય તેણે પણ આ જ પ્રમાણે માન્યે છૂટકો છે.

જુઓ, આ પંચપરમેષ્ઠી ભગવંતોમાં અરિહંત અને સિદ્ધ ભગવંતો સર્વજ્ઞ છે-ત્રણકાળ ત્રણલોકને પ્રત્યક્ષ જાણનારા છે. એ સર્વજ્ઞતાને તું માને છે કે નથી માનતો?

જો તું એ સર્વજ્ઞતાને ખરેખર માનતો હો તો તેમાં ક્રમબદ્ધપર્યાયનો પણ સ્વીકાર થઈ જ ગયો. અને જો તું સર્વજ્ઞતાને ન માનતો હો તો તેં 'પંચ'ને (-પંચપરમેષ્ઠી ભગવંતોને) જ ખરેખર માન્યા નથી.

'**णमो अरिहंताणं ने णमो सिद्धाणं**' એમ દરરોજ બોલે, પણ અરિહંત અને સિદ્ધ-

૧. જ્ઞાનસ્વભાવ-જ્ઞેયસ્વભાવ, બોલ-૧૩૯

ભગવાન કેવળજ્ઞાન સહિત છે, તેઓ ત્રણકાળ ત્રણલોકને જાણે છે અને તે જ પ્રમાણે થાય છે એમ માને તો તેમાં ક્રમબદ્ધપર્યાયનો સ્વીકાર આવી જ જાય છે. આત્માની સંપૂર્ણ જ્ઞાનશક્તિને અને ક્રમબદ્ધપર્યાયને જે નથી માનતો તે પંચપરમેષ્ઠી ભગવંતોને પણ યથાર્થ સ્વરૂપે નથી માનતો. માટે જેણે ખરેખર પંચપરમેષ્ઠી ભગવંતોને ઓળખવા હોય તેણે બરાબર નિર્ણય કરીને આ વાત માનવી. - આવો પંચનો ફેંસલો છે.

(૫૫)

## 'ક્રમબદ્ધ'ના જ્ઞાતાને મિથ્યાત્વનો ક્રમ ન હોય.

[૧]પ્રશ્ન :- ક્રમબદ્ધપર્યાય તો અજ્ઞાનીને પણ છે ને?

ઉત્તર :- ભાઈ, એ પ્રશ્નનો ઉત્તર એ છે કે જ્ઞાયકસ્વભાવની દૃષ્ટિથી ક્રમબદ્ધપર્યાયનું સ્વરૂપ જે સમજે તેને પોતામાં અજ્ઞાન રહે જ નહિ. તે એમ જાણે છે કે જ્ઞાનીને, અજ્ઞાનીને કે જડને-બધાયને ક્રમબદ્ધપર્યાય છે. પણ તેમાં જ્ઞાનીને પોતાના જ્ઞાયકસ્વભાવની દૃષ્ટિથી નિર્મળ-નિર્મળ ક્રમબદ્ધપર્યાય થાય છે, અજ્ઞાનીને ઊંધી દૃષ્ટિમાં મલિન ક્રમબદ્ધપર્યાય થાય છે અને જડની ક્રમબદ્ધપર્યાય જડરૂપ થાય છે. આવું જાણનાર જ્ઞાનીને પોતામાં તો મિથ્યાત્વાદિ મલિન પર્યાયનો ક્રમ રહે જ નહિ, કેમ કે તેનો પુરુષાર્થ તો પોતાના જ્ઞાયકસ્વભાવ તરફ વળી ગયો છે. તેથી તેને તો સમ્યગ્દર્શનાદિ નિર્મળ પર્યાયનો ક્રમ શરૂ થઈ ગયો છે. જો આવી દશા ન થાય તો તે ખરેખર ક્રમબદ્ધપર્યાયનું રહસ્ય સમજ્યો નથી, પણ માત્ર વાતો કરે છે.

(૫૬)

## ક્રમબદ્ધપર્યાય સમજવા જેટલી પાત્રતા ક્યારે?

[૨]પ્રશ્ન :- આપ કહો છો એવા જ્ઞાયકસ્વરૂપ જીવને તેમ જ ક્રમબદ્ધપર્યાયને અમે માનીએ અને સાથે સાથે કુદેવ-કુગુરુ-કુશાસ્ત્રને પણ માનીએ તો શું વાંધો?

ઉત્તર :- અરે સ્વચ્છંદી ! તારા કુદેવ-કુગુર-કુશાસ્ત્ર પાસે આ વાતની ગંધ પણ નથી તો તેની પાસેથી તારામાં ક્યાંથી આવ્યું? કોઈ પાસેથી ધારણા કરી-ચોરી કરી ને આ વાતના નામે તારે તારા માનને પોષવું છે તે મોટો સ્વચ્છંદ છે. જેને જ્ઞાયકસ્વભાવ ને

૧. જ્ઞાનસ્વભાવ-જ્ઞેયસ્વભાવ, બોલ-૧૯૭ ૨. જ્ઞાનસ્વભાવ-જ્ઞેયસ્વભાવ-૨, બોલ-૨૯

ક્રમબદ્ધપર્યાય સમજવા જેટલી પાત્રતા થઈ હોય તે જીવને કુદેવ-કુગુરુ-કુશાસ્ત્રનું સેવન હોય જ નહિ. કો'કના શબ્દો લઈને ગોખી લ્યે એમ કાંઈ ચાલે તેવું નથી. બધા પ્રકારની પાત્રતા હોય ત્યારે આ વાત સમજાય તેવી છે.

(૫૭)

## સાચું સમજનાર જીવનો વિવેક કેવો હોય ?

[૧]પ્રશ્ન :- દરેક વસ્તુની ક્રમબદ્ધપર્યાય પોતપોતાથી જ થાય છે.-આવી ક્રમબદ્ધપર્યાયની વાત સાંભળશે તો લોકો દેવ-ગુરુ-શાસ્ત્રનું બહુમાન છોડી દેશે ને જિનમંદિર વગેરે નહિ કરાવે?

ઉત્તર :- અરે ભાઈ ! આ સમજશે તેને જ સમજાવનારનું સાચું બહુમાન આવશે. નિશ્ચયથી પોતાના જ્ઞાયકસ્વભાવને જાણ્યો ત્યારે ક્રમબદ્ધપર્યાયનું જ્ઞાન સાચું થયું. જ્ઞાયકસ્વભાવની સન્મુખ થઈને ક્રમબદ્ધપર્યાયની અપૂર્વ વાત જે સમજ્યો તેને તે વાત સમજાવનારા વીતરાગી દેવ-ગુરુ-શાસ્ત્ર પ્રત્યે ભક્તિનો ભાવ આવ્યા વિના રહેશે નહિ. 'હું જ્ઞાયક છું' એવી જ્ઞાયકની શ્રદ્ધા કરીને જે ક્રમબદ્ધપર્યાયને જાણશે તે પોતાની ભૂમિકાના રાગને પણ જાણશે.

કઈ ભૂમિકામાં કેવો રાગ હોય અને કેવા નિમિત્તો હોય તેનો પણ તે વિવેક કરશે. આ તો જાગતો મારગ છે, આ કાંઈ આંધળો મારગ નથી. સાધકદશામાં રાગ હોય તે તે રાગનું વલણ કુદેવાદિ પ્રત્યે ન જાય, પણ સાચા દેવ-ગુરુના બહુમાન તરફ વલણ જાય. સાચું સમજે તે સ્વચ્છંદી થાય જ નહિ. સાચી સમજણનું ફળ તો વીતરાગતા છે. વીતરાગી દેવ-ગુરુનું બહુમાન આવતાં બહારમાં જિનમંદિર કરાવવા વગેરેનો ભાવ આવે, બાકી બહારનું તો તેના કાળે થવા યોગ્ય હોય તેમ થાય છે. એ જ રીતે અષ્ટ દ્રવ્યોથી ભગવાનની પૂજા વગેરેમાં પણ સમજી લેવું. તે કાળે તેવો રાગ થાય ને તે વખતે જ્ઞાન પણ તેવું જાણે, છતાં તે જ્ઞાનને કારણે કે રાગને કારણે બહારની ક્રિયા નથી. તે વખતેય જ્ઞાની જીવ તો પોતાના જ્ઞાનભાવનો જ કર્તા છે.

જ્ઞાનભાવ તે જીવતત્ત્વ છે,

રાગ તે આસ્રવતત્ત્વ છે ને

---

૧. જ્ઞાનસ્વભાવ-જ્ઞેયસ્વભાવ-૨, બોલ-૫૭

બહારની શરીરાદિની ક્રિયા તે અજીવતત્ત્વ છે.

તેમાં કોઈને કારણે કોઈ નથી. આમ દરેક તત્ત્વોનું ભિન્ન ભિન્ન સ્વરૂપ ઓળખવું જોઈએ, તો જ સાચી તત્ત્વાર્થશ્રદ્ધા થાય.

(૫૮)

**જ્ઞાયક અને ક્રમબદ્ધનો નિર્ણય કરીને સ્વાશ્રયનું પરિણમન થયું તેમાં વ્રત-પ્રતિક્રમણ વગેરે બધું જૈનશાસન આવી જાય છે.**

[૧]પ્રશ્ન :- આ ક્રમબદ્ધપર્યાયમાં વ્રત-સમિતિ-ગુપ્તિ-પ્રતિક્રમણ-પ્રત્યાખ્યાન-પ્રાયશ્ચિત વગેરે ક્યાં આવ્યું?

ઉત્તર :- જેનું જ્ઞાન પરથી ખસીને જ્ઞાયકમાં એકાગ્ર થયું છે તેને જ ક્રમબદ્ધપર્યાયનો નિર્ણય છે, અને જ્ઞાયકમાં એકાગ્ર થઈને પરિણમ્યો તેમાં વ્રત-સમિતિ વગેરે બધું આવી જાય છે. જ્ઞાયકસ્વભાવમાં જ્ઞાનની એકાગ્રતા તે ધ્યાન છે, ને તે ધ્યાનમાં નિશ્ચયવ્રત-તપ-પ્રત્યાખ્યાન વગેરે બધું સમાઈ જાય છે. નિયમસારની ૧૧૯મી ગાથામાં કહ્યું છે કે -

આત્મસ્વરૂપ અવલંબનારા ભાવથી સૌ ભાવને
ત્યાગી શકે છે જીવ, તેથી ધ્યાન તે સર્વસ્વ છે.

નિજ આત્માનો આશ્રય કરીને જ્ઞાન એકાગ્ર થયું તે નિશ્ચયધર્મધ્યાન છે, અને તે નિશ્ચયધર્મધ્યાન જ સર્વે પરભાવોનો અભાવ કરવાને સમર્થ છે. '**तम्हा झाणं हवे सव्वं**' તેથી ધ્યાન તે સર્વસ્વ છે. શુદ્ધ આત્માના ધ્યાનમાં બધા નિશ્ચય આચાર સમાઈ જાય છે. આત્માના જ્ઞાયકસ્વભાવનો અને ક્રમબદ્ધપર્યાયનો નિર્ણય જે નથી કરતો તેને કદી ધર્મધ્યાન હોતું નથી.

ધ્યાન એટલે જ્ઞાનની એકાગ્રતા. જ્ઞાયક તરફ વળે નહિ, ક્રમબદ્ધપર્યાયને જાણે નહિ ને પરમાં ફેરફાર કરવાનું માને એવા જીવનું જ્ઞાન પરસન્મુખતાથી ખસીને સ્વમાં એકાગ્ર થાય જ નહિ, એટલે તેને ધર્મધ્યાન હોય જ નહિ. પરમાં એકાગ્રતા વડે તેને તો ઊંધું ધ્યાન હોય. જ્ઞાની તો જ્ઞાયકનો અને ક્રમબદ્ધપર્યાયનો નિર્ણય કરીને જ્ઞાયકમાં જ એકાગ્રદષ્ટિથી ક્રમબદ્ધજ્ઞાતાપણે જ પરિણમે છે. જ્ઞાયકમાં એકાગ્રતાનું જે ક્રમબદ્ધ પરિણમન થયું તેમાં નિશ્ચય પ્રતિક્રમણ-પ્રત્યાખ્યાન-સામાયિક-વ્રત-તપ વગેરે બધું આવી

૧. જ્ઞાનસ્વભાવ-જ્ઞેયસ્વભાવ-૨, બોલ-૬૦

ગયું. જ્ઞાતા તો ક્રમબદ્ધ પોતાના જ્ઞાયકભાવપણે જ પરિણમે છે-જ્ઞાયકના અવલંબને જ પરિણમે છે-ત્યાં નિર્મળ પર્યાયો થતી જાય છે. વચ્ચે જે વ્યવહારપરિણતિ થાય છે તેને જ્ઞાન જાણે છે, પણ તેમાં એકાગ્ર થઈને વર્તતું નથી. તે સ્વભાવમાં એકાગ્રપણે જ વર્તે છે ને તેમાં જૈનશાસન આવી જાય છે.

(૫૯)

## કેવળીને ક્રમબદ્ધ ને છદ્મસ્થને અક્રમ, એમ નથી

[૧]પ્રશ્ન :- 'બધું ક્રમબદ્ધ છે' એ વાત કેવળી ભગવાનને માટે બરાબર છે. કેવળી ભગવાને બધું જાણ્યું છે તેથી તેમને માટે તો બધું ક્રમબદ્ધ જ છે, પરંતુ છદ્મસ્થને તો પૂરું જ્ઞાન નથી તેથી તેને માટે બધું ક્રમબદ્ધ નથી. છદ્મસ્થને તો ફેરફાર પણ થાય. -એ પ્રમાણે કોઈ કહે તો તે બરાબર છે?

ઉત્તર :- ના; એ વાત બરાબર નથી. વસ્તુસ્વરૂપ બધાને માટે એક સરખું જ છે. કેવળીને માટે જુદું વસ્તુસ્વરૂપ ને છદ્મસ્થને માટે જૂદું, એમ બે પ્રકારનું વસ્તુસ્વરૂપ નથી, કેવળીને માટે બધું ક્રમબદ્ધ ને છદ્મસ્થને માટે અક્રમબદ્ધ એટલે કે છદ્મસ્થ તેમાં આડુંઅવળું પણ કરી દે એમ માનનારને ક્રમબદ્ધપર્યાયના સ્વરૂપની ખબર નથી. કેવળી ભગવાન ભલે પૂરું પ્રત્યક્ષ જાણે ને છદ્મસ્થ પૂરું પ્રત્યક્ષ ન જાણે, તો પણ વસ્તુસ્વરૂપનો (ક્રમબદ્ધપર્યાય વગેરેનો) નિર્ણય તો બંનેને સરખો જ છે. કેવળીભગવાન બધા દ્રવ્યોની ક્રમબદ્ધપર્યાય થવાનું જાણે અને છદ્મસ્થ તેને અક્રમે થવાનું માને તો તેના નિર્ણયમાં જ વિપરીતતા થઈ. 'હું જ્ઞાયક છું ને પદાર્થોની ક્રમબદ્ધઅવસ્થા છે' એવો નિર્ણય કરીને જ્ઞાયકસ્વભાવસન્મુખ પરિણમતાં જ્ઞાનીને તો જ્ઞાતાભાવનું જ પરિણમન ખીલતાં ખીલતાં અનુક્રમે કેવળજ્ઞાન થઈ જાય છે. પણ જેને હજી તો નિર્ણયમાં જ ભૂલ છે તેને જ્ઞાતાપણાનું પરિણમન થતું નથી પણ વિકારનું જ કર્તાપણું રહે છે.

(૬૦)

## આગમને જાણશે કોણ ?

[૨]પ્રશ્ન :- આ ક્રમબદ્ધપર્યાયની આપ કહો છો એવી વાત આગમમાં મળતી નથી.

ઉત્તર : અરે ભાઈ ! હજી તને સર્વજ્ઞનો તો નિર્ણય નથી, તો સર્વજ્ઞના નિર્ણય વગર

૧. જ્ઞાનસ્વભાવ-જ્ઞેયસ્વભાવ-૨, બોલ-૮૯ ૨. જ્ઞાનસ્વભાવ-જ્ઞેયસ્વભાવ-૨, બોલ-૯૧

'સર્વજ્ઞ આગમ કેવાં હોય અને તેમાં શું કહ્યું છે' તેની તને શું ખબર પડે? ગુરુગમ વગર પોતાની ઊંધી દૃષ્ટિથી આગમના અર્થ ભાસે તેમ નથી. આગમ કહે છે કે આત્માનો જ્ઞાનસ્વભાવ છે ને તેમાં સર્વજ્ઞતાનું સામર્થ્ય છે. જો આવા જ્ઞાનસ્વભાવને અને સર્વજ્ઞતાને ન જાણે તો તેણે આગમને જાણ્યા જ નથી. અને જો આવા જ્ઞાનસ્વભાવને માને તો ક્રમબદ્ધપર્યાયનો નિર્ણય તેમાં આવી જ જાય છે.

ક્રમબદ્ધપર્યાય સીધી રીતે ન સમજે તેને સમજાવવા માટે આ કેવળજ્ઞાનની દલીલ આપવામાં આવે છે, બાકી તો વસ્તુ પોતે જ તેવા સ્વભાવવાળી છે. ક્રમબદ્ધપર્યાય તે વસ્તુનું જ સ્વરૂપ છે, તે કાંઈ કેવળજ્ઞાનને કારણે નથી.

(૬૧)

[૧]આ મોક્ષમાર્ગનું સ્વરૂપ છે. આત્માના શ્રદ્ધા, જ્ઞાન ને લીનતા તે મોક્ષમાર્ગ છે. તે પુરુષાર્થથી થાય છે કે કર્મ ખસવાથી થાય છે? એમ પ્રશ્ન ચાલે છે. પુરુષાર્થ કરે તો બધા કારણો મળી આવે છે. સંસારના કાર્યોમાં વીર્ય કામ કરે છે. જ્યાં રુચિ છે ત્યાં પુરુષાર્થ વળે છે. જો મોક્ષમાર્ગની રુચિ હોય તો તે તરફ પુરુષાર્થ વળ્યા વગર રહે નહિ. કોઈ પણ લગ્ન આદિ વ્યાવહારિક કામમાં પુરુષાર્થ લગાવે છે પણ ધર્મની વાત આવે ત્યાં થવાનું હશે તો થશે એમ કહી પ્રમાદ સેવે છે. બધું થવાનું હશે તેમ થશે એમ યથાર્થ નિર્ણય હોય તો પરમાં ફેરફાર કરવાનું રહે નહિ પણ સ્વભાવ તરફ પુરુષાર્થ વળે જ, પણ અજ્ઞાની સ્વચ્છંદ સેવે છે. સંસારના કાર્યો પણ કેવળજ્ઞાનની નોંધમાં છે એટલે કે કેવળજ્ઞાનમાં તે વાત જણાઈ ગઈ છે છતાં તેમાં ફેરફાર કરવા માગે છે ને ધર્મમાં થવું હશે તેમ થશે એમ કહીને સ્વચ્છંદ સેવે છે માટે કેવળજ્ઞાનની શ્રદ્ધા નથી. જો કેવળજ્ઞાનનો નિર્ણય હોય તો પોતાના તરફ વળ્યા વિના રહે નહિ.

વળી કોઈ જીવ ક્રમબદ્ધપર્યાયના નામે સ્વચ્છંદ સેવે છે. ક્રમબદ્ધપર્યાયના નિર્ણયવાળાને પર તરફની વિમુખતા થઈ ગઈ હોય ને સ્વભાવ તરફની દૃષ્ટિ હોય. અજ્ઞાની દેખાદેખીથી કથનમાત્ર બોલે છે.

અહો! આત્મા જ્ઞાનસ્વભાવી છે. જ્ઞાન જ્ઞેયને જાણે છે, રાગને તથા નિમિત્તને પણ જાણે એવો સ્વભાવ સન્મુખ પુરુષાર્થ છે તેને રાગ ને નિમિત્ત તરફની દૃષ્ટિ ખસી ગઈ હોય

૧. સદ્‌ગુરુપ્રસાદ - મોક્ષમાર્ગ પ્રકાશક (૧૯૫૧-૧૯૫૨) ભાગ-૨, પેજ-૪૯૦-૪૯૧

છે, ને સ્વભાવ તરફની દૃષ્ટિ થઈ છે તેને ક્રમબદ્ધનો નિર્ણય સાચો છે.

સાધારણ ચીજ લેવા જાય તો ત્યાં પરીક્ષા કરીને લ્યે છે, ત્યાં ક્રમબદ્ધ આવવાનું હશે તે આવશે એમ માનતો નથી ને ધર્મમાં ક્રમબદ્ધને નામે સ્વચ્છંદ સેવે છે. ધર્મમાં કાળ આવશે ત્યારે કામ થશે ને કર્મ માર્ગ આપશે ત્યારે થશે - એમ કહીને સ્વચ્છંદ સેવે છે. વેપારમાં રૂપિયાનો મેળ ન મળે તો બધો હિસાબ તપાસે છે. ત્યાં જ્ઞાન અને વીર્યને રોકે છે, સમાધાન રાખતો નથી ને મોક્ષને દેખાદેખીથી ઉત્કૃષ્ટ કહે છે. ક્રમબદ્ધપર્યાયનો ન્યાય બહુ ઊંચો છે એમ માત્ર દેખાદેખીથી અજ્ઞાની બોલે છે પણ તેનું યથાર્થ સ્વરૂપ ઓળખતો નથી. ક્રમબદ્ધપર્યાયનું સ્વરૂપ ઓળખીને તેને હિતરૂપ જાણતો નથી. જેને હિતરૂપ જાણે તેનો ઉદ્યમ તે ન કરે એ અસંભવિત છે.

ભગવાને જ્ઞાનમાં જોયું હશે તેમ થશે, ને ત્યારે ભવ ઘટશે એમ અજ્ઞાની કહે છે, પણ ભગવાનનો નિર્ણય કરનારને સ્વભાવ સન્મુખ દશા થાય છે. કેવળજ્ઞાનનું જેવું સ્વરૂપ છે તેવું ઓળખી સ્વભાવનો પુરુષાર્થ ન કરે તેમ બને નહિ - ને સ્વભાવ જાણે તેને ભવ હોય નહિ.

(૬૨)

[૧]ક્રમબદ્ધપર્યાયમાં પુરુષાર્થ આવી જાય છે. પણ આ ક્રમબદ્ધ પર્યાયની વાત બહાર આવતા અજ્ઞાની ભડકે છે. વસ્તુના કેવળજ્ઞાનને નક્કી કર, અથવા ક્રમબદ્ધને નક્કી કર, અથવા શુદ્ધ આત્મા આનંદથી ભરપૂર છે. તેની ઉપાદેય બુદ્ધિ કર. એ બધી એ જ વાત છે. ભાષા ફરે ત્યાં અજ્ઞાની ભડકે છે.

પોતાના શુદ્ધ આત્માની ઉપાદેય બુદ્ધિ કરી તેમાં ભાવના કર. હું આનંદ સ્વભાવથી ભરેલો છું. શુદ્ધ આત્મા આદરણીય છે - એમ કહો, સમ્યગ્દર્શનનો વિષય કહો, દ્રવ્યદૃષ્ટિ કહો તે બધું એક જ છે.

૧. સદ્‌ગુરુપ્રસાદ - બૃહદ દ્રવ્યસંગ્રહ (૧૯૫૧-૧૯૫૨) ભાગ-૨, પેજ-૧૯૫

(૬૩)

[૧]પ્રશ્ન :- શ્રુતજ્ઞાનીને કેવળજ્ઞાન પ્રગટાવવાની ઉતાવળ થતી નથી ?

ઉત્તર :- શ્રુતજ્ઞાનીને કેવળજ્ઞાન પ્રગટ થવાનું જ છે તેથી ઉતાવળ-અધીરજ થતી નથી. તે જાણે છે કે ક્રમબદ્ધ પર્યાયમાં કેવળજ્ઞાન પ્રગટ થવાના કાળે પ્રગટ થવાનું જ છે તેથી ઉતાવળ કે અધીરજ થતી નથી. ક્રમબદ્ધમાં અકર્તાપણું હોવાથી વીતરાગતા છે. પૂર્ણ સ્વરૂપમાં દૃષ્ટિ છે તેથી વીતરાગતા છે. જેમ બીજ ઊગી છે તે પૂર્ણ-પૂનમ થશે જ એમાં સંશય કે સંદેહ નથી. તેમ જેને અંતર આત્મભાન થયું છે તેને કેવળજ્ઞાન થવાનું જ છે, કેવળજ્ઞાન દોડ્યું આવે છે. તે અલ્પકાળમાં પ્રગટ થશે જ, એમાં સંશય કે સંદેહ શ્રુતજ્ઞાનીને થતો નથી.

(૬૪)

[૨]પ્રશ્ન :- વ્યવહારને હેય કહો છો, તો શું સમ્યગ્દર્શન-જ્ઞાન અને ચારિત્ર એ ત્રણને જુદાં કહેવારૂપ જે વ્યવહાર છે તે પણ હેય છે?

ઉત્તર :- સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રને ભેદરૂપે જાણવા તે વ્યવહાર છે, વ્યવહારને જાણવો તે મિથ્યાત્વ નથી, કેમકે વસ્તુના સ્વભાવમાં જ કથંચિત્ ગુણભેદ છે. પરંતુ તે ભેદને જાણતાં છદ્મસ્થને વિકલ્પ આવે છે, તે ભેદના વિકલ્પનો આશ્રય કરવો તે મિથ્યાત્વ છે. ગુણભેદરૂપ વ્યવહાર તો વસ્તુમાં જ છે, પણ પરનું કરવાની તાકાત તો કોઈ વસ્તુમાં નથી. પુણ્ય-પાપના ભાવને જાણવા તે વ્યવહારનય છે, પણ તે પુણ્ય-પાપ કે વ્યવહારના આશ્રયે સમ્યગ્દર્શન નથી. સમ્યગ્દર્શન એવી ચીજ છે કે વાણી-વિકલ્પથી તે પકડાય તેમ નથી. સાચા દેવ-ગુરુ-શાસ્ત્રને માનવાથી પણ વાસ્તવિક સમ્યગ્દર્શન નથી કેમકે તે પણ પરવસ્તુ છે. અસંગી ચૈતન્યસ્વભાવની પ્રતીત વગર સમ્યગ્દર્શન થાય નહિ.


જડની અવસ્થા જડથી સ્વતંત્ર જેમ થવાની હોય તેમ જ થાય, આવી માન્યતા તે નિયતવાદ નથી પણ સમ્યક્શ્રદ્ધાનું કારણ છે કેમકે તેવો વસ્તુસ્વભાવ છે. જેમ જડની અવસ્થા સ્વતંત્ર ક્રમબદ્ધ છે, તેમ ચૈતન્યની અવસ્થા પણ ક્રમબદ્ધ પોતાથી થાય છે. આત્મામાં જે સમયે જે પર્યાય થવાની હોય તે જ ક્રમબદ્ધ થવાની; આ શ્રદ્ધામાં અનંત

૧. જ્ઞાનગોષ્ઠી બોલ-૫૮૮ ૨. આત્મધર્મ એ૦૪૧, માર્ચ.૧૯૪૭, પેજ-૯૮

પુરુષાર્થ છે. જેણે એક સમયની પર્યાયનો સ્વીકાર કર્યો તેને કેવળજ્ઞાનની અને આત્માની પ્રતીત થઈ ગઈ. જડની અવસ્થા તેના ક્રમબદ્ધ નિયમ પ્રમાણે થાય છે એવી શ્રદ્ધા થતાં જડનો તો જ્ઞાતા થઈને તે પ્રત્યે ઉદાસીન થયો. હવે પોતામાં જે ક્રમબદ્ધ અવસ્થા થાય છે તેનો આધાર આત્મદ્રવ્ય છે-એમ દ્રવ્યદષ્ટિ થઈ, એટલે પર્યાયદષ્ટિ અને રાગની દષ્ટિ ટળી ગઈ. આ રીતે વસ્તુસ્વભાવની શ્રદ્ધા-જ્ઞાન થયા વગર ક્રમબદ્ધપર્યાયની શ્રદ્ધા થાય નહિ, ક્રમબદ્ધ પર્યાય કહો કે સ્વતંત્ર વસ્તુ સ્વભાવ કહો, તેની પ્રતીતમાં જ સમ્યગ્દર્શનનો અપૂર્વ પુરુષાર્થ છે.

જ્યાં બધા જ દ્રવ્યોની અવસ્થા ક્રમબદ્ધ પોતપોતાથી થાય છે, ત્યાં 'નિમિત્ત હોય તો થાય' એ વાત જ ક્યાં રહી ? પહેલા સ્વતંત્ર સ્વભાવનું જ્ઞાન કરે અને દરેક પર્યાયને પણ સ્વતંત્ર કબૂલે પછી જ નિમિત્તનું જ્ઞાન સાચું થાય. જ્યાં સુધી સ્વતંત્ર દ્રવ્ય-ગુણ-પર્યાયને ન સમજે ત્યાં સુધી જીવને નિમિત્તનું જ્ઞાન પણ યથાર્થ હોય નહિ.

નિમિત્ત છે તે તો સમ્યગ્જ્ઞાનનો વિષય છે. સમ્યગ્જ્ઞાન સ્વ અને પર બંનેને જાણે છે. પહેલા નિરપેક્ષ સ્વભાવને દષ્ટિમાં સ્વીકાર્યા વગર જ્ઞાન સમ્યક્ થાય નહિ અને જ્ઞાન સાચું ન થાય ત્યાં સુધી તે સ્વ-પરને યથાર્થ જાણે નહિ. બીજી ચીજ છે પણ તેનાથી આ જીવમાં કાંઈ પણ વિકૃતિ થતી નથી, પોતાના પુરુષાર્થથી જ થાય છે.



# (૭)
# ક્રમબદ્ધ અનુસાર રુચિ છે કે રુચિ અનુસાર ક્રમબદ્ધ છે?

(૬૫)

[૧]આત્મા સામાન્ય-વિશેષસ્વરૂપ વસ્તુ છે, અનાદિ અનંત જ્ઞાનસ્વરૂપ તે સામાન્ય અને તે જ્ઞાનમાંથી સમયે સમયે જે પર્યાય થાય છે તે વિશેષ છે. સામાન્ય પોતે કાયમ રહીને વિશેષપણે પરિણમે છે; તે વિશેષ પર્યાયમાં જો સ્વરૂપની રુચિ કરે તો સમયે સમયે વિશેષમાં શુદ્ધતા થાય છે, અને જો તે વિશેષ પર્યાયમાં 'રાગાદિ દેહાદિ તે હું' એવી ઊંધી રુચિ કરે તો વિશેષમાં અશુદ્ધતા થાય છે. આ રીતે સ્વરૂપની રુચિ કરે તો શુદ્ધપર્યાય ક્રમબદ્ધ પ્રગટે છે; અને જો વિકારની-પરની રુચિ હોય તો અશુદ્ધપર્યાય ક્રમબદ્ધ પ્રગટે છે; ચૈતન્યની ક્રમબદ્ધ પર્યાયમાં ફેર પડતો નથી, પણ ક્રમબદ્ધનો નિયમ એવો છે કે જે તરફની રુચિ કરે તે તરફની ક્રમબદ્ધદશા થાય છે. જેને ક્રમબદ્ધપર્યાયની શ્રદ્ધા થાય તેને દ્રવ્યની રુચિ થાય અને જેને દ્રવ્યની રુચિ થાય તેની ક્રમબદ્ધપર્યાય શુદ્ધ જ થાય, એટલે સર્વજ્ઞ ભગવાને જાણ્યા પ્રમાણે ક્રમબદ્ધપર્યાય જ થાય છે, તેમાં ફેર પડતો જ નથી એટલું નક્કી કરવામાં તો દ્રવ્ય તરફનો અનંત પુરુષાર્થ આવી જાય છે. પર્યાયનો ક્રમ ફેરવવો નથી, પણ રુચિ સ્વતરફ કરવાની છે.

(૬૬)

[૨]પ્રશ્ન :- સર્વજ્ઞ ભગવાને જોયું હોય ત્યારે આત્માની રુચિ થાય ને?

ઉત્તર :- સર્વજ્ઞ ભગવાન બધું જાણે છે એમ નક્કી કોણે કર્યું? જેણે સર્વજ્ઞ ભગવાનના જ્ઞાન સામર્થ્યને પોતાની પર્યાયમાં નક્કી કર્યું છે તેની પર્યાય સંસારથી અને રાગથી ખસીને પોતાના જ્ઞાનસ્વભાવ તરફ વળી છે ત્યારે જ તેણે સર્વજ્ઞનો નિર્ણય કર્યો છે, જેની પર્યાય જ્ઞાનસ્વભાવ તરફ વળી છે તેને આત્માની જ રુચિ છે. 'અહો! કેવળી

૧. આત્મધર્મ એ-૦૨૮;ફબ્રુ-૧૯૪૬, પેજ-૭૯ (સ્વામીકાર્તિકેયાનુપ્રેક્ષા, ગાથા-૩૨૧-૩૨૩)
૨. આત્મધર્મ એ-૦૨૮;ફબ્રુ-૧૯૪૬, પેજ-૮૦ (સ્વામીકાર્તિકેયાનુપ્રેક્ષા, ગાથા-૩૨૧-૩૨૩)

ભગવાન ત્રણકાળ ત્રણલોકના જાણનાર જ છે, તેઓ પોતાના જ્ઞાનથી બધું જાણે છે પણ કોઈનું કાંઈ કરતા નથી' આમ જેણે યથાર્થપણે કર્તૃત્વપણાની બુદ્ધિ ટળી ગઈ–એટલે કે અભિપ્રાય અપેક્ષાએ તે સર્વજ્ઞ થયો છે. આવો, સ્વભાવનો અનંત પુરુષાર્થ ક્રમબદ્ધપર્યાયની શ્રદ્ધામાં આવે છે. ક્રમબદ્ધપર્યાયની શ્રદ્ધા તે નિયતવાદ નથી, પણ સમ્યક્ પુરુષાર્થવાદ છે.

(૬૭)

[૧]અનંતાગુણ આત્મામાં એકમેકપણે છે. તે પૂર્ણ સ્વરૂપની શ્રદ્ધા અને એકાગ્રતા વડે તેનો વિકાસ થાય છે, પરના કાર્યનો તે તે પદાર્થ કર્તા છે, પરનો કર્તા, હર્તા કે ભોક્તા કોઈ જીવ નથી. અને અજીવ, જીવના કાર્યનો કર્તા નથી. કોઈ કોઈનું નિમિત્ત કર્તા થઈ શકતું નથી. સ્વતંત્ર જ્ઞાતા સ્વભાવ બતાવનાર ક્રમબદ્ધ પર્યાયની સ્વતંત્રતાનો અધિકાર ચાલે છે. દરેક દ્રવ્ય સ્વકાળે પોતપોતાની યોગ્યતાનુસાર પોતાથી ઉપજે, બદલે અને ટકે છે. કોઈ કોઈના કર્તા નથી, કારણ નથી, આધાર નથી. મિથ્યાદષ્ટિ જીવને જ્ઞાતાસ્વભાવ રુચતો જ નથી તેથી હું પરના કામ કરી શકું અને પર મારા કાર્ય કરી શકે એમ માને છે. પોતાને ભૂલી પરને પોતાનું માને છે. દ્રવ્ય ગુણ અક્રમે છે ક્રમે નથી. અને પ્રગટ થતી પર્યાયો પોતપોતાના કાળે ક્રમસર છે અક્રમ નથી.

દ્રવ્યમાંથી દ્રવ્યના આશ્રયે પર્યાયો દરેક સમયે નવી નવી ઊપજે છે અને પૂર્વ પર્યાયો બદલે છે. એકેક દ્રવ્યમાં દરેક દ્રવ્યમાં અનંતગુણ છે, તેથી એક સમયમાં અનંતગુણની અનંત અવસ્થા ઉત્પાદ–વ્યયરૂપ થઈને સ્વદ્રવ્યમાં ભળે છે. પરદ્રવ્ય સાથે કોઈનો એક અંશ પણ મળે નહિ એવી મર્યાદા છે. જેમ દ્રવ્ય ગુણ પર્યાય કોઈથી કરાયેલા નથી તેમ દ્રવ્યના અનંત ગુણોની ક્રમે ક્રમે થતી પર્યાયો પણ કોઈ વડે નથી, કોઈના આધારે નથી. પોતાથી જ છે, સ્વકાળે પ્રગટ થાય છે. કોઈ પર્યાય વહેલી મોડી અથવા આડી અવળી થાય એમ નથી. આમ સાચી વસ્તુસ્થિતિનો નિર્ણય કરે તો પર્યાયના ભેદના આશ્રયે લાભ માનવાની શ્રદ્ધા છૂટી જાય, ગ્રહણ ત્યાગની કર્તાબુદ્ધિ છૂટી, અંશમાં આખું માનવારૂપ પર્યાયબુદ્ધિ છૂટી હું સર્વજ્ઞ સ્વભાવી આત્મા છું એમાં એક્તાબુદ્ધિ થાય અને મિથ્યા અહંકાર જાય.

૧. આત્મધર્મ એ૨૨૬, ઓગસ્ટ–૧૯૬૨–૫૫, પેજ–૫ (સમયસાર – ૩૦૮–૩૧૧)


(૬૮)

[૧]જ્યાં રુચિ ત્યાં જોર.

'નિમિત્તથી ને વ્યવહારથી તો આત્મા કર્મનો કર્તા છે ને!' એમ અજ્ઞાની જોર આપે છે. પણ ભાઈ ! તારું જોર ઊંધું છે. તું કર્મ તરફ જોર આપે છે, પણ 'આત્મા અકર્તા છે- જ્ઞાન જ છે' એમ જ્ઞાયક ઉપર જોર કેમ નથી આપતો? જેને જ્ઞાયકની રુચિ નથી ને રાગની રુચિ છે તે જ કર્મના કર્તાપણા ઉપર જોર આપે છે.

ક્રમબદ્ધપર્યાયનો યથાર્થ નિર્ણય કરનાર કાળના પ્રવાહ સામે નથી જોતો, પણ જ્ઞાયકસ્વભાવ સામે જુએ છે. કેમ કે વસ્તુની ક્રમબદ્ધપર્યાય કાંઈ કાળને લીધે થતી નથી. કાળદ્રવ્ય તો પરિણમનમાં બધાય દ્રવ્યોને એક સાથે નિમિત્ત છે, છતાં કોઈ પરમાણુ સ્કંધમાં જોડાય, તે જ વખતે બીજો તેમાંથી છૂટો પડે, એક જીવ સમ્યગ્દર્શન પામે ને બીજો જીવ તે જ વખતે કેવળજ્ઞાન પામી જાય. એ પ્રમાણે જીવ-અજીવ દ્રવ્યોમાં પોતપોતાની યોગ્યતા પ્રમાણે ભિન્ન ભિન્ન અવસ્થારૂપે ક્રમબદ્ધ પરિણામ થાય છે. માટે પોતાના જ્ઞાનપરિણામનો પ્રવાહ જ્યાંથી વહે છે એવા જ્ઞાયકસ્વભાવ ઉપર દૃષ્ટિ રાખીને જ ક્રમબદ્ધપર્યાયનું યથાર્થ જ્ઞાન થાય છે.

૧. જ્ઞાનસ્વભાવ-જ્ઞેયસ્વભાવ, બોલ-૧૨૧



# (૮)
# ક્રમબદ્ધ : દ્રવ્ય દૃષ્ટિ કે પર્યાય દૃષ્ટિ?

(૬૯)

[1]આ (-શ્રી સમયસાર ગાથા ૩૦૮) બહુ સરસ ગાથા છે. આ ગાથા મોક્ષ અધિકારની ચૂલિકા છે. અહીં આચાર્યદેવ આત્માનું અકર્તાપણું બતાવે છે. અકર્તાપણું એટલે કે જ્ઞાયકસ્વભાવની સિદ્ધિ ક્રમબદ્ધ દ્વારા કરી છે. એક પછી એક થાય ને જે સમયે જે પર્યાય થવાની છે તે જ થાય તેનું નામ ક્રમબદ્ધ છે. દરેક દ્રવ્યની જે સમયે જે પર્યાય થવાની છે તે જ થાય છે એટલે કે તેને અન્ય દ્રવ્ય તો કરતું નથી પણ તે પર્યાયને તે દ્રવ્ય પણ આઘી-પાછી કરી શકે-ફેરફાર કરી શકે એમ પણ નથી. ક્રમબદ્ધ તો મહાસિદ્ધાંત છે. ક્રમબદ્ધનો સાચો નિર્ણય કરવા જાય ત્યાં દૃષ્ટિ દ્રવ્યસ્વભાવ ઉપર જાય છે, અને ત્યારે જ ક્રમબદ્ધનો યથાર્થ નિર્ણય થાય છે. ક્રમબદ્ધપર્યાયના આશ્રયે ક્રમબદ્ધનો નિર્ણય નહિ થાય. અકર્તાસ્વભાવની દૃષ્ટિ કરવાથી ક્રમબદ્ધનો યથાર્થ નિર્ણય થાય છે. માટે ક્રમબદ્ધના નિર્ણયમાં પુરુષાર્થનો નિષેધ થઈ જતો નથી પણ ક્રમબદ્ધના નિર્ણયમાં દ્રવ્યસ્વભાવનો અનંતો પુરુષાર્થ છે. અકર્તાપણું એ નાસ્તિનું કથન છે. ક્રમબદ્ધ દ્વારા જ્ઞાયકસ્વભાવની અહીં સિદ્ધિ કરવામાં આવી છે.

(૭૦)

[2]મુખ્ય વાત તો એ છે કે ભગવાન આત્મા ત્રિકાળી વસ્તુ તરીકે તો પર્યાયથી રહિત છે છતાં પર્યાયાર્થિકનયથી તેનું જે પરિણમન છે તે ક્રમસર થાય છે, આઘી-પાછી થતી નથી; તો પછી પુરુષાર્થ ક્યાં રહ્યો! કે ક્રમસર થશે એવો નિર્ણય ક્યારે થાય ? પર્યાયમાં રહીને પર્યાયનો નિર્ણય ન થાય, જ્ઞાયકસ્વભાવના લક્ષે ક્રમબદ્ધનો નિર્ણય થાય અને તે જ પુરુષાર્થ છે. જે પર્યાય થવાની હશે તે થશે તેનો નિર્ણય કોણે કર્યો? કે ત્રિકાળી જ્ઞાયકસ્વભાવનો જેણે નિર્ણય કર્યો છે તેને 'જે થવાનું હશે તે થશે' એવો સાચો નિર્ણય આવે છે.

૧. દ્રવ્યદૃષ્ટિ જિનેશ્વર બોલ-૧૩૦ ૨. દ્રવ્યદૃષ્ટિ જિનેશ્વર બોલ-૨૮૩

(૭૧)

[૧]વસ્તુ એક સમયમાં પૂરી છે; તેના પરિણામમાં ઉત્પાદ-વ્યય-ધ્રુવપણું છે. તે ઉત્પાદ-વ્યય-ધ્રુવપણું નક્કી કરતાં દ્રવ્ય ઉપર જ દૃષ્ટિ જાય છે. વર્તમાન પરિણામથી ઉત્પાદ છે, પૂર્વ પરિણામથી વ્યય છે, ને ધ્રુવ તો સળંગ પ્રવાહ અપેક્ષાએ છે. એટલે સળંગ પ્રવાહની દૃષ્ટિમાં જ ધ્રુવસ્વભાવ ઉપર દૃષ્ટિ ગઈ, અને ત્યારે જ પરિણામના ઉત્પાદ-વ્યય-ધ્રુવ નક્કી થયા.

આમાં પુરુષાર્થ ક્યાં કામ કરે છે? કે આમ નક્કી કર્યું ત્યાં પુરુષાર્થ દ્રવ્યસન્મુખ જ કામ કરવા માંડ્યો, ને વીતરાગતા જ થવા માંડી. પરિણામ તેના સ્વકાળમાં થાય છે, તે તો થયા જ કરે છે, પણ તેમ નક્કી કરનારની દૃષ્ટિ ધ્રુવ ઉપર પડી છે. દ્રવ્યદૃષ્ટિ થયા વગર આ વાત બેસે તેવી નથી.

આ જ્ઞેયઅધિકારમાં એકલા પરપ્રકાશકની વાત નથી, પણ સ્વસન્મુખ સ્વપ્રકાશકસહિત પરપ્રકાશકની વાત છે. જ્યાં પોતાના ધ્રુવસ્વભાવની સન્મુખતાથી સ્વપ્રકાશક થયો ત્યાં આખા જગતના બધા પદાર્થો પણ આવા જ છે એવું પર પ્રકાશકપણું પણ જ્ઞાનમાં ખીલી જ જાય છે. દ્રવ્ય પણ ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યાત્મક છે. તે ઉત્પાદ-વ્યય-ધ્રુવ ક્યારે નક્કી થાય ? જ્ઞાયક ચૈતન્યદ્રવ્યની યથાર્થ રુચિ અને તે તરફ વલણ થતાં બધું નક્કી થઈ જાય છે. જેમ સ્વના જ્ઞાનસહિત જ પરનું સાચું જ્ઞાન થાય છે, તેમ ધ્રુવની દૃષ્ટિથી જ ઉત્પાદ-વ્યયનું સાચું જ્ઞાન થાય છે.

વસ્તુસ્વરૂપ એવું છે કે ક્યાંય પર ઉપર તો જોવાનું નથી, ને પોતાની એકલી પર્યાય સામે પણ જોવાનું નથી; વિકલ્પ ટાળીને નિર્વિકલ્પતા કરું-એવા લક્ષે નિર્વિકલ્પતા થતી નથી પણ ધ્રુવના લક્ષે નિર્વિકલ્પતા થઈ જાય છે. એટલે પર્યાયના ઉત્પાદ-વ્યયની સામે પણ જોવાનું નથી. પર્યાયોના પ્રવાહક્રમમાં દ્રવ્ય વર્તી રહ્યું છે, કઈ પર્યાય વખતે આખું દ્રવ્ય નથી ? જ્યારે જુઓ ત્યારે દ્રવ્ય આખેઆખું વર્તમાનમાં છે; એવા દ્રવ્યની સન્મુખતા થતાં પ્રવાહક્રમ નક્કી થાય છે. પછી તે પ્રવાહનો ક્રમ ફેરવવાની બુદ્ધિ રહેતી નથી પણ જ્ઞાતાપણાનો જ અભિપ્રાય રહે છે. ત્યાં તે પ્રવાહક્રમ એમ ને એમ રહી જાય છે ને દ્રવ્યદૃષ્ટિ થઈ જાય છે. તે દ્રવ્યદૃષ્ટિમાં ક્રમે ક્રમે વીતરાગી પરિણામોનો જ પ્રવાહ ઊગ્યા કરશે. આવો આ ૯૯મી ગાથા (પ્રવચનસાર)નો સાર છે.

૧. આત્મધર્મ એ-૦૮૭, જાન્યુ.૧૯૫૧, પેજ-૬૮ (પ્રવચનસાર ગાથા-૯૯)

(૭૨)

[1]દ્રવ્યમાં અનંતગુણો છે અને તેની અનંતી પર્યાય છે તે બધી પર્યાય સમય-સમયે ક્રમબદ્ધ થાય છે, તેવા દ્રવ્ય સ્વભાવની શ્રદ્ધા તે પુરુષાર્થ વડે થાય છે, તેવા શ્રદ્ધા, જ્ઞાન થતાં પુરુષાર્થ સ્વભાવ તરફ વળ્યો પરાશ્રય ટળી ગયો, કર્મનો, કાળનો, ગુરુનો, દેવનો અને પુસ્તકનો આશ્રય દૃષ્ટિમાંથી છૂટી ગયો અને મારી અવસ્થા મારામાં મારા કારણે થાય છે. એમ પ્રતીત થઈ. આત્મામાં પર્યાય એક પછી એક પોતામાંથી થાય છે એમ પ્રતીત થતાં પરદ્રવ્યનો આશ્રય ટળ્યો તે પુરુષાર્થ થયો, તે પુરુષાર્થ દ્વારા જે સ્વભાવ પ્રગટ્યો તે સ્વભાવ, વગેરે પાંચે સમવાય એક પુરુષાર્થ કરતાં આવી જાય છે.

પોતાના દ્રવ્યમાં બધી ક્રમસર અને ક્રમવાર અવસ્થા થાય છે આડી અવળી થતી નથી એમ પ્રતીત થઈ એટલે દુશ્મનનો અને મિત્રનો પરાશ્રય ગયો. વસ્તુ ઉપર દૃષ્ટિ જતાં અનંત પરાક્રમ ખીલ્યું. જેની દ્રવ્ય ઉપર દૃષ્ટિ છે તે વસ્તુમાં અને પર્યાયમાં ભેદ ભાળતો નથી, વસ્તુ ને વસ્તુની પર્યાય વચ્ચે ભેદનો વિકલ્પ રહેતો નથી. વસ્તુ ઉપર દૃષ્ટિ જતાં મુક્તિ ક્યારે થશે તેવો આકુળતા અને ખેદનો વિકલ્પ ટળી જાય છે, વિકલ્પ ગયો પછી દ્રવ્ય અને પર્યાયમાં ભેદ ભાળતો નથી; તેમાં જ્ઞાતા દૃષ્ટાનું અનંતુ પરાક્રમ આવ્યું. તે જ્ઞાતા દૃષ્ટાના જોરમાં સ્વરૂપમાં સ્થિર થઈ મુક્તિની પર્યાય લેશે.

મોક્ષની પર્યાય અને મોક્ષના માર્ગમાં પરાશ્રયપણું નથી, મારામાં જે અવસ્થા થાય છે તે ક્રમસર થાય છે એમ પરાશ્રય દૃષ્ટિ ટળી અને સ્વાશ્રય દૃષ્ટિ થઈ તે અનંતો પુરુષાર્થ થયો. વસ્તુ ઉપર દૃષ્ટિ જતાં મોક્ષ અને મોક્ષમાર્ગની પર્યાયમાં ભેદ અને વિકલ્પ રહેતો નથી, આમાં અનંતુ પરાક્રમ છે.

ભગવાન આત્મામાં અનંતાગુણો ભર્યા છે તેમાં દરેક સમયે અવસ્થા ક્રમસર, ક્રમવાર, ક્રમબદ્ધ થાય છે તે અવસ્થા શરીર કે પર વગેરે કોઈ કરતું નથી એવી સ્વાશ્રય દૃષ્ટિ થઈ અને ઓશિયાળી દૃષ્ટિ ટળી ગઈ તે અનંતો પુરુષાર્થ થયો. દ્રવ્ય ઉપર દૃષ્ટિ જતાં આકુળતાનો વિકલ્પ તૂટી જાય છે, અને જ્ઞાતા દૃષ્ટાની તીખાશ વડે સ્થિર થઈ મોક્ષપર્યાયને પામે છે. દ્રવ્ય ઉપર દૃષ્ટિ છે એટલે તેના જોરમાં મુક્તિની પર્યાય ઝટ થઈ જાય છે, આકુળતાનો વિકલ્પ તૂટ્યો એટલે મુક્તિની પર્યાય ઝટ થઈ જાય છે. એક બે ભવમાં મુક્તિ

૧. આત્મધર્મ, એ-૦૧૩, ઓક્ટો-૧૯૪૪, પેજ-૬ (સમયસાર ૩૦૮-૩૧૧)

લેવાનો છે.

અજ્ઞાનીને ઊંધી દૃષ્ટિ છે ત્યાં પણ એની પર્યાય ક્રમસર થાય છે. આવું સમજાય તેને અવળાઈ રહે નહિ. સાચી સમજણ થઈ ત્યાં આણે આમ કર્યું અને આણે તેમ કર્યું એવા પરના વાંક કાઢવા મટી ગયા. વસ્તુ સામું જુએ તો વસ્તુમાં રાગ-દ્વેષ નથી. પણ નવો નવો જે રાગ-દ્વેષ થાય છે તે પોતાના ઊંધા પુરુષાર્થ વડે થાય છે, તેમાં બીજાનો વાંક નથી. જીવની ક્રમબદ્ધ પર્યાયનું ભાન થયું એટલે જડની ક્રમબદ્ધ પર્યાયનું પણ ભાન થાય છે.

(૭૩)

[૧]પર્યાયમાં ક્રમવર્તીપણું તો જ્ઞાની અજ્ઞાની બંનેને છે, પણ જ્ઞાનીને સ્વભાવ સન્મુખતાને લીધે ક્રમવર્તી પર્યાયો નિર્મળ થાય છે, ને અજ્ઞાનીને પર સન્મુખતાને લીધે ક્રમવર્તી પર્યાયો મલિન થાય છે. વિભાવરૂપ પરિણમન તે શક્તિનું ખરું પરિણમન નથી, શક્તિમાં અભેદ થઈને નિર્મળ સ્વભાવરૂપ પરિણમન થાય તે જ તેનું ખરું પરિણમન છે. અક્રમરૂપ ગુણો ને ક્રમરૂપ પર્યાયો, એવા ગુણપર્યાયોના પિંડરૂપ આત્મસ્વભાવનો આશ્રય કરીને જીવ પરિણમ્યો ત્યારે ઉત્પાદ-વ્યય-ધ્રુવત્વ વગેરે શક્તિઓનું યથાર્થ ભાન થયું, અને ત્યારે જ શક્તિઓનું ખરું પરિણમન પ્રગટ્યું. આ રીતે સાધકદશાની આ વાત છે. શક્તિ તો ત્રિકાળ છે, પણ પહેલાં અભાન દશામાં તેનું વિભાવપરિણમન હતું ને ભાન થતાં તેનું સ્વભાવપરિણમન શરૂ થયું. આ રીતે, સ્વભાવના આશ્રયે નિર્મળ પરિણમન થાય છે તે આ શક્તિઓની ઓળખાણનું ફળ છે.

(૭૪)

[૨]અહીં તો શક્તિનું વર્ણન છે તો શક્તિનું પરિણમન થાય છે તે ક્રમસર શુદ્ધ થાય છે. ક્રમસર ક્રમવર્તી પણ શુદ્ધ થાય છે, અશુદ્ધ નહિ, અશુદ્ધ તો જ્ઞેયમાં-પરજ્ઞેયમાં જાય છે. આહાહા..! શુદ્ધતાની પર્યાય છે તે પણ પરિપૂર્ણ (છે), ત્યાગઉપાદાનશૂન્યત્વથી પરિપૂર્ણ કહેવામાં આવી છે. કેમ ? કે ભલે એક સમયની શુદ્ધ સમ્યગ્દર્શન આદિની પર્યાય હો એ પર્યાય આખા દ્રવ્યને સિદ્ધ કરે છે, સાબિત કરે છે.

૧. આત્મધર્મ, એ-૧૩૯, એપ્રિલ-મે-૧૯૫૫, પેજ-૧૮૬ (ઉત્પાદ-વ્યય-ધ્રુવત્વ શક્તિ)
૨.સમયસાર સિદ્ધિ ભાગ-૧૨, પેજ-૨૦૬

મુમુક્ષુ :- વિકાર તો હજી છે.

ઉત્તર :- અહીં વિકાર લેવો નથી. ત્યાં તો વિકાર પણ છે. જ્યાં અંશ લીધો છે, અંશ લીધો છે કે રાગનો અંશ પણ પોતાનો છે, જો એ કાઢી નાખે તો ત્રિકાળ પર્યાયનો સમૂહ (તે દ્રવ્ય) એ સિદ્ધ થતું નથી. અહીં એ નથી લેવું. અહીં તો શુદ્ધતા લેવી છે. એ શુદ્ધપર્યાય પણ ભલે અલ્પ થઈ પણ પરિપૂર્ણ દ્રવ્યને સિદ્ધ કરે છે, સાબિત કરે છે. એ અંશ પણ અંશી પૂર્ણ છે તેને સિદ્ધ કરે છે. જો એ અંશ કાઢી નાખો તો પૂર્ણ દ્રવ્ય સિદ્ધ નથી થતું. સમજાય છે કાંઈ ? વાત ઝીણી, બાપુ ! આ તો તત્ત્વજ્ઞાન (છે).

મુમુક્ષુ :- બરાબર ન સમજાયું.

ઉત્તર :- નથી સમજાતું? ત્યાં તો એમ લીધું છે 'આત્મમીમાંસા'માં કે ચાહે તો અશુદ્ધ પર્યાય હો કે શુદ્ધ હો, એ પર્યાય એક અંશ આખા દ્રવ્યને સિદ્ધ કરે છે. કેમ કે નય, ઉપનયનો સમૂહ તે દ્રવ્ય છે. શ્લોક છે. સમજાય છે કાંઈ ? નય, ઉપનયનો સમૂહ, વિષયસમૂહ આખું દ્રવ્ય છે. તો ત્યાં અશુદ્ધનય પણ એમાં લીધી છે. અહીંયાં તો એ નથી લેવું. અહીંયાં તો એ અશુદ્ધ જે રાગ થાય છે તેને ક્રમબદ્ધપર્યાયમાં તે રાગનું પર્યાયમાં જ્ઞાન થાય છે. એ જ્ઞાન પણ રાગ છે તે થાય છે એમ નહિ, રાગ છે તો જ્ઞાન થાય છે એમ નહિ, એ પર્યાયમાં ક્રમવર્તીમાં સ્વપરપ્રકાશક પર્યાય પોતાથી થાય છે. ત્યાં રાગ પરજ્ઞેય છે એવો વ્યવહાર કહેવામાં આવે છે. આહાહા..! નિશ્ચય પર્યાય પોતાની છે, બસ એટલું. રાગને જાણે છે એ પણ નહિ. આહા..!


(૭૫)

[૧]પ્રશ્ન :- સ્વભાવને પૂરેપૂરો દેખવો એમ કહો છો તો ક્રમબદ્ધ પર્યાય ક્યાં રહી ?

સમાધાન :- એક પછી એક જે ક્રમબદ્ધ પર્યાય થાય છે તેનો આધાર અક્રમ દ્રવ્ય છે. પર્યાયો ક્રમસર થઈ રહી છે તે ક્રમને જોતો નથી. વળી બધી પર્યાયો એકીસાથે હોતી નથી પણ પર્યાયો ક્રમસર થાય છે એવી પ્રતીતિ તો અક્રમ દ્રવ્યના શ્રદ્ધા ને જ્ઞાનથી થાય છે. જે પર્યાયે પ્રતીતિમાં નિર્ણય કર્યો કે ક્રમનો આધાર તો દ્રવ્ય છે તો જ્યાં સુધી તે પર્યાય દ્રવ્ય તરફ પૂરેપૂરી ન વળે ત્યાં સુધી તે પર્યાય પૂરી થતી નથી. પર્યાય પર્યાયવાનમાંથી આવે છે. શક્તિની વ્યક્તિ શક્તિવાનમાંથી થાય છે. ક્રમબદ્ધનો ઉપદેશ જે

૧. સદ્‌ગુરુપ્રસાદ-સમયસાર-૯ (૧૯૫૦-૧૯૫૨) પ્રસાદ નં.૧૭૮, ગાથા-૧૭૨, પેજ-૧૪૪

કહ્યો છે ને અહીં જે કહ્યું તે એક જ છે. પર્યાયો ક્રમસર થવાની છે, તે વાત બરાબર છે પણ પર્યાયની સન્મુખતા કોના તરફ જાય છે? ચૈતન્ય વસ્તુ અનંત શક્તિનો પિંડ છે, તેની અનંત પર્યાયો છે. એક સમયમાં અનંતગુણોની અનંત પર્યાયો છે. જ્ઞાનીની પર્યાય પર્યાયવાનમાં અભેદ છે. ગુણગુણી અભેદ છે. પર્યાયવાન ઉપર અથવા ગુણી ઉપર દૃષ્ટિ થયા વિના ક્રમબદ્ધ પર્યાયનો નિર્ણય થતો નથી. તે દ્રષ્ટિ વગર પ્રતીતિ હોઈ શકે નહિ, ટકી શકે નહિ, વધી શકે નહિ. માટે સ્વભાવની પ્રતીતિ કરીને સ્વભાવમાં ઠરવાનું કહો કે ક્રમબદ્ધ પર્યાયનો નિર્ણય કહો, તે એક જ છે.



## (૯)
## ક્રમબદ્ધ પર્યાય = જ્ઞાતાપણું

(૭૬)

[1]જ્ઞાનપર્યાય જે (થાય) છે એ પણ ક્રમબદ્ધ જ્ઞાનની પર્યાય છે. અને ક્રમબદ્ધમાં રાગ જે પ્રકારનો આવ્યો, તે છે માટે અહીં જાણે છે (એમ) નથી. એના જ્ઞાનના ક્રમમાં સ્વનું અને પરનું જ્ઞાન (કરવાવાળી) પર્યાય (એના) ક્રમમાં આવી એટલે એમાં એ જણાયું છે. બહુ, ઝીણું, બાપુ ! આ તમારા ધંધાના થોથામાં ક્યાંય હાથ આવે એવું નથી.

(૭૭)

[2]'દ્વાદશાનુપ્રેક્ષા'ની ૩૨૧-૨૨ ગાથામાં કાર્તિકેય સ્વામીએ મહાસિદ્ધાંત બતાવ્યો છે. સમ્યગ્દષ્ટિને વસ્તુસ્વરૂપનો કેવો નિશ્ચય હોય તે ત્યાં બતાવ્યું છે, તેમાં ઊંડુ રહસ્ય છે. ચેતન કે જડ જે પદાર્થની જે સમયે જેવી પર્યાય થવાનો સ્વભાવ છે તેવી જ પર્યાય થાય છે, તેને જાણવાનો આત્માનો સ્વભાવ છે, ક્રમબદ્ધપર્યાયો તો જ્ઞેય છે, તેને જાણનારું જ્ઞાન છે, તે જ્ઞાનસ્વભાવના નિર્ણય વગર જ્ઞેયનો એટલે કે ક્રમબદ્ધપર્યાયનો નિર્ણય કરશે કોણ ? સર્વજ્ઞતાના નિર્ણયપૂર્વક જેણે ક્રમબદ્ધપર્યાયનો નિર્ણય કર્યો તેના અનંતભવ સર્વજ્ઞે જોયા જ નથી. ખરેખર જેણે ક્રમબદ્ધપર્યાયનો અને સર્વજ્ઞનો નિર્ણય કર્યો છે તેણે પોતાના જ્ઞાનસ્વભાવનો નિર્ણય કર્યો છે, તેને વર્તમાનમાં જ પરીતસંસારીપણું થઈ ગયું છે, અને સર્વજ્ઞદેવે પણ એમ જ જોયું છે. જેને અનંતકાળ પછી સંસારપરીત થવાનું કેવળી ભગવાને જોયું તેને વર્તમાનમાં પરીતસંસાર થઈ જાય એમ કદી ન બને,-પરંતુ કેવળજ્ઞાનનો આવો નિર્ણય જેના જ્ઞાનમાં થયો તેના અનંતભવ કેવળી ભગવાને જોયા હોય-એમ પણ ન બને. મારે અનંતભવ કરવા પડશે-એવા ભયવાળા જીવે ખરેખર સર્વજ્ઞને માન્યા જ નથી. સર્વજ્ઞને ઓળખે અને અનંતભવનો ભય ન મટે-એમ બને જ નહિ. જુઓ તો ખરા, વસ્તુસ્થિતિનો મેળ ! અંતરમાં 'જ્ઞાન'નો નિર્ણય કરવો તે અપૂર્વ ચીજ છે, પણ બાહ્યદષ્ટિવાળા જીવોને તેની કિંમત ભાસતી નથી.

૧. પ્રવચનસુધા ભાગ-૨, પેજ-૨૩૫
૨. આત્મધર્મ એ-૧૧૯, સપ્ટે-૧૯૫૩, પેજ-૨૩૩-૨૩૪

(૭૮)

[૧]ક્રમબદ્ધનો અર્થ પણ એ છે. મારી પર્યાય ક્રમસર જ થશે. ક્રમસર થશે એમાં... ત્યાં ('સમયસાર' ગાથા૩૦૮-૩૧૧માં) માથે (-મથાળામાં) લીધું છે ને? અકર્તાપણું સિદ્ધ કરીએ છીએ. આ..હા..હા..! ગજબ કામ કર્યું છે! ક્રમસર પર્યાય થાય છે ત્યાં અકર્તાપણું સિદ્ધ થાય છે. અકર્તાપણું સિદ્ધ થાય છે ત્યાં જ્ઞાતાપણું સિદ્ધ રહે છે. આ..હા..હા..! જ્ઞાતાપણું સિદ્ધ થાય છે ત્યાં પૂર્ણ જ્ઞાતાપણું જ રહે છે. ચાહે તો ઉદય આવો ને જાઓ. આ..હા..હા...!

એનો એ જ્ઞાતા-દૃષ્ટા (રહે છે). ક્રમબદ્ધના નિર્ણયવાળા જ્ઞાતા-દૃષ્ટા રહે છે. આ..હા...! ક્રમબદ્ધનો નિર્ણય નથી તે કર્તા થઈને રાગમાં ભીંસાઈ જાય છે. આ..હા..હા..! દબાઈ જાય છે. આ..હા..હા...!

(૭૯)

[૨]તે કાળે તે થવાની પર્યાય થાય એના ક્રમબદ્ધમાં થાય, યોગ્યતાથી થાય. એ કોને છે? કે જેણે જ્ઞાયકને દૃષ્ટિમાં દીધો છે એને માટે આ છે. આહા..હા..!

ક્રમબદ્ધ કહો, યોગ્યતાથી થાય તે સમયે તે યોગ્યતાથી. આહા..હા..! એ કોને માટે? જેને જ્ઞાયકના અનંતા ગુણો ભાવ જે કર્તૃત્વ આદિ પડ્યા છે, એથી જે યોગ્યતાને કાળે તેના પરિણામ. આહા..હા..! તેને જ્ઞાન જાણે છે. બહુ ઝીણું, ભાઈ ! પરિણમનને પણ કરે નહિ દ્રવ્ય તો. આહા..હા..!

(૮૦)

[૩]પહેલી વાત ઈ કે, ક્રમબદ્ધ(ની) વાત જો ન બેસે તો એનું અકર્તાપણું થાય નહિ. અકર્તાપણું થાય નહિ તો જ્ઞાતાપણાનો વસ્તુ સ્વભાવ છે (એની દૃષ્ટિ થાય નહિ). દૃષ્ટિનો વિષય તે જ્ઞાતા છે. એનો અર્થ જ (એ) થયો કે, ક્રમબદ્ધ છે એને એ જાણે છે. (એનો) કર્તા નથી. એ વાત તે દિ' (એક વિદ્વાનને) નહોતી બેસતી પણ હવે કબુલી છે. ભાઈ ! માર્ગ તો આ છે. જ્યારે કબુલ કરો પણ માર્ગ આ છે. ભલે આકરો લાગે. આ..હા...!

૧. અમૃતપ્રવચન ભાગ-૧, બોલ-૧૭, પેજ-૬૭, ૬૮

૨. અમૃતપ્રવચન ભાગ-૫, બોલ-૩૪૬, પેજ-૧૫૫

૩. અમૃતપ્રવચન ભાગ-૧, બોલ-૧૦, પેજ-૩૨

(૮૧)

[૧] જ્ઞપર્યાય ક્રમબદ્ધ થાય છે તેમ જાણવાનું તાત્પર્ય વીતરાગતા છે, ભગવાને દીઠું છે તેમ થશે તેનું તાત્પર્ય પણ વીતરાગતા છે. જે કાળે જે થાય તે કાળે તે જ તેનું પ્રાપ્ય કાર્ય છે. પરમાણુમાં જે કાળે જે કાર્ય થાય તે જ તેનું પ્રાપ્ય કાર્ય છે અને તે સંબંધીનું તે સમયે જ્ઞાન થાય તે જ્ઞાનનું પ્રાપ્ય કાર્ય છે. આમ જાણતાં જ્ઞાતા ઉપર દૃષ્ટિ જાય છે, અકર્તા થાય છે ને વીતરાગતા પ્રગટે છે-એ તેનું તાત્પર્ય છે.

(૮૨)

[૨] મુમુક્ષુ :- જીવના પરિણામ તો સમુચ્ચય લેવાના છે ને? જીવના ક્યા પરિણામ લેવા ?

ઉત્તર :- બધા. નિર્મળ. બધાય અનંત ગુણના પરિણામ, અનંત ગુણના પરિણામ અક્રમે (થાય છે).

મુમુક્ષુ :- શુદ્ધ અને અશુદ્ધ બન્ને પરિણામ ?

ઉત્તર :- શુદ્ધ-અશુદ્ધ બેય. પણ એ અશુદ્ધનો જાણનાર છે ભેગો એની મુખ્યતા છે. અશુદ્ધતા છે ખરી. ક્રમબદ્ધમાં અશુદ્ધતા પણ આવે છે, અશુદ્ધતા નથી આવતી એમ નહિ, પણ એને પણ જાણનાર 'સર્વવિશુદ્ધજ્ઞાન અધિકાર' જે જાણનાર જીવ છે. જીવ જાણનાર છે એની અહીં પ્રધાનતા છે. આહાહા..!

(૮૩)

## 'જ્ઞાયકપણું' તે જ આત્માનો પરમસ્વભાવ છે.

[૩]આત્મા જ્ઞાયક વસ્તુ છે. જ્ઞાન જ તેનો પરમસ્વભાવ ભાવ છે. 'જ્ઞાયકપણું' આત્માનો પરમભાવ છે તે સ્વ-પરના જ્ઞાતાપણા સિવાય બીજું શું કરે છે? જેમ 'છે' ને જેમ 'થાય છે' તેનો તે જાણનાર છે. દ્રવ્ય અને ગુણ તે ત્રિકાળ સત્ ને પર્યાય તે એકેક સમયનું સત્. તે સત્‌નો આત્મા જાણનાર છે, પણ કોઈ પરનો ઉત્પન્ન કરનાર, નાશ કરનાર કે તેમાં ફેરફાર કરનાર નથી. જો ઉત્પન્ન કરવાનું, નાશ કરવાનું કે ફેરફાર કરવાનું માને તો ત્યાં જ્ઞાયકભાવપણાની પ્રતીત રહેતી નથી. એટલે જ્ઞાનસ્વભાવને જે નથી માનતો

૧. આત્મધર્મ એ૪૦૪, જુન-૧૯૭૭, પેજ-૨૧
૨. સમયસારસિદ્ધિ-૯, પેજ-૩૨૯
૩. જ્ઞાનસ્વભાવ જ્ઞેયસ્વભાવ, બોલ-૮-૯

ને પરમાં ફેરફાર કરવાનું માને છે તેને જ્ઞાયકપણું નથી રહેતું, પણ મિથ્યાત્વ થઈ જાય છે.

(૮૪)

## જ્ઞાયકભગવાન જાગ્યો તે શું કરે છે?

[૧]આ જ્ઞાયકની પ્રતીત કરી ત્યાં તે જ્ઞાયકભૂમિમાં જ પર્યાય કૂદે છે-જ્ઞાયકનો જ આશ્રય કરીને નિર્મળપણે ઊપજે છે, પણ રાગાદિનો આશ્રય કરીને ઊપજતી નથી. જ્ઞાયકસ્વભાવની સન્મુખતા થઈ ત્યાં પર્યાય કૂદે છે એટલે કે નિર્મળ-નિર્મળપણે વધતી જ જાય છે. અથવા દ્રવ્ય કૂદીને પોતાની નિર્મળ ક્રમબદ્ધપર્યાયમાં કૂદકા મારે છે-તે પર્યાયપણે પોતે ઊપજે છે, પણ ક્યાંય બહારમાં કૂદકા મારે એમ નથી. પહેલા જ્ઞાયકના ભાન વગર મિથ્યાત્વદશામાં સૂતો હતો, તેને બદલે હવે સ્વભાવસન્મુખ થઈને જ્ઞાયકભગવાન જાગ્યો ત્યાં તે પોતાની નિર્મળ પર્યાયમાં કૂદવા લાગ્યો. હવે વધતી વધતી નિર્મળ પર્યાયમાં કૂદતો કૂદતો તે કેવળજ્ઞાન લેશે.

(૮૫)

## અત્યારે પર્યાયનું પરમાં 'અકર્તાપણું' સિદ્ધ કરવાની મુખ્યતા છે, નિરપેક્ષપણું સિદ્ધ કરવાની મુખ્યતા નથી.

[૨]અહીં, પર્યાયનું પરમાં અકર્તાપણું બતાવવું છે તેથી 'દ્રવ્ય ઊપજે છે' એ વાત લીધી છે. દ્રવ્ય પોતાની ક્રમબદ્ધપર્યાયપણે ઊપજે છે ને ઉપજતું થકું તે પર્યાયમાં તે તન્મય છે. - એ રીતે દ્રવ્ય-પર્યાય બંનેની અભેદતા બતાવીને પરનું અકર્તાપણું સિદ્ધ કર્યું છે.

જ્યારે સામાન્યધર્મ અને વિશેષધર્મ એમ બંને ધર્મો જ સિદ્ધ કરવા હોય ત્યારે તો એમ કહેવાય કે પર્યાય તે પર્યાયધર્મથી જ છે, દ્રવ્યને લીધે નહિ. કેમ કે જો સામાન્ય અને વિશેષ (અર્થાત્ દ્રવ્ય અને પર્યાય) બંને ધર્મોને નિરપેક્ષ ન માનતાં સામાન્યને લીધે વિશેષ માનો તો વિશેષધર્મની હાનિ થાય છે. માટે પર્યાય પણ પોતાથી સત્ છે. પર્યાયધર્મ નિરપેક્ષ સિદ્ધ કરવો હોય ત્યારે એ પ્રમાણે કહેવામાં આવે છે.

સમન્તભદ્રસ્વામી 'આપ્તમીમાંસા'માં કહે છે કે -

(શ્લોક :-૭૩) **जो धर्म धर्मी आदिके एकान्त करि आपेक्षिक सिद्धि मानीए, तो धर्म**

૧. જ્ઞાનસ્વભાવ જ્ઞેયસ્વભાવ, બોલ-૧૯૬ ૨. જ્ઞાનસ્વભાવ જ્ઞેયસ્વભાવ-૨, બોલ-૭૭

धर्मी दोऊ ही न ठहरे। बहुरि अपेक्षा बिना एकान्त करि सिद्धि मानीए तो सामान्य विशेषपणां न ठहरे।

(શ્લોક :-૭૫) धर्म अर धर्मीके अविनाभाव है सो तो परस्पर अपेक्षा करि सिद्ध है, धर्म बिना धर्मी नांही ! बहुरी धर्म, धर्मीका स्वरूप है सो परस्पर अपेक्षा करि सिद्ध नांही है, स्वरूप है सो स्वतःसिद्ध है।

● પ્રવચનસારની ૧૭૨મી ગાથામાં अलिंगग्रहण ના અર્થમાં કહ્યું છે કે '... આ રીતે આત્મા દ્રવ્યથી નહિ આલિંગતો એવો શુદ્ધપર્યાય છે.'

● વળી ૧૦૧મી ગાથામાં કહે છે કે 'અંશી એવા દ્રવ્યના, નષ્ટ થતો ભાવ, ઊપજતો ભાવ અને અવસ્થિત રહેતો ભાવ એ ત્રણ અંશો ભંગ-ઉત્પાદ-ધ્રૌવ્યસ્વરૂપ નિજ ધર્મો વડે આલંબિત એકી સાથે જ ભાસે છે.' વ્યય નષ્ટ થતા ભાવને આશ્રિત છે, ઉત્પાદ ઉપજતા ભાવને આશ્રિત છે અને ધ્રૌવ્ય ટકતા ભાવને આશ્રિત છે.

● વળી (શ્રી અમિતગતિ આચાર્યકૃત) યોગસારમાં કહે છે કે –

ज्ञानदृष्टि चारित्राणि हियंते नाक्षगोचरैः।
क्रियंते न च गुर्वाद्यैः सेव्यमानैरनारतं।।१८।।
उत्पद्यते विनश्यंति जीवस्य परिणामिनः।
ततः स्वयं स दाता न परतो न कदाचन।।१९।।

આમાં કહે છે કે આત્મામાં જ્ઞાનાદિકની હીનતા કે અધિકતા પોતાની પર્યાયના કારણે જ થાય છે. જ્ઞાન-દર્શન-ચારિત્રનું ન તો ઈન્દ્રિયોના વિષયથી હરણ થાય છે કે ન તો ગુરુઓની નિરંતર સેવાથી તેમની ઉત્પત્તિ થાય છે. પરંતુ જીવ પોતે પરિણમનશીલ હોવાથી સમયે સમયે તેના ગુણોની પર્યાય પલટે છે, – મતિજ્ઞાનાદિક પર્યાયોની ઉત્પત્તિ અને વિનાશ થયા કરે છે. તેથી મતિજ્ઞાનાદિનો ઉત્પાદ કે વિનાશ પરથી પણ નથી તેમ જ દ્રવ્ય પોતે પણ તેનું દાતા નથી. સમયે સમયે પર્યાયની યોગ્યતાથી પર્યાય થાય છે, સામાન્ય દ્રવ્યને તેનું દાતા કહેવું તે સાપેક્ષ છે. પર્યાયને નિરપેક્ષપણે જુઓ તો તે પર્યાય સ્વયં તેવી પરિણમી છે. તે સમયનો પર્યાયધર્મ જ તેવો છે, સામાન્યદ્રવ્યને તેનું દાતા કહેવું તે સાપેક્ષ છે. પણ દ્રવ્ય-પર્યાયની નિરપેક્ષતાના કથનમાં એ વાત ન આવે. નિરપેક્ષતા વિના એકાંત

સાપેક્ષપણું જ માને તો સામાન્યવિશેષ બે ધર્મો જ સિદ્ધ ન થઈ શકે.

● પ્રવચનસારની ૧૫મી ગાથામાં આચાર્યદેવ કહે છે કે : 'શુદ્ધોપયોગથી થતી શુદ્ધાત્મસ્વભાવની પ્રાપ્તિ અન્ય કારકોથી નિરપેક્ષ હોવાથી અત્યંત આત્માધીન છે.' શુદ્ધોપયોગથી કેવળજ્ઞાનની પ્રાપ્તિ થાય તેમાં આત્મા પોતે સ્વયમેવ છ કારકરૂપ થતો હોવાથી 'સ્વયંભૂ' કહેવાય છે. દ્રવ્ય પોતે જ પોતાની અનંત શક્તિરૂપ સંપદાથી પરિપૂર્ણ હોવાથી પોતે જ છ કારકરૂપ થઈને પોતાનું કાર્ય નિપજાવવાને સમર્થ છે. તેને બાહ્ય સામગ્રી કાંઈ મદદ કરી શકતી નથી. અહો! એકેક પર્યાયના છએ કારકો સ્વતંત્ર છે.

● ષટ્‌ખંડાગમ સિદ્ધાંતમાં પણ કહ્યું છે કે બધે ઠેકાણે અંતરંગ કારણથી જ કાર્યની ઉત્પત્તિ થાય છે એવો નિશ્ચય કરવો. ત્યાં અંતરંગ કારણ કહેતાં પર્યાયની યોગ્યતા બતાવવી છે. જુદા જુદા કર્મોના સ્થિતિબંધમાં હીનાધિકતા કેમ છે? એવા પ્રશ્નના ઉત્તરમાં સિદ્ધાંતકાર કહે છે કે પ્રકૃતિ વિશેષ હોવાથી એટલે કે તે તે પ્રકૃતિનો તેવો જ વિશેષ સ્વભાવ હોવાથી એ પ્રમાણે હીનાધિક સ્થિતિબંધ થાય છે. તેની યોગ્યતારૂપ અંતરંગ કારણથી જ કાર્યની ઉત્પત્તિ થાય છે, બાહ્ય કારણોથી કાર્યની ઉત્પત્તિ થતી નથી.

● અહીં (સમયસાર ગાથા ૩૦૮ થી ૩૧૧)માં કહે છે કે અન્યદ્રવ્યથી નિરપેક્ષપણે સ્વદ્રવ્યમાં જ કર્તા-કર્મની સિદ્ધિ છે અને તેથી જીવ પરનો અકર્તા છે.

અત્યારે આ ચાલતા અધિકારમાં પર્યાયનું નિરપેક્ષપણું સિદ્ધ કરવાની મુખ્યતા નથી, પરંતુ દરેક દ્રવ્યને પોતાની ક્રમબદ્ધપર્યાય સાથે તન્મયપણું હોવાથી પરની સાથે તેને કર્તા-કર્મપણું નથી એમ અકર્તાપણું સિદ્ધ કરીને 'જ્ઞાયક આત્મા કર્મનો અકર્તા છે' એમ બતાવવું છે. ક્રમબદ્ધપર્યાયપણે ઊપજતા દ્રવ્યને પોતાની પર્યાય સાથે અભેદપણું છે. જ્ઞાયક આત્મા સ્વસન્મુખ થઈને નિર્મળ પર્યાયપણે ઊપજ્યો તેમાં તે તન્મય છે, પણ રાગાદિમાં તન્મય નથી. તેથી તે રાગાદિનો કર્તા નથી તેમ જ કર્મોનો નિમિત્તકર્તા પણ નથી. આ રીતે આત્મા અકર્તા છે.

(૮૬)

[૧]કોઈ શાસ્ત્ર કે કોઈ પણ ગાથા કે શબ્દ, અથવા તો કોઈ પણ અનુયોગની વાત કરો – તે બધાનું તાત્પર્ય વીતરાગતા છે. દ્રવ્ય છે એમ કહેતાં તે પરથી ભિન્ન છે. માટે પરના

૧. સદ્‌ગુરુપ્રસાદ – બૃહદ્ દ્રવ્યસંગ્રહ (૧૯૫૧-૧૯૫૨) ભાગ-૧, પેજ-૨૩૪

કારણે નથી અને પરના આશ્રયે નથી. એમ નક્કી થતાં પરની રુચિ ટળી ધ્રુવબુદ્ધ થાય છે. એમાં વીતરાગતા થયા વિના રહેતી નથી. માટે છ દ્રવ્ય. પંચાસ્તિકાય, સાત તત્ત્વ, નવપદાર્થ એ બધામાં દ્રવ્યદૃષ્ટિની જ વાત આવે છે અને એમાં જ વીતરાગતા છે. પુદ્‌ગલની પર્યાય ક્રમબદ્ધ થાય છે. એટલે તેના સામે મારે જોવાનું રહેતું નથી. મારી પર્યાય પણ ક્રમબદ્ધ જ થાય છે. એમ નક્કી થતાં તેમાં દ્રવ્યનું અવલંબન આવે છે. દ્રવ્યદૃષ્ટિ કહો, ક્રમબદ્ધનો નિર્ણય કહો કે સમ્યગ્દર્શન કહો તે બધું એક જ છે. આ રીતે દ્રવ્યનો ઉત્પાદ-વ્યય-ધ્રુવ એવા ત્રણ અંશો સત્ છે એની વાત થઈ.




# (૧૦)
# ક્રમબદ્ધ પર્યાય–
# ભિન્ન ભિન્ન દૃષ્ટિકોણ

(૮૭)

## કર્મ

[૧]પ્રશ્ન :- જો કર્મ તે પરમાણુની ક્રમબદ્ધપર્યાય જ છે તો પછી જૈનમાં તો કર્મસિદ્ધાંતના થોકબંધ શાસ્ત્રો ભરેલા છે તેનું શું સમજવું?

ઉત્તર :- ભાઈ રે! એ બધા શાસ્ત્રો આત્માને જ બતાવનારા છે. કર્મનું જેટલું વર્ણન છે તેને આત્માના પરિણામ સાથે માત્ર નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે, આત્માના પરિણામો કેવા કેવા પ્રકારના થાય છે તે સમજાવવા માટે ઉપચારથી કર્મમાં ભેદ પાડી સમજાવ્યું છે; નિમિત્ત-નૈમિત્તિક સંબંધનું જ્ઞાન કરાવવા માટે કર્મનું વર્ણન છે પણ જડકર્મ સાથે આત્માને કર્તાકર્મસંબંધ જરાપણ નથી.

પ્રશ્ન :- બંધ, ઉદય, ઉદીરણા, ઉપશમ, અપકર્ષણ, ઉત્કર્ષણ, સંક્રમણ, સત્તા, નિદ્ધત્ત અને નિકાચીત એવા દસ પ્રકારના કરણ (કર્મની અવસ્થાના પ્રકાર) કેમ કહ્યાં છે?

ઉત્તર :- અહો! એમાં પણ ખરેખર તો ચૈતન્યની જ ઓળખાણ કરાવી છે. કર્મના જે દસ પ્રકાર પાડ્યા છે તે આત્માના પરિણામોના પ્રકાર બતાવવા માટે જ છે. આત્માનો પુરુષાર્થ તેવા દસ પ્રકારે થઈ શકે છે તે બતાવવા માટે કર્મના પ્રકાર પાડી સમજાવ્યું છે. આત્માના પુરુષાર્થ વખતે સામા પરમાણુઓ તેની લાયકાત પ્રમાણે સ્વયં પરિણમે છે. આમાં તો બંનેના નિમિત્ત-નૈમિત્તિક સંબંધનું જ્ઞાન કરાવ્યું છે, પરંતુ કર્મો આત્માનું કંઈ કરે એ વાત કરી નથી.

એક કર્મ-પરમાણુ પણ દ્રવ્ય છે, તેમાં અનાદિ અનંત જે પર્યાય થવાની છે તે જ સમયે સમયે ક્રમબદ્ધ થાય છે.

પ્રશ્ન :- કર્મની ઉદીરણા થાય એમ કહ્યું છે ને?

ઉત્તર :- ઉદીરણાનો અર્થ એવો નથી કે પછી થવાની અવસ્થાને ઉદીરણા કરીને

૧. આત્મધર્મ એ-૦૨૮, ફેબ્રુ.૧૯૪૬, પેજ-૮૬,૮૭ (સ્વામીકાર્તિકેયાનુપ્રેક્ષા, ૩૨૧-૩૨૩)

વહેલી લાવ્યા; કર્મની ક્રમબદ્ધઅવસ્થા જ તે પ્રકારની થવાની છે. જીવે પોતામાં પુરુષાર્થ કર્યો તે બતાવવા માટે ઉપચારથી 'કર્મમાં ઉદીરણા થઈ' એમ કહ્યું છે; ખરેખર કર્મની અવસ્થાનો ક્રમ ફરી ગયો નથી, પરંતુ જીવે પોતાની પર્યાયમાં તે પ્રકારનો પુરુષાર્થ કર્યો છે-તેનું જ્ઞાન કરાવવા માટે જ 'ઉદીરણા' કહેવામાં આવી છે.

વળી, 'જીવ ઘણો પુરુષાર્થ કરે તો ઘણાં કર્મો ખરે' એમ કહેવામાં આવે છે ત્યાં પણ ખરેખર જીવે કર્મ ખેરવવાનો પુરુષાર્થ કર્યો નથી, પણ પોતાના સ્વભાવમાં રહેવાનો પુરુષાર્થ કર્યો છે જીવના વિશેષ પુરુષાર્થનું જ્ઞાન કરાવવા માટે આરોપથી એમ બોલાય છે કે ઘણાં કાળના કર્મ પરમાણુઓ અલ્પ કાળમાં ખેરવી નાંખ્યા, આ આરોપકથનમાં સાચું વસ્તુસ્વરૂપ તો એમ છે કે જીવે સ્વભાવમાં રહેવાનો પુરુષાર્થ કર્યો અને તે વખતે જે કર્મોની અવસ્થા સ્વયં ખરવારૂપ હતી તે કર્મો ખરી ગયાં. પરમાણુની અવસ્થાના ક્રમમાં ભંગ પડતો નથી. ઘણા કાળના કર્મો ક્ષણમાં ટાળી નાંખ્યા તેનો અર્થ એટલો જ સમજવો કે જીવે ઘણો પુરુષાર્થ પોતાની પર્યાયમાં કર્યો છે.

છ એ દ્રવ્યો પરિણમનસ્વભાવી છે અને તેઓ પોતાની મેળે ક્રમબદ્ધપર્યાયમાં પરિણમે છે. છ એ દ્રવ્યો પરની સહાય વગર સ્વયં પરિણમે છે. આ શ્રદ્ધા કરવામાં જ અનંત પુરુષાર્થ છે. પુરુષાર્થ વગરની જીવની એકેક પર્યાય થતી નથી, માત્ર પુરુષાર્થનું વલણ સ્વ તરફ કરવાને બદલે પર તરફ જીવ કરે છે તે જ અજ્ઞાન છે. જો સ્વભાવની રુચિ કરે તો સ્વભાવ તરફના પુરુષાર્થવડે પર્યાયનું પરિણમન સ્વભાવ તરફ વળે, એટલે પર્યાય ક્રમે ક્રમે શુદ્ધ જ થાય.

(૮૮)

## અનેકાંત / સાત તત્ત્વ

[૧]પ્રશ્ન :- થવાનું હોય તે થાય છે-એમ માનવામાં અનેકાન્ત સ્વરૂપ ક્યાં આવ્યું?

ઉત્તર :- થવાનું હોય તેમ થાય છે એટલે પરનું પરથી થાય છે અને મારું મારાથી થાય છે એમ જાણીને પરથી ખસીને પોતા તરફ વળ્યો તેણે સ્વભાવના લક્ષે માન્યું છે, તેની માન્યતામાં અનેકાન્તસ્વરૂપ છે. 'મારી પર્યાય મારા દ્રવ્યમાંથી ક્રમબદ્ધ આવે છે, મારી પર્યાય પરમાંથી આવતી નથી' આમ અનેકાંત છે; તથા 'પરની પર્યાય પરના દ્રવ્યમાંથી

૧. આત્મધર્મ એ-૦૨૮, ફેબ્રુ.૧૯૪૬, પેજ-૯૦

ક્રમબદ્ધ જે થવાની હોય તે થાય છે, હું તેની પર્યાય કરતો નથી' આમ અનેકાંત છે; 'થવાનું હોય તે જ થાય' એમ જાણીને પોતાના દ્રવ્ય તરફ ઢળવું જોઈએ, પરંતુ 'થવાનું હોય તે થાય' એમ જે એકલા પરથી માને છે, પરંતુ સ્વદ્રવ્યની પર્યાય ક્યાંથી આવે છે તેની પ્રતીત કરતો નથી એટલે કે પરલક્ષ છોડી સ્વલક્ષ કરતો નથી તે એકાંતવાદી છે.

(૮૯)

## ક્રમ-અક્રમ સંબંધમાં અનેકાન્ત અને સપ્તભંગી

[૧]કોઈ એમ કહે છે કે 'બધી પર્યાયો ક્રમબદ્ધ જ છે એમ કહેવામાં તો એકાંત થઈ જાય છે, માટે કેટલીક પર્યાયો ક્રમબદ્ધ છે ને કેટલીક અક્રમબદ્ધ છે એમ અનેકાન્ત કહેવું જોઈએ.' તો એમ કહેનાર મૂઢને એકાન્ત-અનેકાન્તની ખબર નથી. બધી પર્યાયો ક્રમબદ્ધ જ 'છે' ને અક્રમરૂપ 'નથી' એવો અનેકાન્ત છે. અથવા ક્રમ-અક્રમનો અનેકાન્ત લેવો હોય તો આ પ્રમાણે છે કે બધા ગુણો દ્રવ્યમાં એક સાથે સહભાવીપણે વર્તે છે તેથી તે અપેક્ષાએ દ્રવ્ય અક્રમરૂપ છે અને પર્યાય અપેક્ષાએ ક્રમરૂપ છે. એ રીતે કથંચિત્ ક્રમરૂપ ને કથંચિત્ અક્રમરૂપ એવો અનેકાન્ત છે, પરંતુ કેટલીક પર્યાયો ક્રમરૂપ ને કેટલીક પર્યાયો અક્રમરૂપ એમ માનવું તે તો અનેકાન્ત નથી પણ મિથ્યાત્વ છે.

પર્યાય અપેક્ષાએ તો ક્રમબદ્ધપણું જ છે એ નિયમ છે. છતાં આમાં અનેકાન્ત અને સપ્તભંગી આવી જાય છે. ગુણો અપેક્ષાએ અક્રમપણું ને પર્યાયો અપેક્ષાએ ક્રમપણું એવું અનેકાન્ત સ્વરૂપ છે તે ઉપર કહેવાઈ ગયું છે. તથા વસ્તુમાં (૧) સ્યાત્ ક્રમપણું, (૨) સ્યાત્ અક્રમપણું, (૩) સ્યાત્ ક્રમ-અક્રમપણું, (૪) સ્યાત્ અવક્તવ્યપણું, (૫) સ્યાત્ ક્રમ-અવક્તવ્યપણું (૬) સ્યાત્ અક્રમ-અવક્તવ્યપણું અને (૭) સ્યાત્ ક્રમ-અક્રમ-અવક્તવ્યપણું. એ પ્રમાણે ક્રમ-અક્રમ સંબંધમાં સપ્તભંગી પણ ઉતરે છે. કઈ રીતે? તે કહેવાય છે-

(૧) પર્યાયો એક પછી એક ક્રમબદ્ધ થાય છે, તેથી પર્યાયોની અપેક્ષાએ કહેતાં વસ્તુ ક્રમરૂપ છે.

(૨) ગુણો બધા એક સાથે સહભાવી છે, તેથી ગુણોની અપેક્ષાએ કહેતાં વસ્તુ અક્રમરૂપ છે.

---

૧. જ્ઞાનસ્વભાવ-જ્ઞેયસ્વભાવ, બોલ-૬૯

(૩) પર્યાયો તથા ગુણો એ બંનેની અપેક્ષા (એકસાથે) લઈને કહેતાં વસ્તુ ક્રમ-અક્રમરૂપ છે.

(૪) એક સાથે બંને કહી શકાતા નથી. તે અપેક્ષાએ વસ્તુ અવક્તવ્ય છે.

(૫) વસ્તુમાં ક્રમપણું ને અક્રમપણું બંને એક સાથે હોવા છતાં ક્રમરૂપ કહેતી વખતે અક્રમપણાનું કથન બાકી રહી જાય છે, તે અપેક્ષાએ વસ્તુ ક્રમ-અવક્તવ્યરૂપ છે.

(૬) એ જ પ્રમાણે અક્રમરૂપ કહેતાં ક્રમપણાનું કથન બાકી રહી જાય છે, તે અપેક્ષાએ વસ્તુ અક્રમ-અવક્તવ્યરૂપ છે.

(૭) ક્રમપણું તથા અક્રમપણું બંને અનુક્રમે કહી શકાય છે પણ એક સાથે કહી શકાતા નથી, તે અપેક્ષાએ વસ્તુ ક્રમ-અક્રમ-અવક્તવ્યરૂપ છે.

-એ પ્રમાણે ક્રમ-અક્રમ સંબંધમાં સપ્તભંગી સમજવી.

(૯૦)

## અજ્ઞાનીઓ વિરોધનો પોકાર કરે તો, કરો-તેથી તેમની માન્યતા મિથ્યા થશે, પણ કાંઈ વસ્તુનું સ્વરૂપ નહીં ફરે.

[1]આત્મા પોતાની ક્રમબદ્ધપર્યાયપણે ઊપજતો થકો પોતાની પર્યાય સાથે અનન્ય છે ને પર સાથે અનન્ય નથી-આવો અનેકાન્ત છે. જીવ પોતાની પર્યાયમાં તન્મય છે માટે તેનો કર્તા છે ને પરથી પર્યાયમાં તન્મય નથી માટે તેનો કર્તા નથી-આવું અનેકાન્તસ્વરૂપ છે. આત્મા પોતાનું કરે ને પરનું પણ કરે એમ અજ્ઞાની માને છે, પણ એવું વસ્તુસ્વરૂપ નથી. વસ્તુનું અનેકાન્તસ્વરૂપ જ એમ પોકાર કરી રહ્યું છે કે આત્મા પોતાનું જ કરે ને પરનું ત્રણકાળમાં ન કરે. અજ્ઞાનીઓ વિરોધનો પોકાર કરે તો કરો, પણ તેથી કાંઈ વસ્તુસ્વરૂપ ફરી જાય તેમ નથી. 'આપ્તમીમાંસા' ગાથા-૧૧૦ની ટીકામાં કહે છે કે '**वस्तु ही अपना स्वरूप अनेकान्तात्मक आप दिखावै है तो हम कहा करे ? वादी पुकारे है 'विरुद्ध है रे... विरुद्ध है...' तो पुकारो, किछु निरर्थक पुकारने में साध्य है नाहिं।**' વસ્તુ જ પોતે પોતાનું સ્વરૂપ અનેકાન્તાત્મક દેખાડે છે તો અમે શું કરીએ? વાદી-અજ્ઞાની પુકારે છે કે 'વિરૂદ્ધ છે રે... વિરૂદ્ધ છે' તો ભલે પુકારો, તેમના નિરર્થક પુકારથી કાંઈ સાધ્ય નથી.

૧. જ્ઞાનસ્વભાવ-જ્ઞેયસ્વભાવ-૨, બોલ-૬૨

અજ્ઞાનીઓ વિરોધનો પોકાર કરે તેથી કાંઈ વસ્તુસ્વરૂપ ફરી જવાનું નથી. દરેક વસ્તુ પોતાના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવરૂપ સ્વ-ચતુષ્ટયપણે છે ને પરના ચતુષ્ટયપણે તે નથી-આવું જ તેનું અનેકાન્તસ્વરૂપ છે. પરના ચતુષ્ટયપણે આત્મા અભાવરૂપ છે તો પરમાં તે શું કરે છે? અજ્ઞાનીઓ રાડો પાડે તો પાડો, પણ વસ્તુસ્વરૂપ તો આવું જ છે. તેમ આ ક્રમબદ્ધપર્યાય વાતમાં પણ અજ્ઞાનીઓ અનેક પ્રકારે વિરૂદ્ધ માને છે. તે વિરૂદ્ધ માને તો માનો, તેથી તેમની માન્યતા મિથ્યા થશે, પણ વસ્તુસ્વરૂપ તો જે છે તે જ રહેશે, તે કાંઈ નહિ ફરે. જ્ઞાયક આત્મા એક સાથે ત્રણકાળ ત્રણલોકને સંપૂર્ણપણે જાણે ને જગતના બધા પદાર્થો ક્રમબદ્ધપર્યાયપણે પરિણમે એવું જે વસ્તુસ્વરૂપ છે તે કોઈથી ફેરવી શકાય તેમ નથી. જ્ઞાની આવું વસ્તુસ્વરૂપ જાણીને જ્ઞાયકસન્મુખ જ્ઞાનભાવે ઊપજે છે, અજ્ઞાની વિપરીત માનીને મિથ્યાદૃષ્ટિ થાય છે.

(૯૧)

## જ્ઞાયકભાવના ક્રમબદ્ધપરિણમનમાં સાત તત્ત્વોની પ્રતીત

[૧]પોતાના ક્રમબદ્ધ થતા પરિણામો સાથે તન્મય થઈને દરેક દ્રવ્ય સમયે સમયે પરિણમે છે. દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ ચારેય સમયે સમયે નવી નવી પર્યાયપણે પરિણમી રહ્યા છે. સ્વસ્વભાવસન્મુખ પરિણમતો આત્મા પોતાના જ્ઞાતાભાવ સાથે અભેદ છે ને રાગથી જુદો છે. આવા આત્માની પ્રતીત તે જીવતત્ત્વની ખરી પ્રતીત છે.

મારો જ્ઞાયક આત્મા જ્ઞાયકભાવપણે ક્રમબદ્ધ ઊપજતો થકો તેમાં જ તન્મય છે ને અજીવમાં તન્મય નથી-રાગમાં તન્મય નથી. આવી સ્વસન્મુખ પ્રતીતમાં સાતે તત્ત્વોની શ્રદ્ધારૂપ સમ્યગ્દર્શન આવી જાય છે.

(૧) જ્ઞાયકભાવ સાથે જીવને અભેદપણું છે એવી શ્રદ્ધા થઈ તેમાં જ્ઞાયકસ્વભાવી જીવની પ્રતીત આવી ગઈ.

(૨) પોતાના જ્ઞાયકભાવની ક્રમબદ્ધપર્યાયપણે ઊપજતા જીવને અજીવ સાથે એકપણું નથી તેમ જ પોતાની ક્રમબદ્ધ પર્યાયપણે ઊપજતા અજીવને જીવ સાથે એકપણું નથી. એ રીતે અજીવતત્ત્વની શ્રદ્ધા પણ આવી ગઈ.

(૩-૪) હવે, જ્ઞાયકભાવે પરિણમતો સાધકજીવ તે તે કાળના રાગાદિને પણ જાણે

૧. જ્ઞાનસ્વભાવ-જ્ઞેયસ્વભાવ-૨, બોલ-૬૪

છે, પરંતુ તે રાગાદિને પોતાના શુદ્ધ જીવ સાથે તન્મય નથી જાણતો, પણ આસ્રવ-બંધ સાથે તેને તન્મય જાણે છે. એ રીતે આસ્રવ અને બંધ તત્ત્વોની શ્રદ્ધા પણ આવી ગઈ.

(૫-૬) જ્ઞાયકસ્વભાવના આશ્રયે પોતાને શ્રદ્ધા-જ્ઞાન-આનંદ વગેરેના નિર્મળ પરિણામો થાય છે તે સંવર-નિર્જરા છે. તેને પણ જ્ઞાની જાણે છે, એટલે સંવર-નિર્જરાની પ્રતીત પણ આવી ગઈ.

(૭) સંવર-નિર્જરારૂપ અંશે શુદ્ધપર્યાયપણે તો પોતે પરિણમે જ છે ને પૂર્ણ શુદ્ધતારૂપ મોક્ષ દશા કેવી હોય તે પણ પ્રતીતમાં આવી ગયું છે, એટલે મોક્ષતત્ત્વની શ્રદ્ધા પણ આવી ગઈ.

આ રીતે જ્ઞાયકભાવની ક્રમબદ્ધપર્યાયપણે પરિણમતા જીવને સાતે તત્ત્વોની પ્રતીત આવી જ ગઈ છે.

(૯૨)

## ક્રમબદ્ધપર્યાયના નિર્ણયમાં સાત તત્ત્વોની શ્રદ્ધા

[૧]જીવ ને અજીવ બંનેની અવસ્થા તે તે કાળે ક્રમબદ્ધ સ્વતંત્ર થાય છે. તેમને એક બીજા સાથે કાર્યકારણપણું નથી. જીવનો જ્ઞાયકસ્વભાવ છે. તે જ્ઞાયકને જાણવાની મુખ્યતાપૂર્વક ક્રમબદ્ધપર્યાયનો જાણનાર છે. આવી પ્રતીતમાં સાતે તત્ત્વોની શ્રદ્ધા પણ આવી જાય છે, એટલે **तत्त्वार्थश्रद्धान**રૂપ સમ્યગ્દર્શન આમાં આવી જાય છે. સાતે તત્ત્વોની શ્રદ્ધા કઈ રીતે આવે છે તે કહે છે-

(૧-૨) મારા જ્ઞાનાદિ અનંત ગુણોના ક્રમબદ્ધ જ્ઞાતા-દૃષ્ટા પરિણામપણે હું ઊપજું છું ને તેમાં હું તન્મય છું. આવી સ્વસન્મુખ પ્રતીતિમાં જીવતત્ત્વની પ્રતીત આવી ગઈ. જ્ઞાતા-દૃષ્ટાપણે ઊપજતો થકો હું જીવ છું, અજીવ નથી. એ રીતે અજીવથી ભિન્નપણાનું-કર્મના અભાવ વગેરેનું-જ્ઞાન પણ આવી ગયું, એટલે અજીવતત્ત્વની પ્રતીત થઈ ગઈ.

(૩-૪-૫-૬) જ્ઞાયકસ્વભાવની દૃષ્ટિથી શ્રદ્ધા-જ્ઞાન નિર્મળ થયા છે, ચારિત્રમાં પણ અંશે શુદ્ધતા પ્રગટી છે, તેમ જ હજી સાધકદશા હોવાથી અમુક રાગાદિ પણ થાય છે. ત્યાં શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્રનું જેટલું નિર્મળ પરિણમન છે તેટલા સંવર-નિર્જરા છે, તથા જેટલા રાગાદિ થાય છે તેટલે અંશે આસ્રવ-બંધ છે. સાધકને તે શુદ્ધતા અને અશુદ્ધતા બંનેનું

૧.જ્ઞાનસ્વભાવ-જ્ઞેયસ્વભાવ, બોલ-૯૩

જ્ઞાન વર્તે છે, તેથી તેને આસ્રવ-બંધ-સંવર-નિર્જરા તત્ત્વોની પ્રતીત પણ આવી ગઈ.

(૭) પરનો અકર્તા થઈને જ્ઞાયકસ્વભાવમાં એકાગ્ર થતાં ક્રમબદ્ધપર્યાયમાં અંશે શુદ્ધતા પ્રગટી છે ને હવે આ જ ક્રમે જ્ઞાયકસ્વભાવમાં પૂર્ણ એકાગ્ર થતાં પૂર્ણ જ્ઞાતા-દૃષ્ટાપણું (-કેવળજ્ઞાન) પ્રગટી જશે ને મોક્ષદશા થઈ જશે, એવી શ્રદ્ધા હોવાથી મોક્ષતત્ત્વની પ્રતીત પણ તેમાં આવી ગઈ.

આ રીતે જ્ઞાયકસ્વભાવની સન્મુખ થઈને ક્રમબદ્ધપર્યાયની પ્રતીત કરતાં તેમાં '**तत्त्वार्थश्रद्धानं सम्यग्दर्शनम**' પણ આવી જાય છે.

(૯૩)

## પાંચ સમવાય

[1]પ્રશ્ન :- ભગવાને તો મોક્ષમાર્ગના પાંચ સમવાય કહ્યા છે અને તમે તો એક પુરુષાર્થ-પુરુષાર્થ જ કરો છો, તો પછી તેમાં બીજા ચાર સમવાયો કઈ રીતે આવે છે?

ઉત્તર :- જ્યાં જીવ સાચો પુરુષાર્થ કરે ત્યાં સ્વયં બીજા ચારે સમવાય હોય જ છે. પાંચ સમવાયનું સંક્ષિપ્તસ્વરૂપ નીચે પ્રમાણે સમજવું.

૧- પરનું હું કાંઈ કરનાર નથી, હું તો જ્ઞાયક છું, મારી પર્યાય મારા દ્રવ્યમાંથી આવે છે-આમ સ્વભાવદૃષ્ટિ કરીને પરની દૃષ્ટિ તોડી તે પુરુષાર્થ.

૨- સ્વભાવદૃષ્ટિનો પુરુષાર્થ કરતાં જે નિર્મળદશા પ્રગટી, તે દશા સ્વભાવમાં હતી તે જ પ્રગટી છે, એટલે જે શુદ્ધતા પ્રગટી તે સ્વભાવ.

૩- સ્વભાવદૃષ્ટિના પુરુષાર્થ વડે સ્વભાવમાંથી જે ક્રમબદ્ધ પર્યાય તે સમયે પ્રગટવાની હતી તે જ શુદ્ધ પર્યાય તે સમયે પ્રગટી તે નિયત. સ્વભાવની દૃષ્ટિના જોરે સ્વભાવમાં જે પર્યાય પ્રગટવાની તાકાત હતી તે જ પર્યાય પ્રગટી છે. બસ ! સ્વભાવમાંથી જે સમયે જે દશા પ્રગટી તે જ પર્યાય તેની નિયત છે. પુરુષાર્થ કરનાર જીવને સ્વભાવમાં જે નિયત છે તે જ પ્રગટે છે પણ બહારથી આવતું નથી.

૪-સ્વદૃષ્ટિના પુરુષાર્થ વખતે જે દશા પ્રગટી તે જ તે વખતનો સ્વકાળ છે. પહેલાં પર તરફ ઢળતો તેને બદલે સ્વમાં ઢળ્યો તે જ સ્વકાળ છે.

૫-સ્વભાવદૃષ્ટિથી જ્યારે આ ચાર સમવાય પ્રગટ્યા ત્યારે નિમિત્તરૂપ કર્મો તેની

૧. આત્મધર્મ એ-૦૨૮, ફેબ્રુ.૧૯૪૬, પેજ-૯૦-૯૧ (સ્વામીકાર્તિકેયાનુપ્રેક્ષા, ૩૨૧-૩૨૩)

પોતાની લાયકાતથી સ્વયં ખસી ગયા છે, તે 'કર્મ' છે.

આમ પુરુષાર્થ, સ્વભાવ, નિયત અને કાળ એ ચાર સમવાય અસ્તિરૂપ છે અર્થાત્ તે ચારે ઉપાદાનની પર્યાયમાં લાગુ પડે છે અને પાંચમું સમવાય નાસ્તિરૂપ છે તે નિમિત્તમાં લાગુ પડે છે. અથવા જો પાંચમું સમવાય આત્મામાં લાગુ પાડવું હોય તો તે આ પ્રમાણે છે-પરવલણથી ખસીને સ્વભાવ તરફ વળતાં પ્રથમના ચારનું અસ્તિરૂપે અને કર્મનું નાસ્તિરૂપે એમ આત્મામાં પાંચે સમવાયનું પરિણમન થઈ ગયું છે એટલે સ્વના પુરુષાર્થમાં પાંચે સમવાય પોતાની પર્યાયમાં સમાઈ જાય છે. પહેલાં ચાર અસ્તિથી અને પાંચમું નાસ્તિથી પોતામાં છે.

જ્યારે સમ્યક્ પુરુષાર્થ જીવે ન કર્યો ત્યારે વિકારી ભાવ માટે કર્મ નિમિત્ત કહેવાણું અને જ્યારે સમ્યક્ પુરુષાર્થ કર્યો ત્યારે કર્મનો અભાવ નિમિત્ત કહેવાણો છે. જીવ પોતામાં પુરુષાર્થ વડે ચાર સમવાય પ્રગટ કરે અને સામે કર્મની દશા ફરવાની ન હોય એમ બને જ નહિ. જીવ સ્વલક્ષ કરીને ચાર સમવાયરૂપે પરિણમ્યો અને કર્મ તરફ લક્ષ કરીને ન પરિણમ્યો (અર્થાત્ ઉદયમાં ન જોડાણો) ત્યારે કર્મની અવસ્થાને નિર્જરા કહેવાણી. જીવ સ્વસન્મુખ પરિણમ્યો ત્યારે ભલે કર્મ ઉદયમાં હોય પણ જીવના તે વખતના પરિણમનમાં કર્મના નિમિત્તની નાસ્તિ છે. પોતે સ્વમાં ભળ્યો અને કર્મ તરફ ન ભળ્યો તે જ કર્મની નાસ્તિ અર્થાત્ ઉદયનો અભાવ છે.

આત્મામાં એક સમયની સ્વસન્મુખ દશામાં પાંચે સમવાય આવી જાય છે. જીવ જ્યારે પુરુષાર્થ કરે ત્યારે તેને પાંચ સમવાય એક જ સમયે હોય છે, સ્વની પ્રતીતમાં પરની પ્રતીત આવી જ જાય છે. આવી ક્રમબદ્ધ વસ્તુસ્વરૂપની પ્રતીતમાં કેવળજ્ઞાનનો પુરુષાર્થ આવી ગયો છે.

(૯૪)

[૧]'પ્રવચનસાર'માં ૪૭ નય (આવે છે). કાળનયે કાળે પણ મોક્ષ થાય છે અને અકાળે પણ મોક્ષ થાય છે એવો શાસ્ત્રમાં પાઠ છે. એ... 'નંદકિશોરજી'! જો ક્રમબદ્ધ જ હોય, જે કાળે જે થવાનું છે તે થશે તો અકાળે મોક્ષ ક્યાં આવ્યો? અકાળે મોક્ષ છે, એમ પાઠ છે. એનો ઉત્તર ? કાળનયે મોક્ષ અને અકાળનયે મોક્ષ, એમ ૪૭ નયમાં પાઠ છે. આ તો ૪૭

૧. સમયસારસિદ્ધિ-૧૨, પેજ-૧૦૭

શક્તિ છે, 'પ્રવચનસાર'માં ૪૭ નય છે.

એનો અર્થ તો એમ છે કે કાળનયે તો જે સમયે મોક્ષ થવાનો છે તે જ સમયે મોક્ષ થશે પણ એ સમયે અકાળનય પણ છે. અકાળનયનો અર્થ કાળ આઘોપાછો થાય છે એમ અર્થ નથી. અકાળનયનો અર્થ પુરુષાર્થ અને સ્વભાવ મેળવીને કહે છે તો અકાળ થયો.

અકાળનયનો અર્થ જે સમયે મોક્ષ થવાનો છે તે જ સમયે થશે. અકાળનો અર્થ સમય આઘોપાછો થશે એમ અર્થ છે જ નહિ. તો અકાળનો અર્થ શું? કે એકલો કાળનયમાં એકલો કાળ લીધો હતો. અકાળનયમાં સ્વભાવ, પુરુષાર્થ, ભવિતવ્યતા, કાળલબ્ધિ આદિ પાંચ આવ્યા. એકલો કાળનય નહિ, પણ સાથે પુરુષાર્થ, સ્વભાવ છે તેને અકાળનય કહે છે. અકાળનયનો અર્થ કાળ આઘોપાછો છે એમ નથી.

(૯૫)

## જ્ઞાનસ્વભાવનો પુરુષાર્થ, અને તેમાં એક સાથે પાંચ સમવાય.

[૧]અજ્ઞાનીઓ કહે છે કે 'આ ક્રમબદ્ધપર્યાય માનો તો પુરુષાર્થ ઊડી જાય છે.' પણ એમ નથી. આ ક્રમબદ્ધપર્યાયનો નિર્ણય કરતાં કર્તાબુદ્ધિનું ખોટું અભિમાન ઊડી જાય છે ને જ્ઞાયકપણાનો સાચો પુરુષાર્થ થાય છે. જ્ઞાન-સ્વભાવનો પુરુષાર્થ ન કરે તેને ક્રમબદ્ધપર્યાયનો નિર્ણય પણ સાચો નથી. જ્ઞાનસ્વભાવના પુરુષાર્થ વડે ક્રમબદ્ધ-પર્યાયનો નિર્ણય કરીને પર્યાય સ્વસન્મુખ થઈ ત્યાં એક સમયમાં તે પર્યાયમાં પાંચે સમવાય આવી જાય છે. નાટક-સમયસારમાં પં. બનારસીદાસજી પણ કહે છે કે-

'टेक डारि एकमैं अनेक खोजै सौ सुबुद्धि,
खोजी जीवे वादी मरै सांची कहयति है।।४५।।

– दुराग्रह छोड़कर एकमें अनेक धर्म ढूँढ़ना सम्यग्ज्ञान है। इसलिये संसार में जो कहावत है कि 'खोजी पावे वादी मरे' सो सत्य है।।'

પુરુષાર્થ, સ્વભાવ, કાળ, નિયત અને કર્મનો અભાવ એ પાંચે સમવાય એક સમયની પર્યાયમાં આવી જાય છે.

૧.જ્ઞાનસ્વભાવ-જ્ઞેયસ્વભાવ, બોલ-૧૩

(૯૬)

## જ્ઞાનસ્વભાવના નિર્ણયમાં પાંચે સમવાય આવી જાય છે.

[૧]બધી પર્યાયો તો ક્રમબદ્ધ જ છે, પણ તેનો નિર્ણય કોણ કરે છે? જ્ઞાતાનું જ્ઞાન જ તેનો નિર્ણય કરે છે. જે જ્ઞાને આવો નિર્ણય કર્યો તે જ્ઞાને પોતાનો (-જ્ઞાનસ્વભાવનો) નિર્ણય પણ ભેગો જ કર્યો છે. જ્યાં સ્વભાવસન્મુખ થઈને આવો નિર્ણય કર્યો ત્યાં-

(૧) સ્વભાવ તરફનો સમ્યક્ 'પુરુષાર્થ' આવ્યો,

(૨) જે શુદ્ધતા પ્રગટી છે તે સ્વભાવમાંથી પ્રગટી છે તેથી 'સ્વભાવ' પણ આવ્યો,

(૩) તે સમયે જે નિર્મળ પર્યાય પ્રગટવાની હતી તે જ પ્રગટી છે તેથી 'નિયત' પણ આવ્યું.

(૪) જે નિર્મળ દશા પ્રગટી છે તે જ તે વખતનો સ્વકાળ છે, એ રીતે 'સ્વકાળ' પણ આવી ગયો,

(૫) તે વખતે નિમિત્તરૂપ કર્મના ઉપશમાદિ સ્વયં વર્તે છે, એ રીતે 'કર્મ' પણ અભાવરૂપ નિમિત્ત તરીકે આવી ગયું.

-ઉપર પ્રમાણે સ્વભાવસન્મુખ પુરુષાર્થમાં પાંચે સમવાય એક સાથે આવી જાય છે.

(૯૭)

[૧]વસ્તુની અમુક પર્યાય નિયત અને અમુક પર્યાય અનિયત એમ નથી. દરેક સમયની પર્યાય તો નિયત છે, અનિયતપણું કહેવું હોય તો આ અપેક્ષાએ કહી શકાય કે નિયત સ્વભાવ સિવાયના બીજા પુરુષાર્થ વગેરે ધર્મ તે અનિયત છે. 'નિયત' સિવાયના બીજા ધર્મો તે 'અનિયત' છે, નિયત સિવાયના બીજા ચાર સમવાયો છે તે 'નિયત' ધર્મરૂપે નથી માટે તેમને 'અનિયત' કહેવાય છે.

વસ્તુમાં ત્રણેકાળની અવસ્થાઓ ક્રમબદ્ધ જ થાય છે. કોઈ અવસ્થા આડી અવળી થતી નથી - આવો જ વસ્તુ સ્વભાવ છે. વસ્તુસ્વભાવના આ મહાસિદ્ધાંતનું રહસ્ય નહિ સમજનારા અજ્ઞાનીઓ કહે છે કે આ એકાંતવાદ થઈ જાય છે પણ ખરેખર તો તેમાં જ અનેકાંતવાદ છે. કેમકે નિયતની સાથે જ પુરુષાર્થ, જ્ઞાન, શ્રદ્ધા વગેરે ધર્મો પણ રહેલા જ

૧. જ્ઞાનસ્વભાવ-જ્ઞેયસ્વભાવ, બોલ-૨૭

૨. સદ્ગુરુપ્રસાદ-સ્વામીકાર્તિકેયાનુપ્રેક્ષા ભાગ-૨, પેજ-૨૧-૨૨

છે. નિયતસ્વભાવના નિર્ણયની સાથે રહેલા સમ્યક્ પુરુષાર્થને, સમ્યક્ શ્રદ્ધાને, સમ્યક્ જ્ઞાનને, સ્વભાવને વગેરેને ન સ્વીકારે તો જ અનેકાંતવાદ કહેવાય.

અજ્ઞાની તો, નિયતવસ્તુસ્વભાવના નિર્ણયમાં આવી જતો જ્ઞાનનો પુરુષાર્થ, સર્વજ્ઞના નિર્ણયનો પુરુષાર્થ, સ્વસન્મુખ શ્રદ્ધા-જ્ઞાન વગેરેને સવીકાર્યા વગર જ નિયતની (-જેમ થવાનું હશે તેમ થશે એવી) વાત કરે છે. તેથી તેને તો એકાંતનિયત કહેવાય.

પરંતુ જ્ઞાની તો નિયતવસ્તુસ્વભાવના નિર્ણયમાં સાથે જ રહેલાં એવા સમ્યક્ પુરુષાર્થને, સ્વસન્મુખ જ્ઞાનને-શ્રદ્ધાને, સ્વભાવને, કાળને, નિમિત્તને બધાને સ્વીકારે છે, તેથી તે મિથ્યાનિયત નથી, પણ સમ્યક્નિયતવાદ છે. તેમાં જ અનેકાંતવાદ આવી જાય છે.

નિયતને અને તેની સાથે નિયત સિવાયના બીજા અનિયતને (એટલે કે પુરુષાર્થ, કાળ, સ્વભાવ, જ્ઞાન, શ્રદ્ધા, નિમિત્ત વગેરેને) પણ જ્ઞાની સ્વીકારે છે. માટે તેને નિયત-અનિયતનો મેળ થયો, અહીં 'અનિયત'નો અર્થ 'અક્રમબદ્ધ' એમ ન સમજવો, પણ નિયતની સાથે રહેલાં નિયત સિવાયના પુરુષાર્થ વગેરે ધર્મોને અહીં 'અનિયત' કહ્યાં છે-એમ સમજવું. એ રીતે વસ્તુમાં 'નિયત' 'અનિયત' બન્ને ધર્મો એક સમયે એક સાથે છે. એટલે અનેકાંત સ્વભાવ છે, ને તેની શ્રદ્ધામાં અનેકાંતવાદ છે.

ક્રમબદ્ધ પર્યાયમાં પુરુષાર્થ વગેરેનો ક્રમ પણ ભેગો જ છે. તેથી ક્રમબદ્ધ પર્યાયની પ્રતીતમાં પુરુષાર્થ વગેરેની પ્રતીત પણ આવી જ જાય છે. પુરુષાર્થ કાંઈ ક્રમબદ્ધ પર્યાયોથી જુદો રહી જતો નથી. એથી નિયતના નિર્ણયમાં પુરુષાર્થ ઊડી જતો નથી પણ ભેગો આવી જ જાય છે. માટે નિયત સ્વભાવની શ્રદ્ધા તે અનેકાંતવાદ છે એમ સમજવું. જે વસ્તુના પર્યાયોને નિયત-ક્રમબદ્ધ થતાં ન માને અથવા તો ક્રમબદ્ધ પર્યાયના નિર્ણયમાં રહેલા સમ્યક્ પુરુષાર્થને ન માને તેને અનેકાંતમય વસ્તુસ્વભાવની ખબર નથી. તે મિથ્યાદષ્ટિ છે.

સર્વજ્ઞની પ્રતીતપૂર્વક જેણે નિયતનો નિર્ણય કર્યો તેણે પોતાના પુરુષાર્થથી સ્વભાવમાં રહીને તે નિર્ણય કર્યો છે. તે પોતાની પર્યાયના સ્વકાળમાં નિર્ણય કર્યો છે, ને પરનિમિત્તોના અભાવપણે રહીને તે નિર્ણય કર્યો છે. એટલે નિયતના નિર્ણયમાં એક સમયમાં પાંચે સમવાય સમાઈ જાય છે, ને સ્વભાવ સન્મુખ દષ્ટિ થઈને પર્યાયબુદ્ધિ છૂટી જાય છે એટલે મોક્ષમાર્ગ થઈ ગયો.

(૯૮)

## કર્તા

[1]પ્રશ્ન :- પર્યાયો ક્રમબદ્ધ છે, આત્માની પર્યાયો પણ ક્રમબદ્ધ જે થવા યોગ્ય છે તે જ થાય છે,-માટે આત્મા તેનો અકર્તા છે-એ વાત બરાબર છે?

ઉત્તર :- ના; આત્મા પોતાની પર્યાયનો અકર્તા છે-એ વાત બરાબર નથી. પોતાની જે જે ક્રમબદ્ધપર્યાયપણે આત્મા પરિણમે છે તેનો કર્તા આત્મા પોતે જ છે, પરંતુ અહીં એટલું વિશેષ સમજવા યોગ્ય છે કે 'આત્માનો જ્ઞાયક સ્વભાવ છે'-એવી જેની દૃષ્ટિ થઈ છે કે ક્રમબદ્ધ પર્યાયનો નિર્ણય થયો છે તે જીવ મિથ્યાત્વાદિ ભાવોરૂપે પરિણમતો જ નથી તેથી મિથ્યાત્વાદિ ભાવોનો તો તે અકર્તા જ છે; તેમજ જે અલ્પ રાગાદિ વિકાર થાય છે તેમાં પણ તે એકત્વપણે નથી પરિણમતો તે અપેક્ષાએ તે રાગાદિનો પણ અકર્તા છે. પરંતુ પોતાના સમ્યગ્દર્શન-જ્ઞાનાદિ નિર્મળ ક્રમબદ્ધ પરિણામનો તો તે કર્તા છે. 'ક્રમબદ્ધ પરિણામ'નો એવો અર્થ નથી કે આત્મા પોતે કર્તા થયા વિના જ તે પરિણામ થઈ જાય છે! જ્ઞાની પોતાના નિર્મળ જ્ઞાનભાવને કરતો થકો તેનો પોતે કર્તા થાય છે, ને અજ્ઞાની પોતાના અજ્ઞાન ભાવને કરતો થકો તેનો કર્તા થાય છે. આ રીતે દરેક દ્રવ્ય પોતે જ પોતપોતાના ક્રમબદ્ધ પરિણામનો કર્તા છે.

(૯૯)

## ક્રમબદ્ધપર્યાય અને તેનું કર્તાપણું.

[2]પ્રશ્ન :- ક્રમબદ્ધપર્યાય છે તેમાં કર્તાપણું છે કે નહિ ?

ઉત્તર :- હા; જેણે સ્વસન્મુખ થઈને પોતાના જ્ઞાયકસ્વભાવનો નિર્ણય કર્યો છે તેને પોતાની નિર્મળ ક્રમબદ્ધપર્યાયનું કર્તાપણું છે. અને જેને જ્ઞાયકસ્વભાવની દૃષ્ટિ નથી ને પરમાં કર્તૃત્વબુદ્ધિ છે તેને પોતામાં મિથ્યાત્વાદિ મલિન ભાવોનું કર્તાપણું છે.

અજીવને તે અજીવની ક્રમબદ્ધ અવસ્થાનું કર્તાપણું છે. ક્રમબદ્ધપર્યાયનો નિર્ણય કરીને જે જીવ જ્ઞાયકસ્વભાવ તરફ વળી ગયો છે તેને વિકારનું કર્તાપણું રહેતું નથી, તે તો સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ નિર્મળ જ્ઞાનભાવનો જ કર્તા છે.

---

૧. આત્મધર્મ એ-૧૮૧, નવે.-ડિસે.૧૯૫૮, પેજ-૨૦
૨. જ્ઞાનસ્વભાવ-જ્ઞેયસ્વભાવ-૨, બોલ-૯૭

(૧૦૦)

## નિમિત્તકર્તા તો ખરો ને?

[૧]પ્રશ્ન :- જીવ કર્તા છે કે નથી ?

ઉત્તર :- હા, જીવ કર્તા ખરો, પણ શેનો? કે પોતાના જ્ઞાયક પરિણામનો, પુદ્‌ગલકર્મનો નહીં.

પ્રશ્ન :- પુદ્‌ગલકર્મનો નિમિત્તકર્તા તો ખરો કે નહિ ?

ઉત્તર :- ના; જ્ઞાયકભાવપણે પરિણમતો જીવ મિથ્યાત્વાદિ પુદ્‌ગલકર્મનો નિમિત્તકર્તા પણ નથી. કર્મના નિમિત્ત થવા ઉપર જેની દૃષ્ટિ છે તે જીવને જ્ઞાયકભાવનું પરિણમન નથી, પણ અજ્ઞાનભાવનું પરિણમન છે. અજ્ઞાનભાવને લીધે જ તે પુદ્‌ગલકર્મનો નિમિત્તકર્તા થાય છે અને તે સંસારનું જ કારણ છે. આ વાત આચાર્યદેવે હવે પછીની ગાથાઓમાં બહુ સરસ સમજાવી છે.

(૧૦૧)

## શક્તિ

[૨]અહીં તો કહે છે કે પોતાની જે વીર્ય-બળશક્તિ છે તે પોતાના સ્વરૂપની રચના કરે છે. શ્રદ્ધા, જ્ઞાન, શાંતિ, વીતરાગતાને (રચે છે). એ સમયે ક્રમવર્તી પર્યાય છે તે નિર્મળ છે. ક્રમવર્તી પર્યાય નિર્મળ છે. અક્રમવર્તી છે તે ગુણ છે. એ ક્રમવર્તી પર્યાય અને અક્રમવર્તી ગુણનો સમુદાય તે આત્મા છે. એમાં રાગની પર્યાયનો સમુદાય આત્મા છે એમ કહ્યું જ નથી. આહાહા..! સમજાય છે કાંઈ ? એ પહેલા આવી ગયું છે, પહેલા કહ્યું હતું.

ક્રમરૂપ અને અક્રમરૂપ અનંતધર્મસમૂહ જે કાંઈ જેટલો લક્ષિત થાય છે તે ખરેખર સઘળો એક આત્મા છે. ક્રમે ક્રમે જે નિર્મળ પર્યાય પ્રગટ થાય છે (તેની વાત છે). રાગની વાત અહીંયાં છે જ નહિ. કારણ કે રાગનો સમુદાય એ આત્મા, એમ છે જ નહિ. આહાહા..! રાગને તો વિકાર, અચેતન, જડ અજીવમાં નાખી દીધો છે. આહાહા..! સમજાય છે કાંઈ ?

અહીંયાં તો ભગવાન આત્મામાં અનંતગુણ જે નિર્મળ શુદ્ધ છે, દ્રવ્ય શુદ્ધ છે અને

૧. જ્ઞાનસ્વભાવ-જ્ઞેયસ્વભાવ, બોલ-૧૪૨ ૨. સમયસારસિદ્ધિ-૧૨, પેજ-૮૯

અનંતશક્તિ સંખ્યાએ છે તે શુદ્ધ છે અને એની પરિણતિ જે થાય છે તે પણ શુદ્ધ છે. એ પરિણતિ પર્યાય થાય તે ક્રમસર ક્રમબદ્ધ થાય છે તેથી ક્રમવર્તી કહ્યું. ક્રમવર્તી-ક્રમે વર્તવાવાળી. અને ગુણ એક સાથે રહેનારા છે માટે અક્રમવર્તી-અક્રમે રહેનારા છે એમ કહ્યું. એ નિર્મળ પર્યાયનો ક્રમ અને અક્રમગુણ તેનો સમુદાય તે આત્મા છે. તેમાં કોઈ રાગ કે વ્યવહાર આવ્યો નહિ. આહાહા..! સમજાય છે કાંઈ ? બંડીજી ! આવી વાત છે, ભાઈ ! આહાહા..! 'કુંદકુંદાચાર્ય' પોકાર કરે છે. આહાહા..! ટીકા 'અમૃતચંદ્રાચાર્ય'ની છે. 'કુંદકુંદાચાર્ય'ની ગાથામાં ભાવ હતા તેનું સ્પષ્ટીકરણ કર્યું છે. જેમ કે ગાય અને ભેંસના આઉમાં દૂધ છે દૂધ, આઉમાં દૂધ છે તેને બાઈ નીચોડીને કાઢે છે. સમજાય છે કાંઈ ? એમ પાઠમાં ભાવ ભર્યા છે તેને 'અમૃતચંદ્રાચાર્ય' ટીકા કરીને સ્પષ્ટીકરણ કરે છે. 'નંદકિશોરજી'!

(૧૦૨)

**યોગ્યતા**

**ક્રમબદ્ધપર્યાયની ઉત્પત્તિ પોતાની અંતરંગ યોગ્યતા સિવાય બીજા કોઈ બાહ્ય કારણથી થતી નથી.**

[૧]ક્રમબદ્ધપર્યાય કહો કે યોગ્યતા કહો, તે પ્રમાણે જ કાર્ય થાય છે. પર્યાયની યોગ્યતા પોતે જ અંતરંગ કારણ છે, બીજું નિમિત્ત તે તો બાહ્ય કારણ છે. અંતરંગ કાર્યને અનુસાર જ દરેક કાર્ય થાય છે, બાહ્ય કારણથી કાર્યની ઉત્પત્તિ થતી નથી. શ્રી ષટ્ખંડાગમની ધવલા ટીકામાં વીરસેનાચાર્યદેવ આ સંબંધમાં ઘણું અલૌકિક સ્પષ્ટીકરણ કર્યું છે.

મોહનીય કર્મના પરમાણુ ઉત્કૃષ્ટ ૭૦ ક્રોડાક્રોડી સાગરોપમ સુધી રહે, જ્યારે આયુષ્ય કર્મના પરમાણુ ઉત્કૃષ્ટ ૩૩ સાગરોપમની સ્થિતિ સુધી રહે. - આવી જ તે તે ક્રમપ્રકૃતિની સ્થિતિ છે. કોઈ પૂછે કે મોહનીય કર્મની ઉત્કૃષ્ટ સ્થિતિ ૭૦ ક્રોડાક્રોડી સાગરની અને આયુકર્મની ઉત્કૃષ્ટ સ્થિતિ ફક્ત ૩૩ સાગરની જ, એમ કેમ ? તો ષટ્ખંડાગમમાં આચાર્યદેવ કહે છે કે પ્રકૃતિ વિશેષ હોવાથી એ પ્રકારે સ્થિતિબંધ થાય છે. એટલે કે તે તે વિશેષ પ્રકૃતિઓની તેવી જ અંતરંગ યોગ્યતા છે ને તેની યોગ્યતારૂપ અંતરંગ કારણથી જ

૧. જ્ઞાનસ્વભાવ જ્ઞેયસ્વભાવ-૨, બોલ-૬૭

તેવું કાર્ય થાય છે. એમ કહીને ત્યાં આચાર્યદેવ મહાન સિદ્ધાંત જણાવ્યો છે કે 'બધે ઠેકાણે અંતરંગ કારણથી જ કાર્યની ઉત્પત્તિ થાય છે એવો નિશ્ચય કરવો.'

બીજું દૃષ્ટાંત લઈએ : દસમા ગુણસ્થાને જીવને લોભનો સૂક્ષ્મ અંશ અને યોગનું કંપન છે ત્યાં તેને મોહનીય અને આયુકર્મ સિવાયના છ કર્મો બંધાય છે. તેમાં જ્ઞાનાવરણાદિની અંતર્મુહૂર્તની જ સ્થિતિ પડે છે ને શાતા વેદનીયની સ્થિતિ ૧૨ મુહૂર્તની તથા ગોત્ર અને નામકર્મની સ્થિતિ આઠ મુહૂર્ત બંધાય છે. છએ કર્મોનું બંધન એ સાથે થતું હોવા છતાં આ પ્રમાણે સ્થિતિમાં ફેર પડે છે. સ્થિતિમાં આમ ફેર કેમ પડે છે? એવો પ્રશ્ન થતાં આચાર્યદેવ ઉત્તર આપે છે કે 'પ્રકૃતિ વિશેષ હોવાથી' એટલે કે તે તે ખાસ પ્રકૃતિનું અંતરંગ કારણ જ તેવું છે અને તે અંતરંગ કારણથી જ કાર્યની ઉત્પત્તિ થાય છે.

ઉપર જુદા જુદા કર્મની જુદી જુદી સ્થિતિ સંબંધમાં કહ્યું તે જ પ્રમાણે 'વેદનીયકર્મમાં પરમાણુઓની સંખ્યા ઝાઝી ને બીજામાં થોડી એમ કેમ ?' એવું કોઈ પૂછે તો તેનું પણ એ જ સમાધાન છે કે તે તે પ્રકૃતિઓનો તેવો જ સ્વભાવ છે. પર્યાયનો સ્વભાવ કહો, યોગ્યતા કહો કે અંતરંગ કારણ કહો-તેનાથી જ કાર્યની ઉત્પત્તિ થાય છે. એ સિવાય બાહ્ય કારણોથી કાર્યની ઉત્પત્તિ થતી નથી.

જો કદી બાહ્ય કારણોથી કાર્યની ઉત્પત્તિ થતી હોય તો ચોખાના બીજમાંથી ઘઉંની ઉત્પત્તિ થવી જોઈએ, પણ એમ કદી બનતું નથી.

નિમિત્ત તે બાહ્ય કારણ છે. તે બાહ્ય કારણના કોઈ દ્રવ્ય-ક્ષેત્ર-કાળ કે ભાવ એવા સામર્થ્યવાળા નથી કે જેના બળથી લીમડાના ઝાડમાંથી આંબા પાકે કે ચોખામાંથી ઘઉં પાકે અથવા જીવમાંથી અજીવ થઈ જાય. જો બાહ્ય કારણ અનુસાર કાર્યની ઉત્પત્તિ થાય તો અજીવના નિમિત્તે જીવ પણ અજીવરૂપ થઈ જશે! પણ એમ કદી બનતું નથી, કેમ કે બાહ્ય કારણથી કાર્યની ઉત્પત્તિ થતી નથી, અંતરંગ કારણથી જ કાર્યની ઉત્પત્તિ થાય છે. (જુઓ, ષટ્ખંડાગમ પુ.૬, પૃ.૧૬૪)

(૧૦૩)

## ખરેખર અભેદ વિના ભેદ શેનો

[૧]ખરેખર અભેદ વિના ભેદ શેનો? જ્યાં અભેદ એટલે કે નિશ્ચયચારિત્ર હોય ત્યાં

૧. સદ્ગુરુપ્રસાદ - નિયમસાર (૧૯૫૧-૧૯૫૨) ભાગ-૧, પેજ-૪૨૩

સાચો વ્યવહાર હોય છે. ખરેખર તો અભેદ થયો તો ભેદ-વ્યવહાર કહેવાય. ભેદથી અભેદ થાય છે એમ નથી, પણ અભેદનું જ્ઞાન હોય તેને ભેદનું જ્ઞાન યથાર્થ થાય છે. વ્યવહારથી નિશ્ચય પમાય કે બંધને આશ્રયે અબંધ થવાય એમ નથી, પણ સ્વ-પરપ્રકાશક સ્વભાવનું જ્ઞાન થયું, ત્યારે રાગનું જે જ્ઞાન રહ્યું તેને વ્યવહાર કહેવાય છે. આ નિશ્ચય સહિતનો વ્યવહાર છે. અભેદ નિર્વિકલ્પ જ્ઞાનસ્વભાવનું જેને ભાન છે, તેને ક્રમમાં આવી પડેલા રાગનું જ્ઞાન તે વ્યવહાર છે અને શુદ્ધ સ્વભાવની એકાગ્રતાનું જ્ઞાન કરવું તે નિશ્ચય છે.

(૧૦૪)

## દૃષ્ટાંત દ્વારા ક્રમબદ્ધની સિદ્ધિ

[૧]જેમ મોતીનો હાર હોય છે તેમાં હાર છે તે દ્રવ્ય, દોરો તે ગુણ અને જે મોતી છે તે પર્યાયના સ્થાને છે. તેમાં હાર ને દોરો તો કાયમી ચીજ છે, ને મોતીના દાણા તેમાં દરેક ક્રમસર છે. પોતપોતાના નિશ્ચિત સ્થાનમાં રહેલા ક્રમસર છે. પહેલું મોતી, પછી બીજું, પછી ત્રીજું - એમ પ્રત્યેક મોતી નિયત સ્થાનમાં રહેલું ક્રમબદ્ધ છે. તેમ આત્મા ત્રિકાળી નિત્ય દ્રવ્ય છે, તેના જ્ઞાનાદિ ગુણ નામ શક્તિઓ ત્રિકાળ નિત્ય છે અને તેમાં જે પર્યાયો થાય છે તે પ્રત્યેક સમયેસમયે નિયત ક્રમમાં જે થવાની હોય તે જ થાય છે; કોઈ પર્યાય આગળ-પાછળ થતી નથી. ઝીણી વાત છે. દ્રવ્યમાં જે પર્યાય જે કાળે થવાની હોય તે કાળે તે જ ત્યાં થાય છે. 'પ્રતિસમયે સંભવતા...', એમ ટીકામાં છે ને? એ 'સંભવતા' શબ્દનો આ આશય છે. પ્રતિસમય જે પર્યાય થવાની હોય તે જ ક્રમબદ્ધ થાય, તેમાં કોઈ અન્ય ફેરફાર કરી શકે નહિ. આ પ્રમાણે આત્મા પરનો અકર્તા અર્થાત્ કેવળ જ્ઞાતાદૃષ્ટા જ છે એમ સિદ્ધ થાય છે.

(૧૦૫)

[૨]પદાર્થની અવસ્થાનો જે કાળ હોય છે તે જ હોય છે અને તે કાળે જે પ્રકારની અવસ્થા થવાની હોય છે તે જ પ્રકારની થાય છે; અને નિમિત્તનો કાળ અને પ્રકાર તે જ વખતે તેવો જ હોય છે, જે વખતે જ્ઞાનનો જેવો પર્યાય થવાનો હોય તેવો અને તે જ થાય, અને નિમિત્ત પણે તે જ હોય, આમ ઉપાદાન-નિમિત્ત ક્રમબદ્ધ વ્યવસ્થિત છે. ત્યાં

૧. પ્રવચનરત્નાકર-૯, પેજ-૨૮૮

૨. સદ્‌ગુરુપ્રસાદ - બૃહદ્ દ્રવ્યસંગ્રહ (૧૯૫૧-૧૯૫૨) ભાગ-૧, પેજ-૨૭૧

અજ્ઞાનીને ભ્રમ થાય છે કે તે જ વખતે એ જ પર્યાય અને એ જ નિમિત્ત કેમ ? બીજું કેમ નહિ ? વિકારી પરિણામ કેમ થયાં? અજ્ઞાની કર્મનો ઉદય હતો તેથી વિકાર થયો માને છે. ભગવાન કહે છે કે :- આત્માના ગુણની અવસ્થામાં વિપરીતતાને કારણે વિકાર થયો છે. આવો જ વિકાર કેમ થયો? તેની તે સમયની તેવી યોગ્યતાના કારણે તેવો વિકાર થયો છે એ જ પર્યાય અને એ જ નિમિત્ત હોય. યથાર્થ કે વિપરીત - જે પર્યાય થવાની હોય તે જ સમયે થાય અને નિમિત્ત જે હોવાનું હોય તે જ તે સમયે હોય, આમ જેમ વર્તમાન એક સમયનું પરિણમન ક્રમ વ્યવસ્થિત છે. તેમ બીજા, ત્રીજા, ચોથા એમ અનંત સમયનું ત્રણે કાળનું પરિણમન વ્યવસ્થિત છે.

આવું સાંભળતા અજ્ઞાનીને ધડાકો લાગે છે કે આમ બધું - દરેક સમયનું પરિણમન (-ઉપાદાનનું ઉપાદાનમાં અને નિમિત્તનું નિમિત્તમાં) જેમ છે તેમ છે - ત્યાં આઘું-પાછું કંઈ થતું નથી તો હવે કંઈ કરવાનો પુરુષાર્થ રહ્યો નહિ ? તો પછી શાસત્રોમાં વાતો કરી છે કે સાચી સમજણમાં સાચા દેવ-ગુરુ-શાસ્ત્ર નિમિત્ત હોય, ત્રણ કષાયના અભાવથી વીતરાગતા પ્રગટે ત્યારે વસ્ત્ર પાત્ર આદિ છૂટી જાય, તેનું શું સમજવું?

ઉત્તર :- ભાઈ ! જરી શાંતિથી વિચાર કર ! દ્રવ્યનો જે પર્યાય થાય ત્યારે તેને યોગ્ય જે નિમિત્ત હશે તે જ હશે, પણ તે પર્યાયના ક્રમનો નિર્ણય કરતાં બુદ્ધિ પર્યાય તરફથી છૂટી ત્રિકાળ દ્રવ્યમાં ઢળે છે. જ્ઞાનનું જ્ઞાનમાં - દ્રવ્યમાં ઢળવું તે જ અનંતો પુરુષાર્થ છે. અજ્ઞાનીને બુદ્ધિ દ્રવ્યમાં વળતાં જ્ઞાનનો અનંત પુરુષાર્થ પ્રગટે છે, તેનું માહાત્મ્ય આવતું નથી, તેને એમ લાગે છે કે 'હું તો છું, જો મારાથી થતું તો કેવળજ્ઞાન વગેરે થતું નથી ? પણ ભાઈ ! તું તો દ્રવ્ય છો, દ્રવ્યમાં શક્તિ ભરી પડી છે પણ પર્યાયમાં જેવી યોગ્યતા પ્રગટ કરીશ ત્યારે તેવું જ નિમિત્ત તેના કારણે હશે, ભાઈ ! ધીરો થઈને વિચાર કર ! તારી લાયકાત જે કાળે જેવી હશે ત્યારે તે પ્રકારનું નિમિત્ત હશે, પણ કોઈને લઈને કોઈ નથી, આ વાત અજ્ઞાનીને બેસતી નથી, આ વાત કહેતાં, આત્મા જાણે પાંગળો હોય - એમ તેને લાગે છે. નિમિત્ત આવે તો પોતાનામાં કાંઈક ફેરફાર થાય એ માન્યતા જ તેનું અજ્ઞાન છે.

(૧૦૬)

[૧]તત્ત્વાર્થસૂત્રમાં સૂત્ર છે કે - 'ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યયુક્તમ સત્' આ દ્રવ્યનું લક્ષણ છે. ઉત્પાદ થાય છે તે પોતાની પર્યાયમાં પોતાથી થાય છે. દયા, દાન, વ્રત, આદિના પરિણામ તે આસ્રવ છે. તે પરિણામ પોતાથી ઉત્પન્ન થાય છે; તેમાં જડ કર્મ નિમિત્ત છે પણ નિમિત્તથી તે પરિણામ ઉત્પન્ન થાય છે એમ નથી. જડકર્મ તે કર્તા અને આસ્રવ તેનું વ્યાપ્ય કર્મ એમ છે નહિ.

અહીં આ ગાથાના એક બોલમાં નિમિત્ત, ઉપાદાન, નિશ્ચય, વ્યવહાર-એ પાંચેયના ખુલાસા આવી જાય છે.

૧. શાતાવેદનીય કર્મનો બંધ થયો ત્યાં તે પર્યાય તેના સ્વકાળે થઈ છે. તે કાળે જે શુભભાવ આવ્યો તે તેના સ્વકાળે ઉત્પન્ન થયો છે. આ પ્રમાણે ક્રમબદ્ધ સિદ્ધ થયું.

૨. જ્ઞાનીને તે રાગ અને કર્મબંધન જ્ઞાનમાં તે કાળે નિમિત્ત છે. આ નિમિત્ત સિદ્ધ થયું.

૩. તે કાળે સ્વપરપ્રકાશક જ્ઞાનની પર્યાય પોતાથી પ્રગટ થઈ છે, નિમિત્તથી નહિ. આ ઉપાદાન સિદ્ધ થયું.

૪. જે રાગ આવ્યો તે અશુચિ છે, જડ છે, દુઃખરૂપ છે, તે રાગને જ્ઞાન જાણે છે. આ વ્યવહાર સિદ્ધ થયો.

૫. અને તે વખતે જ્ઞાન સ્વને જાણે છે તે નિશ્ચય સિદ્ધ થયો. આ રીતે વ્યવહારથી નિશ્ચય થાય એ વાત ઊડી ગઈ. નિમિત્તથી ઉપદાનનું કાર્ય થાય એ વાત પણ ઊડી ગઈ. પર્યાય ક્રમબદ્ધ થાય છે માટે અક્રમે-આડું અવળું થાય એ વાત પણ ઊડી ગઈ. આમ પાંચે વાતનું આ ગાથામાં સ્પષ્ટીકરણ આવી જાય છે.

(૧૦૭)

## સ્વતંત્રતાની ઘોષણા

[૨]ક્રમબદ્ધપર્યાયની વાત તો અનંત સ્વતંત્રતાની સૂચક છે. એને બુદ્ધિપૂર્વક હૃદયથી સ્વીકારનારને તો અનંત સ્વતંત્રતાની પ્રતીતિ થાય છે. એ જાણીને કોને પ્રસન્નતા નહિ

૧. પ્રવચન રત્નાકર-૫, પેજ-૧૪૦

૨. આત્મધર્મ એ-૦૩૮, એપ્રિલ.૧૯૮૦, પેજ-૨૯ (રાત્રીચર્ચા)

થાય કે આપણા સુખ-દુઃખ, જીવન-મરણ, ભલું-બૂરું બધું જ આપણા અધિકારમાં છે, તેમાં કોઈનો કાંઈ પણ હસ્તક્ષેપ નથી.

આ જાણીને પણ જેને પ્રસન્નતા ન થાય, તો સમજવું જોઈએ કે કાં તો તે ગુલામવૃત્તિની વ્યક્તિ છે અથવા તો અન્યોને ગુલામ બનાવીને રાખવાની વૃત્તિવાળો છે.

'ક્રમબદ્ધપર્યાય'માં વસ્તુની અનંત સ્વતંત્રતાની ઘોષણા છે.

(૧૦૮)

## ચારે અનુયોગનું તાત્પર્ય વીતરાગતા

[૧]ભગવાન સર્વજ્ઞના કેવળજ્ઞાનમાં ત્રણકાળ ત્રણલોકના પર્યાયો પ્રત્યક્ષ જણાય છે. જેમ કેવળજ્ઞાનમાં ત્રણ કાળના પર્યાયો જણાય છે તેમ જ પદાર્થોમાં ક્રમબદ્ધ પર્યાયો થાય છે, કેવળજ્ઞાને જાણ્યું માટે નહિ પણ પદાર્થોના પર્યાયો પોતાથી સ્વકાળે તે જ રીતે થાય છે અને તેમ સર્વજ્ઞ જાણે છે. આહાહા! પરદ્રવ્યને કરવાની તો વાત નથી પણ પોતાના અશુદ્ધ કે શુદ્ધ પર્યાયો સ્વકાળે ક્રમબદ્ધ જે થવાના તે જ થાય એટલે પોતામાં પણ પર્યાયને આડી-અવળી કરવાનું રહ્યું નહિ. માત્ર જેમ થાય છે તેમ જાણવાનું જ રહ્યું. જેમ સર્વજ્ઞ જ્ઞાતા છે તેમ ધર્મી પણ જ્ઞાતા થઈ ગયો. ક્રમબદ્ધના નિર્ણયનું તાત્પર્ય અકર્તાપણારૂપ વીતરાગતા છે. એ વીતરાગતા અનંત પુરુષાર્થે દ્રવ્ય ઉપર દૃષ્ટિ જતાં થાય છે. આહાહા! આત્મા સર્વજ્ઞ સ્વભાવી છે.

ચારે અનુયોગનું તાત્પર્ય વીતરાગતા છે. વીતરાગ સ્વરૂપ આત્મા છે તેના આશ્રયથી વીતરાગતા પ્રગટે એ ધર્મ છે. કર્તા, કર્મ, કરણ આદિ છએ કારકો વીતરાગી ગુણ છે. ષટ્કારકથી સ્વતંત્ર પરિણમવું એવો આત્માનો ગુણ છે અને અનંતા ગુણોમાં તેનું રૂપ છે. વીતરાગપણે પરિણમવું એવો એનામાં ગુણ છે, રાગરૂપે થવું એવો એનામાં ગુણ નથી, અકર્તા થવું એ આત્માનો ગુણ છે. રાગનું ન કરવું, રાગને ન ભોગવવું એવા ગુણો આત્મામાં છે. આહાહા! વસ્તુની આવી જ મર્યાદા છે. વસ્તુ એની મર્યાદામાં જ રહે છે.

મર્યાદા બહાર વસ્તુ જતી નથી. બધા આત્મા વીતરાગ સ્વરૂપ છે. રાગ એ તો પુણ્ય-પાપ તત્ત્વમાં જાય છે. આત્મા તો એકલો વીતરાગ જ્ઞાયકસ્વરૂપ છે એને જ્ઞાન

૧. આત્મધર્મ એ-૪૨૫, માર્ચ.૧૯૭૯, પેજ-૩૧-૩૨ (જ્ઞાનગોષ્ઠી)

પ્રધાનથી કહો તો જ્ઞાનસ્વરૂપ છે, દર્શન પ્રધાનથી કહો તો દર્શનસ્વરૂપ છે, ચારિત્ર પ્રધાનથી કહો તો ચારિત્ર સ્વરૂપ છે, વીર્ય પ્રધાનથી કહો તો વીર્યસ્વરૂપ છે, સ્વચ્છત્વ, વિભુત્વ, પ્રભુત્વ આદિ પ્રધાનથી કહો તો પ્રભુત્વ આદિ સ્વરૂપ જ છે. આહાહા! આત્મા એકલો વીતરાગ સ્વભાવનો દરિયો છે. વીતરાગ કહો કે અકષાય સ્વભાવ કહો. સર્વ જીવ છે સિદ્ધ સમ, જે સમજે તે થાય. સર્વજ્ઞસ્વરૂપની દૃષ્ટિ થઈ એટલે પર્યાયમાં જિન થયો, અમૃતનો સાગર ઊછળ્યો.

(૧૦૯)

[૧]બીજી રીતે કહીએ તો કેવળજ્ઞાન છે એમ ચાર અનુયોગમાં વાત આવી. તો ચારે અનુયોગનું તાત્પર્ય તો વીતરાગતા છે. કેવળજ્ઞાન છે એમ સાંભળ્યું તો એનું તાત્પર્ય તો વીતરાગતા આવવી જોઈએ. વીતરાગતા ક્યારે આવે છે? આહાહા..! કેવળજ્ઞાનની પર્યાયની સત્તાનો સ્વીકાર કરવામાં વીતરાગતા આવવી જોઈએ. તો વીતરાગતા ક્યારે આવે છે? કે જ્ઞાનસ્વરૂપ ભગવાનઆત્મા તરફ ઝુકવાથી વીરાગતા આવે છે. ન્યાય સમજાય છે? આહાહા..! આવો માર્ગ છે, ભાઈ!

એ સત્તાનો સ્વીકાર કરવામાં એને ભવ નથી, કીધું. અમે કહીએ છીએ કે જેને કેવળજ્ઞાનની સત્તાનો સ્વીકાર થયો તેને ભવ કેવળજ્ઞાની જોતા નથી, એને ભવ છે જ નહિ એમ જોવે છે. 'લાલચંદભાઈ'! ૧૯૭૨ હોં! ૧૯૭૨. ૬૧ વર્ષ થયા. અંતરથી (આવ્યું હતું). આ તો વાંચ્યું પણ નહોતું પણ સંસ્કાર હતા ને અંદર! આહા..! માતા! કોલકરાર કરું છું. અમે જે રસ્તે જઈએ છીએ એમાં હવે ભવ નહિ મળે. કીધું, આ પુરુષાર્થ તો જુઓ! કેવળજ્ઞાનની સત્તાનો સ્વીકાર કરવામાં તો પુરુષાર્થ છે. દીઠું એ પછી થશે. દીઠું એ થશે, દીઠું એ થશે એ તો છે, પણ કેવળજ્ઞાન જગતમાં છે કે નહિ? એનું માહાત્મ્ય અને એનું સામર્થ્ય-શક્તિ પર્યાયમાં કેટલું છે એની સત્તાનો સ્વીકાર કરવાથી, અલ્પજ્ઞમાં રહીને શક્તિ તરફ ઝુકવાથી અલ્પજ્ઞમાં સત્તાનો સ્વીકાર થાય છે. સમજાય છે કાંઈ ? આહાહા..!

અહીંયાં એ કહે છે કે અંદર જે સર્વજ્ઞશક્તિ છે.. એ તો આપણે પહેલા આવી ગઈ. અહીં બીજું કહેવું હતું, એ સર્વજ્ઞપણું આત્મજ્ઞપણું છે. એ પહેલા શક્તિમાં આવી ગયું છે. સર્વજ્ઞપણું એ આત્મજ્ઞપણું છે. આત્મજ્ઞ કહો કે સર્વજ્ઞ કહો, એ વિવક્ષાભેદ છે, કથનભેદ

૧. સમયસારસિદ્ધિ-૧૨, પેજ-૨૧૦-૨૧૧

છે, ભાવભેદ નથી. ઈ શું કહ્યું? સર્વજ્ઞપણું છે અને આત્મજ્ઞપણું છે એ તો કથનની શૈલીથી વાત છે. આત્મજ્ઞ છે એ સ્વ છે અને સર્વજ્ઞપણું છે એ પરથી છે એમ નથી. સમજાય છે કાંઈ ? આહાહા..!

(૧૧૦)

## ક્રમબદ્ધના ભણકારા

[૧]આચાર્યદેવે પહેલેથી જ ક્રમબદ્ધપર્યાયના ભણકારા મૂકતા આવ્યા છે-

'જીવ પદાર્થ કેવો છે' તેનું વર્ણન કરતાં બીજી ગાથામાં કહ્યું હતું કે 'ક્રમરૂપ અને અક્રમરૂપ પ્રવર્તતા અનેક ભાવો જેનો સ્વભાવ હોવાથી જેણે ગુણ-પર્યાયો અંગીકાર કર્યા છે'. પર્યાય ક્રમવર્તી હોય છે અને ગુણ સહવર્તી હોય છે. એમ કહીને ત્યાં જીવની ક્રમબદ્ધપર્યાયની વાત બતાવી દીધી છે.

ત્યાર પછી, ૬૨મી ગાથામાં કહ્યું કે 'વર્ણાદિભાવો, અનુક્રમે આવિર્ભાવ અને તિરોભાવ પામતી એવી તે તે વ્યક્તિઓ (અર્થાત્ પર્યાયો) વડે પુદ્ગલદ્રવ્યની સાથે રહેતા થકા, પુદ્ગલનું વર્ણાદિ સાથે તાદાત્મ્ય જાહેર કરે છે.' અહીં અનુક્રમે આવિર્ભાવ અને તિરોભાવ પામવાનું કહીને અજીવની ક્રમબદ્ધપર્યાય બતાવી દીધી છે.

કર્તાકર્મ અધિકારમાં પણ ગા.૭૬-૭૭-૭૮માં પ્રાપ્ય, વિકાર્ય અને નિર્વર્ત્ય એમ ત્રણ પ્રકારના કર્મની વાત કરીને ક્રમબદ્ધપર્યાયની વાત ગોઠવી દીધી છે. 'પ્રાપ્ય' એટલે, દ્રવ્યમાં જે સમયે જે પર્યાય નિયમિત છે તે ક્રમબદ્ધપર્યાયને તે સમયે તે દ્રવ્ય પ્રાપ્ત કરે છે-પહોંચી વળે છે, તેથી તેને 'પ્રાપ્ય કર્મ' કહેવાય છે.

૧. યોગસાર પ્રવચન ભાગ-૧, પેજ-૬૪



# (૧૧)
# ક્રમબદ્ધપર્યાયની અણસમજનું શું ફળ ?

(૧૧૧)

[૧]એક ભાઈ કહેતા હતા કે ક્રમબદ્ધની વાત સાંભળીને લોકો સ્વચ્છંદી થાય છે કે થવાનું હશે તે થશે. અને વ્યવહારની કુણપ હતી તે પણ ચાલી જાય છે. બધા ક્રમબદ્ધ-ક્રમબદ્ધ મંડ્યા છે પણ કુણપ અને કષાયની મંદતાની વાત ભૂલાઈ જાય છે.

શું કરીએ ભાઈ ! લોકો ભૂલે...કે...ન ભૂલે... સત્ય તો આ છે, થવું હશે તેમ થશે-એમ માનીને ધીઠાઈ આવી જાય, ક્રમબદ્ધને નામે સ્વચ્છંદ થઈ ગયો! શું થાય ? હતી તે વાત બહાર આવી ગઈ. ન સમજે તો શું થાય ? સ્વચ્છંદ સેવે કે ન સેવે એ તો એનો સ્વતંત્ર અધિકાર છે. ક્રમબદ્ધ સમજનારની તો કેટલી શૈલી હોય... બાપુ ! દેવ-ગુરુ-શાસ્ત્ર પ્રત્યે કેટલો વિનય હોય ! કેટલું બહુમાન હોય ! અંદર એટલા ગલગલીયાં ને મીઠાશ આવે કે દેવ-ગુરુ-શાસ્ત્રને માટે માન ને માથાં મુકી દ્યે. પ્રાણ જાય તોપણ દેવ-ગુરુ-શાસ્ત્રનો વિનય તે ન છોડે.-એટલો તો જેનો વિનય વ્યવહારમાં હોય.-સમજાય છે? ક્રમબદ્ધના નામે આ બધા બોલ લોકો ભૂલી જાય છે. શું કરીએ બાપા ! વસ્તુ તો જે હતી તે બહાર આવી.

'અમારે શું વિકાર કરવાનો ભાવ છે? એ તો ક્રમબદ્ધ છે, વિકાર ક્રમે આવવાનો હતો તે આવ્યો... કર્મનું નિમિત્ત ને અમારો સ્વકાળ તેથી પાપભાવ આવ્યો' -એમ કહીને સ્વચ્છંદે વર્તે, પણ અરે બાપુ ! તું શું કહે છે? આ તો તારી અંતર હૃદયની જે કુણપ હતી કે હું રાગની મંદતા કરું,-એવી કુણપ પણ ચાલી ગઈ! તું સમજ્યો જ નથી એકેય વાતને! અરે..! ભગવાન! મરી જઈશ હો... એમ તારા આરા આવે એવા નથી.

શું કરીએ? સ્વતંત્ર છે જીવ! અનાદિકાળનો છે, તીર્થંકરના સમવસરણમાંય અનંતવાર જઈ આવ્યો છે; શું કાંઈ બાકી રાખ્યું છે? બાપુ! તારી લીલા જુદી છે. ક્રમબદ્ધ સમજતાં તો ગળીને ઓગળી ગયો અંદર! આહા! કોનું કરું? ક્યાં કરું? કોણ કરે? હું જ્ઞાન છું, આનંદ છું. જ્ઞાતાના સ્વભાવમાં આવ્યો ત્યાં વિકારો મંદ પડી ગયા; અનંતાનુબંધી કષાયો

૧. આત્મધર્મ એ૨૨૦, ફેબ્રુ.-માર્ચ-૧૯૬૨, પેજ-૧૫-૧૬ (સમયસાર સર્વવિશુદ્ધ જ્ઞાન અધિકાર)

ગળી ગયા; અનંતી પરની કર્તાબુદ્ધિ હતી તે ટળી ગઈ. આનું નામ ક્રમબદ્ધનો નિર્ણય, અને અકર્તાપણાના જ્ઞાનનું તન્મયપણું છે. એના વિના ક્રમબદ્ધનું નામ લીધા કરે ને પાપભાવમાં વર્ત્યા કરે એ તો મોટો સ્વચ્છંદ છે.

તમે નિશ્ચયની વાત કરો છો પણ વ્યવહારનો લોપ થઈ જશે, અરે! વ્યવહાર લૂંટાઈ જશે!-એમ એક જણ કહેતો હતો. શું થાય, બાપુ ! સત્ય તો આવું છે. આવું સત્ય જેને સમજાય તેની દશામાં કોમળતા, કરુણા, નમ્રતા, વિનયતા, ભક્તિ એ ભાવ ખસે નહિ. શું થાય ? એક વાત કહેવા જાય ત્યાં બીજી છોડી દે, ને આ કહેવા જાય ત્યાં પહેલી ખોવે. નિશ્ચય કહેવા જાય ત્યાં વ્યવહારની મર્યાદા શું છે તે વાત ભૂલી જાય, ને જ્યાં વ્યવહાર કહેવા જાય ત્યાં વ્યવહારથી લાભ થાય એમ માની બેસે. તીર્થંકરોના કાળમાં તીર્થંકરોથી પણ સમજ્યો નથી એવો ભડનો દીકરો છે, તો અત્યારના કાળની શી વાત ? ઘણી પાત્રતા અને ઘણી નરમાશ હોય એને આ વાત કાને પડ્યા પછી અંતર્મુખ થઈને રુચિ થાય, અને પરિણમન તો કોઈ અનંત પુરુષાર્થે હોય છે... અનંત પુરુષાર્થે હોય છે... અનંતાનુબંધીનો નાશ એને તે પુરુષાર્થથી થાય છે... અનંત સંસારની કટ થઈ ગઈ, અનંત સ્વભાવની સામગ્રીનો દરિયો ભાળ્યો-માન્યો-જાણ્યો ત્યાં સંસાર છૂટી ગયો.

ક્રમબદ્ધમાં કે નિશ્ચયમાં જે વસ્તુની સ્થિતિ હોય તે કહેવામાં આવે, તે ન સમજે ને આડુંઅવળું કરીને સ્વચ્છંદી થાય,-તો શું ઉપદેશને કારણે તે થાય છે?-ના; અને જે સમજે છે તે પણ શું ઉપદેશને કારણે સમજે છે.-એમ છે? ના; ટોડરમલજીએ કહ્યું છે કે નિશ્ચયનો ઉપદેશ સાંભળીને વ્યવહારમાં સ્વચ્છંદી થશો તો તેમાં ઉપદેશનો વાંક નથી, વક્તાનો વાંક નથી. નિશ્ચયની વાત સાંભળીને વ્યવહારનો રાગ ક્યાં કેવો હોય તે ભૂલી જાય, સ્વચ્છંદે પ્રવર્તે અને કહે કે એ તો એ કાળે એવો રાગ આવવાનો હતો! પણ અરે બાપુ! એનો નિર્ણય કરે એની દશા તો કેવી હોય ? અરે ભાઈ, તું શું લઈને બેઠો આ! અરે પ્રભુ! એમ નથી કહેતા; સાંભળ તો ખરો ભાઈ!

શું થાય? કોઈ કોઈથી સમજે તેવો છે? ભડનો દીકરો છે. એની અશુદ્ધતા ભી બડી, ને શુદ્ધતા ભી બડી. અશુદ્ધતાની ઊંધાઈ એટલી કે અનંત તીર્થંકરો ભેગા થાય તો ય સમજે તેવો નથી. અને શુદ્ધતાનું સામર્થ્ય પ્રગટ્યું તેમાં એવું સામર્થ્ય છે કે અનંતા વિરોધીઓ ઊભા થાય-સાતમી નરકમાં કેટલા વિરોધી છે? મારફાડ કરે. શરીરના કટકા

કરે, ભલેને લાખ પ્રતિકૂળતા હોય, વિરોધ છે ક્યાં અમારામાં? અનંતા વિરોધી હોય તોપણ આત્માનું ભાન ભૂલતો નથી અને સમવસરણની અનંતી અનુકૂળ સામગ્રી મળી છતાં ઊંઘાઈમાં અશુદ્ધતા ભૂલતો નથી. શું થાય ? એની ચીજ અવળી કે સવળી એને કારણે જ ઊભી થાય છે. કાંઈ બીજાને કારણે થતી નથી.

(૧૧૨)

[૧] પ્રશ્ન :- ક્રમબદ્ધનું વાસ્તવિક રહસ્ય ન સમજવાવાળા અજ્ઞાની ક્રમબદ્ધનું ગીત ગાતી વખતે શું ભૂલ કરે છે?

ઉત્તર :- એક કહે કે ક્રમબદ્ધ પર્યાય હોય તો તો નિયત થઈ જાય છે, બીજો કહે કે ક્રમબદ્ધમાં અમારે રાગ આવવાનો હતો તે આવ્યો. તે બન્ને ભૂલ્યા છે, મિથ્યાદૃષ્ટિ છે, મિથ્યાત્વને ઊલટું પુષ્ટ કરીને નિગોદનો માર્ગ બન્નેએ લીધો છે. જેને ક્રમબદ્ધ યથાર્થ બેઠું છે તેની દૃષ્ટિ પર્યાય ઉપરથી ખસીને આનંદમય આત્મા ઉપર છે, તેને ક્રમબદ્ધમાં રાગ આવે છે તેનો જાણનાર રહે છે. જ્ઞાનાનંદસ્વભાવની દૃષ્ટિપૂર્વક જે રાગ આવે છે તે રાગ દુઃખરૂપ લાગે છે, તેણે ક્રમબદ્ધને યથાર્થ માન્યું છે. આનંદની સાથે દુઃખને મેળવે છે-મીંઢવે છે કે અરે! આ રાગ દુઃખરૂપ છે-એમ ક્રમબદ્ધ માનનારો આનંદની દૃષ્ટિ પૂર્વક રાગને દુઃખરૂપ જાણે છે, રાગની મીઠાશ ઊડી ગઈ છે. જેને રાગમાં મીઠાશ પડી છે અને પહેલાં અજ્ઞાનમાં રાગને ટાળવાની ચિંતા હતી તે પણ ક્રમબદ્ધ કરીને મટી ગઈ છે તેને તો મિથ્યાત્વની પુષ્ટિ વધી છે, મિથ્યાત્વને તીવ્ર કર્યો છે. રાગ મારો નથી એમ કહે અને આનંદસ્વરૂપની દૃષ્ટિ નથી તો તેણે તો મિથ્યાત્વને વધાર્યું છે. ભાઈ! આ તો કાચા પારા જેવું વીતરાગનું સૂક્ષ્મ રહસ્ય છે. અંતરથી પચાવે તો વીતરાગતાની પુષ્ટિ થાય અને તેનું રહસ્ય ન સમજે તો મિથ્યાત્વને પુષ્ટિ કરે.

(૧૧૩)

[૨] પ્રશ્ન :- તો અજ્ઞાનીને ક્રમબદ્ધપર્યાય છે કે નથી?

ઉત્તર :- અજ્ઞાનીને પણ ક્રમબદ્ધપર્યાય તો છે, પણ તેને જ્ઞાયકસ્વભાવની દૃષ્ટિ નથી, તેથી અશુદ્ધ ક્રમબદ્ધપર્યાય થાય છે, ને તે કર્મના કર્તાપણે પરિણમે છે. જ્ઞાયક

૧. જ્ઞાનગોષ્ઠી, બોલ-૫૯૨,
૨. આત્મધર્મ એ૧૭૭-એ, જુલાઈ-ઓગસ્ટ-૧૯૫૬૮, પેજ-૫ (સમયસાર - સર્વવિશુદ્ધ જ્ઞાન અધિકાર)

જાગ્યો ત્યાં ક્રમબદ્ધપર્યાયનો નિર્ણય થયો ને તેને શુદ્ધતાના ક્રમની શરૂઆત થઈ ગઈ.

(૧૧૪)

[૧]પ્રશ્ન :- ક્રમબદ્ધપર્યાય ન માને તો?

ઉત્તર :- ક્રમબદ્ધપર્યાયને ન માને તો ખરેખર તે આત્માના જ્ઞાનસ્વભાવને જ નથી માનતો. ક્રમબદ્ધપર્યાય માન્યા વગર ત્રણકાળનું સંપૂર્ણજ્ઞાન સિદ્ધ ન થાય એટલે કે કેવળજ્ઞાન જ સિદ્ધ ન થાય; કેવળજ્ઞાનની પ્રતીત વગર જ્ઞાનસ્વભાવની શ્રદ્ધા ન થાય; જ્ઞાનસ્વભાવની શ્રદ્ધા વગર સમ્યગ્દર્શન ન થાય; ને સમ્યગ્દર્શન વગર મોક્ષમાર્ગનો સમ્યક્ પુરુષાર્થ ન હોય.

આ રીતે ક્રમબદ્ધપર્યાયને માન્યા વગર મોક્ષમાર્ગનો સમ્યક્ પુરુષાર્થ થતો નથી એટલે કે મિથ્યાદષ્ટિપણું જ રહે છે. માટે મોક્ષમાર્ગનો સમ્યક્ પ્રયત્ન કરવાના અભિલાષી જીવો પ્રથમ જ કેવળજ્ઞાન અને ક્રમબદ્ધ પર્યાયનું સ્વરૂપ બરાબર સમજીને તેની નિઃસંદેહ પ્રતીત કરો!

(૧૧૫)

[૨]આ ગાથામાં આચાર્યદેવ કહે છે કે કોઈ જીવ જ્ઞાનવડે પરનું કાંઈ કરી શકતો નથી. રાગ-ઈચ્છા વડે પણ પરનું કાંઈ કરી શકતો નથી. અહો! આત્મા નજીકમાં રહેલા જડદેહની પણ કોઈ ક્રિયા કરી શકતો નથી; માત્ર અહંકારથી માને છે.

પ્રશ્ન :- જો એમ છે તો લોકો ગમે તેવા પાપ કરશે. કોઈ દયા, દાન, પુણ્ય નહીં કરે!

ઉત્તર :- પરનું કરવું, ન કરવું જીવને આધીન નથી પણ આત્મા પોતે જ પુણ્ય-પાપના ભાવ કરી, અવિવેકથી ઊંધું માની શકે છે.

એકાંત નિયતવાદ, ક્રમબદ્ધપર્યાયનું નામ લઈ, અથવા કર્મના ઉદયનું નામ લઈ, શરીરની ક્રિયા તો કામભોગ આદિરૂપ થવાની જ હતી, તેમાં આત્માના ભલા ભૂંડા ભાવને કંઈ સંબંધ જ નથી, એમ માની કોઈ સ્વચ્છંદી થાય તો તે પાપને બાંધી નર્ક નિગોદમાં જશે. એવા અપાત્ર જીવનું દષ્ટાંત આપી દ્રવ્યાનુયોગ શાસ્ત્રના ઉપદેશનો નિષેધ કરે છે. તેઓ મૂળભૂત સત્યનો નિષેધ કરે છે.

---

૧. આત્મધર્મ એ-૧૮૧, નવે.-ડિસે.૧૯૫૮, પેજ-૨૦

૨. આત્મધર્મ એ-૨૩૦, નવે.ડિસે.-૧૯૬૨, પેજ-૧૫ (સમયસાર ૪૦૫-૪૦૭)

નિમિત્ત કર્તાનું કથન આવે, એવો રાગ આવે પણ નિમિત્ત દ્વારા કોઈ કાર્ય થાય છે એ વાત ત્રણકાળ ત્રણલોકમાં અસત્ય છે. અહીં તો આચાર્યદેવ સ્વતંત્રતાનો સત્ય સિદ્ધાંત બતાવી વીતરાગતા જ બતાવે છે. પરમાં અને રાગાદિમાં એક્તાબુદ્ધિ, કર્તાબુદ્ધિ છોડી, અકર્તા એટલે સ્વસન્મુખ જ્ઞાતાપણામાં જ સુખ છે એમ બતાવે છે.

અહીં સ્પષ્ટ કહ્યું છે કે આત્મા પોતાની સ્વભાવી દશાના સામર્થ્ય દ્વારા કે રાગાદિ વિકારી પર્યાયના સામર્થ્ય દ્વારા પરનું ગ્રહણ ત્યાગ કરી શકતો નથી; કેમકે જીવ પરમાં કર્તા થવાને અલાયક છે, અસમર્થ જ છે, અને જાણવારૂપ કાર્યમાં પરિપૂર્ણ સમર્થ છે.

ક્રોધ, માન, માયા, લોભ, હર્ષ, શોક દ્વારા અથવા જ્ઞાન દ્વારા શરીરની અવસ્થાને, પરની અવસ્થાને આત્મા પલટાવી દે એ અશક્ય છે. ત્રણ દિવસ હું મૌન રહીશ, પછી બોલીશ, તમારે હળવેથી બોલવું, જોરથી ન બોલો. પણ બોલે કોણ ? એ બધી ભાષાવર્ગણાના પુદ્‌ગલોનું કાર્ય છે, જીવ તો ઈચ્છા અને પરમાં કર્તાપણાનું અભિમાન કરે અથવા વિવેકવડે સાચું જ્ઞાન કરી શકે છે. અવિવેક, રાગ, દ્વેષ, વિષયવાસનાનો ભાવ પાપભાવ છે-એવા પાપભાવ કરે છે પોતે અને માને એ તો શરીરની ક્રિયા છે. અથવા જડકર્મના ઉદયથી થાય છે, મારા ભાવમાં દોષ નથી તો તે મહામૂઢ છે.

શાસ્ત્રનું અને ઉપદેશનું તાત્પર્ય સ્વતંત્રતા, યથાર્થતા, વીતરાગતા ગ્રહણ કરવા માટે જ છે, તેને બદલે પાપની રુચિ પોષવા તેની ઓથ લે તે પાપી જ છે અને એવા સ્વચ્છંદીનું નામ લઈ સત્ય સિદ્ધાંતની મશ્કરી કરે તે પણ પાપી જ છે, ધર્મનો વિરોધ કરનારા છે. પુણ્ય પાપ બહારથી આવતું નથી.

(૧૧૬)

## જ્ઞાયકના નિર્ણય વિના બધું ભણતર ઊંધુ છે.

[૧]'હું જ્ઞાન છું, જ્ઞાયક છું' એમ ન માનતાં પરમાં ફેરફાર કરવાનું માને છે તે બુદ્ધિ જ મિથ્યા છે. ભાઈ ! આત્મા જ્ઞાન છે એ વાતના નિર્ણય વિના તારું બધું ભણતર ઊંધું છે, તારા તર્ક અને ન્યાય પણ ઊંધા છે. જ્ઞાનસ્વભાવની ગમ પડ્યા વગર આગમ પણ અનર્થકારક થઈ પડે છે. શાસ્ત્રમાં નિમિત્તથી કથન આવે ત્યાં અજ્ઞાની પોતાની ઊંધી દૃષ્ટિ

૧. જ્ઞાનસ્વભાવ જ્ઞેયસ્વભાવ, બોલ-૩૦

પ્રમાણે તેનો આશય લઈને ઉલટો મિથ્યાત્વને પોષે છે.

(૧૧૭)

## જેને આત્મહિત કરવું હોય તેણે ફરવું પડશે!

[૧]અહો, આત્માના હિતની આવી સરસ વાત!! આવી વાતને એકાંતવાદ કહેવો કે ગૃહીત મિથ્યાદષ્ટિના નિયતવાદની સાથે આની સરખામણી કરવી તે તો જૈનશાસનનો જ વિરોધ કરવા જેવો મોટો ગજબ છે! 'સ્યાદવાદ નથી, એકાંત છે, નિયત છે, રોગચાળો છે' ઈત્યાદિ કહીને વિરોધ કરનારા બધાયને ફરવું પડશે. આ વાત ત્રણકાળમાં ફરે તેમ નથી. આનાથી વિરૂદ્ધ કહેનારા ભલે ગમે તેવા મોટા ત્યાગી કે વિદ્વાન ગણાતા હોય તો પણ તે બધાયને ફરવું પડશે, જો આત્માનું હિત સાધવું હોય તો.

(૧૧૮)

## આ સમજે તે શું કરે? બધા ઉપદેશનો નીચોડ!

[૨]પ્રશ્ન :- પણ આ વાત સમજ્યા પછી કરવું શું?

ઉત્તર :- અંદર જ્ઞાયકમાં ઠરવું. એ સિવાય બીજું શું કરવું છે? શું તારે બહારમાં કૂદકા મારવા છે? પરનું કાંઈ કરી દેવું છે? આ જ્ઞાયકસ્વરૂપ સમજતાં પોતે જ્ઞાયકસન્મુખ થઈને જ્ઞાતાપણે જ રહ્યો ને રાગના કર્તાપણે ન થયો એ જ આ સમજણનું ફળ છે. 'હું જ્ઞાયક છું' એમ સમજ્યો ત્યાં જ્ઞાયક શું કરે? જ્ઞાયક તો જ્ઞાતા-દષ્ટાપણાનું જ કાર્ય કરે. જ્ઞાયક પાસે પરનું કે રાગનું કામ કરવાનું જે માને છે તે જ્ઞાયકસ્વભાવને સમજ્યો જ નથી ને ક્રમબદ્ધપર્યાયને પણ સમજ્યો નથી. ભાઈ! જ્ઞાયકસ્વભાવની સન્મુખ થઈને તેમાં એકાગ્ર થતાં સમ્યગ્દર્શનથી માંડીને કેવળજ્ઞાન સુધીની ક્રમબદ્ધપર્યાય ખીલતી જાય છે ને આ જ બધા ઉપદેશનો નીચોડ છે. સર્વવિશુદ્ધજ્ઞાનધિકારની આ ચાર ગાથાઓમાં આચાર્યદેવે બધો નીચોડ કરી નાંખ્યો છે. 'સર્વવિશુદ્ધજ્ઞાન' એટલે જ્ઞાયકમાત્ર શુદ્ધ આત્મા! તેની પ્રતીત કર ને ક્રમબદ્ધપર્યાય જેમ છે તેમ જાણ.

---

૧. જ્ઞાનસ્વભાવ જ્ઞેયસ્વભાવ, બોલ-૧૮૬ ૨. જ્ઞાનસ્વભાવ જ્ઞેયસ્વભાવ, બોલ-૧૯૫

# ક્રમબદ્ધ પર્યાય વિષે પૂજ્ય ગુરુદેવશ્રીની મુમુક્ષુઓ સાથે થયેલ ચર્ચા તથા સમાધાન

ધર્મનું મૂળ સર્વજ્ઞ છે, ક્રમબદ્ધપર્યાયનો નિર્ણય થયા વિના સર્વજ્ઞનો નિર્ણય થઈ શકતો નથી. ધર્મનો આરંભ જ ક્રમબદ્ધના નિર્ણયથી થાય છે. એનો નિર્ણય કરવો બહુ જરૂરી છે.

જ્યારે પૂજ્ય કાનજી સ્વામીને કહેવામાં આવ્યું કે 'આત્મધર્મ'ના સંપાદક લેખમાં 'ક્રમબદ્ધપર્યાય'ના સંબંધમાં અમે એક લેખમાળા લખી રહ્યા છીએ, તેને પછી પુસ્તકાકારે પણ પ્રકાશિત કરવામાં આવશે, આપે આ યુગમાં 'ક્રમબદ્ધપર્યાય'નું એક પ્રકારે ઉદ્‌ઘાટન જ કર્યું છે, તેના સંબંધમાં ઉત્પન્ન થતી અનેક શંકા-આશંકાઓ સંબંધી આપના તાજા વિચાર પાઠકોને પહોંચાડવા એ ઘણું ઉપયોગી બનશે. જો આપની અનુમતિ હોય તો આપને કેટલીક વાતો પૂછું? ત્યારે તેમણે ઉપરોક્ત શબ્દો કહ્યા.

તેઓ પોતાની વાતનો આરંભ કરતા બોલ્યા ભાઈ! તમારે જે પૂછવું હોય તે પૂછો, અમે ક્યારે ના પાડીએ છીએ? સમજવા માટે જિજ્ઞાસાભાવથી પૂછનાર આત્માર્થીઓ માટે તો અમારા દરવાજા સદાય ખુલ્લા રહે છે. વાદ-વિવાદ કરનારાઓ માટે અમારી પાસે સમય નથી. વાદ વિવાદમાં કોઈ સાર તો નીકળતો નથી. ચર્ચા માટે તો કોઈ મનાઈ નથી.

પંડિત ટોડરમલજીએ રહસ્યપૂર્ણ ચિઠ્ઠીમાં લખ્યું છે કે - 'સાધર્મીને તો પરસ્પર ચર્ચા જ જોઈએ.'

ક્રમબદ્ધપર્યાય ઉપર લખીને તમે સારું જ કરી રહ્યા છો. ઓછામાં ઓછું લોકોનું ધ્યાન તો એ તરફ જશે. જેનું ભવિષ્ય સારું હશે, તેમના મનમાં વાત ચોંટશે પણ 'ધર્મનું મૂળ સર્વજ્ઞ છે', ક્રમબદ્ધનો નિર્ણય થયા વિના સર્વજ્ઞનો નિર્ણય થઈ શકતો નથી. ધર્મનો આરંભ જ ક્રમબદ્ધપર્યાયના નિર્ણયથી થાય છે. એનો નિર્ણય કરવો બહુ જરૂરી છે.

**પ્રશ્ન :-** આપ તો પર્યાય ઉપર દૃષ્ટિ રાખનારને પર્યાયમૂઢ કહો છો?

**ઉત્તર :–** અમે ક્યાં કહીએ છીએ, પ્રવચનસારમાં લખ્યું છે :– '**पज्जयमूढा हि परसमया**'

**પ્રશ્ન :–** ક્રમબદ્ધપર્યાય પણ એક પર્યાય જ છે, તો પછી તેનો નિર્ણય કરવો કેમ આવશ્યક છે?

**ઉત્તર :–** ક્રમબદ્ધપર્યાયનો નિર્ણય કરવો તો આવશ્યક છે, પણ તે દૃષ્ટિનો વિષય નથી.

એક બીજી વાત પણ ધ્યાનમાં રાખો કે પર્યાયનો નિર્ણય પર્યાયના આશ્રયે થતો નથી, પરંતુ દ્રવ્યના આશ્રયે થાય છે, જ્ઞાયકસ્વભાવના આશ્રયે ક્રમબદ્ધપર્યાયનો નિર્ણય થાય છે. તેથી એમ કહેવામાં આવે છે કે-આશ્રય કરવા યોગ્ય એકમાત્ર પોતાનો જ્ઞાયકસ્વભાવ જ છે, પર્યાય આશ્રય કરવા યોગ્ય નથી.'

**પ્રશ્ન :–** તો પછી ક્રમબદ્ધપર્યાયનો નિર્ણય કરવો કે નહિ?

**ઉત્તર :–** નિર્ણય તો કરો, આશ્રય ન કરો. અમે આશ્રય કરવાનો નિષેધ કરીએ છીએ, તો તમે નિર્ણય કરવાનો નિષેધ કરવા મંડો છો? અમે તો એમ કહીએ છીએ કે જ્ઞાયકસ્વભાવના આશ્રયે ક્રમબદ્ધનો નિર્ણય થશે. તેથી ક્રમબદ્ધપર્યાયનો નિર્ણય કરવા માટે જ્ઞાયકસ્વભાવનો આશ્રય કરો. જ્ઞાયકસ્વભાવના આશ્રયથી ક્રમબદ્ધનો નિર્ણય સહેજે થઈ જશે. ક્રમબદ્ધનો નિર્ણય કરવાની જરૂર તો છે જ, આશ્રય કરવાની જરૂર નથી.

ક્રમબદ્ધનો નિર્ણય તો મહાપુરુષાર્થનું કાર્ય છે. તેનાથી આખી દૃષ્ટિ જ પલટાઈ જાય છે. આ કોઈ સામાન્ય વાત નથી. એ તો જૈનદર્શનનો મર્મ છે.

**પ્રશ્ન :–** જો બધું ક્રમબદ્ધ જ છે તો પછી જ્યારે અમારી ક્રમબદ્ધપર્યાયમાં ક્રમબદ્ધનો નિર્ણય થવાનો હશે ત્યારે થઈ જશે. ત્યાર પહેલાં ક્રમબદ્ધપર્યાય અમારા સમજવામાં પણ કેવી રીતે આવી શકે? માની લ્યો કે અમારા સમજવામાં ક્રમબદ્ધ આવવામાં અનંત ભવ બાકી છે-તો અત્યારે કેવી રીતે આવી શકે?

**ઉત્તર :–** આ વાત કોના આશ્રયે કહો છો? શું તમને ક્રમબદ્ધનો નિર્ણય થઈ ગયો છે? ના, તો પછી એ કહેવાનો તમને શો અધિકાર છે? જેને ક્રમબદ્ધનો નિર્ણય થઈ જાય છે, તેને એવો પ્રશ્ન જ નથી ઉઠતો. ક્રમબદ્ધની શ્રદ્ધાવાળાને અનંત ભવ જ નથી હોતા. ક્રમબદ્ધની શ્રદ્ધા તો ભવનો અભાવ કરનારી છે. જેના અનંતભવ બાકી હોય તેની

સમજણમાં ક્રમબદ્ધ આવી જ નથી શકતું; કેમકે તેની દૃષ્ટિ જ્ઞાયક સન્મુખ નથી હોતી અને જ્ઞાયક સન્મુખ દૃષ્ટિ થયા વિના ક્રમબદ્ધપર્યાય સમજવામાં આવતી નથી.

જ્ઞાયક સન્મુખ થઈને જેવો ક્રમબદ્ધનો નિર્ણય કર્યો કે તરત જ ભવ ઉડી જાય છે. ક્રમબદ્ધપર્યાયનો નિર્ણય થતાં નિર્મળ પર્યાય મારું કર્મ અને હું તેનો કર્તા-એ વાત પણ નથી રહેતી. પર્યાય પોતાના સમયે થશે જ-એવી શ્રદ્ધા હોવાથી તેને કરવાની કોઈ વ્યાકુળતા રહેતી નથી. માટે ભવ નથી-આ જાતની નિઃશંકતા પ્રગટ થઈ જાય છે.

ક્રમબદ્ધપર્યાયની શ્રદ્ધામાં કર્તાપણાની બુદ્ધિ ઉડી જાય છે અને જ્ઞાતાપણાની બુદ્ધિ પ્રગટ થઈ જાય છે-એ તેનું ફળ છે. જો કર્તાબુદ્ધિ ન ઉડે તો સમજવું જોઈએ કે હજી તેની સમજણમાં ક્રમબદ્ધપર્યાય આવી નથી.

**પ્રશ્ન :-** હમણા આપે કહ્યું કે ક્રમબદ્ધપર્યાયનો નિર્ણય પર્યાય ઉપર દૃષ્ટિ રાખવાથી નહિ થાય, ત્રિકાળી જ્ઞાયકસ્વભાવ ઉપર દૃષ્ટિ રાખવાથી થશે તો પછી ક્રમબદ્ધપર્યાયના નિર્ણયની જરૂર જ શી છે? બસ અમે તો જ્ઞાયકસ્વભાવનો આશ્રય લઈ લઈએ ને?

**ઉત્તર :-** લઈ શકતા હો તો લઈ લ્યોને? કોણ ના કહે છે? પણ વિકલ્પમાં પર્યાયની સ્વતંત્રતાનો નિર્ણય થયા વિના પર્યાય ઉપરથી દૃષ્ટિ ખસે છે ક્યાં? અને જ્ઞાયકસ્વભાવ ઉપર દૃષ્ટિ ગયા વિના ક્રમબદ્ધપર્યાયનો પણ સાચો નિર્ણય થતો નથી. તથા જ્ઞાયકસ્વભાવ ઉપર દૃષ્ટિ જતાં ક્રમબદ્ધપર્યાયનો નિર્ણય થઈ જ જાય છે. તેથી ક્રમબદ્ધપર્યાયનો નિર્ણય ન કરવાની વાત ક્યાં રહી ? જ્ઞાયકસ્વભાવ ઉપર દૃષ્ટિ ગયા પહેલાં આગમ અને યુક્તિના આધારે વિકલ્પાત્મક નિર્ણય તો થઈ શકે છે, સાચો નહિ. પણ વિકલ્પાત્મક નિર્ણય પણ જરૂરી છે, તેના વિના પર્યાયનો મહિમા ખસતો જ નથી, પર્યાય ઉપરથી દૃષ્ટિ ખસતી જ નથી.

**પ્રશ્ન :-** તો એનો અર્થ એ થયો કે પહેલાં આગમ અને યુક્તિના આધારે વિકલ્પાત્મક જ્ઞાનમાં ક્રમબદ્ધપર્યાયનો નિર્ણય કરીએ, પછી જ્યારે અમારી દૃષ્ટિ પર્યાય ઉપરથી ખસીને જ્ઞાયકસ્વભાવ ઉપર જશે-સ્થિર થશે ત્યારે ક્રમબદ્ધપર્યાયની સાચી શ્રદ્ધા થશે?

**ઉત્તર :-** હા, ભાઈ ! વાત તો એમ જ છે.

**પ્રશ્ન :-** આગમના આધારે ક્રમબદ્ધપર્યાયનો નિર્ણય કરવો એ વાત તો બરાબર, પણ લોકોનું તો એવું કહેવું છે કે શાસ્ત્રોમાં તો ક્યાંય ક્રમબદ્ધપર્યાય આવી નથી-એ તો આપે

નવી કાઢી છે.

**ઉત્તર :–** ના, ભાઈ ! એવી વાત નથી. શાસ્ત્રોમાં અનેક સ્થાનો પર ક્રમબદ્ધની વાત આવે છે. સમયસારના સર્વવિશુદ્ધજ્ઞાન અધિકારમાં છે. ત્યાં આત્મખ્યાતિ ટીકામાં 'ક્રમનિયમિત' એવો મૂળ પાઠ છે.

**પ્રશ્ન :–** ક્રમનિયમિત'નો અર્થ શો છે?

**ઉત્તર :–** 'ક્રમનિયમિત શબ્દમાં ક્રમ અર્થાત્ કર્મસર (નંબર પ્રમાણે) તથા નિયમિત અર્થાત્ નિશ્ચિત. જે વખતે જે પર્યાય આવવાની છે તે જ આવશે, તેમાં ફેરફાર થઈ શકતો નથી.

**પ્રશ્ન :–** સમયસારમાં તો છે, પણ કોઈ બીજા શાસ્ત્રમાંય છે કે નહિ? સમયસાર તો આપનું જ શાસ્ત્ર છે.

**ઉત્તર :–** લ્યો, આ સારી વાત કહી. સમયસાર અમારું કેવી રીતે છે? અમે તો એ વાંચીએ છીએ, છે તો તે પરમ પૂજ્ય દિગંબર આચાર્ય શ્રી કુંદકુંદદેવનું.

પ્રવચનસારમાં પણ ગાથા ૯૯, ૧૦૦, ૧૦૧ અને ૧૦૨માં છે. વિસ્તારથી સર્વ વાત કહી છે. જન્મક્ષણ અને સ્વઅવસરની વાત આવે છે. આકાશના પ્રદેશો (વિસ્તારક્રમ)નું ઉદાહરણ આપીને કાળક્રમ (પ્રવાહક્રમ) સમજાવ્યો છે. જેમ કે-જે પ્રદેશ જ્યાં જ્યાં છે, તે ત્યાં ત્યાં જ રહે છે, તેમાં આગળ પાછળ થવાનું સંભવિત નથી. તેવી જ રીતે જે જે પર્યાયો જે જે કાળમાં થવાની છે, તે તે પર્યાયો તે તે કાળમાં જ થશે, તેમનું આગળ-પાછળ થવું સંભવિત નથી.

પ્રત્યેક પર્યાય સ્વયં સત્ છે, અહેતુક છે. સમયસારના બંધ અધિકારમાં પર્યાયને અહેતુક કહેલ છે.

**પ્રશ્ન :–** પર્યાય અહેતુક તો છે, પણ આના પછી આ જ થશે-એ કેવી રીતે બની શકે?

**ઉત્તર :–** એમાં ન થઈ શકવાની શી વાત છે? આના પછી આ જ થશે; જે થવાની છે તે જ થશે-એમ જ છે. મોતીઓના હારનું દૃષ્ટાંત આપીને સમજાવ્યું છે ને? જેમ માળામાં જે મોતી જ્યાં છે, ત્યાં જ રહેશે. જો તેને આગળ પાછળ કરવામાં આવે તો માળા તૂટી જાય છે. તેવી જ રીતે જે પર્યાય જે સમયે થવાની હશે, તે જ સમયે થશે,

આગળ-પાછળ કરવાથી વસ્તુ વ્યવસ્થા જ નહિ રહે. તેને આગળ પાછળ થવાનું કારણ શું છે? તે અકારણે તો આગળ પાછળ થઈ નહિ જાય ? જો કોઈ કારણ હોય તો પછી પર્યાય અહેતુક નહિ રહે.

**પ્રશ્ન :–** પ્રવચનસાર પણ શ્રી કુંદકુંદનું જ છે. શું કોઈ બીજા આચાર્યોના શાસ્ત્રોમાં ક્રમબદ્ધની વાત નથી આવતી?

**ઉત્તર :–** કેમ નથી આવતી? કાર્તિકેયાનુપ્રેક્ષાની ગાથા ૩૨૧થી ૩૨૩ સુધીમાં આવે છે. ચારેય અનુયોગોના શાસ્ત્રોમાં કોઈ ને કોઈ રૂપે આ વાત આવે જ છે.

વળી સર્વજ્ઞતાની વાત તો બધા શાસ્ત્રોમાં છે. જો સીધી સમજવામાં ન આવતી હોય તો સર્વજ્ઞતાના આધારે ક્રમબદ્ધપર્યાય સમજવી જોઈએ. 'કેવળજ્ઞાનીએ જેવું જોયું હશે-તેવું જ થશે'નો એ જ અર્થ થાય છે કે ભવિષ્યમાં જે સમયે જે પર્યાય થવાની છે, તે જ થશે.

**પ્રશ્ન :–** આપ ક્રમબદ્ધપર્યાય સિદ્ધ કરવામાં સર્વજ્ઞતાનો આશ્રય શા માટે લ્યો છો? સીધી જ સમજાવોને?

**ઉત્તર :–** અરે ભાઈ! અમે તો એમ કહ્યું છે કે જો સીધું સમજવામાં ન આવી શકે તો સર્વજ્ઞતાનો આશ્રય લેવો જોઈએ, કેમ કે સર્વજ્ઞતાના આધારે સમજવામાં સરળતા પડે છે.

**પ્રશ્ન :–** સર્વજ્ઞતાના આધારે સમજવામાં સરળતા કેવી રીતે રહે છે?

**ઉત્તર :–** સર્વજ્ઞ ભગવાન ત્રણ લોકના સમસ્ત દ્રવ્યો અને તેમની ત્રિકાળવર્તી સમસ્ત પર્યાયોને એકીસાથે જાણે છે. ભૂતકાળ અને વર્તમાન પર્યાયોની સાથોસાથ તેઓ ભવિષ્યમાં થનારી પર્યાયોને પણ જાણે છે.

**પ્રશ્ન :–** જાણે છે નું શું તાત્પર્ય છે?

**ઉત્તર :–** એ જ કે જે દ્રવ્યની જે પર્યાય ભવિષ્યમાં જે સમયે જેવી થવાની છે તેને સર્વજ્ઞ અત્યારે જ જાણે છે. તેથી જે ભાવી પર્યાયો સર્વજ્ઞના જ્ઞાનમાં જેવી આવી છે તે તેવી જ થશે, તેમનામાં કોઈ ફેરફાર સંભવિત નથી.

કેવળજ્ઞાન (સર્વજ્ઞતા)નો નિર્ણય અર્થાત્ અર્હંતનો નિર્ણય. પ્રવચનસાર ગાથા ૮૦માં આવે છે કે જે અર્હંત ભગવાનને દ્રવ્યરૂપે, ગુણરૂપે અને પર્યાયરૂપે જાણે છે, તેનો મોહ નાશ પામે છે.

અમને ૬૩ વર્ષ પહેલાં ફાગણ સુદ ૧૪ના દિવસે એ જ ભાવ અંદરથી આવ્યો હતો,

શબ્દ ખ્યાલમાં નહોતા, વાચન પણ ન્હોતું, પણ ભાવ એ જ ખ્યાલમાં આવ્યો હતો.

**પ્રશ્ન :–** કેવળી ભગવાન ભૂત-ભવિષ્યકાળની પર્યાયો વર્તમાનમાં અવિદ્યમાન-અપ્રગટ હોવા છતાં પણ સર્વજ્ઞ ભગવાન તેમને વર્તમાનવત્ પ્રત્યક્ષ જાણે છે. અનંતકાળ પહેલાં થઈ ગયેલી ભૂતકાળની પર્યાયો અને અનંતકાળ પછી થનારી ભવિષ્યની પર્યાયો અવિદ્યમાન હોવા છતાં પણ કેવળજ્ઞાન વર્તમાનની જેમ પ્રત્યક્ષ જાણે છે. અહાહા! જે પર્યાયો થઈ ગઈ અને થવાની છે; એવી ભૂત-ભવિષ્યની પર્યાયોને પ્રત્યક્ષ જાણે તે જ્ઞાનની દિવ્યતાનું શું કહેવું? કેવળી ભગવાન ભૂત-ભવિષ્યની પર્યાયોને દ્રવ્યમાં યોગ્યતારૂપ જાણે છે-એમ નથી. પરંતુ તે બધી પર્યાયોને વર્તમાનવત્ પ્રત્યક્ષ જાણે છે, એ જ સર્વજ્ઞના જ્ઞાનની દિવ્યતા છે. ભૂત-ભવિષ્યની અવિદ્યમાન પર્યાયો કેવળજ્ઞાનમાં વિદ્યમાન જ છે. ઓહો! એક સમયની કેવળજ્ઞાનની પર્યાયની એવી વિસ્મયતા અને આશ્ચર્યતા છે, તો પૂરા દ્રવ્યનું સામર્થ્ય કેટલું વિસ્મયપૂર્ણ અને આશ્ચર્યજનક હશે? તેનું શું કહેવું?

આહાહા! પર્યાયની ગુલાંટ મારવી એ કોઈ નાની વાત છે? પર્યાય તો અનાદિથી પરમાં જ જઈ રહી છે, તેને પલટીને અંદરમાં લઈ જવાની છે. ઊંડાણમાં લઈ જવી એ મહાન પુરુષાર્થનું કામ છે. પરિણામમાં અપરિણામી ભગવાનના દર્શન થઈ જાય એ પુરુષાર્થ અપૂર્વ છે.

**પ્રશ્ન :–** કેવળીભગવાન નિશ્ચયથી તો કેવળ પોતે પોતાને જાણે છે, પરને તો તેઓ વ્યવહારથી જાણે છે, એમ નિયમસારમાં કહ્યું છે અને સમયસારમાં વ્યવહારને જૂઠો કહ્યો છે. જૂઠો અર્થાત્ અસત્યાર્થ... એનો અર્થ શો?

**ઉત્તર :–** વ્યવહાર છે જ નહિ-એવો તેનો અર્થ નથી. વ્યવહાર જાણવા લાયક છે એમ ૧૨મી ગાથામાં કહ્યું છે. તે જાણેલો પ્રયોજનવાન છે. સર્વથા જૂઠો નથી, તેને ગૌણ કરીને અસત્યાર્થ કહ્યો છે. પ્રવચનસારની ટીકામાં પાંડે હેમરાજજીએ કહ્યું છે કે વ્યવહારને ગૌણ કરીને અસત્ય કહ્યા છે, અભાવ કરીને અસત્ય નથી કહ્યો.

**પ્રશ્ન :–** તો શું કેવળી પરને જાણતા નથી?

**ઉત્તર :–** કોણ કહે છે? જાણે છે તો તેઓ બધા પદાર્થોને.

**પ્રશ્ન :–** તો પછી તેમના પરને જાણવાને વ્યવહાર કેમ કહ્યો?

**ઉત્તર :–** પર છે-તેથી તથા તન્મય થઈને નથી જાણતા-તેથી પણ.

**પ્રશ્ન :–** ક્રમબદ્ધ માનવાથી બધી ગડબડ થઈ જાય છે?

**ઉત્તર :–** ગડબડ તો ક્રમબદ્ધ ન માનવાથી થાય છે. ક્રમબદ્ધ માનવાથી તો બધી ગડબડ ઉડી જાય છે. વસ્તુમાં તો ક્યાંય ગડબડ છે જ નહિ, તે તો પૂર્ણ વ્યવસ્થિત છે. અજ્ઞાનીની મતિ જ અવ્યવસ્થિત થઈ ગઈ છે તે ક્રમબદ્ધપર્યાયની શ્રદ્ધાથી મતિ વ્યવસ્થિત થઈ જાય છે.

**પ્રશ્ન :–** જો અમારા કરવાથી કાંઈ થતું જ નથી તો પછી કોઈ કાર્ય શા માટે કરે? જો કોઈ બનાવશે જ નહિ તો આ મંડપ કેવી રીતે બનશે? કારખાના કેવી રીતે ચાલશે? બધી વ્યવસ્થા જ ગુંચવાઈ જશે.

**ઉત્તર :–** કોણ મંડપ બનાવે છે? કોણ કારખાના ચલાવે છે? અજ્ઞાની મંડપ બનાવવા અને કારખાના ચલાવવાનું અભિમાન કરે છે–એ વાત તો સાચી છે, પણ કોઈ કોઈને બનાવતું કે ચલાવતું નથી. જ્યાં એક દ્રવ્યનો બીજા દ્રવ્યમાં અત્યંત અભાવ છે ત્યાં એક દ્રવ્ય બીજા દ્રવ્યમાં શું કરી શકે? અત્યંત અભાવનો અર્થ શો? એ જ કે એક દ્રવ્ય બીજા દ્રવ્યને અડતું પણ નથી અડે તો અભાવ ન રહે.

**પ્રશ્ન :–** જો આપ એવો ઉપદેશ આપશો તો લોકો આળસુ થઈ જશે. જો એના કરવાથી કાંઈ થતું જ નથી તો કોઈ પુરુષાર્થ શા માટે કરે?

**ઉત્તર :–** ક્રમબદ્ધપર્યાયના નિર્ણયમાં જ સાચો પુરુષાર્થ છે કેમ કે ક્રમબદ્ધનો નિર્ણય કરવામાં જ્ઞાયકસ્વભાવ ઉપર દૃષ્ટિ જાય છે. જેમ જ્ઞાયકમાં ભવ નથી, તેવી જ રીતે ક્રમબદ્ધનો નિર્ણય કરનારને પણ ભવ હોતા નથી; એક બે ભવ રહે છે, તે પણ જ્ઞેય તરીકે રહે છે.

પોતાની મતિ ક્રમબદ્ધની વ્યવસ્થાને વ્યવસ્થિત કરવી તે જ સાચો પુરુષાર્થ છે.

**પ્રશ્ન :–** પર્યાય તો વ્યવસ્થિત જ થવાની છે અર્થાત્ પુરુષાર્થની પર્યાય તો જ્યારે તેના પ્રગટ થવાનો કાળ આવશે ત્યારે જ પ્રગટ થશે–એવી સ્થિતિમાં હવે કરવાનું શું રહ્યું?

**ઉત્તર :–** વ્યવસ્થિત પર્યાય છે–એવું જાણ્યું ક્યાંથી ? વ્યવસ્થિત પર્યાય દ્રવ્યમાં છે, પછી તો દ્રવ્યની ઉપર જ દૃષ્ટિ કરવાની છે. પર્યાયના ક્રમ ઉપર દૃષ્ટિ ન કરતા, કે તેના ઉપર દૃષ્ટિ કરવામાં અનંત પુરુષાર્થ આવી જાય છે. ક્રમબદ્ધના સિદ્ધાંતથી અકર્તાપણું સિદ્ધ થાય છે, ક્રમ સમક્ષ જોવાનું નથી.

**પ્રશ્ન :–** ક્રમબદ્ધમાં કરવાનું શું આવ્યું?

**ઉત્તર :–** કરવાનું છે જ ક્યાં? કરવામાં તો કર્તૃત્વબુદ્ધિ આવે છે. કરવાની બુદ્ધિ છૂટી જાય એ ક્રમબદ્ધ છે. ક્રમબદ્ધમાં કર્તૃત્વબુદ્ધિ છૂટી જાય છે, પરમાં તો કાંઈ કરી શકતો જ નથી, પોતામાં પણ જે થવાનું છે તે જ થાય છે અર્થાત્ પોતામાં પણ જે રાગ થવાનો છે તે થાય છે, તેનું શું કરવું? રાગમાં પણ કર્તૃત્વબુદ્ધિ છૂટી ગઈ, ભેદ અને પર્યાયથી પણ દૃષ્ટિ ખસી ગઈ, ત્યારે ક્રમબદ્ધની પ્રતીતિ થઈ. ક્રમબદ્ધની પ્રતીતિમાં તો જ્ઞાતા-દૃષ્ટા થઈ ગયો, નિર્મળ પર્યાય કરું એવી બુદ્ધિ પણ છૂટી ગઈ, રાગ કરું એ વાત તો દૂર રહી ગઈ. અરે! જ્ઞાન કરું એવી બુદ્ધિ પણ છૂટી જાય છે, કર્તૃત્વબુદ્ધિ પણ છૂટી જાય છે અને એકલું જ્ઞાન રહી જાય છે. જેને રાગ કરવો છે, રાગમાં અટકવું છે, તેને ક્રમબદ્ધની વાત બેઠી જ નથી. રાગ કરવો, રાગ છોડવો-એ પણ આત્મામાં નથી. આત્મા તો એકલો જ્ઞાનસ્વરૂપ છે.

પરની પર્યાય તો જે થવાની છે તે તો થાય જ છે તેને હું શું કરું? અને મારામાં જે રાગ આવે છે તેને હું શું લાવું? અને મારામાં જે શુદ્ધ પર્યાય તેને કરું-લાવું એવા વિકલ્પથી પણ શું? પોતાની પર્યાયમાં થનારો રાગ અને થનારી શુદ્ધ પર્યાય તેને કરવાનો વિકલ્પ શો? રાગ અને શુદ્ધ પર્યાયના કર્તૃત્વનો વિકલ્પ શુદ્ધ સ્વભાવમાં છે જ નહિ. અકર્તાપણું આવી જવું તે જ મોક્ષમાર્ગનો પુરુષાર્થ છે.

**પ્રશ્ન :–** ક્રમબદ્ધપર્યાયની વાત કહીને આપ સિદ્ધ શું કરવા ઈચ્છો છો?

**ઉત્તર :–** ક્રમબદ્ધના સિદ્ધાંતથી મૂળ તો અકર્તાપણું સિદ્ધ કરવું છે. જૈનદર્શન અકર્તાવાદી છે. આત્મા પરદ્રવ્યનો તો કર્તા છે જ નહિ, રાગનો પણ કર્તા નથી અને પર્યાયનો પણ કર્તા નથી. પર્યાય પોતાની જ જન્મક્ષણમાં પોતાના જ છ કારકથી સ્વતંત્ર રૂપે જે થવા યોગ્ય હોય તે જ થાય છે. પરંતુ આ ક્રમબદ્ધનો નિર્ણય પર્યાયના લક્ષે થતો નથી. ક્રમબદ્ધનો નિર્ણય કરવા જાય ત્યાં શુદ્ધ ચૈતન્ય જ્ઞાયક ધાતુ ઉપર દૃષ્ટિ જાય છે અને ત્યારે જ જાણનારી જે પર્યાય પ્રગટ થાય છે તે ક્રમબદ્ધપર્યાયને જાણે છે. ક્રમબદ્ધપર્યાયનો નિર્ણય સ્વભાવ સન્મુખવાળા અનંત પુરુષાર્થપૂર્વક હોય છે. ક્રમબદ્ધના નિર્ણયનું તાત્પર્ય વીતરાગતા છે અને આ વીતરાગતા પર્યાયમાં ત્યારે જ પ્રગટ થાય છે જ્યારે વીતરાગસ્વભાવ ઉપર દૃષ્ટિ જાય છે. સમયસાર ગાથા ૩૨૦માં કહ્યું છે કે જ્ઞાન

બંધ-મોક્ષનો કર્તા નથી, પરંતુ જાણે જ છે. આહાહા! મોક્ષને જાણે છે; મોક્ષને કરે છે-એમ નથી કહ્યું. પોતામાં થનારી ક્રમબદ્ધપર્યાયનો કર્તા છે-એમ નહિ, પરંતુ જાણે છે-એમ કહ્યું; ગજબ વાત છે.

**પ્રશ્ન :-** જો કાંઈ કરવાનું જ નથી, તો પછી આપ આત્માનો અનુભવ કરવાનો જ્ઞાયકસ્વભાવ સન્મુખ દૃષ્ટિ કરવાનો ઉપદેશ કેમ આપો છો?

**ઉત્તર :-** અમે ક્યાં ઉપદેશ આપીએ છીએ? વાણી તો જડ છે તેથી જડને કારણે નીકળે છે. પરમ પૂજ્ય અમૃતચંદ્રાચાર્યદેવ આત્મખ્યાતિના અંતે લખે છે કે ટીકા અમે લખી છે-એમ જાણીને મોહમાં ન નાચો. આ તો અક્ષરો અને શબ્દોની પરિણતિ છે, અમારી નથી. ભાષા તો અમારી છે જ નહિ, સમજાવવાના વિકલ્પને પણ જ્ઞાની પોતાના માનતા નથી. અમે તો પરને અને વિકલ્પને પણ માત્ર જાણીએ છીએ અને તે પણ વ્યવહારથી, નિશ્ચયથી તો અમે માત્ર અમને જાણી છીએ.

**પ્રશ્ન :-** બધા ગુણોનું કાર્ય વ્યવસ્થિત જ છે તો પછી પુરુષાર્થ કરવાનું પણ રહેતું નથી?

**ઉત્તર :-** જેને ક્રમબદ્ધપર્યાયની શ્રદ્ધામાં પુરુષાર્થ ભાસતો નથી, તેને વ્યવસ્થિતપણું બેઠું જ ક્યાં છે?

**પ્રશ્ન :-** તેને વ્યવસ્થિતપણાનું શ્રદ્ધાન ન થયું તો તેનું તેવું પરિણમન પણ વ્યવસ્થિત જ છે. તે વ્યવસ્થિતપણાનો નિર્ણય ન કરી શક્યો એ વાત પણ વ્યવસ્થિત જ છે. એવી દશામાં નિર્ણય કરવાનું કથન કરવું વ્યર્થ જ છે?

**ઉત્તર :-** તેનું પરિણમન વ્યવસ્થિત જ છે એવી તેને ખબર ક્યાં છે? પરિણમન વ્યવસ્થિત છે-એવું સર્વજ્ઞે કહ્યું છે, પરંતુ તેને સર્વજ્ઞનો નિર્ણય જ ક્યાં છે? પ્રથમ તે સર્વજ્ઞનો નિર્ણય તો કરે? પછી તેને વ્યવસ્થિતની ખબર પડે.

**પ્રશ્ન :-** વ્યવસ્થિત પરિણમનશીલ વસ્તુ છે, આ પ્રકારની ભગવાનના કથનની શ્રદ્ધા તેને છે?

**ઉત્તર :-** ના, સર્વજ્ઞ ભગવાનનો સાચો નિર્ણય તેને ક્યાં છે? પહેલાં સર્વજ્ઞનો નિશ્ચય થયા વિના વ્યવસ્થિતનો નિર્ણય ક્યાંથી આવ્યો? માત્ર જ્ઞાનીની વાતો સાંભળી-સાંભળીને તેમનું તેમ જ કહે તો એનાથી કામ ન ચાલે. પ્રથમ સર્વજ્ઞનો નિર્ણય તો કરો. દ્રવ્યનો નિર્ણય કર્યા વિના સર્વજ્ઞનો નિર્ણય વાસ્તવમાં થઈ શકતો નથી.

**પ્રશ્ન :–** આપ સમજાવતા પણ જાવ છો અને કહેતા પણ જાવ છો કે અમે ક્યાં સમજાવીએ છીએ?

**ઉત્તર :–** કોણ સમજાવે છે? કહ્યું ને કે ભાષાને કારણે ભાષા થાય છે, વિકલ્પના કારણે વિકલ્પ થાય છે અને તે જ સમયે ભાષા અને વિકલ્પનું જ્ઞાન પોતાને કારણે થાય છે. એમાં અમારું કર્તાપણું ક્યાં રહ્યું.

**પ્રશ્ન :–** તેથી તો લોકો કહે છે કે આપની કરણી અને કથનીમાં અંતર છે?

**ઉત્તર :–** (અત્યંત ગંભીર થઈ) વસ્તુસ્વરૂપ એવું છે, અમે શું કરીએ? જેવું શ્રદ્ધાન, જ્ઞાન અને વચન છે તેવું ચારિત્ર પણ હોવું જોઈએ, તે અત્યારે નથી; પણ શ્રદ્ધામાં ફેર નથી. કરણી અને કથનીનું આ અંતર તો છે જ. પણ એ અંતર તો જ્ઞાયક સમ્યગ્દૃષ્ટિ ભરતાદિ ચક્રવર્તીઓને પણ હતું. ચોથા ગુણસ્થાનવાળા બધા જ્ઞાનીઓને હોય છે–એમાં અમે શું કરીએ?

**પ્રશ્ન :–** જો આ શ્રદ્ધા અને ચારિત્રનો ભેદ મટી જાય તો ઘણું સારું થાય?

**ઉત્તર :–** મટી જાય તો શું કહેવું? અમે પણ નિરંતર એ જ ભાવના ભાવીએ છીએ. પરંતુ ઋષભદેવને ય ૮૩ લાખ પૂર્વ સુધી ચારિત્રદોષ રહ્યો હતો. એક ગુણ બીજા ગુણમાં દોષ ઉત્પન્ન નથી કરતો–આ મહાસિદ્ધાંત છે. નહિ તો સમ્યગ્દર્શન થઈ શકે નહિ. ચારિત્ર અને વીર્યમાં દોષ છે, પરંતુ સમ્યગ્દર્શનમાં દોષ નથી.

અંતે ચર્ચામાં બેઠેલા હજારો લોકોને સંબોધિત કરતા સ્વામીજી બોલ્યા 'આજે ચર્ચા સારી થઈ, પંડિતજીએ સારા પ્રશ્નો કર્યા

ક્રમબદ્ધ તો ભાઈ જૈનદર્શનનું મસ્તક છે, જૈનદર્શનની આંખ છે, વસ્તુસ્વભાવની મર્યાદા છે. એ સમજવું અને નિઃસંદેહ થવું એ ઘણી અલૌકિક વાત છે. આજે ભલે તેને ઓછા માણસો સમજતા હોય, પણ હજારો લોકો તેને ઘણા પ્રેમથી સાંભળે છે. સાંભળો... ભાઈ સાંભળો... બધાં સાંભળો... વાંચો... અને બધાનું કલ્યાણ થાવ' એમ કહેતા તેમણે પોતાની વાત પૂરી કરી.

**(આત્મધર્મ, જાન્યુ. ૧૯૮૦, પેજ–૧૯)**

# શ્રી સમયસારજી ગાથા– ૩૦૮ થી ૩૧૧

## પ્રવચન નં. ૨૮૧ (૧૩ મી વારના)

## તા. ૨૦–૯–૧૯૭૨, બુધવાર, જેઠ વદ–૩

આ 'સમયસાર'નો 'સર્વવિશુદ્ધજ્ઞાન અધિકાર' ચાલે છે. સર્વવિશુદ્ધજ્ઞાન પ્રગટ થાય છે. કઈ રીતે? કે આ આત્માને પર પદાર્થના કાર્ય ક્રમે જે કાળની અવસ્થા પરની થાય એનો એ આત્મા અકર્તા છે. એમ બતાવીને આત્માનું સર્વવિશુદ્ધ જ્ઞાતા-દ્રષ્ટાપણું પ્રગટ કરીને બતાવે છે.

દ્રવ્ય એટલે આત્મા પોતે સર્વવિશુદ્ધ છે. એ નથી કરતો આત્મા પોતાના શુદ્ધ પરિણામ સિવાય પરના કાર્ય કરતો નથી અને રાગાદિના કાર્ય કરતો નથી. કેમ કરતો નથી? કે પરના કાર્યો એનામાં ક્રમસર-ક્રમબદ્ધ-ક્રમવર્તી ક્રમ પ્રમાણે એ પર પદાર્થના સ્વ કાળે તેની પર્યાય ક્ષણે ક્ષણે થાય. એમાં એનું-જ્ઞાનીનું લક્ષ હોતું નથી કે આ મારું કાર્ય છે અને હું એનો કર્તા (છું). ધર્મીની દૃષ્ટિ એટલે કે અકર્તાપણાના સ્વભાવની દૃષ્ટિ એટલે કે આત્મા જ્ઞાન, દર્શન અને આનંદ છે એવા સ્વભાવનું ભાન થતાં, એ પરના કાર્યનો કર્તા થતો નથી. એ પર્યાયબુદ્ધિમાં અવસ્થાના લક્ષે વર્તમાન રાગ, પુણ્ય ને નિમિત્તના લક્ષના અસ્તિત્વમાં એટલો હું, એમ માનનાર પરના કાર્ય કરું અને પરથી મારામાં કાંઈક કાર્ય થાય, એવી જે મિથ્યાદૃષ્ટિની ભ્રમણા (છે). એ આત્મા જ્ઞાન અને આનંદ છે, એ પરનો કર્તા નથી, (એમ) અકર્તા સિદ્ધ થતાં સમ્યગ્દર્શન અને જ્ઞાન પર્યાય પ્રગટ થાય છે. કહો, સમજાણું કાંઈ ?

કહે છે કે '**પ્રથમ તો જીવ...**' આત્મા '**ક્રમબદ્ધ...**' આત્મામાં ક્રમે ક્રમે જે જે સમયના કાળે જે પર્યાયની માળા-પર્યાયમાળા... ૯૯ મી ગાથામાં કહ્યું હતું એ તો આખી માળા. આ તો પર્યાયમાળા. એટલે સમયે સમયે જે અવસ્થા જે પણે થાય તે પણે પોતાના ક્રમબદ્ધ એવા પોતાના પર્યાયમાં ઊપજતો થકો. પોતાની પર્યાયમાં ઊપજતો થકો. એ બીજાને ઊપજાવતો નથી. શરીરને, વાણીને, કર્મને, દેશના, કુટુંબના માણસો, બીજા જીવના કોઈપણ પર્યાય-પરિણામ-અવસ્થા, એ આ આત્મા ઊપજાવતો નથી.

અજ્ઞાની પણ ઊપજાવતો નથી. પણ અજ્ઞાનીની સ્થિતિ જોઈને બાહ્યના કામમાં કાર્ય એને કારણે થાય, ત્યાં મારે કારણે થયા એમ વર્તમાન બુદ્ધિમાં મિથ્યા અહંકાર કરે છે.

જીવ ક્રમસર-ક્રમબદ્ધ... ક્રમબદ્ધ એટલે ? વળી ઓલામાં નાખ્યું છે કે એક પર્યાય બીજાથી બંધાયેલી છે એમ નથી. પંડિતજીએ નાખ્યું છે ને. '**ક્રમબદ્ધ એવા..**' ક્રમબદ્ધ એટલે બંધાયેલા એમ અહીં વાત નથી. અહીં તો ક્રમે ક્રમે જે પર્યાયની હારમાળા, જે દશાની-જે અવસ્થાની જીવને થવાની છે, તેમાં તે અવસ્થામાં જીવ જ પોતે ઊપજે છે. દ્રવ્ય જ એમાં ઊપજે છે. એવા પર્યાયને બીજો કોઈ ઊપજાવે અને બીજાને જીવ કંઈક કાર્યની દશા ઊપજાવે એવું વસ્તુના સ્વરૂપમાં છે નહિ. સમજાણું કાંઈ?

'**જીવ ક્રમબદ્ધ એવા પોતાના પરિણામ...**' એટલે પર્યાય, પર્યાય એટલે અવસ્થા, અવસ્થા એટલે દશા, એનાથી (ઊપજતો થકો જીવ જ છે). કેમ? કે જીવ પણ ઉત્પાદ-વ્યય-ધ્રુવ યુક્તં સત્ પદાર્થ છે. પછી અજીવનું પછી લેશે. જીવ પણ નવી અવસ્થાથી ઊપજે, જૂની અવસ્થાથી પલટે-વ્યય થાય, સદશપણે રહે. એવો જીવ સમયે સમયે પોતાના પરિણામમાં પોતે ઊપજે છે. સમજાણું કાંઈ? પરિણામોથી-પર્યાયથી '**ઊપજતો થકો...**' એટલે ક્ષણે ક્ષણે જે નવા પરિણામ-પર્યાય થાય, તેનું કાર્ય કરતો થકો તે અવસ્થામાં પરિણમતો થકો. પણ એ વાત એના ખ્યાલમાં ક્યારે આવે? કે એની દૃષ્ટિ સંયોગના લક્ષથી છૂટી અને વર્તમાન પુણ્ય-પાપના વિકલ્પ ને રાગથી લક્ષ છૂટી આ વસ્તુ પોતે શુદ્ધ તત્ત્વ છે, એ પોતે ધ્યેયમાં લક્ષમાં લઈને, એ આત્મા પોતાના પરિણામપણે ઊપજે છે, એવું ભાન થાય ત્યાં પરના કાર્યનો કરનાર હું અને પરના કાર્ય મારા એ દૃષ્ટિ ઊડી જાય છે. એને સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્દર્શન કહે છે. સમજાણું કાંઈ?

કહે છે કે પોતાના પરિણામ-પોતાની અવસ્થા-જીવની દશા જે ક્ષણે ક્ષણે થાય એમાં પોતે ઊપજે છે માટે તેને જીવ કહેવામાં આવે છે. એ '**અજીવ નથી;...**' એટલે? જીવ પોતે આત્મા વર્તમાન પરિણામ-પર્યાયમાં ઊપજતો થકો એ બધો જીવ છે, અજીવ નથી. એટલે કે બીજા જીવો અને બીજા જડ એના પરિણામમાં આવે છે એમ છે નહિ. સમજાણું કાંઈ? લ્યો! આ તો ક્રમબદ્ધ. આ ક્રમબદ્ધ આવ્યું છે. 'જડ ને ચૈતન્ય બંને પ્રગટ સ્વભાવ ભિન્ન.' જે કાળે જે સ્વકાળ-એનો સ્વકાળ નામ એની કાળની લબ્ધિ. જે સમયની જે અવસ્થાની લબ્ધિ નામ પ્રાપ્તિ, તે કાળે તે પર્યાયની પ્રાપ્તિમાં આત્મા ઊપજે છે. બીજાને

ઊપજાવતો નથી અને બીજાથી ઊપજતો નથી. સમજાણું આમાં? હવે આમાં કોને કરવું? પોતાના પરિણામ જે તે કાળના તેમાં એ ઊપજે. એ આડાઅવળા પર્યાયમાં ઊપજે એવો એનો સ્વભાવ નથી. પર તો ન ઊપજાવે પણ પોતાનો સ્વભાવ એવો નથી. જે ક્રમે ક્રમે પ્રાપ્ય, જે સમયની અવસ્થા તે પ્રકારનું નિયત ધ્રુવ, દ્રવ્ય જેમ કાયમી વસ્તુ છે, એમ જે સમયની જે અવસ્થા નિશ્ચય ધ્રુવ સત્ જે પ્રકારે આવે એમાં એ પોતે પરિણમે છે. સમજાણું કાંઈ? ઝીણી વાત છે આ. આ ક્રમબદ્ધની વાત આવી. તમારે ન્યાયતીર્થમાં આવ્યું હશે? ક્યાં આવે? ન્યાં ગોટેગોટા ઊંધા (હોય).

ભગવાનઆત્મા પ્રથમ.. પ્રથમ એટલે જો એ રકમની મૂળ વાત લઈએ તો ક્રમબદ્ધ-સમયે સમયે તે અવસ્થા, જે કાળની જે પ્રકારની પ્રાપ્ય અવસ્થા છે તેને એ આત્મા પહોંચી વળે છે. આમ નક્કી કરતાં એને પરના કાર્યની મિથ્યાદૃષ્ટિ છૂટી જાય અને રાગની કર્તૃત્વબુદ્ધિ છૂટે અને રાગ ને પરનો અકર્તા થઈ જ્ઞાતા-દૃષ્ટાના સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રના પરિણામ ઉત્પન્ન થાય. એનું નામ ધર્મ કહેવાય છે. કહો, સમજાણું કાંઈ? 'પંચાધ્યાયી'માં લીધું નથી? કે વ્યવહાર ઉપર દૃષ્ટિ આપનારો ખંડિત થઈ ગયો. ભાઈ! આવે છે ને? વ્યવહાર એટલે વર્તમાન રાગ ને ભેદ ને નિમિત્ત, એના ઉપર દૃષ્ટિ દેનાર ખંડિત થઈ ગયો-મિથ્યાદૃષ્ટિ છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- હિન્દી મેં.

ઉત્તર :- હિન્દીમાં બરાબર નથી આવતું. અધિકાર સૂક્ષ્મ છે ને.

એમ કહે છે કે આત્મા છે એ પોતાની વર્તમાન પર્યાય, પર્યાય નામ અવસ્થા, અવસ્થા નામ દશા, એ દશાપણે આત્મા જ ઊપજે છે. એની પર્યાયને ઊપજાવનાર બીજો પદાર્થ નથી. અને આત્મા બીજા પદાર્થની પર્યાય નામ કાર્ય કરી શકતો નથી. કહો, કેમ હશે, ભાઈ! આ બધું? ઘણાય કરે છે. માણસ કહે છે, અમે આમાં આમ કરીએ, અમે આમ કરીએ. ભણ્યા હોય તો અમે આમ કરી દઈએ, બીજાનું કરી દઈએ. મિથ્યાદૃષ્ટિ છે. દૃષ્ટિમાં ખંડ ખંડ થઈ ગયો છે. સમજાય છે કાંઈ?

ભગવાનઆત્માનો એવો સ્વભાવ છે કે ક્રમબદ્ધ-જે પર્યાય-અવસ્થા-પરિણામ આવવાવાળા છે એમાં જ ઊપજે છે. એ કાર્યનો કર્તા આત્મા છે. એ કાર્યનો કર્તા બીજો પદાર્થ નથી. અને બીજા પદાર્થનું કાર્ય આ હલનચલન થાય છે કે નહિ? એના કાર્યનો કર્તા

આત્મા નથી. સમજાય છે કાંઈ? એ જીવ જ છે. જીવ જ કહેતાં બીજો પદાર્થ નથી, એમ કહે છે. પોતાના સ્વભાવથી પોતાના વર્તમાન કાળમાં-ચાલુ કાળમાં જે આવનારી વસ્તુમાં જે પર્યાય છે, સત્માં, સત્માં સત્માં કારણમાં કાર્ય કથંચિત્ છે. વસ્તુમાં કાર્ય કથંચિત્ છે. કાર્ય નામ પર્યાય, પર્યાય નામ અવસ્થા, અવસ્થા નામ દશા, દશા નામ વર્તમાન કામ. એ કામ વર્તમાનમાં થવાનું છે તે સત્માં-દ્રવ્યમાં પડ્યું છે. એ દ્રવ્યમાં જ્યારે એનો કાળ લાગુ પડે છે, તે સમયે આવનાર, ત્યારે આવે છે અને તે પર્યાયપણે આત્મા ઊપજે છે. એવી વસ્તુની સ્વતંત્રતાનો ઢંઢેરો છે. સમજાય છે કાંઈ? ભાઈ!

આ બધા ક્રમબદ્ધના વાંધા ઉઠાવે છે કે નિયત થઈ જશે, તો તો નિયતવાદ થઈ જશે. શું કહે છે? એકાંત નિયતવાદ થઈ જશે. ભગવાન! એ નિયત-સમ્યક્ નિયત જ છે. પણ એ નક્કી કરનાર હું આત્મા.. આત્મા-જીવ એ વસ્તુ અને મારી વર્તમાન ઉત્પન્ન થનારી પર્યાય, એમાં હું ઊપજું છું. પરના કર્તાપણા અને રાગના કર્તાપણાની દૃષ્ટિ ઉઠી ગઈ અને જીવદ્રવ્ય એ મારી વર્તમાન પર્યાયમાં હું જ ઊપજું છું, તો દ્રવ્ય ઉપર દૃષ્ટિ થઈ અને પર્યાયમાં સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રની પર્યાય ઉત્પન્ન થઈ તેનું પણ જ્ઞાન થયું. ઝીણું બહુ પણ, ભાઈ! આ વીતરાગદર્શન સર્વજ્ઞ પરમાત્મા ત્રિલોકનાથ દેવાધિદેવ, જેણે એક સમયમાં ત્રણકાળ ત્રણલોક જોયા, એ કહે છે કે, સાંભળ તો ખરો, તારી ચીજ શું થઈ રહી છે? સમજાય છે કાંઈ? તારામાં શું થઈ રહ્યું છે અને તું કઈ રીતે માને છો, એની તને ખબર નથી.

કહે છે, પ્રથમ તો અમારે એ વાત કહેવી છે કે જીવ ક્રમબદ્ધ-ક્રમે ક્રમે થનાર જે પર્યાય, એવા પોતાના પરિણામ. એક પરિણામ ક્યાં લીધા છે અહીં? સમજાય છે? અનેક વર્તમાન અનંતા ગુણો, એના અનંતા પરિણામો, પછીના સમયના એના ગુણો, એના પરિણામો ક્રમબદ્ધ એવા પોતાના પર્યાયોથી (રહેલાં છે). અનંત જ્ઞાનની પર્યાય, જે જ્ઞાનગુણ છે એ જ્ઞાનગુણને ધરનારું દ્રવ્ય (છે). જ્ઞાનગુણને ધરનારું દ્રવ્ય એવું જીવદ્રવ્ય પોતાના પરિણામથી ઊપજે છે. આત્મા પોતાના જ્ઞાનની વર્તમાન પર્યાય જે પ્રાપ્ય નામ થનારી છે, એમાં આત્મા ઊપજે છે. સમજાય છે કાંઈ? જ્ઞાનાવરણીનું નિમિત્ત છે માટે જ્ઞાનના પરિણામ હિણા ઊપજ્યા અને એને લઈને આમ થયું, એ વસ્તુમાં છે નહિ. સમજાણું કાંઈ?

જીવ કીધો છે ને? તો જીવ તો અનંત ગુણનો પિંડ છે. જીવદ્રવ્ય તો અનંત ગુણનો પિંડ છે, એમાં અનંત ગુણ છે. જ્ઞાન, દર્શન, આનંદ, અસ્તિત્વ, વસ્તુત્વ, પ્રમેયત્વ, વિભુત્વ, સ્વચ્છત્વ અનંત શક્તિનું એકરૂપ તે દ્રવ્ય. એવું દ્રવ્ય ક્રમે ક્રમે થતાં જ્ઞાનના પરિણામપણે ઊપજતો પણ જીવ જ છે. સમજાય છે કાંઈ? જ્ઞાનની જે સમ્યક્ પર્યાય ઊપજે, એ પણે ઊપજતો જીવ જ છે. એ જ્ઞાનાવરણીનો કંઈ ઉઘાડ થયો માટે અહીં જ્ઞાનના પરિણામપણે જીવ ઊપજ્યો એમ છે નહિ. છે? ભાઈ! પુસ્તક છે? પુસ્તક 'સમયસાર'. ક્રમબદ્ધનો અધિકાર ઝીણો આવ્યો છે. સમજાણું આમાં કાંઈ?

કહે છે, ભગવાનઆત્મા વસ્તુ છે ને? વસ્તુ. તો એમાં જ્ઞાનગુણ (છે). એ ગુણને ધરનારું દ્રવ્ય (છે). જીવ જ્ઞાનગુણથી પોતાની પર્યાય જે જ્ઞાનની થાય છે એમાં જીવ જ ઊપજે છે, દ્રવ્ય જ ઊપજે છે. એ જ્ઞાનની પર્યાયમાં બીજા કર્મના કારણે વિઘ્ન થાય અને કર્મનો ઉઘાડ થાય તો પોતાની પર્યાયપણે ઊપજે એવું વસ્તુની સ્થિતિમાં છે નહિ.

એમ જીવદ્રવ્યમાં પોતાની શ્રદ્ધા શક્તિ નામનો એમાં ગુણ છે. શ્રદ્ધાશક્તિ. આત્મા પોતાના દ્રવ્યની શ્રદ્ધાશક્તિના દ્રવ્યના પરિણમનથી પોતામાં સમ્યગ્દર્શનની જે પર્યાય થઈ એમાં આત્મા ઊપજે છે. એ સમ્યગ્દર્શનની પર્યાયમાં આત્મા ઊપજે છે. સમ્યગ્દર્શનની પર્યાય ભગવાનના દર્શનથી થઈ કે જાતિસ્મરણથી થઈ કે વેદનાને કારણે થઈ, એમ શાસ્ત્રમાં આવે છે ને? સમજાય છે કાંઈ? ના. ભગવાનઆત્મામાં શ્રદ્ધા નામનો ગુણ પડ્યો છે. એ ગુણમાં ક્રમસર આવનારી, તેના કાળે આવનારી જે પર્યાય-સમ્યગ્દર્શનની પર્યાય, એમાં આત્મા ઉત્પન્ન થાય છે. સમજાય છે કાંઈ? એ ભગવાનને કારણે પર્યાય ઊપજતી નથી, એમ કહે છે. વ્યવહારના જેટલા લખાણ શાસ્ત્રમાં આવે એ બધા તો નિમિત્તનું જ્ઞાન કરાવવા છે. વસ્તુસ્થિતિ એમ નથી. પોતાનો શ્રદ્ધાગુણ નામનો જે સ્વભાવ, જીવદ્રવ્ય સ્વભાવવાન-શ્રદ્ધાગુણ સ્વભાવ, તો એ જીવદ્રવ્ય પોતાના સ્વભાવના પરિણમન દ્વારા પોતાની સમ્યગ્દર્શન પર્યાયપણે આત્મા જ ઊપજે છે. એ આત્મા (છે), એને આત્મા કહે છે. જીવ અને અજીવ સર્વજ્ઞ પરમાત્મા છે, તો એને કારણે એ પર્યાય ઊપજી એમ નથી.

ક્ષાયિક સમ્યગ્દર્શશપણે ઊપજે છે. લ્યો, શાસ્ત્રમાં આવે છે કે નહિ? કે ભગવાન ને શ્રુત ને શ્રુતકેવળીની સમીપમાં ક્ષાયિક સમકિત થાય છે. સાંભળ્યું છે કે નહિ? ક્ષાયિક સમકિત થાય છે એ શ્રુતકેવળી અને તીર્થંકર કેવળીની સમીપમાં ઉત્પન્ન થાય છે. અહીં કહે

છે કે આત્માની સમીપમાં ઉત્પન્ન થાય છે. સમજાય છે કાંઈ? મૂળ પદાર્થનું સ્વરૂપ શું છે? અને કેમ બની રહ્યું છે, કોઈ દિ' એણે વિચાર અને અંતર મનન કર્યું નથી. એને વિચારની ધારા ઉપર એણે લીધું નથી.

આ વસ્તુ, એનો શ્રદ્ધા નામનો ગુણ, એના વર્તમાન ગુણનો કાળ સમ્યગ્દર્શન પર્યાય જે એમાં સત્‌રૂપે કથંચિત્ હતી, એના કાળપણે તે પર્યાયપણે આત્મા ઊપજ્યો છે. એ પર્યાયપણે એ સમ્યગ્દર્શનના કાર્યમાં બીજાનો અધિકાર-કોઈ નિમિત્તનો, સંયોગનો, ભગવાનની વાણી થઈ માટે કે સમવસરણમાં ક્ષયોપશમ સમકિતી ક્ષાયિક સમકિતપણે થયો, ક્ષયોપશમનો કાળ તો પૂર્વનો છે, હવે વર્તમાન જ્યારે ક્ષાયિક સમકિતપણે થયો તો જીવ જ એના પરિણામમાં ક્રમસર એ ક્ષાયિક પર્યાય આવવાની હતી એમાં એ જીવ ઊપજ્યો છે. સમજાણું કાંઈ? સમજાય છે કે નહિ? એ તો ગુજરાતી સમજે છે. 'દિલ્હી'માં તો અહીંનું વાંચન થાય છે. 'આત્મધર્મ' ગુજરાતીનું થાય છે.

કહે છે, આત્મા એમાં એક ચારિત્રશક્તિ પડી છે. ચારિત્રશક્તિ. ગુણ-ગુણ. જીવ જ દ્રવ્ય ઉપર લક્ષ આપતાં, દ્રવ્ય આ છે, (એમ) એની ઉપર લક્ષ આપતાં એ ચારિત્રગુણ, દ્રવ્ય સમુદાયપણે પરિણમે છે તો એમાં ચારિત્રગુણની પર્યાયપણે આત્મા ઊપજે છે. સમજાય છે કાંઈ? એ ચારિત્રગુણની પર્યાય આ બહાર જે આમ લુગડાં ફેરવ્યા ને નગ્નપણું કર્યું માટે ચારિત્રની પર્યાય ઉત્પન્ન થઈ એમ નથી. તેમ પૂર્વે એના ક્રમમાં વિકલ્પ આવ્યો હતો કે હું ચારિત્ર અંગીકાર કરું, એ વિકલ્પને કારણે પણ ચારિત્રનું પરિણમન થયું નથી. સમજાણું કાંઈ? સૂક્ષ્મ વાત છે. વસ્તુ સ્વભાવ ભગવાનઆત્મા દ્રવ્ય વસ્તુ સ્વભાવ, એમાં રહેલો ચારિત્રગુણ ત્રિકાળ છે, એ દ્રવ્ય, આ દ્રવ્ય ઊપજે છે, આ દ્રવ્ય ઊપજે છે એમ લક્ષ કરનારને દ્રવ્ય લક્ષમાં આવે છે. સમજાય છે કાંઈ? અજીવની (વાત) પછી આવશે. આ તો હમણાં જીવની વાત ચાલે છે ને?

જીવ વસ્તુ પોતે ચારિત્રગુણ સંપન્ન ત્રિકાળ છે. એ જીવનું આ જીવ વર્તમાન પરિણામપણે પર્યાયપણે ઊપજે છે એમ નક્કી થનારને જીવ આ છે એમ દૃષ્ટિ ને લક્ષ થતાં એનો ચારિત્રગુણનો જે શક્તિ-ભાવ એ વર્તમાન ચારિત્ર નામ અરાગ-વીતરાગ પર્યાયપણે ચારિત્ર પરિણમે એ જીવ પોતે જ વર્તમાનમાં જીવ પોતે ઉપજે છે. આ ન્યાય છે મોટા. ભાઈ! ન્યાં મોટા ન્યાયતીર્થ ભણ્યા. ક્યાં 'બ્યાવર'માં ભણ્યા છે? ક્યાં?

'બ્યાવર.'. ત્યાં છે ને. આ ન્યાય. નિ ધાતુ. નિ એટલે લઈ જવું-દોરી જવું. જેવું વસ્તુનું સ્વરૂપ છે તેમાં જ્ઞાનને દોરી જવું તેનું નામ ન્યાય કહે છે. કહે છે, આ તો મહાઅધિકાર છે. લોકોમાં શું કાંઈક કહે છે ને? ફલાણો મહા અધિકાર ને... સમજાણું? સાત દિ'ની પારાયણ માંડે છે ને? નહિ? ન્યાં દસ દિ'ની પારાયણ આપણે પૂરી થઈ ગઈ. 'રાજકોટ'. નહિ?

કહે છે, પ્રભુ! એકવાર તારી પારાયણ તો સાંભળ. સર્વજ્ઞ ભગવાન ત્રિલોકનાથ પરમાત્મા અનંતચક્ષુ, એવા દિવ્ય ચક્ષુ જેના ખીલ્યા ને પ્રગટ થયા, એ ભગવાન એમ વર્ણવીને કથન કરી રહ્યા છે કે તારું દ્રવ્ય અને બધા દ્રવ્યો... અહીં તો જેને દ્રવ્યનું લક્ષ થાય છે એવું દ્રવ્ય, સમજાણું કાંઈ? આ જીવદ્રવ્ય તે ચારિત્રપણે પરિણમે એ ક્યા કારણે? કોઈ પૂર્વના શુભરાગને કારણે? અથવા વર્તમાન રાગ વર્તે તેને કારણે ચારિત્રપણે પરિણમી રહ્યો છે? ના. એ દ્રવ્ય જ પોતે વસ્તુની દૃષ્ટિ આપતાં વસ્તુ પોતે પરિણમનપણાને પામે એમાં એ ચારિત્રગુણના પર્યાયપણે જીવ પોતે ઊપજે છે. માટે જીવ પોતે છે. એ આસ્રવને કારણે ઊપજે તો તો આસ્રવ થઈ જાય. રાગને કારણે ઊપજે તો એ જીવ ન રહે, આસ્રવ થઈ જાય. વર્તમાન રાગ છે હજી સમ્યગ્દૃષ્ટિ કે મુનિને, શુભરાગ, એને કારણે ચારિત્રપર્યાય ઊપજે તો જીવ ન રહે. સમજાણું કાંઈ?

ભગવાનઆત્મા વસ્તુ તરીકે અનંત અનંત ગુણનો ભંડાર, અનંત શક્તિનો ભંડાર, એવી ચીજ ઉપર દૃષ્ટિ આપતાં, એનું લક્ષ કરતાં, એનો ચારિત્રગુણ વર્તમાનપણે વર્તમાન તે ચારિત્રગુણમાં પણ કથંચિત્ પર્યાય થવાની એમાં તાકાત પડી છે. કારણમાં કાર્યનું સત્પણું છે. એ કારણ પરિણમતાં એ જીવ જ પોતે આખો સમુદાયરૂપે દરેક પર્યાયમાં પોતે ઊપજતો થકો એને જીવ કહેવામાં આવે છે. એ રાગથી ઊપજતો નથી, નિમિત્તથી ઊપજતો નથી, મનુષ્યદેહ મળ્યો માટે કાને વાણી પડી માટે ચારિત્રપણે ઊપજે છે એમ છે નહિ. સમજાય છે કાંઈ?

એમ આનંદપણે. ભગવાનઆત્મા વસ્તુ તરીકે છે એમાં આનંદ નામનો એક ગુણ છે. અતીન્દ્રિય આનંદ. તો કહે છે કે આત્મા જીવ પોતે એ આનંદગુણ સાથે અનંતા ગુણની સાથે પર્યાયપણે પરિણમતો એ આનંદની અવસ્થાપણે આત્મા ઊપજે છે. સમજાણું કાંઈ? અતીન્દ્રિય આનંદપ્રભુ, એ પૂર્વે કોઈ કલ્પના કરી કે મને આવો આનંદ આવે કે આવો આનંદ મને થાય, એ કારણે આનંદ પરિણમતો નથી. સમજાય છે કાંઈ? એ તો

આત્મામાં આનંદગુણ છે તો આત્મા, પ્રથમ એ વાત છે કે આત્મા પોતાની આનંદની પર્યાયપણે, પરિણામપણે, દશાપણે ઊપજતો એ વર્તમાનપણે ત્રિકાળ વર્તમાનપણે ઊપજતો એ જીવ છે. એમાં બીજા રાગનો કે નિમિત્તનો અધિકાર નથી. સમજાણું કાંઈ?

એમ આત્મવીર્ય. આત્મામાં એક વીર્ય નામનો-બળ નામનો ગુણ છે કે જે આત્મા પોતે, પ્રથમ તો પોતે, બીજાની વાત છોડી દે, કહે છે. ભગવાનઆત્મા, એમાં વીર્ય નામનો-બળ નામનો ગુણ છે એ વીર્યપણે વર્તમાન પર્યાય જ્ઞાનની, દર્શનની, આનંદની રચવામાં વીર્યનું જે પરિણમન થયું એ પરિણામપણે જીવ ઊપજ્યો છે. સમજાણું કાંઈ? એ આત્માના બળના પર્યાયપણે જીવ-આત્મા ઊપજ્યો છે, એ વીર્યની રચનાના કાર્યમાં આત્મા ઊપજ્યો છે. એના કાર્યમાં કોઈ સારો આરો હતો, શાસ્ત્રમાં એવું ઘણું આવે કે સારો આરો હોય તો વીર્યની વૃદ્ધિ થાય ને ફલાણું થાય ને શક્તિ મળે, લુખ્ખા આહાર હોય તો વીર્ય ઘટી જાય, એ તો બધી નિમિત્તની વાતું છે. સમજાણું કાંઈ?

ભગગવાનઆત્મા એ વસ્તુમાં જે વીર્ય નામનો આત્મબળ નામનો, આત્મશક્તિ નામનો, સ્વરૂપને રચે એવા પર્યાયમાં રચના કરે, દ્રવ્ય-ગુણ ને પર્યાયમાં વીર્ય વ્યાપી જાય એવો જે વીર્યનો ગુણ છે એ આત્મદ્રવ્યનું ધ્યેય-લક્ષ કરતાં જીવ પોતે તે વીર્ય નામના પરિણામપણે જીવ ઊપજે છે. એ બળને માટે કોઈની સહાય કે કોઈની મદદ, કોઈનો ટેકો છે નહિ. અહીં તો નિમિત્ત ને બધું ઊડી જાય છે. નિમિત્ત-બિમિત્ત ઊડી જાય છે. ઊડી જાય છે એટલે આમાંથી ઊડી જાય છે, એનામાં રહે છે. જ્યાં જ્યાં છે તેના સ્થાનમાં તે નિમિત્ત હોય છે. આ સ્થાનમાં તે આવતું નથી. સમજાણું કાંઈ?

એમ એના અનેક ગુણો છે. એનો પ્રભુતાનો ગુણ (છે). પ્રભુઆત્માનો પ્રભુત્વ નામનો એક ગુણ-શક્તિ છે. તે પણ પ્રભુતાના સામર્થ્યથી પર્યાયપણે દ્રવ્ય પોતે પરિણમતું પ્રભુતાની-ઈશ્વરતાની પર્યાયપણે જીવ પોતે ઊપજે છે. એની પ્રભુતાની પર્યાયને ઊપજાવનાર વિકલ્પ નથી, સંઘયણ નથી. કેવળજ્ઞાનપણે પણ આત્મા ઊપજે છે ક્રમબદ્ધ આવેલા એવા જે પરિણામ એ કેવળજ્ઞાનપણે જીવ ઊપજે તોપણ પોતાની પ્રભુતાની શક્તિથી અને જ્ઞાનગુણના પરિણમનથી ઊપજે છે. આ વજ્રનારાચસંહનન છે ને મનુષ્યદેહ છે માટે ઊપજે છે એમ છે નહિ. બહુ ઝીણું પણ, ભાઈ!

છ દ્રવ્ય અને નવ તત્ત્વ સર્વજ્ઞ ભગવાન શું કહે છે એની વાસ્તવિકતાની વાત જ

જાણે અત્યારે ફેરફાર થઈ ગઈ. ફેરફાર.. ફેરફાર. કાંઈકનું કાંઈક માને ને કાંઈકનું કાંઈક માને. અને માને કે અમે કાંઈક ધર્મ કરીએ છીએ. ધૂડમાંય ધર્મ નથી. સમજાણું કાંઈ? આ ભગવાનના દર્શનને કાળે આ શુભપરિણામ થાય તો કહે છે કે ભગવાનને કારણે થયા નથી. એ જીવ એ પરિણામે ઊપજે છે. પણ એનું લક્ષ જ્યારે થાય કે આ તો જીવ અહીં ઊપજે છે ત્યારે તો રાગપણે ઊપજ્યું હતું એ પણ દૃષ્ટિ રહેતી નથી. સમજાણું કાંઈ? બહુ ઝીણું, હોં! આમાં. ભાઈ! 'મુંબઈ'માં આવું ચાલતું હશે?

જ્ઞાન, દર્શન, ચારિત્ર, વીર્ય, દર્શનઉપયોગ વગેરે વગેરે જે શક્તિઓ છે એ અનંત શક્તિનો સમુદાય પ્રભુઆત્મા છે અને એ આત્મા મુખ્ય ઊપજતો થકો એના વર્તમાન કાળલબ્ધિ, એના સ્વકાળમાં પણ એમાં પુરુષાર્થ ને સ્વભાવ બધું સાથે આવી ગયું. આત્મદ્રવ્ય આ પ્રમાણે ઊપજે એમ જ્યાં પુરુષાર્થે લક્ષ કર્યું, જ્ઞાને જ્ઞેયને-દ્રવ્યને પકડ્યું એટલે પુરુષાર્ત આવ્યો, સ્વભાવ આવ્યો, કાળક્રમે જે પરિણામ આવવાના હતા એ પણ ભેગું આવ્યું અને તે કાળે કર્મના નિમિત્તનો, અહીં જેટલો પરિણામ નિર્મળપણે થયો, એ પ્રમાણે કર્મના નિમિત્તનો અભાવ પણ કર્મને કારણે હોય છે. સમજાણું કાંઈ?

બધા કર્તા, કર્મ ને છ કારક ને બધી ૪૭ શક્તિ છે ને? એ '**જીવ ક્રમબદ્ધ એવા પોતાના પરિણામોથી ઊપજતો થકો...**' આખું દ્રવ્ય (ઊપજે છે). બીજાને-વેદાંતવાળાને તો કઠણ પડે. આ શું હશે? વળી દ્રવ્ય ઊપજતો થકો. દ્રવ્ય તો કૂટસ્થ છે, જેમ છે એમ. અરે..! એમ નથી, સાંભળને! સમજાણું કાંઈ? કૂટસ્થ-હલે નહિ. આમ કૂટ હોય ને કૂટ ડુંગર ઉપર? એમ નથી. પાણી પાણીપણું રાખીને જેમ પાણીના તરંગો ઊઠે છે, એમ ભગવાનઆત્મા પ્રત્યેક દ્રવ્ય વસ્તુપણે પોતે સદશપણે કાયમ રહી અને વર્તમાન વિસદશ ઉત્પાદ-વ્યય નવી અવસ્થાથી ઊપજે ત્યારે જૂનીનો વ્યય થાય, એ ઉત્પાદમાં આત્મા જ પોતે પરિણામપણે પર્યાયપણે ઊપજે છે. આવી દૃષ્ટિ થતાં પરના કાર્ય જે દશા-પર્યાય (થાય), આ શરીરની, કર્મની પર્યાય હું કરું એ દૃષ્ટિ ઊડી જાય છે. દેશના કામ કરું ને કુટુંબના કરું ને બીજાના કરું ને... ભાઈ! શું હશે આ બધું? કામ કરતા હશે કે નહિ બધાના? ઘણા ભાષણ કરે છે. આમ કરવું, ફલાણાનું આમ કરવું, વ્યવસ્થા કરવી, આના આમ કરવા ને એમાંથી પરોપકાર થાય, પરોપકારથી કલ્યાણ થાય. કહે છે કે ભગવાન! પરોપકાર એટલે તું પરનો ઉપકાર કરી શકે છે એ વાત વસ્તુમાં નથી. એના કાર્યપણે તે

ઊપજે અને તારા કાર્યપણે તું ઊપજ. બીજો કોઈ વસ્તુના સ્વભાવમાં બીજી મર્યાદા છે જ નહિ. જગતથી તો ઊંધું છે. સમજાણું?

જુઓને! હમણાં લેખ આવ્યો હતો, સેવા મોટો ધર્મ છે. લ્યો! સેવા માટો ગહન ધર્મ. યોગીનાં.. આવે છે ને? ભાઈ! ભાષણ કરનારા એ બધું શીખ્યા હોય. ગહનો. યીગીનાં અપિ ગહન. પછી? સેવ કરતાં કરતાં શું થાય? સેવા કરતાં સેવા કરતાં વૈયાવચ્ચથી તીર્થંકરગોત્ર બંધાય. એટલે પરમાત્મા થવાય. ભારે સહેલી વાત, ભાઈ! વૈયાવચ્ચેણ ભંતે જીવે.. ૨૯મા અધ્યાયમાં એ બોલ નાખ્યો. ૭૩માં બોલમાં. આ સેવા કરવાથી આ થાય. અરે..! ભગવાન! ક્યાં ભૂલ્યો તું પણ? ભીંત ભૂલ્યો છો આખો. આ આંગળીની અવસ્થાનું આમ થવું એમાં તું પહોંચી વળે એ તારા અધિકારની વાત નથી. તો બીજાના કાર્ય હું કરી દઉં ને સેવા કરી દઉં એ (ત્રણકાળમાં નથી). ભાવ આવે, શુભરાગ આવે, પણ રાગ આવતાં પરના કાર્ય કરે એ ત્રણકાળમાં બનતું નથી. અહીં તો રાગ આવે એ પણે ઊપજે એવી દૃષ્ટિ હોય તો એ જીવદ્રવ્યની દૃષ્ટિ નથી. સમજાણું કાંઈ?

એ જીવ પોતે ક્રમે ક્રમે આવતા એવા '**પોતાના પરિણામોથી ઊપજતો થકો જીવ જ છે,...**' જુઓને! કેટલી તકરાર નાખી. જ્ઞાન આનાથી થાય. કોણ સવારમાં કહેતું હતું? ઇન્દ્રિયથી જ્ઞાન થયું. ભાઈ! ઇન્દ્રિયથી જ્ઞાન થાય. પણ પ્રભુ! ત્યારે નિમિત્તથી, ઇન્દ્રિયોથી જ્ઞાનની દશા થઈ તો આત્મા વસ્તુ, એનો જ્ઞાનગુણ એ સામાન્ય કાયમ રહેનાર, એની વિશેષ અવસ્થા જો ઇન્દ્રિયથી થઈ તો સામાન્યે શું કર્યું? સમજાણું કાંઈ? ભગવાનઆત્મા વસ્તુ આત્મા, એમાં એક જ્ઞાનગુણ-શક્તિ ધ્રુવરૂપ છે. હવે એનું વર્તમાન વિશેષ, વિશેષ એટલે કાર્ય, કાર્ય એટલે પર્યાય, પર્યાય એટલે દશા. એ જ્ઞાનની કાર્ય-દશા ઇન્દ્રિયોથી થઈ તો વિશેષે શું કર્યું? ખાલી રહ્યું વિશેષ થયા વિના? સમજાય છે આમાં કાંઈ? ભાઈ! સામાન્ય અને વિશેષ.

આત્મપદાર્થ વસ્તુ છે ને? એમાં જ્ઞાનગુણ સદશ સામાન્ય છે. સદશ એટલે પરિણમન વિનાની સદશ શક્તિ, સદશ શક્તિ. હવે એ સદશ શક્તિ વર્તમાનમાં વિશેષ પર્યાયરૂપી કાર્ય જો એ ગુણ ન કરે તો પછી વિશેષ વિના સામાન્ય રહે શી રીતે? જો એ જ્ઞાનની વિશેષતાની પર્યાય જો ઇન્દ્રિયોએ કરી તો સામાન્યે શું કર્યું? સામાન્ય વિશેષપર્યાય વિનાનું રહ્યું? માટે સામાન્ય જ્ઞાનગુણનું કાર્ય પરિણમવું એ વિશેષ કાર્ય એનું છે. ઇન્દ્રિયથી જ્ઞાન

થાય એ વાત સાચી નથી. સમજાણું કાંઈ? વાતની ચીજ શું છે, વસ્તુનો સ્વભાવ શું છે એને ભૂલી જાય. અને વિશેષને માને અને સામાન્યને ન માને. વિશેષ અવસ્થા થઈ છે. પણ થઈ કોનાથી? ક્યાંથી? અદ્ધરથી લટકે છે? એ જીવ પોતે સામાન્ય અનંતા ગુણવાળું એક અનંતા સામાન્ય ગુણવાળો એક પદાર્થ પોતે પરિણમતો તેના જ્ઞાનપર્યાયના વિશેષના કાર્યપણે પરિણમે છે. એ પરિણામે ઊપજતો થકો જીવ એમાં ઊપજે છે. ઇન્દ્રિયોથી ઊપજે છે, આ પાના, પુસ્તકથી જ્ઞાનપર્યાય થાય છે એમ છે નહિ. સમજાણું કાંઈ?

આ તો મોટો મહાન સિદ્ધાંત છે. જડ અને ચૈતન્યની આ બે લીટીઓ ચૌદ બ્રહ્માંડમાં રહેલા છ દ્રવ્યો, એનો મહાસિદ્ધાંત છે. જેણે લક્ષગત કર્યું હોય એને આ સમજાય, એમ કહે છે. સમજાણું કાંઈ? કારણ કે જીવ પોતે, આ જીવ પોતે ક્રમસર આવેલા પરિણામમાં એ ઊપજે (છે), એની દૃષ્ટિ પરથી ખસી, રાગથી ખસી જીવ પોતે શ્રદ્ધા, ચારિત્ર, શાંતિ, જ્ઞાન વર્તમાન વિશેષપર્યાય, એ વિશેષ પર્યાય કહો કે કાર્ય કહો, એ કાર્યપણે પોતાના અનંત ગુણની પર્યાયના કાર્યપણે જીવ પોતે ઊપજે છે. પર્યાય કહો, કાર્ય કહો, વિશેષ કહો, અવસ્થા કહો, દશા કહો. આ ન્યાયથી લોજીકથી વાત ચાલે છે, હોં! એમ ને એમ બેસાડવાની વાત નથી. તમારા ન્યાયતીર્થમાં શું હશે, કોણ જાણે. સમજાણું આમાં?

કહે છે, એકવાર એ સત્યને પડખે તો આવ. સત્ય કેવું છે? સત્ય પરમેશ્વર છે. એ સત્ય પરમેશ્વર છે. પરમ ઈશ્વરતા ધારણ જડમાં જડની ઈશ્વરતા (છે) અને ચૈતન્યમાં ચૈતન્યની (ઈશ્વરતા છે). સત્ય એ ઈશ્વર છે. સત્ય એવું આત્મતત્ત્વ પોતાના દરેક ગુણના પરિણામ, અનંતા ગુણો એના પરિણામપણે એ જીવ જ પોતે ઊપજે છે. એમ થતાં પરના કાર્ય માટે મારે પરની વાટ જોવી પડે કે પરના કાર્ય માટે મારે ત્યાં જાવું પડે તો એના કાર્ય થાય, એ વાત એની દૃષ્ટિમાં સત્યમાં રહેતી નથી. સમજાણું કાંઈ? એ એટલું આવ્યું, લ્યો.

એ '**જીવ જ છે, અજીવ નથી;...**' એટલે શું? કે એ બીજો જીવ ત્યાં એ કાર્યને બનાવે છે કે બીજો જડ એ અવસ્થાને બનાવે છે એમ છે નહિ. અનેકાંત કર્યું. આનું નામ અનેકાંત. આ તો કહે, જીવના પરિણામ પોતે પણ કથંચિત્ ઊપજાવે અને નિમિત્ત પણ કથંચિત્ ઊપજાવે, એનું નામ અનેકાંત. એમ હોઈ શકે નહિ. એની એક સમયની પર્યાયમાં એના બે ધર્મ છે. જીવ જ્ઞાનપણે ઊપજે એ પોતાના અસ્તિપણે ઊપજ્યો અને પરને

લઈને નહિ એટલે પરથી નાસ્તિપણે છે. એટલે કીધું, અજીવ નહિ. એના ઊપજવામાં બીજો કોઈ નહિ. એટલે બીજાનો એમાં અભાવ છે. એના જીવના પોતાની દશાના ભાવપણે ઊપજતો જીવ છે અને બીજો જડ કે બીજો જીવ એમાં નહિ. સર્વજ્ઞ ભગવાન, એ પણ એની પર્યાયમાં ઊપજવામાં એ જીવ નહિ. સમજાણું કાંઈ?

સમેદશીખરના દર્શનથી પરિત સંસાર થઈ જાય, લ્યો! અરે..! ભગવાન! સમેદશીખર તો પરવસ્તુ છે. સાક્ષાત્ ત્રિલોકનાથ ચૈતન્યપ્રભુ સમવસરણમાં બિરાજમાન હોય, તોપણ કહે છે, જીવ તારો તારા ગુણના વર્તમાન પરિણામપણે ઊપજે. અમારા લક્ષને છોડ, લક્ષ કર જીવદ્રવ્ય ઉપર. એ જીવદ્રવ્ય જ એના જ્ઞાન, દર્શન ને આનંદના પરિણામપણે ઊપજે છે. આવી વસ્તુની મર્યાદા છે. મારે લઈને તારામાં ઊપજે અને તારે લઈને મારામાં ઊપજે, એવી વસ્તુના સ્વરૂપમાં દશા છે નહિ. આ તો સમજાય છે ને? અહીં તો ગુજરાતીમાં આવે એટલું હિન્દીમાં આવતું નથી. સમજાણું કાંઈ? તો ગુજરાતી શીખીને આવવું જોઈએ. (એક વિદ્વાને) એકવાર લખ્યું હતું, કે 'સોનગઢ' હિન્દીભાષી ઘણા જાય છે. મહારાજની કાઠિયાવાડી ગુજરાતી ભાષા છે તો હિન્દીમાં બોલાવતા હિન્દીમાં બરાબર આવતું નથી.

મુમુક્ષુ :- ઇતની કઠિન નહીં હૈ.

ઉત્તર :- ના, ના. એટલી કઠણ નથી. થોડો ખ્યાલ રાખે, થોડો અભ્યાસ કરે (તો આવડી જાય). અહીં તો દસ વર્ષના બાળકો શીખી જાય છે. બે મહિનામાં ગુજરાતી આવડી જાય છે. સમજાય છે કાંઈ?

**'એવી રીતે...'** હવે આવ્યું બીજું. એ જીવની એક દ્રવ્યની વાત કરી. હવે પાંચ રહ્યા અજીવ. ભગવાને જોયેલા છ દ્રવ્ય છે ને? સર્વજ્ઞ પરમાત્મા ત્રિલોકનાથ દેવે છ દ્રવ્ય જોયા. એમાં એક જીવની વાત કરી. હવે આવી અજીવની. **'એવી રીતે અજીવ પણ ક્રમબદ્ધ પોતાના પરિણામોથી ઊપજતું થકું...'** 'અજીવ પણ' શબ્દ છે ને? કારણ કે જીવની વાત તો કરી. એટલે ઉપરાંત અજીવ પણ. એટલે પણ શબ્દ લીધો. ઓલામાં પણની જરૂરત નહોતી. અજીવ પણ. આ પરમાણુ. જુઓ! આ પરમાણુ. શરીરના રજકણો, એ અજીવ પણ પોતાના ક્રમબદ્ધ પરિણામે ઊપજતું થકું. આ અવસ્થા આમ થાય, તે અવસ્થાની પર્યાય તેના ક્રમે આવેલી, એમાં એ પરમાણુ આવી ઊપજે છે. આત્મા એને

ઊપજાવતો નથી. સમજાણું કાંઈ? આ નજીકમાં ખોખું રહ્યું, કહે છે, એમાં આમ આમ થાય ને આમ આમ થાય ને આમ આમ થાય. આમ હલે ને આમ થાય, એ એની વર્તમાન કાર્ય દશા છે. જડની એ જ વર્તમાન એના ક્રમમાં આવવના કાળે સ્વકાળલબ્ધિ છે. આ દવા-બવા આપી શકતા નથી, એમ કહે છે. આ દવા નથી આપી શકતો. આ જગતના પણ અભિમાન. એક કરનારો હોય, વળી બીજો કહે કે હું એમાં કરું, ત્રીજો કહે હું કરું, એમ અનંતા કહે, હું કરું. એક કામના અનંતા ભાગીદાર. એમ હોઈ શકતું નથી.

'**અજીવ પણ...**' આ શરીરના રજકણો. અહીં તો પેલા કર્મના કાર્યમાં આત્મા નથી, અજીવનું કાર્ય જીવનું નથી એ સિદ્ધ કરવું છે. કર્મ જે બંધાય છે ને? જડ.. જડ. એ જડના રજકણોનું કાર્ય આત્માનું નથી એમ સિદ્ધ કરવું છે એટલે બધા દ્રવ્યની પહેલી વાત કરીને ઓલી સિદ્ધ કરશે. સમજાણું કાંઈ? એમ અજીવ એટલે શરીર, વાણી, મન જડ અહીંયાં છે ઈ, આઠ કર્મ, આ દાળ, ભાત, રોટલી, શાક, મકાન, હીરા, માણકે, કપડા, દાગીના, ઝવેરાત. દાગીનાને શું કહે છે? ઝેવર. એ બધી જડની અવસ્થા (એનાથી થાય છે). આ લાકડી લ્યો, લાકડી. જુઓ! આ લાકડી છે. લાકડી છે ને? અહીંયાં છે, જુઓ! અહીંયાં છે. કહે છે, આ ઊંચી થાય છે. એ ઊંચી થાય છે એ સમયની પર્યાય ક્રમબદ્ધ આવવાની હતી એમાં એ પરમાણુ ઊપજે છે કે આત્માએ આંગળી (આમ) કે આંગળીથી તે થઈ, આ આંગળીથી તે પર્યાય ઊપજી એમ નથી. સમજાણું કાંઈ?

દાળ, દાળ, લ્યો. તમારે તુવેરની દાળ હોય છે ને? શેની? મગની દાળ. દાળ હોય છે ને? દાળ એટલી કઠણ છે તો એ ચડે ત્યારે પોચી થાય છે ને? પીગળી જાય છે, પીગળી. તો કહે છે કે એ પોચી થવાની પર્યાય એમાં એ પરમાણુમાં એ સમયે તે પર્યાય આવવાની હતી એમાં ઊપજે છે. એ પાણીથી નહિ ને એમાં ઝેરણી નાખે છે ને? તુરની બહુ કઠણ દાળ હોય, તુવેરની દાળ બહુ કઠણ હોય ને? ખાર નાખે છે. ઝેરણી દ્વારા સરખી સદડી કરે. સદડીને હિન્દી ભાષામાં શું કહે છે? કોણ કરે? સાંભળ તો ખરો. અરે..! ભગવાન! તને પદાર્થનું જ્ઞાન નથી. એ પરમાણુનું દળ સ્કંધ છે, એ જ સ્કંધમાં એ પીગળી જવાની પર્યાય આવી એમાં પરમાણુ ઊપજે છે. ક્રમસર આવનારીમાં પરમાણુ ઊપજે છે. સમજાય છે કાંઈ? એ પરમાણુના પીગળવાના કાર્યને બીજા પાણીએ કે હાથે કે અગ્નિએ કર્યું, એ વસ્તુના સ્વરૂપમાં નથી.

ચોખા કાંઈ પાણી વિના ચડે? બેસી રહ્યો, લ્યો. ચોખા નાખીને. બાયુંને કહે, ચોખા રાંધજે. બેસી રહ્યો, મહારાજ કહેતા હતા કે પાણી વિના ચડી જાય. સાંભળને હવે. પાણી કોણ.. તારી તાકાત છે કે પાણીનો લોટો આમ એમાં નાખવો ને ઉપાડવો, એ શું તારી ક્રિયા છે? એ ક્રિયા તારાથી થાય છે? ત્રણકાળમાં નહિ. પાણી વિના ચોખા ચડે. ચોખાને શું કહે છે? ચાવલ કહે છે ને? એ ચોખાની કઠણ દશા છે ને? કાચા ચોખા, કાચા. એ જ ચોખાની કાચી પર્યાયનો વ્યય થઈને એ ચોખાના પરમાણુ ભાતપણે ઊપજે છે. પાણી એને ઊપજાવે છે, અગ્નિ ઊપજાવે છે, સ્ત્રી ઊપજાવે છે એ મિથ્યાદષ્ટિ માને છે. જૈન સર્વજ્ઞ ભગવાને પદાર્થનો સ્વભાવ કહ્યો એની એને ખબર નથી. સમજાણું કાંઈ? જગતથી બહુ ફેરફાર, ભાઈ! લ્યો, કરી દ્યો.

આ મોરપીછી પડી છે એની મેળાએ ઊંચી કરી દ્યો. મોટર ચાલે છે. મોટર પેટ્રોલ વિના ચાલે એમ સોનગઢવાળા કહે છે. અરે..! ભગવાન! મશ્કકરી ન હોય. સમજાય છે? તત્ત્વની મશ્કરી ન હોય. મોટરનો એક એક રજકણ અજીવ છે, માટી છે. એમાં પરમાણુમાં અનંતા ગુણો છે. જેમ આત્મામાં જ્ઞાન, દર્શન, આનંદ ગુણ છે એમ પરમાણુમાં રંગ, ગંધ, રસ, સ્પર્શ, ક્રિયાવતી શક્તિ, અસ્તિત્વ, વસ્તુત્વ, પ્રમેયત્વ એવી એક એક રજકણમાં અનંતા સામાન્ય શક્તિરૂપે ગુણ છે. એ દરેક ગુણ, '**અજીવ પણ ક્રમબદ્ધ પોતાના...**' એ અજીવમાં રહેલાં અનંતા ગુણો, એ રંગનો પલટો ખાય, કેરી લીલીની પીળા થાય, એ પરમાણુ પોતે પીળાપણે ઊપજ્યા છે. એ ઘાસમાં નાખી માટે ઘાસે એને ઊપજાવ્યા છે, એમ છે નહિ. સમજાણું કાંઈ? કઈ જાતનો નિયમ હશે આ? આમ તો ગોખી જાય, જીવ ને અજીવ ને આમ છે ને તત્ત્વ ભિન્ન છે ને નવેય તત્ત્વ જુદાં જુદાં છે, આમ માન્યતામાં ઠેકાણા ન મળે. તકરારું મોટી કરે. અત્યારે તો વાંધા ઉઠાવે છે. લ્યો, એની મેળાએ થઈ જતા હશે? જ્ઞાનાવરણી વિના આત્માની જ્ઞાનની પર્યાયમાં હાનિવૃદ્ધિ થાય છે? અરે..! સાંભળ તો ખરો. અહીંયાં હાનિની વાત જ ક્યાં છે? અહીં તો જ્ઞાનગુણ નિજ દ્રવ્યનું લક્ષ કરે છે તો જ્ઞાનગુણ પોતાની પર્યાયપણે ઊપજે છે. એમ જડ પરમાણુ જે કર્મપણે હતા એ કર્મપણે છૂટીને સાધારણપણે થયા, એ પર્યાયપણે એ પરમાણુ ઊપજ્યા છે. આત્મા જ્ઞાનપણે સમ્યક્પણે ઊપજ્યો માટે કર્મના પરમાણુને બીજી રીતે પરિણમવું પડ્યું એમ છે નહિ.

કર્મના પરમાણુ કર્મરૂપે થયા. કર્મ છે ને? કાર્ય છે ને? એની પરમાણુની વિભાવિક દશા છે ને? એ વિભાવદશા છૂટીને બીજી દશા થાય તો બીજી દશાપણે એ પરમાણુ ઊપજ્યા છે. અને જીવે રાગ-દ્વેષ કર્યો તેથી ત્યાં જ્ઞાનાવરણી, દર્શનાવરણીના પરમાણુને પરિણમવું પડ્યું એમ છે નહિ. એ કર્મ થવાને લાયક જે પરમાણુની વર્ગણાનો જે સમૂહ તો એ કર્મપણે તે કાળે એના ક્રમમાં કર્મપણે, વિભાવપણે તે કાળે તે પરિણમવાની લાયકાતથી પરમાણુ ઊપજ્યા છે. સમજાણું કાંઈ? શું છે? આ તો મોટી વાત છે. અહીં તો હવે શાંતિથી વાત ચાલે ને. ત્યાં તો બીજી વાત ચાલે. 'રાજકોટ'. કહો, સમજાય છે આમાં?

એવી રીતે અજીવ.. અહીં તો બધું નિમિત્તનું ઊડી જાય છે આમાં તો. નિમિત્ત એ કાર્યમાં અકિંચિત્કર થઈ જાય છે. અકિંચિત્કર થઈ જાય છે. નિમિત્તનો અર્થ જ અકિંચિત્કર છે. કિંચિત્ કાર્ય કરે તો નિમિત્ત રહેતું નથી. તો ઉપાદાન થઈ જાય. દરેક રજકણે રજકણ, આ લાકડી, આ જીભ, ભાષા, એ ભાષાના પરમાણુઓ એ ભાષાપણે પર્યાયપણે પરિણમે એ પરમાણુ તે પર્યાયપણે ઊપજે છે. જીવના વિકલ્પનું નિમિત્ત છે માટે ભાષાપણે પરિણમે છે એમ છે નહિ. સમજાણું કાંઈ?

અનંતને અનંતના કાર્યપણે પરિણમતો જો. શું કીધું? અનંત પરમાણુને એના અનંત સ્વતંત્ર પરિણામપણે ઊપજતો ભાળ. કોઈના પરમાણુના કાર્યને કોઈએ કર્યું કે જીવે કર્યું એમ પ્રતિભાસવું એ અજ્ઞાન છે, મિથ્યાભાસ છે એ જડ અને ચૈતન્યની એકતાની બુદ્ધિ છે. સમજાણું કાંઈ?

હવે, આ સ્ફટિકમણિમાં.. કીધું ને? સ્ફટિક મણિમાં કાળી, રાતી જે ઝાંય પડે છે ને? એ ફૂલને લઈને (પડે છે). અહીં કહે છે, ના. ફૂલ પૃથક્ દ્રવ્ય છે. સ્ફટિક જ પોતાના વર્તમાન કાળી, રાતી ઝાંયપણે પરિણમવાના પર્યાયપણે પોતે સ્ફટિક ઊપજે છે. ફૂલ મૂક્યા માટે કાળા, રાતાની ઝાંય પડે છે એમ છે નહિ. સમજાણું કાંઈ? અહીં તો હજી જીવ અને અજીવની પૃથક્ ક્રિયાઓ કેમ થાય એની વાત છે. ત્યાં તો આ કહે કે, અમે આમ કરી દીધું, અમે પાણી ગળીને પીએ છીએ ને અમે આ કરીએ (છીએ), એ બધા કાર્ય અમે કરીએ છીએ. પરમાણુએ પરમાણુ એક એક સ્વતંત્ર તેના અજીવ પોતાના પર્યાયપણે ઊપજતો ભાસ. એને ઠેકાણે તું (કહે કે), મેં આના પરિણામને ઊપજાવ્યા. બે દ્રવ્યની એકતા એટલે જડને ચૈતન્ય માનનાર મિથ્યાદૃષ્ટિ છે. સમજાણું કાંઈ?

જીવનું કહ્યું. એમ **'અજીવ પણ ક્રમબદ્ધ પોતાના પરિણામોથી...'** વળી કેટલાક એમ કહે છે, લ્યો, જીવ રાગ કરે તો કર્મ બંધાય, રાગ ન કરે તો ન બંધાય. પ્રત્યક્ષ વાત નથી? ના. તને ભાન નથી. એમ કહે, રાગ-દ્વેષ કરે તો કર્મ બંધાય. પણ એ કર્મના રજકણોના કાળે, કર્મ થવાને કાળે એ પરિણમી રહ્યું છે. રાગની અપેક્ષા રાખીને પરિણમે છે. એ વાત એમાં છે નહિ. અહીં તો નિરપેક્ષ આવશે ને? સમજાણું કાંઈ? જીવના રાગ-દ્વેષ છે માટે ત્યાં (કર્મ બંધાય છે એમ નથી). જ્ઞાનની અશાતના કરી માટે જ્ઞાનાવરણીને જ્ઞાનપણે પરિણમવું પડ્યું એમ વસ્તુમાં નથી. એ પરમાણુ જ એવા છે, જ્ઞાનાવરણીની પર્યાય પૂર્વે નહોતી પણ વર્તમાનપણે જે પરિણમી (એમાં) એ પરમાણુ જ્ઞાનાવરણીપણે ઊપજ્યા છે. એ રાગ-દ્વેષને કારણે જ્ઞાનાવરણી થયું છે એમ છે નહિ. બહુ ફેરફાર પણ, ભાઈ!

આ સિદ્ધાંતને નક્કી કરવા જાય તો કેટલા ભૂંસાડિયા વાળવા પડે. ભૂંસાડિયો સમજાણું? મીંડું વાળવું પડે કેટલીયે માન્યતાનું. અમે આ કર્યું ને આ કર્યું. જ્યાં ત્યાં અભિમાન.. અભિમાન. અરે..! પ્રભુ! વસ્તુ છે કે નહિ? અને વસ્તુ છે એ કાયમ ટકી રહેલી છે કે નહિ? અને ટકેલી વર્તમાનમાં કાંઈક કાર્યપણે પરિણમે છે કે નહિ? કાર્યપણે વર્તમાન ન પરિણમે તો એ વસ્તુ હોઈ શકે નહિ. એ પરમાણુ જ જ્ઞાનાવરણીના, દર્શનાવરણીના, મોહનીયના, આઠ કર્મના એના પર્યાયરૂપી કામ, જડનું પર્યાયરૂપી કામ, એ (પરમાણુથી થયું છે). બીજામાં એમ આવે, તેં જેવા પરિણામ આપ્યા એવા કર્મનું નામ પડ્યું. આવે છે ને? સમજાણું? ત્યાં તો કાંઈ નહોતું. પણ તેં જ્ઞાનની અશાતના કરી માટે જ્ઞાનાવરણીના (કર્મ બંધાયા). પણ એ તો નિમિત્ત-નૈમિત્તિક સંબંધ જણાવે છે. બાકી પરમાણુમાં, એક એક રજકણમાં કર્મ થવાને જ્ઞાનાવરણીની પર્યાય થવાને લાયક તે પણે એ પરમાણુ ત્યાં ઊપજ્યો છે. બીજા પરમાણુને લઈને નહિ અને અહીંયાં જ્ઞાનની અશાતના કરી માટે પણ નહિ. સમજાણું કાંઈ? પણ આવી જ્યાં દૃષ્ટિ થાય એને કર્મબંધન હોય નહિ અને નિમિત્ત થાય એવો ભાવ પણ હોય નહિ. સમજાય છે કાંઈ આમાં?

લ્યો, આ શરીરનું એમ છે, ભાઈ! એમના સાળા ગુજરી ગયા ને. શરીરનું એ થવાનું હતું એ ક્રમસર પરિણામમાં. એ પરિણામમાં એ ત્યાં આવવાની પર્યાય, દેહથી છૂટવાનો એ ક્ષેત્ર, કાળ. એ ક્ષેત્ર ને એ કાળ. એ વખતે શરીરના રજકણો છૂટા પડવાના

પરિણામપણે પરમાણુ ઊપજ્યા છે, પાણીને લઈને નહિ. આ વાત... સમજાણું? હમણાં થોડા વખત પહેલા.. 'દામનગર'નું ને? બે જણા પાણીમાં મરી ગયા. એક પહેલો ગયો, નાહી રહ્યો. બહાર આવ્યો, વળી કહે, લાવ થોડુ નહાઉં. નહાવા ગયો તો તણાણો. બીજો કહે, લાવ, હું જાઉં. બેય ગયા. એવા તો કાળ..

પરમાણુ પોતે વસ્તુ છે અને એનામાં એક ક્રિયાવતી નામનો ગુણ છે. તો એ પરમાણુને ક્ષેત્રાંતર થવાના પરિણામમાં પરમાણુ ઊપજે છે, કોઈએ ધક્કો માર્યો (એટલે થયું એમ નથી). આ લાકડી છે, જુઓ! આ લાકડીને આ લાકડીએ ધક્કો માર્યો માટે આ પર્યાયપણે આ લાકડું પરિણમ્યું છે એમ નથી. સમજાણું કાંઈ? આ વાત. આ વસ્તુ છે કે નહિ? અને વસ્તુમાં જે દશા થાય એની કોઈ શક્તિ છે કે નહિ? કે શક્તિ વિના અદ્ધરથી થઈ ગઈ? એ શક્તિ છે એટલે ગુણ છે એટલે કે ત્રિકાળી ભાવ છે. એ દ્રવ્ય પોતે પોતાની પર્યાયમાં ગુણની પર્યાયપણે, પરમાણુ પોતે ક્ષેત્રાંતર રૂપાંતર પરિણમે છે. એના પર્યાયના ઊપજવામાં બીજાનો કોઈનો અધિકાર નથી. બીજાએ એને ઊપજાવ્યા ને આમ કર્યું ને તેમ કર્યું. એક જણ તર્ક કરતા હતા. જુઓ! એક આખી ચીજ હોય, એને ભલે એક જરીક અહીં અડે, પણ એ આખાને પરિણમાવી દે. એમ કહેતા હતા. શું કીધું સમજાણું? એક ચીજને આખીને ફેરવવી પડે એમ નહિ. એક ભાગને આમ અડે એટલે ફડાક આખાને (ફેરવી નાખે). કેટલી તાકાત! સમજાણું? આમ થયું. અરે..! ભગવાન! આ તો બધા તારા કુતર્ક છે. એમ કે આખાને અડે તો જ ઊંચું થાય કે આઘુંપાછું થાય એમ નહિ. એના ખૂણાને જરી આમ કરે તો ફડાક (ફરી જાય). જુઓ! થોડા નિમિત્તો પરમાં કેટલા કામ કરે છે! અરે..! ભગવાન! ભૂલ્યો છો તું. ભગવાન ભૂલાની ખડકીએ ચડી ગયો છો. સમજાણું? અરે..! પ્રભુ! તું ભૂલ્યો છો. ભગવાનઆત્મા એ પરમાણુને આમ ધક્કો મારે ને આ લાકડીએ ધક્કો માર્યો માટે આઘો ચાલે (એમ નથી). તો પછી આ વિશેષ કાંઈક થયું એ સામાન્યે કર્યું કે આણે કર્યું? એ વિશેષની અવસ્થાપણે ઊપજેલા પરમાણુ છે. એ પરમાણુ. આ નહિ અને આત્મા નહિ.

એમ સ્વતંત્ર પદાર્થપણે ઊપજતો જોવે એની દૃષ્ટિ દ્રવ્ય ઉપર ગયા વિના રહે નહિ અને એની પર્યાય સમ્યક્ ને સમ્યગ્દર્શન-જ્ઞાન થયા વિના રહે નહિ. એનું નામ ધર્મ કહેવામાં આવે છે. (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## શ્રી સમયસારજી ગાથા– ૩૦૮ થી ૩૧૧

### પ્રવચન નં. ૨૮૨ (૧૩ મી વારના)

### તા. ૨૧–૯–૧૯૭૨, ગુરુવાર, જેઠ વદ–૪

'સમયસાર' 'સર્વવિશુદ્ધજ્ઞાન અધિકાર' ચાલે છે. પહેલી વાત થઈ ગઈ. પહેલા જીવની. મૂળ વાત જીવ... જડ અને જીવ બેયનું લેવું છે ને? મૂળ પાઠમાં બે શબ્દ પડ્યા છે. ક્રમબદ્ધ નામ ક્રમે થતાં પોતાના પરિણામથી. ક્રમે થતાં એવા પોતાના પર્યાયથી ઊપજતો થકો જીવ જ છે. આમ તો 'તત્ત્વાર્થરાજવાર્તિક'માં આવ્યું છે ને? ભાઈ! એ વાત પહેલી થઈ છે. અનાદિ બંધનબંધનત્વ પર્યાય. છ એ દ્રવ્યમાં એક એવો પારિણામિક ગુણ છે, છએ દ્રવ્યની અંદર (છે). જે પારિણામિક ગુણથી અનાદિ બંધનબંધત્વ પર્યાય. અનાદિ બંધન સંબંધ. એક પછી એક, એક પછી એક એવી અનાદિ બંધન સંબંધવાળો પર્યાયનો પારિણામિક ધર્મ પારિણામિક ભાવે વર્ણવ્યો છે. એ પારિણામિક ધર્મ જ એનો છે. છએ દ્રવ્યનો. એને એક પછી એક બંધન નામ સંબંધ જે હોય તે. આડીઅવળી નહિ. આ વળી ઢીલું કરે છે કે આમાંથી આમ પણ નીકળે ને ફલાણું નીકળે. સમજાણું કાંઈ?

આમ સાંકળ છે ને? સાંકળ. એને એક પછી એક બધા મકોડાને સંબંધ જ છે. મકોડા કહે છે ને? શું કહે છે? કડી.. કડી. આ કડી આમ હોય. અનાદિ બંધનબંધત્વ. છએ દ્રવ્યમાં એવો એક પારિણામિક નામનો ગુણ છે કે જ્યાં જીવ, ભવ્યત્વ અને અભવ્યત્વ પારિણામિક ભાવે વર્ણવ્યા ત્યાં છ શબ્દ પડ્યો છે એમાંથી તત્ત્વાર્થરાજવાર્તિકકાર 'અકલંકદેવે' એમાંથી કાઢ્યું છે કે આમાં પારિણામિક ભાવે ઘણા ગુણ છે. અસ્તિત્વ વગેરે.. વગેરે.. કર્તા ને ભોક્તા. એમાં એક પર્યાયિત્વ ધર્મ છે અને એક અનાદિ બંધનબંધત્વ ધર્મ છે. દરેક દ્રવ્યમાં એક પર્યાયિત્વ નામનો ગુણ છે. એ તો આપણે આમાં પણ આવે છે ને? 'પ્રવચનસાર'. જ્યાં સામાન્ય ગુણ લીધાં. પર્યાયિત્વ. ૯૫ ગાથામાં. પર્યાયિત્વ નામનો છએ દ્રવ્યમાં સામાન્યગુણ છે કે જે પર્યાયિત્વ એક પછી એક પર્યાયિત્વથી આમ થયા જ કરે અને એ અનાદિ બંધ-સંબંધ, અનાદિથી એક પછી એક, એક પછી એક એનો સંબંધ છે. એ રીતે પારિણામિકભાવે પર્યાય થયા કરે છે. સમજાણું કાંઈ? એવી વસ્તુની શક્તિ અને વસ્તુનો સ્વતઃ ગુણ છે.

એ જીવ ક્રમબદ્ધ એવા પોતાના પર્યાયથી ઊપજતો, દ્રવ્ય ઊપજતું થકું, દ્રવ્ય પર્યાયે તે.. તે.. તે.. તે... તે.. તે.. પર્યાયમાં આવતું થકું જીવ છે. એટલે કે તેમાં બીજા જીવ સિવાય બીજા જીવો અને બીજા અજીવો એના કાર્યગતમાં ક્રમમાં કોઈ ફેરફાર કરતું નથી. એ જીવ છે અને અજીવ નથી. પાંચ અજીવ દ્રવ્યો અને બીજા જીવો, એ એમાં છે નહિ. એના ક્રમબદ્ધના પરિણામમાં પોતે દ્રવ્ય આવીને ઊપજે છે. એ વાત ઘણી થઈ ગઈ.

'**એવી રીતે અજીવ પણ...**' એટલે પાંચે દ્રવ્યો. અજીવ પણ ક્રમબદ્ધ એવા. ક્રમે ક્રમે થતાં એક પછી એક થતાં, એક પછી એક પણ થવાના હોય તે થતાં, એવા પોતાના પર્યાયથી ઊપજતું થકું અજીવ જ છે. અજીવના પરિણામમાં જે પર્યાય ક્રમસર એક પછી એક થાય, તે તેમાંથી અજીવ ઊપજ્યું છે માટે તે અજીવ જ છે. એ જીવથી ઊપજ્યું છે એમ નથી. એ જીવ નથી. એમાં જીવનો અધિકાર જરીયે નથી. કહો, સમજાણું કાંઈ?

અહીં તો સિદ્ધ કરવું છે-કર્મની પર્યાયમાં. જે આઠ કર્મ છે એ આઠ કર્મની જે પર્યાય થાય છે એ એના ક્રમમાં એ પરમાણુના તે ક્રમમાં કર્મરૂપે થવાનો વિકારનો પર્યાય, તે પણે ઊપજતા તે પરમાણુ અજીવ જ છે. જીવના રાગ-દ્વેષનું અહીંયાં નિમિત્ત છે માટે ત્યાં પરમાણુ કર્મપણે ઊપજે છે એમ નથી. ઈ ભારે આકરું. સમજાણું કાંઈ?

જેટલા અજીવ છે એટલા બધા અજીવો ક્રમબદ્ધ... અજીવ પણ. માથે જીવનું લીધું એટલે (કહ્યું) અજીવ પણ ક્રમસર થતાં, ક્રમે થતાં, ક્રમવાળા જે પરિણામ તે કાળે થાય તે, પોતાના પરિણામથી ઊપજતું થકું એ કર્મ તે કર્મ જ છે. એ અજીવ જ છે. એને આત્માના રાગ-દ્વેષની અપેક્ષા છે તો આ પરિણમે છે, એ પરમાણુ કર્તા અને કર્મની પર્યાયરૂપી કાર્ય, એમાં રાગની અપેક્ષાથી નિરપેક્ષ છે. રાગની અપેક્ષા છે નહિ. આ વાંધા ભારે નડે. સમજાય છે કાંઈ? સમજ મેં આતા હૈ કિ નહીં? રાગ-દ્વેષ ન કરે? રાત્રે કોણ પૂછતું હતું? ભાઈ! રાગ-દ્વેષ કરે અને એનાથી ન થાય? ન બંધાય? પોણ કોનામાં બંધાય? એ પરમાણુઓ એ જાતની પર્યાયના ક્રમમાં જે અનાદિ બંધનની પર્યાયનો સંબંધ (છે), એમાં એ જ પર્યાયપણે તે દ્રવ્ય ઊપજે (છે). એ દ્રવ્ય કર્તા અને તે પર્યાય તેનું કર્મ (છે). એ કાળે તે પર્યાય તેનું કાર્ય છે. બીજે કાળે બીજું અને ત્રીજે કાળે ત્રીજું. એ નિરપેક્ષપણે કર્મ પરમાણુઓ વિકારપણે વિભાવપણે પરિણમે છે. એમાં જીવના રાગની અપેક્ષા છે નહિ. નિશ્ચયમાં અપેક્ષા છે નહિ. આ નિશ્ચયનું વર્ણન છે. સમજાણું કાંઈ?

એમ જીવ પણ વિકારપણે પરિણમે છે, એ જીવ વિકારપણે પરિણમતો, એમાં પણ કર્મના ઉદયની અપેક્ષા નથી. સમજાણું કાંઈ? પણ અહીંયાં જીવ આત્મદ્રવ્ય, એ દ્રવ્યનું

અકર્તાપણું બતાવવું છે. એટલે આત્મા પોતે જે પરિણામે પરિણમે છે એમાં પરના પરિણામને પરિણમાવે કે પરના પરિણામથી પરિણમે એમ નથી. તેથી દૃષ્ટિ પરથી ઊઠી ગઈ અને સ્વદ્રવ્ય ઉપર દૃષ્ટિ થઈ. એટલે સ્વ જ્ઞાયકના સામાન્ય દ્રવ્ય ઉપર ધ્યેય-લક્ષ જતાં એ દ્રવ્ય પરિણમે છે, ભલે એ કાળે નિર્મળ જ્ઞાન, દર્શન, આનંદ આદિ અનેક ગુણોના પરિણામપણે પરિણમતો એ જીવ જ છે. રાગપણે જરી થાય છતાં તેનો તે કાળે જ્ઞાતા-દૃષ્ટા છે. સમજાણું કાંઈ? આ તો મહાસિદ્ધાંત. 'સર્વવિશુદ્ધજ્ઞાન અધિકાર' (છે). એકદમ ચોટલી-મોક્ષની ચૂલિકા.

ત્યારે માણસને એમ થાય કે પણ આવું હોય તો પછી થઈ રહ્યું, આપણે પુરુષાર્થ કરવાનો તો કાંઈ રહેતો નથી. એમાં એક જણે કહ્યું, અનંતા ગુણોના ક્રમપણે પરિણામ થાય, શ્રદ્ધાગુણના પરિણામ પણ ક્રમે થતાં આત્મા તેના પરિણામે ઊપજે. જ્ઞાનપણે ઊપજે, શ્રદ્ધાપણે, ચારિત્રપણે, આનંદપણે, અસ્તિત્વપણે, વસ્તુત્વપણે (ઊપજે) તો એમાં શ્રદ્ધાની શક્તિને વિકાસવાનો અવસર પણ એમાં રહેતો નથી. કહો, સમજાણું? પણ એ બધાં એમાં આવી ગયા. એક જીવદ્રવ્ય એમ લક્ષમાં આવતાં એનો સ્વભાવ વર્તમાન પરિણામ શુદ્ધ ચૈતન્યની પર્યાય શ્રદ્ધા, જ્ઞાન, શાંતિપણે જ એ પરિણમે છે. એવો જ એનો સ્વભાવનો પુરુષાર્થ થાય છે. અનંત ગુણોનો ક્રમ છે. એક જીવમાં જેટલા ગુણો છે તે બધાની પર્યાય ક્રમસર એમાં થાય, એમાં આત્મા ઊપજે. એમ આત્મા ઊપજે એમ નક્કી કરવા જાય ત્યાં એના પરના અનંત પદાર્થોના કાર્યનું અહંપણું ઊડી જાય અને એની દૃષ્ટિ જાય દ્રવ્ય ઉપર. એટલે રાગ અને પરનો પણ કર્તા રહેતો નથી. એ અકર્તા થયો. એનું નામ જ સમ્યગ્દર્શન અને જ્ઞાન છે. સમજાય છે કાંઈ?

સાત તત્ત્વની શ્રદ્ધા તે સમ્યગ્દર્શન કહ્યું. 'તત્ત્વાર્થશ્રદ્ધાનં સમ્યગ્દર્શનં.' એમાં ઈ આવ્યું આ. તત્ત્વાર્થ શ્રદ્ધાનં સમ્યગ્દર્શનં. એમાં મોક્ષતત્ત્વ આવ્યું. મોક્ષ એ તો અરિહંત અને સિદ્ધ કેવળજ્ઞાનીનું લક્ષણ છે અને એ કેવળજ્ઞાનનો પર્યાય જે કાંઈ ત્રણકાળ ત્રણલોકને જેમ જાણે છે તેવો એનો પર્યાયનો ધર્મ છે. હવે એ મોક્ષતત્ત્વના પર્યાયની શ્રદ્ધા કરવા જાય, મોક્ષપર્યાયની શ્રદ્ધા કરવા જાય તો એકલી પર્યાયની પર્યાયને આશ્રયે શ્રદ્ધા થાય નહિ. કારણ કે મોક્ષ તો પોતાને છે નહિ. એટલે પૂર્ણ કેવળજ્ઞાન આવું હોય, એ મોક્ષપર્યાયની શ્રદ્ધા કરવા જાય ત્યાં એની દૃષ્ટિ મોક્ષસ્વભાવરૂપ મોક્ષ છે એવા આત્મા ઉપર દૃષ્ટિ જતાં એને સમ્યગ્દર્શન થાય અને એને મોક્ષતત્ત્વની શ્રદ્ધા સાત તત્ત્વની (કરી) એમાં આવી જાય. સમજાણું કાંઈ? બહુ પણ ભાઈ! એ જાણે કે આ કંઈક જુદો વિષય છે

અને પેલો વળી જુદો હશે. સાત તત્ત્વની શ્રદ્ધા એ તો એની એ વાત છે. તત્ત્વાર્થ શ્રદ્ધાનં સમ્યગ્દર્શન કહો, ક્રમબદ્ધમાં અકર્તાપણાની શ્રદ્ધા અને જ્ઞાન કહો, બેય એક જ વાત છે. સમજાણું કાંઈ ? પણ મૂળ ચીજ જે છે એ રીતે જ એની અવસ્થા થાય અને આ દ્રવ્ય આ છે અને ગુણ પણ એ પ્રમાણે પરિણમે એવી વ્યવસ્થિત વસ્તુને ખ્યાલમાં, પ્રતીતમાં લે નહિ ત્યાં સુધી આડુંઅવળું કરવાની એની બુદ્ધિ ટળે નહિ. અને આડંઅવળી કરવાની બુદ્ધિ કર્તૃત્વબુદ્ધિ અને મિથ્યાદષ્ટિ છે. સમજાણું કાંઈ? પણ એ વાત અત્યારે તો બહુ બીજી રીતે ચડી ગઈ ને કે અહીંનું ક્રમબદ્ધ એટલે આપણે એનું ખોટું પાડવું. સમજાણું?

આમ વસ્તુ, છ દ્રવ્યો, આમ સત્તા, વસ્તુની સત્તા પડી છે. એની શક્તિઓ સત્ છે અને પર્યાયનું-અવસ્થાનું, દ્રવ્યનું પરિણમન દ્રવ્ય પોતે ત્યાં ઊપજે એમ નક્કી કરવા જાય ત્યાં તો સ્વભાવની દૃષ્ટિ થઈને અકર્તા દૃષ્ટિ થાય અને જ્ઞાતા દૃષ્ટિ (પ્રગટ થાય). અસ્તિપણે જ્ઞાતા અને નાસ્તિપણે અકર્તા. એનું નામ જ તત્ત્વાર્થ શ્રદ્ધાનં સમ્યગ્દર્શન છે. સમજાણું કાંઈ? હવે મૂળ ચીજ છે એની જ હજી શ્રદ્ધા અને કેમ એનો વિષય છે એની ખબર ન મળે ત્યાં શું તકરારે કાંઈ વાત પાર પડે એવું નથી.

અજીવ પણ.. આના વિના થાય નહિ. આ શરીરના પરમાણુ પણ એને કારણે એ પર્યાયપણે પરમાણુ પોતે દ્રવ્ય પર્યાયપણે ઊપજે છે. દ્રવ્ય પર્યાયપણે વર્તમાન (ઊપજે છે). ત્રિકાળ વર્તમાનપણે ઊપજે, ત્રિકાળ વર્તમાનપણે ઊપજે, ત્રિકાળ વર્તમાનપણે ઊપજે. આ શરીરની પર્યાય આમ થાય એમાં ત્રિકાળી પરમાણુ આમ પણે ઊપજે છે. આત્માની ઈચ્છા અને જ્ઞાનને કારણે નહિ. સમજાણું કાંઈ? હવે એમાં આ દવાના પડીકા ને આ મોટા સંચા ચાલે એમાં પેલો માણસ ચલાવે ત્યારે ચાલે. ફડાક ફડાક ચાલવા મંડે, લ્યો. જ્યાં... ત્યાં બંધ થઈ જાય. ફડાક બંધ થઈ જાય. અંજવાળુ બંધ. હમણાં તો થાય છે ને? ઘડીકમાં બંધ થઈ જાય અને ઘડીકમાં અંજવાળું થઈ જાય. અંજવાળુ કોને લઈને થાય? કહે છે કે અહીંના પરમાણુ જે કાળી પર્યાયપણે વર્તમાનમાં દ્રવ્ય ઊપજતું હતું એ બીજે ક્ષણે વર્તમાન ઉજળાપણે એ દ્રવ્ય ઊપજ્યું છે. એ દીવાને લઈને નહિ. સમજાય છે કાંઈ? અરે..! આ જગતને તત્ત્વ, વસ્તુ અને વસ્તુનું વર્તમાન, વસ્તુ અને વસ્તુની શક્તિઓ ત્રિકાળ, પણ એનું વર્તમાન.. વર્તમાન, વર્તમાન વર્તતું એનું સ્વરૂપ શું છે? કે દરેક પરમાણુ પોતાની વર્તમાન પર્યાયપણે પોતાને કારણે પરની દીવાની અપેક્ષા વિના, એ અંજવાળાપણે પરમાણુ પરિણમે છે. સમજાણું કાંઈ?

આ હથોડી ઊંચી થાય કે નહિ? શું તમારે આમ આમ કરે ને? વાસણમાં નામ લખે.

કહે છે કે એ ટાંકણું અને ટાંકણા ઉપર હથોડી, બેય, એ ટાંકણું આમ આમ થાય એને હથોડીની અપેક્ષા નથી. અને અક્ષર પડે એને ટાંકણાની અપેક્ષા નથી, એમ અહીં તો કહે છે. એ ત્યાં ત્યાં તે પરમાણુઓ પીત્તળ કે ત્રાંબાના વાસણના આમ હતા એ આમ ખાડાપણે થવાના પર્યાયપણે તે પરમાણુ ઊપજ્યા છે. સમજાણું કાંઈ? એક ફેરી કીધું હતું ને? ત્યાં હતા-'મોલડી.. મોલડી'. આ તમારી મોલડી. 'ચોટીલા'થી નહિ? મોલડી ને? આમ સડક ઉપર છે. પેલો નહોતો કો'ક ભરવાડ હતો? કોણ હતું? ભગત હતો ને? ભગત અને ભગતની વહુ. ઈ ભગત તો ગુજરી ગયા. તે દિ' આપણે ઉતર્યા હતા. ત્યારે ત્યાં ઉતર્યા હતા. બપોરે વ્યાખ્યાન ચાલ્યું. પછી મોટી મોલડી છે ને આઘી જરી. એમાં એક ખોજો હતો અને એક હતો લુહાર. પેલા કહે, અહીં મહારાજ આવ્યા છે, ચાલોને ત્યાં. ઘણાય મહારાજ (આવે છે), પણ આ મહારાજ કહે છે કે હથોડી હાથથી ઉપડે નહિ, એવા મહારાજ છે આ. 'મોલડી', હોં! કઈ સાલ? તમારું ગામ છે ને ઈ? પછી કાંઈક લાડવા વહેંચ્યા હતા. મોટી મોલડીવાળા (કહે), મહારાજ તો ઘણા આવે છે પણ આ લુહારને કહે છે, તારી હથોડી આમ આમ થાય એ તારા હાથથી થાય નહિ. અને એરણ ઉપર હથોડી પડે, એ હથોડી પડે માટે ત્યાં દાગીનો થાય એમ નહિ. ઈ એમ કાંઈક કહે છે. વ્યાખ્યાન સાંભળવા જાવું, કહે. વ્યાખ્યાન પૂરું થયા પછી આવ્યા. થોડું છેટું છે ને.

અરે..! ભાઈ! આ વાત તો અનાદિની એમ જ થઈ રહી છે. નવી નથી. કોઈ માને કે આ વળી નવું કાઢ્યું. એમ વળી કેટલાક કહે. નવું નથી. અનાદિ પદાર્થ પોતાનો વર્તમાન જે પર્યાય (છે), તે વર્તમાનપણે પોતે પરિણમી રહ્યો છે. એ પરિણમાવનારને બીજું થાતું હતું અને આ નિમિત્ત આવીને બીજું થાય એમ છે નહિ. અજીવ પણ ક્રમબદ્ધ એવા..

આ જુઓ! હોઠ હલે છે. આ હોઠ હલે, જીભ હલે એ પોતના ક્રમબદ્ધ એવા પરિણામમાં એ પરમાણુઓ પોતે ઊપજે છે. આત્માની ઈચ્છાને કારણે નહિ અને આત્માને જ્ઞાનને કારણે નહિ. ત્યારે કહે, હવે નહિ બોલીએ. અમારાથી તમને લાભ ન થતો હોય (તો નહિ બોલીએ). એક પ્રશ્ન કર્યો હતો. તમે નિમિત્તથી કાંઈ માનતા નથી? ના. તો નહિ બોલીએ. કારણ કે તમે તો માનો છો કે પરથી લાભ ન થાય. પણ બોલે કોણ ને ન બોલે કોણ? એ તો પરમાણુઓ તે કાળ તેની ભાષાની પર્યાયપણે ઊપજવાના હોય એનો ભણકાર અને રણકાર વાગે છે. આત્માને કારણે નહિ. આ કહે, હું હવે મૌન રહીશ. એ મૂઢ છે. કારણ કે પરમાણુ એની પર્યાયપણે પરિણમવું છે એને કહે છે કે મારે હવે હમણાં પરિણમાવવા નથી. મૌન રહેવું છે મારે. પરમાણુને એ રીતે (પરિણમાવું). તું

પરિણમાવી શકે છો તે ન પરિણમાવી શક? સમજાણું કાંઈ? બદલાવી શકતો હોય એ એમ માને કે હવે હું એને નહિ બદલાવું. એટલે અત્યાર સુધી હું બદલાવું છું. સમજાય છે કાંઈ?

ઘણા એમ કહે, જો આવી તત્ત્વની બહુ ઊંચી વાતું કરે અને વળી પાછા મંદિર (બનાવે), વળી મોટા હાથી (બોલાવે).. આવું તો થાય છે. અંદરમાં કાંઈક બીજું છે અને બહારમાં કાંઈક બીજું છે. એમ લોકો માને. અરે..! ભગવાન! ઈ કોણ ઊપજાવે ન્યાં? તને ખબર છે? આ મંદિરના પરમાણુઓ તે સમયે તે પર્યાયપણે ઊપજવાને લાયકપણે ઊપજે છે. જોડેવાળો જીવ છે માટે ત્યાં મંદિર થાય છે એમ ત્રણકાળમાં નથી. (લોકોને) વાત બેસતી નથી. સમજાણું? હાથી લાવ્યા ને આ ઘોડા આવ્યા ને આ સામાન આવ્યો ને આ ફલાણું આવ્યું.. ઈ કાંઈ ઈચ્છા વિના આવતું હશે? અહીં કહે છે કે ઈચ્છા વિના તેને કારણે તે કાળે ઊપજતી પર્યાય પરિણમી રહી છે. મનમાં માને કે આનાથી ધર્મ થાતો નથી પણ લોકોને વાળવા આ બધું ઊભું કરે છે. મોટા મોટા મંદિરો ને મોટી મોટી પૂજાઓ (કરાવે છે). કોણ કરે પણ ? અને વળી બીજા એમ કહે, અમે આવું નથી કરતાં. એવા મંદિરો અમે ન કરીએ, એમાં હિંસા થાય. એટલે અમારે એ કરવા નથી. તે તું કરી શકતો હતો? એ કર્તાબુદ્ધિ થઈ પાછી. સમજાણું કાંઈ? એ કર્તાબુદ્ધિ છે. અમે નહિ કરીએ, એમાં હિંસા થાય છે ને એમાં આ થાય. અમે ન કરીએ. ઈ કરે છે. ઈ કરે છે એ વાત પણ ખોટી અને અમે નહિ કરીએ એ પણ પરની કર્તાબુદ્ધિ જ છે. સમજાણું કાંઈ?

તે કાળે તે પરમાણુના સ્કંધ તે પર્યાયપણે મંદિરના, ભગવાનની મૂર્તિના, પૂજાના આઠ પુણ્યના હોય છે ને? શું કહેવાય? અષ્ટ દ્રવ્ય. અષ્ટ દ્રવ્ય વડે હું પૂજા કરું. સાંભળને! એ આઠ દ્રવ્યના પરમાણુ એની પર્યાયપણે પરિણમતા ત્યાં આવે છે. આત્માની ઈચ્છાને લઈને આઠ દ્રવ્ય સ્વાહા... એમ થાતું હશે ? સ્વાહા કહે ને? સ્વાહા. સ્વાહા કોણ કરે? દ્રવ્ય કોણ મૂકે? કહે છે કે, દરેક અજીવ પોતાના ક્રમે આવેલા પરિણામની પર્યાયપણે અજીવ ઊપજે છે. એને બીજો કોઈ ઊપજાવી શકતું નથી. આ બુદ્ધિ બેસવી અંદર અને એના પડખાં પાછા કેટલા અને કેવા પ્રકારના, એને બેસે નહિ. સમજાણું કાંઈ?

**'એવી રીતે અજીવ પણ ક્રમબદ્ધ પોતાના પરિણામોથી...'** બધું આવી ગયું, હોં! આ મંદિર, આ વાણી. સમજ્યા ને ? કાલે દાખલા આપ્યા હતા ને? દાળ, ભાત, શાક, આ ઊનું પાણી. અગ્નિ આવે તો પાણી ઊનું થાય. નહિ. એ જડના પરમાણુ જે છે તે ઉષ્ણપણે પરિણમતા પોતાની પર્યાયમાં ઊપજે છે. એ અગ્નિથી ઊપજતાં નથી. કોણ જાણે શું થઈ ગયું છે ને. બસ, આના વિના થાય નહિ, આના વિના થાય નહિ. લાવો,

ભાઈ! દેખો આ ... અગ્નિ વિના બળશે? કપડું અગ્નિ વિના એની મેળાએ બળશે? અગ્નિ આવે તો ફટ ફટ કરતું (બળવા મંડે). કોણ કહે છે કે અગ્નિથી સળગે છે? એ પરમાણુ પોતાની ઉષ્ણ પર્યાયપણે તે કાળે પરિણમે છે. ઠંડીપણે ઊપજ્યું તોપણ પરમાણુ અને ઉષ્ણપણું ઊપજે તોપણ પરમાણુ (છે). અગ્નિથી એ ઉષ્ણપર્યાયપણે ઊપજ્યા એ વસ્તુમાં છે નહિ. સમજાણું કાંઈ? શું હશે આ બધું ? કોઈ ઈશ્વર હશે અંદર કરનારો? ના, ના. કોઈક વળી પ્રશ્ન કરતો હતો, આ તમે ના પાડો છો, ત્યારે કોઈ કરનારો બીજો ઈશ્વર હશે? જડમાં વર્તમાન પર્યાયપણે પરિણમવું એવી તાકાતને જોતો નથી એટલે કો'ક એનો કરનાર (છે, કો'ક એનો કરનાર (છે).

કુંભાર ઘડાનો ઊપજાવનાર અમે ભાળતા નથી, એમ અહીં કહે છે. કેમકે ઘડાના પરમાણુઓ ઘડાની પર્યાયની આકૃતિ અને તે પ્રકારના રસ, ગંધ, સ્પર્શની પર્યાયના રૂપાંતરપણે એ પરમાણુ ઊપજે છે. કુંભારનો હાથ પણ નહિ અને કુંભારની ઈચ્છાથી ઘડો થતો જ નથી. આ વાત! સમજાણું કાંઈ? આ તો એકાંત થઈ જશે, વળી એમ કહે. આચાર્યની પાસે જા અને એને કહે કે આવું તમે માનો છો તો એમાં એકાંત થઈ જશે. એક ફેરી વાત થઈ હતી ને? ૮૦ થી ૮૨ ગાથા. ૮૧-૮૧-૮૨ છે ને 'સમયસાર'ની? એની વાત ઘણા વર્ષ પહેલાં થઈ હતી. એ લોકો એમ કહે, જુઓ! શાસ્ત્રમાં તો આમ છે કે નિમિત્તથી કર્મ બંધાય અને કર્મથી વિકાર થાય. એથી આઘી વાત કરવા જાઓ તો ગણધર પાસે જાઓ. ન્યાંથી-એ બાજુથી વાત આવી હતી. ૮૦-૮૧-૮૨ ત્રણ ગાથા છે ને? જુઓને! આવી ગઈ છે ને. જુઓ! એ નીકળી, લ્યો! જુઓ!

'**जीवपरिणाहेदुं कम्मत्तं पोग्गला परिणमंति**' ૮૦ ગાથા છે. જીવ પરિણામનો હેતુ '**कम्मत्तं पोग्गला परिणमंति**' અને '**पोग्गलकम्मणिमित्तं तहेव जीवो वि परिणमदि**'. લ્યો, અહીં ચાલતાથી વિરૂદ્ધ બેય આવ્યા. ૮૦ ગાથા છે ને?

**જીવભાવહેતુ પામી પુદ્‌ગલ કર્મરૂપે પરિણમે;**
**એવી રીતે પુદ્‌ગલકરમનિમિત્ત જીવ પણ પરિણમે. ૮૦.**
**જીવ કર્મગુણ કરતો નથી, નહિ જીવગુણ કર્મો કરે;**
**અન્યોન્યના નિમિત્તથી પરિણામ બેઉ તણા બને. ૮૧.**
**એ કારણે આત્મા ઠરે કર્તા ખરે નિજ ભાવથી;**
**પુદ્‌ગલકરમકૃત સર્વ ભાવોનો કદી કર્તા નથી. ૮૨.**

**એ તો એ સિદ્ધ કર્યું. પણ પેલું આવ્યું ખરું ને ? 'हेदुं कम्मत्तं पोग्गला'**. પણ એ તો પૃથક્‌ની વાત કરે છે. સમજાણું કાંઈ? અહીં કહે છે કે, ના. એ તો ત્યાં નિમિત્ત કોણ હતું એનું જ્ઞાન કરાવે છે. બાકી પુદ્‌ગલ પોતાની પર્યાયપણે તે કાળે ઊપજે. આટલી વાત જો એને અંતર દૃષ્ટિના ખ્યાલમાં એ વાત આવે તો અનંતા થોકના થોક પરદ્રવ્ય પડ્યા છે એનો જ્યાં હોય ત્યાં હું.. હું.. ઊંડે ઊંડે થઈ રહ્યું છે એ બધું ટળી જાય. કહો, સમજાણું કાંઈ? હાથ, પગ, આ બધું જડ, આ પવન, આ ફલાણું, લૂગડાં, કપડાં, દાગીના, પેલો સોની બિચારો આમ આમ કરે, મહેનત કરે ત્યારે દાગીનો સરખો થાય. ઘસે, અતરડામાંથી સળિયો કાઢે ને. અતરડો હોય ને ? અતરડો. અતરડો કહે છે? શું કહે છે? પાતળો બનાવે છે. જંતરડો. જંતરડામાંથી રૂપાના પાતળાં સળિયા હોય ને? એવા સુંવાળા પાતળા એમાંથી બનાવે. આમ શી રીતે ઘડી ઘડીને થાય. નહીંતર પેલા કાણાંમાં નાખીને ખેંચે ત્યારે એ થાય. કહો! અહીં કહે છે કે એ પ્રત્યેક એક એક પરમાણુ તે કાળે તેની પર્યાયપણે ઊપજે છે. જતરડાને લઈને નહિ ને પેલું બાંધીને ખેંચે.. સમજ્યા ને? એને લઈને નહિ ને હથોડીને લઈને નહિ. જગતનું ઊંધું... 'શ્રીમદ્' લખે છે ને, લોકસ્થિતિ જ એવી છે કે જગતને ભ્રમણા ઊપજાવે. લોકની રચના જ્યાં જ્યાં પરમાણુ અને જીવ પોતાથી પરિણમે ત્યાં ત્યાં સંયોગ દેખીને માને છે કે આનાથી (થાય છે). લોકસ્થિતિ અસત્યનો આગ્રહ કરાવે એવી ઊભી છે. સમજાણું કાંઈ?

એમ અજીવ પણ ક્રમબદ્ધ એવા પોતાના પરિણામથી (ઊપજે છે). એ ક્રમબદ્ધ એવા એમાં આવી ગયું. પેલામાં હતું ને એવા. **'ક્રમબદ્ધ પોતાના પરિણામોથી ઊપજતું થકું અજીવ છે...'** એટલે? જેટલા પાંચ જડ દ્રવ્યો છે, એ પોતાના વર્તમાન પરિણામે ઊપજતાં તેનો સ્વામી તે જડ છે અને જડ તેનો કર્તા ને જડ તેનું પરિણામ તેનું કર્મ એ અભેદ છે. બીજો કોઈ એનો કર્તા અને બીજું કાંઈ એનું કાર્ય એમ વસ્તુમાં છે નહિ. **'કારણ કે...' 'જીવ નથી..'** એમ કીધું.

**'જેમ (કંકણ આદિ પરિણામોથી ઊપજતા એવા) સુવર્ણને...'** દાખલો પણ કેટલો સરસ આપ્યો છે! જેમ કંકણ.. કંકણ.. શું કહેવાય? કુંડળ. સમજાણું? કડું, કુંડળ, વીંટી **'આદિ પરિણામોથી ઊપજતા એવા...'** ઊપજતા એવા **'સુવર્ણને...'** એ સોનું તે પર્યાયપણે ઊપજે છે. સોની એને ઊપજાવે છે એમ નહિ. દૃષ્ટાંત પણ કડક છે. સમજાણું કાંઈ? જેમ **'સુવર્ણને કંકણ આદિ પર્યાયો સાથે તદાત્મ્ય છે...'** કેમ? કે એ સુવર્ણને

કંકણ આદિની પર્યાય સાથે એકરૂપતા છે અને એનાથી તે ઊપજે છે. સમજાણું કાંઈ? અહીં તો દાખલો કંકણનો આપ્યો. એમ ઘડો, એમ મકાન, એમ દરેક વસ્તુ. શીશપેન. શીશપેન છે ને? શીશપેન. અણી કાઢે ત્યારે સરખી નીકળે કે નહિ? ત્યારે શું કરવા સંચા રાખો છો? એની મેળાએ નીકળી જાશે. કહે છે કે, ના. એ પરિણામપણે ઊપજતા તે પરમાણુઓ તે તદાત્મ્યરૂપે તે અજીવ જ છે. કહો, આ દાખલામાં કારીગરને ઊડાવી દીધો છે. કારીગર સોનાનું પરિણામ ઊપજાવે છે એમ નથી. એમ લોઢાના પરિણામને, તાવેથા આદિના જે પરિણામ થાય.. તાવેથો સમજો છો? તાવેથો.. નહિ? તવો નહિ તાવેથો. આટલો હોય છે ને? ખુરપી. એ લોઢાની પર્યાયપણે, એ તાવેથાપણે એ પરમાણુ ઊપજ્યા છે, એના કારીગરે ઊપજાવ્યા છે એમ છે નહિ. પહેલા આવતા ને? લુહારિયા, લુહારિયા બહુ આવતા. ગાડા લઈને લુહારિયા ગામોગામ (આવતા). એને બાધા હતી ને કે અમુક .. વિના ચિતોડ ન જાવું. હવે પાછા ચિતોડ ગયા. લુહારિયા. જ્યાં ત્યાંથી લોઢા ગોતીને કરતા. કહે છે કે ના. એ સુવર્ણના કંકણ આદિ પરિણામની સાથે એ સોનાને તદ્રૂપતા છે. એમ દરેક જડના કામ થાય એ બધા (લઈ લેવા).

'**તેમ સર્વ દ્રવ્યોને પોતાના પરિણામ સાથે તાદાત્મ્ય છે.**' લ્યો, આ વિષય લીધો. સમજાણું? જેમ સોનું, લોઢું આદિની પર્યાયથી ઊપજતાં એવા સોના, લોઢાના પરિણામ સાથે તેને એકરૂપતા છે. '**તેમ સર્વ દ્રવ્યોને...**' આ દાખલો આપ્યો. સર્વ દ્રવ્યોને એટલે એમાં કોઈ બાકી ન રહ્યું. જીવ કે પરમાણુ કે સ્કંધ કે બધું. '**સર્વ દ્રવ્યોને પોતાના પરિણામ સાથે તાદાત્મ્ય છે.**' પોતાની વર્તમાન અવસ્થા સાથે તેની એકરૂપતા છે. એ પર્યાય અને પરિણામી બે એકરૂપપણે રહેલાં છે. બીજાની સાથે એનો કાંઈ સંબંધ છે નહિ. કહો, સમજાણું? સર્વ દ્રવ્યો. કંઈ બાકી (ન રહ્યું). સૂક્ષ્મ હો કે સ્થૂળ હો. સમજાણું ?

અહીં પંડિત હતા તો પ્રશ્ન કર્યો હતો કે આ ટેબલ છે. શું કહેવાય એને? આ લાકડાની નાની નાની.. (ટીપાય). એવું કાંઈક એનું નામ હિન્દી કહેતા. જુઓ! સુથાર વિના થઈ છે? હા. આ સુથાર નથી તોપણ એમ ને એમ રહી છે. જો સુથારથી થઈ હોય અને સુથાર જાય તો પડી જાય. એ તો બની ત્યારે સુથાર હતો કે નહિ? બની ત્યારે સુથાર હતો ને. મોટા પંડિત, હોં! મોટા ભણેલા. 'ધવલ'ના અર્થ કરનાર. સમજાણું કાંઈ? આ ટીપાઈ રહી, લ્યો. પહેલા સુથાર હતો ત્યારે આવું થયું છે કે નહિ? મેં કહ્યું, ના. મકાન કડિયો હતો તો થયું કે નહિ? કડિયો ગયો અને મકાન આમ ને આમ રહી ગયું છે. એ

વખતે પણ એના પર્યાયપણે ઊપજેલા અને અત્યારે ક્ષણે ક્ષણ પણ એના પર્યાયપણે એ ઊપજી રહ્યા છે. અરે..! આ વાત ભારે કઠણ જગતને. સમજાણું ? પંડિત (કહે), મારી આપત્તિ તમે સમજી ગયા. કીધું, સમજું છું. તમે શું કહેવા માગો છો. મારી આપત્તિ આ છે. એના વિના કેમ થાય?

અહીં કહે છે કે પર્યાયનો સ્વકાળ એનો જે જે છે તેના આકારપણે વર્ણ, ગંધ, રસના રૂપાંતરપણે એ પરમાણુ પોતે એ પર્યાયપણે ઊપજે છે. એ બીજો એનો ઊપજાવનાર (છે એમ નથી). ઉત્પાદ, વ્યય અને ધ્રુવ. એનો અર્થ શું થયો? છે કે નહિ? ઉત્પાદ કોને કહે છે? ઉત્પાદ એને કહે છે કે સંયોગ આવે તો એને ઊપજાવે. એવો અર્થ એમાં નથી. છે એમાં એવો અર્થ? દ્રવ્યમાં નવીન પર્યાયની ઉત્પત્તિને ઉત્પાદ કહે છે. લ્યો, એવો તો અર્થ જૈન સિદ્ધાંત પ્રવેશિકામાં ભર્યો છે. સમજાણું? અહીં ઉત્પાદની તો વાત ચાલે છે.

દરેક દ્રવ્ય-સર્વ દ્રવ્ય છે ને? સર્વ દ્રવ્યોના ઉત્પાદ કોને કહે? કે એ વસ્તુમાં પહેલી પર્યાય નહોતી અને નવીન પર્યાયના ઊપજવાને ઉત્પાદ કહે છે. પેલો સોની આવ્યો માટે કંકણ થયું એને ઉત્પાદ કહે છે, એમ છે? છ સામાન્યગુણ શીખે, ચાર અભાવ, છ.. બીજું શું છે તમારે? છ કારકો. લ્યો, સોળ થયા ઈ તો પાછા. કહો, સમજાણું કાંઈ? સામાન્યગુણો શીખે એમાં એ છ કારકો આવી જાય. ગુણ પોતે જ પોતાપણે કર્તા થઈને પરિણમે તો એક એક દ્રવ્યમાં ષટ્કારકો પડ્યા છે. દરેક દ્રવ્યમાં ષટ્કારકની શક્તિ-સત્તા અનાદિઅનંત પડી છે.

અહીં પણ એ કહે છે કે, સર્વ દ્રવ્યો પોતાના પરિણામપણે ઊપજ્યા એમાં કર્તા તે દ્રવ્ય (છે), એની પર્યાય તે તેનું કર્મ, એ જ સંપ્રદાન તરીકે પરિણમીને પોતે રાખ્યું છે. પોતે રાખ્યું છે. અને કરણ નામ પોતાના સાધન દ્વારા તે પરિણામ ઊપજ્યા છે. પરના સાધન દ્વારા નહિ. આ એમ કહેવા માંગે છે. સમજાણું કાંઈ? અને પોતાનો વ્યય પૂર્વની અવસ્થા થઈ, છતાં ધ્રુવનો આધાર અપાદાન ત્યાં રહ્યું છે. અને આધાર એ પર્યાયને ઊપજવા માટે તેનું દ્રવ્ય છે. બીજાના આધારે કોઈ પર્યાય ઊપજે એવું વસ્તુના સ્વરૂપમાં નથી. કહો, સમજાણું કાંઈ? એક પણ બોલને સરખી રીતે વિચાર કરીને સમજે તો એક ભાવ સરખો સમજે તો બધા ભાવ સરખા આવી જાય. એવો પાઠ છે. એક ભાવને બરાબર જાણે, જેમ છે તેમ, હોં! તો સર્વ ભાવને એવા સરખા જાણે. યથાર્થપણે જાણે તો બધું સરખું જણાય જાય. એક્કે વિપરીત વાતમાં કોઈ ઠેકાણું કરે નહિ ને ગોટેગોટા વાળે. એક વાત ખોટી તો બધી વાત એની ખોટી જ સમજાય. એના દાખલા ને એના તર્ક

ને એના કુતર્કમાં બધું ઊંધું જ આવે. સમજાણું?

જેમ સોનીના કારીગરે સોનાના પરિણામને કર્યું નથી. એમ લોઢાના પરિણામને, એમ આ કુંભાર ઘડાના પરિણામને, એમ રોટલીની પર્યાયને તે પરમાણુએ ઉપજાવ્યું છે. સ્ત્રી અને તાવડીએ ઊપજાવ્યું નથી. વાત ઈ છે કે સંયોગ વિનાનો હું છું, એમ દૃષ્ટિ થાય તો એને પર પદાર્થમાં પણ સંયોગ વિના કાર્ય થાય છે, એવી દૃષ્ટિ એની થઈ જાય. હું પણ એક સંયોગ વિનાનું તત્ત્વ છું. પરનો સંયોગ મારામાં છે નહિ. અને ખરેખર તો સંયોગથી થતો વિકાર પણ મારી ચીજમાં નથી. એમ જ્યાં દૃષ્ટિ થાય એટલે બધા પદાર્થો સંયોગ વિના સ્વતઃ કામ કરી રહ્યા છે. એકમાં બેઠું એને બધામાં બેસી જાય. સમજાણું કાંઈ? આ તો કહે, કર્મનો ઉદય હોય એ વિકાર કરાવે. અને વિકાર હોય એ આત્માને પાછો ધર્મ કરાવે. શુભભાવ પાછો ધર્મ કરાવે. તો એને સાચું માન્યું કહેવાય. કહો, સર્વવિશુદ્ધજ્ઞાન.

એકલો જ્ઞાનભાવ, જે પરજ્ઞેયોમાં અને સ્વજ્ઞેયોમાં વર્તમાન પર્યાયપણે જે દ્રવ્ય ઊપજી રહ્યું છે, એનું જ્ઞાન થતાં એ જ્ઞાતા-દૃષ્ટાનું ભાન થતાં એ વીતરાગના પંથે ચડ્યો છે. કહો, સમજાણું કાંઈ? કરવાનું બીજું નથી, કરવાનું આ છે. એને આ બહારના કરવાથી અહીં કાંઈક થાય તો અનેકાંત કહેવાય, નહિતર અનેકાંત કહેવાય નહિ.

'**સર્વ દ્રવ્યોને પોતાના પરિણામો સાથે...**' એટલે પર્યાય સાથે '**તાદાત્મ્ય છે. આમ જીવ પોતાના પરિણામોથી ઊપજતો હોવા છતાં...**' એ વળી શું કહે છે ? આમ જીવ પોતાના પર્યાયથી ઊપજતો હોવા છતાં. ઊપજવાનું કામ તો કરે છે ને ? એમ કહે છે. જીવ પોતાની પર્યાયપણે જ્ઞાન, દર્શન, આનંદ (આદિ) અનેક ગુણોના વર્તમાન અંશના પરિણામપણે અંશી અંશપણે પરિણમતો થકો, આવું હોવા છતાં '**તેને અજીવની સાથે કાર્યકારણભાવ સિદ્ધ થતો નથી.**' સમજાણું? પરિણમવાનું કામ તો કરે છે. કામ કર્યા વિના રહેતો નથી. તો કારણ ને કાર્ય, કારણ ને કાર્ય એમાં લાગુ પડે છે. એનો આત્મા કારણ અને પર્યાય એનું કાર્ય. તો પરના કારણ કાર્ય સાથે સંબંધ છે કે નહિ? આટલું હોય તો બીજાનું ભેગું કરે. સમજાણું? તેને અજીવની સાથે-આ કર્મ સાથે, શરીર સાથે, વાણી સાથે કાર્યકારણભાવ સિદ્ધ થતો નથી. આત્મા કારણ અને પરપદાર્થ એના કાર્ય, તે વાત સાબિત થતી નથી. આત્મા કારણ અને કર્મ તેની પર્યાયનું આત્માનું કાર્ય, એ વાત સિદ્ધ થતી નથી. અહીં કારણ-કાર્યનો સિદ્ધાંત સિદ્ધ કરે છે. પેલા કહે, નહિ. એ તો નિશ્ચયની વાત છે. પાછા જ્યાં વ્યવહાર કારણ-કાર્ય કહ્યાં એને માનશો કે નહિ? એની જરૂર જ

નથી, એમ અહીં કહે છે. આ નિશ્ચયના કારણ-કાર્ય જેણે જાણ્યા એને વ્યવહાર અંદર કેવો હોય એનું જ્ઞાન સ્વપરપ્રકાશમાં આવી જાય છે. નવું જ્ઞાન કરવું પડતું નથી. પણ વ્યવહારના કારણ-કાર્ય એકલા માને અને નિશ્ચયનું જ્ઞાન થઈ જાય એમ હોઈ શકે નહિ. સમજાણું?

**'આમ જીવ પોતાના પરિણામોથી ઊપજતો હોવા છતાં...'** એમ કે આવી રીતે કાર્ય તો કરી રહ્યો છે. જીવ કાર્ય સમયે સમયે કરી રહ્યો છે અને કારણ પણ પોતે કાર્યનો થાય છે. છતાં તેને અજીવની સાથે-શરીર, કર્મ, વાણી, બાહ્યના કોઈપણ પદાર્થ, અહીં મૂળ તો કર્મને સિદ્ધ કરવું છે, એની સાથે **'કાર્યકારણભાવ સિદ્ધ થતો નથી...'** વળી એમાં કોઈ લગાવે કે એ તો દ્રવ્યની વાત છે. તો આ શેની વાત માંડી છે ? અકાર્યકારણ શક્તિ છે ને ૪૭ માં ? એ અહીંથી કાઢેલી છે. અહીં મૂકી છે માટે ત્યાં કાઢી છે. આત્મામાં અકાર્યકારણશક્તિ છે. અકાર્યકારણ એવો એક ગુણ આત્મામાં છે. કે જે અકાર્યકારણ શક્તિવંત આત્માની દષ્ટિ થતાં જે અકાર્યકારણ દ્રવ્ય અને ગુણમાં હતું, એના પર્યાયમાં પણ અકાર્યકારણનો પર્યાય થઈ જાય છે. કે જે પરનું કાર્ય અને રાગ કારણ કે પર કારણે ને રાગ એનું કાર્ય, કે પર કારણ અને જ્ઞાન-દર્શનની નિર્મળ થયેલી પર્યાય કાર્ય, એ વાત રહેતી નથી. સમજાણું કાંઈ? **'કાર્યકારણભાવ સિદ્ધ થતો નથી.'** સિદ્ધ થતો નથી.

પરનું કારણ જીવ થાય અને પરના કાર્ય જીવ કરે કે પરના કારણરૂપે પર થાય અને પોતાનું જીવનું કાર્ય એ કરે, એવો કાર્યકારણભાવ સાબિત થતો નથી. વાતને ઊડાવી દીધી. સમજાણું કાંઈ ? પરની સાથે કોઈ કાર્યકારણભાવ સિદ્ધ થતો નથી. અજીવનું કોઈપણ કાર્ય જીવ કરે કે અજીવના કાર્યમાં જીવ કોઈપણ કારણરૂપે થાય એ વાત સિદ્ધ થતી નથી. કહો, આ ટીકા કરી હશે, આચાર્ય મુનિ છઠ્ઠે ગુણસ્થાને છે. વાણી ને વિકલ્પ ઊઠે છે. તો કહે છે, ના. એના કારણમાં હું નથી એટલે કે એના કાર્યમાં હું કારણ નથી અને મારા કાર્યમાં એ કારણ નથી. આવી વસ્તુની સ્થિતિ અંતરમાં વર્તી રહી છે. સમજાણું કાંઈ? (પાછા એમ કહે), એમ હોય નહિ. ભગવાનનો માર્ગ સાપેક્ષ છે. વળી એમ કહે. છાપામાં આવ્યું હતું. કેટલા વર્ષ પહેલાં કોઈએ પૂછ્યું હતું, સોનગઢવાળા લોકો આમ કહે છે. નામ આનું આપે. શું કહે છે? કે નિરપેક્ષપણે કાર્ય થાય છે. મહારાજ! આ વાત સાચી છે? નહિ, જૈનધર્મ સાપેક્ષ છે. એનો ઉત્તર એવો આપ્યો. સાપેક્ષ એટલે? બીજું હોય તો કાર્ય થાય. એ વાત સાપેક્ષ છે. અહીં કહે છે કે નિરપેક્ષ છે. પરની સાથે કારણકાર્ય ભાવ સિદ્ધ થતો

નથી. સમજાણું?

**'કારણ કે સર્વ દ્રવ્યોને અન્ય દ્રવ્ય સાથે...'** બધી ચીજોને બીજા પદાર્થ સાથે. એકને બીજા અનંત દ્રવ્ય સાથે **'ઉત્પાદ્ય...'** લ્યો, આ યોગ્યતા આવી. ઉત્પાદ્ય-થવા યોગ્ય અને **'ઉત્પાદક...'** કરનારો. ઉત્પાદ્ય-ઉત્પાદક. ઉત્પાદ્ય નામ ઊપજવાને લાયક, ઊપજવાને યોગ્ય. આ યોગ્યતા આવી કે નહિ આમાં? બધાં દ્રવ્યમાં ઉત્પાદ્ય અને ઉત્પાદક-કોઈપણ દ્રવ્ય ઉત્પન્ન થવાને લાયક અને બીજો એનો ઉત્પાદક, એવા ભાવનો **'અભાવ છે;...'** કહો, આ એક દ્રવ્યની વાત છે કે ત્રણકાળના અનાદિઅનંતની? કહો, અત્યારે સિદ્ધ ભગવાન ન્યાં રહ્યા છે એ આગળ ધર્માસ્તિકાય નથી માટે રહ્યા છે. પણ જાવું હતું ક્યાં? એનો સ્વયં ઉત્પાદ પર્યાયનો તે જ કાળ અને એ પ્રમાણે ત્યાં રહેવાનો છે. લોકોન પદાર્થ છે અને ઉત્પાદ્ય પોતાના ગુણની પર્યાયનું તે ક્ષેત્રમાં તે કાળે તે જ ઉત્પાદ છે. એને ધર્માસ્તિકાયને કારણે ત્યાં અવસ્થા અટકેલી છે એમ છે નહિ. જ્યાં ત્યાં એ બધું મૂકે. જુઓ! ધર્માસ્તિકાય અભાવાત્. પણ એ તો નિમિત્તથી, વ્યવહારથી વાત કરી છે. પરદ્રવ્યથી આમાં અટક્યું એ તો વ્યવહારની વાત છે. નિશ્ચયથી પોતે પોતાને કારણે ત્યાં ઉત્પાદ્ય થાય છે. પર એને ઉત્પાદ કરે, પરને પોતે ઉત્પાદ કરે એવું કોઈ દ્રવ્યના સંબંધમાં છે નહિ. વળી પાછું એમાં નીચે લખે, આવું જ્યારે લખે ત્યારે, આ નિશ્ચયની ઉપાદાનની વાત છે. નિમિત્તની વાત આવે ત્યારે નિમિત્તથી થાય. અરે..! ઈ ક્યાં વાત છે. એ તો નિમિત્તનું જ્ઞાન કરાવવા (કહ્યું છે). હેઠે લખે, ઘણાં લખે છે. પરમાનંદ ને એ બધા. આ ઉપાદાનની વાત છે. ઉપાદાન પોતે પોતાનું ઉત્પાદક. પણ બીજું નિમિત્ત ઉત્પાદક નથી અને પોતે નિમિત્ત હોય તો ઉત્પાદ્ય થાય એમ છે નહિ. એમ તો અહીં વાત સિદ્ધ કરે છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ..

ઉત્તર :- અન્ય દ્રવ્ય કહો કે નિમિત્ત કહો કે સંયોગ કહો. આ શું કહે છે?

**'કારણ કે સર્વ દ્રવ્યોને...'** એક દ્રવ્ય સિવાય બીજા બધા દ્રવ્યને. બીજામાં એક સિવાય બીજા બધાં દ્રવ્ય. એને અન્ય દ્રવ્ય સાથે-નિમિત્તની સાથે-સંયોગની સાથે ઉત્પાદ્ય નામ ઊપજવાને લાયક અને બીજો એનો ઉત્પાદ કરનારો, એવા ભાવનો અભાવ છે. કહો, સમજાણું કાંઈ? કર્મપણે પર્યાય ઊપજે તે ઉત્પાદ્ય અને આત્મા તેનો ઉત્પાદક, કર્મનો ઉત્પાદક, એમ છે નહિ. એમ આત્મામાં સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રના જે પરિણામ

ઊપજે તે ઉત્પાદ્ય અને કર્મનો અભાવ થયો એટલે ત્યાં ઉત્પાદક કર્મ થયું (એમ નથી). ‘આત્મારામજી’! શેનો ઉત્પાદ્ય-ઉત્પાદક થયો? કર્મના ભાવની પહેલી ભાવરૂપે પર્યાય હતી, એ પછી અભાવરૂપ એટલે બીજા પરમાણુપણે, બીજી પર્યાયપણે ઉત્પાદ્ય થયો. એ ઉત્પાદ્ય થયો એનો ઉત્પાદક તો દ્રવ્ય છે. એનું દ્રવ્ય ઉત્પાદક છે. અહીંયાં આત્માએ સમ્યગ્દર્શન, જ્ઞાન પ્રાપ્ત કર્યું માટે ત્યાં ચારિત્રમોહ અને દર્શનમોહના પરમાણુ બીજી રીતે પરિણમ્યા, એ ઉત્પાદ્યનો આ ગુણ ઉત્પાદક છે એમ છે નહિ. બહુ પણ આ ક્રમબદ્ધે તો...

આ હોય તો નિયત થઈ જાય, નિયત (થઈ જાય). બાપુ! સાંભળને. સમ્યક્ નિયતનું લક્ષ જ સ્વભાવ ઉપર હોય છે. સ્વભાવ.. જ્ઞાન.. જ્ઞાન.. જ્ઞાન.. મારું જ્ઞાન જે જ્ઞેય જે કાળે થાય તેને અને સ્વજ્ઞેયને, જ્ઞાન સ્વજ્ઞેયને, જ્ઞાનનો પર્યાય સ્વદ્રવ્ય-ગુણ-પર્યાયને જ્ઞેય કરે અને બીજાને જ્ઞેય કરે એ વ્યવહાર. પણ એ જ્ઞેય છે તો અહીં જ્ઞાન થાય છે અને આ જ્ઞાન કર્યું માટે ત્યાં જ્ઞેય એને ઉત્પાદક થયું, એમ છે નહિ. સમજાણું કાંઈ?

સર્વ દ્રવ્યોને અન્ય દ્રવ્ય સાથે એટલે નિમિત્ત સાથે એટલે કોઈપણ દ્રવ્યને સંયોગી ચીજ સાથે ઉત્પાદ્ય અને ઉત્પાદકભાવની પર્યાયનો અભાવ છે. ભાવનો અભાવ કીધો ને ? એ પર્યાય નથી. એટલે કે બીજા દ્રવ્યમાં તાકાત નથી કે બીજા દ્રવ્યની પર્યાય ઊપજાવે. અને સ્વદ્રવ્યની તાકાત નથી કે પરદ્રવ્યને લઈને ઊપજે. શું કીધું સમજાણું? સ્વદ્રવ્યમાં એવો ગુણ કે જે પરને લઈને ઊપજે. અને પરદ્રવ્યમાં એવો ગુણ નથી કે જે આના પર્યાયને પરદ્રવ્ય ઊપજાવે. અને આત્મામાં એવી કોઈ શક્તિ નથી કે જે ઉત્પાદ થવા કાળે બીજાના કારણની અપેક્ષા રાખે તો ઉત્પાદ થાય, એવો કોઈ ગુણ છે નહિ. આહા..! અહીં તો બધા દ્રવ્યની વાત છે. છએ દ્રવ્યનો એ સિદ્ધાંત. ચાર પૈસાએ શેર તો મણના અઢી. એ તો કુંચી છે. કેટલા પછી એનો પ્રશ્ન નથી. આખા ત્રણકાળ ત્રણલોકના દ્રવ્યો, એમાં કોઈ એને ઉત્પન્ન કરે અને ઉત્પાદ્ય એમાં થાય એવી દશાનો, વીતરાગ સર્વજ્ઞ પરમાત્મા કહે છે કે અભાવ છે. હવે એને ઘરનો ભાવ નાખવો હોય..

મુમુક્ષુ :- ...

ઉત્તર :- અરે..! બધાને લાગુ પડે છે. અશુદ્ધને અને શુદ્ધને. અહીં ક્યાં એ વાત છે. અહીં તો આત્માની વાત છે. ધ્યેયને દ્રવ્ય લીધું. બધા પદાર્થ શુદ્ધ હો કે અશુદ્ધ. આ વળી કહે છે ને, શુદ્ધમાં ક્રમબદ્ધ હોય, અશુદ્ધમાં નહિ. કેમકે નિમિત્ત કેવું આવે અને વિકાર કેવો થાય એનું ચોક્કસપણું નથી. એમ કહે. શુદ્ધમાં ઉત્પાદ્ય બરાબર છે. એ તો ધારાવાહી (આવે છે). ચાર દ્રવ્યો છે. ધર્માસ્તિ, અધર્માસ્તિ, આકાશ, કાળ અને સિદ્ધ ભગવાન. એ

તો શુદ્ધ છે. એની પર્યાય તો ક્રમબદ્ધ જે છે તે થાય. પણ અશુદ્ધમાં ક્રમ ન હોય. કેમ? કે નિમિત્ત કઈ જાતનું આવે અને વિકાર કઈ જાતનો થાય એ કાંઈ નિશ્ચિત નથી. અરે..! એ નિશ્ચિત છે. સાંભળને! નિમિત્ત જેવું આવે માટે વિકાર થાય છે? અહીં તો ના પાડે છે. પરનો ઉત્પાદ્ય-ઉત્પાદક છે નહિ. કર્મ ઉત્પાદ અને આત્માનો વિકાર ઉત્પાદ્ય, એમ છે નહિ. સમજાણું કાંઈ?

જ્ઞાનાવરણીનો ઉદય આત્માના જ્ઞાનની પર્યાયને હિણી-અધિક કરે કે નહિ?

મુમુક્ષુ :- ઉત્પાદક કોણ?

ઉત્તર :- ઉત્પાદક જ્ઞાનાવરણી.

મુમુક્ષુ :- ઉત્પાદ્ય?

ઉત્તર :- ઉત્પાદ્ય જ્ઞાનની હિણી-અધિક દશા થઈ એ. અહીં તો ના પાડે છે. જ્ઞાનમાં હિનપણે પરિણમવાનો દશાનો ઉત્પાદ્ય અને ઉત્પાદક દ્રવ્ય અને ઉત્પાદ પર્યાય. એમ અહીં તો કહે છે. ઉત્પાદ્ય પર્યાય અને અને ઉત્પાદક દ્રવ્ય. પણ જ્ઞાનાવરણી ઉત્પાદક અને જ્ઞાનની હિણી પર્યાયનો ઉત્પાદ્ય એમ છે નહિ. સમજાણું કાંઈ? એમ મોહનીય, દર્શનાવરણી વગેરે (લઈ લેવા).

વેદનીય એમ છે. વેદનીય વસ્તુને લાવે છે. એ નિમિત્તની વાત છે. કોણ લાવે ? એ પરમાણુની એ પર્યાય ઉત્પાદ્ય થવાની છે ત્યાં આવવાની, એનો ઉત્પાદક તો એ પરમાણુ છે. કાંઈ વેદનીય કર્મ એનો ઉત્પાદક છે એમ છે નહિ. આ ઉત્પાદ્યમાં યોગ્યતા આવી કે નહિ? વળી યોગ્યતા માટે ભડકે.

મુમુક્ષુ :- ઉત્પાદ્ય એટલે ઉત્પાદને યોગ્ય.

ઉત્તર :- થઈ રહ્યું. ઉત્પાદ્યનો અર્થ ઉત્પન્ન થવાને લાયક. લાયક કહો, યોગ્યતા કહો. શાસ્ત્રમાં યોગ્યતા નથી, એમ વળી રાડું પાડતા. યોગ્યતા આણે કાઢી. દ્રવ્યની યોગ્યતા જે પર્યાયપણે અહીં પરિણમે એને ઉત્પાદ્ય એટલે યોગ્યતા કીધી. ઉત્પન્ન થવાને લાયક, ઉત્પન્ન થવાને યોગ્ય. અનંતા દ્રવ્યો પોતાની વર્તમાન પર્યાયમાં ઉત્પાદ્ય થવાને યોગ્ય છે. ઉત્પાદક તેનું દ્રવ્ય છે. બીજો ઉત્પાદક છે (એમ છે નહિ). ઝાડ ઉપજાવો, નથી કહેતા? શું છે? ઝાડને શું કહે છે? ઉત્પાદ કરો. અનાજ ઉત્પાદન કરો. નથી કહેતા? હમણાં બહુ ચાલે છે. ઉત્પાદ વધારો. ઉત્પાદન કરો. એમ બોલોને. અનાજને ઉત્પાદન કરો, ફલાણું આમ ઉત્પન્ન કરો, ફલાણું ઉત્પન્ન કરો. કોણ કરે પણ? સાંભળને ! ઊંધું ભારે, ભાઈ! જગતથી ઊંધું પડે. આ તો બધા મોટા.. ઉત્પાદન કરો, અનાજ વધારે ઉત્પાદન કરો,

ફલાણું આમ ઉત્પન્ન કરો. માછલાને મારીને ભેગા કરો, જેથી અનાજમાં બહુ વાંધો ન આવે. અરે..! ભગવાન ! ક્યાં તું સલવાઈ ગયો? કોણ ઉત્પાદન કરે? જે જે પરમાણુ ને જડ છે કે આ તો કર્મની વાત છે, તે તે પદાર્થ ત્યાં સર્વ દ્રવ્ય પોતાની યોગ્યતા પ્રમાણે ઊપજે, એનું ઉત્પાદન કરનારું તો દ્રવ્ય છે. બીજો એની પર્યાયને ઉત્પાદન કરે એવું બનતું નથી.

આ ક્રમબદ્ધની વાત ચાલે છે. ક્રમબદ્ધ સાચી વાત છે કે શું છે? કોઈ ઉત્પાદક નથી. તો પછી થઈ રહ્યું. કોઈની આશા રાખવી નહિ. આપણે આપણી મેળાએ કરવું. પણ એની મેળાએ જ કરે છે. કે દિ' આશાથી થાય છે? પરને લઈને થતું નથી. સમજાણું કાંઈ? ચૈતન્ય છે, તેથી કંઈ પરને લક્ષે કાર્ય કરે એમ નથી. કાર્ય કરે છે એ પોતાના લક્ષે અને પોતાના આશ્રયે કરે છે. સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્ર, વીર્ય એના ઉત્પાદની યોગ્યતા પોતાની અને એને ઉત્પન્ન કરનારું દ્રવ્ય. કર્મ-બર્મ છે નહિ. કર્મમાં એવી જાતની પ્રકૃતિ જ્ઞાનાવરણી બંધાણી, દર્શનાવરણી બંધાણી. જેવી અહીં જ્ઞાનની અશાતના કરી એવું જ્ઞાનાવરણી બંધાય. લ્યો. તો પછી ખોટા પડે. 'ગોમ્મટસાર'માં નથી આવતું? છ પ્રકારે જ્ઞાનાવરણી બંધાય, છ પ્રકારે દર્શનાવરણી બંધાય. આવે છે કે નહિ ? સાંભળ્યું છે? જ્ઞાનની અશાતના કરે, જ્ઞાનનું વિરાધન કરે, જ્ઞાનની અંતરાય પાડે. જ્ઞાન જે વસ્તુ છે તેનો આદર સત્કાર ન કરે તો એવા કર્મ બંધાય. જ્ઞાનાવરણીયના આમ મોટા લઠ જેવા. 'ગોમ્મટસાર'માં એમ લેખ છે. આ તો મોટું 'ગોમ્મટસાર' કહેવાય ને. સો રૂપિયાનું આવડું મોટું પુસ્તક. વાત સાચી છે ઈ. શું સાચી ? કે જેવા એ પરિણામ કરે એ તો નિમિત્તમાત્ર. પણ ત્યાં પરમાણુ પોતાને કારણે એ જાતના જ્ઞાનાવરણીપણે પરિણમવાના હોય તે ઉત્પાદ્ય થઈને (પરિણમે). એનો ઉત્પાદક એના પરમાણુ. આ આત્માએ જ્ઞાનની અશાતના કરી માટે એ ઉત્પાદક થઈને તે ઉત્પાદ્ય થયું, એમ છે નહિ. આવા લખાણ 'ગોમ્મટસાર'માં, 'તત્ત્વાર્થસૂત્ર'માં આવ છે કે નહિ? દર્શનમોહનીય આટલા કારણે બંધાય. શ્રુતના અવર્ણવાદ. કુદેવ, કુગુરુ, કુશાસ્ત્રની પ્રશંસા. સુદેવ, સુગુરુ, સુશાસ્ત્રનો અનાદર, અવિનય. મુનિની દુગંછા. સંઘ આવે છે ને ? સંઘ.. સંઘ. ચતુર્વિધ સંઘનો અવર્ણવાદ. એવાથી દર્શનમોહ કર્મ બંધાય. અહીં કહે છે કે એ વાત અમે નિમિત્તના કથનથી વાત કરી હતી. એ દર્શનમોહના પરમાણુની પર્યાયમાં કર્મ યોગ્ય જે પરમાણુ હતા એ પોતાના ઉત્પાદ્યને કારણે ઉત્પાદન થયું છે, કાંઈ આત્માને કારણે થયું નથી. તો પછી આ કોઈ કર્મ

બાંધશે ને કર્મ છોડે એ બધી વાત ખોટી પડશે. એમ માણસને થાય છે, લ્યો. આ આત્મા આવા કર્મ બાંધે, આત્મા આવા કર્મ છોડે. એ વાતું નિમિત્તના અભૂતાર્થનયની છે. કર્મના પરમાણુ એને ઉત્પાદ્ય કારણે ઊપજે અને એને કારણે વળી પર્યાયનો નાશ થવો હોય ત્યારે તે પણે ઉત્પાદ થઈને ઊપજે. આત્માને કારણે એમાં કાંઈ ફેરફાર થાય એવું કર્મની અંદર છે નહિ. કહો, સમજાણું કાંઈ?

તે કાર્યકારણભાવ સિદ્ધ નહિ થતાં, આવો કાર્ય ને કારણભાવ. કારણ કોણ? ઉત્પાદ્ય થવાને યોગ્ય. ઉત્પાદ જ એનું કારણ. બીજો ઉત્પાદક અને આ ઉત્પાદ્ય એવું કોઈ દ્રવ્યમાં કોઈને કારણે ઉત્પાદન થાય અને પોતે ઉત્પાદક થાય, એવું સિદ્ધ નહિ થતાં '**અજીવને જીવનું કર્મપણું સિદ્ધ થતું નથી.**' લ્યો, અહીં સિદ્ધ કર્યું. અજીવના કાર્યને આ જીવનું કાર્યપણું સાબિત થતું નથી. સમજાણું કાંઈ? આ રીતે જ્યારે કોઈના ઉત્પાદ્યની યોગ્યતાથી બીજો ઉત્પાદન કરે એમ બનતું નથી. માટે અજીવને આઠ કર્મની પર્યાયને, આઠ કર્મની પર્યાયને જીવનું કાર્યપણું, કર્મપણું એટલે જીવનું કાર્યપણું, અજીવની કાર્યદશાને જીવનું કારણપણું સાબિત થતું નથી. સમજાણું કાંઈ આમાં? અજીવના કાર્યને જીવનું કાર્ય છે તે સાબિત થતું નથી. આઠે કર્મની પર્યાયરૂપી કાર્યને, એ અજીવનું કાર્ય છે, એને જીવનું કામ છે એ વાત સાબિત થતી નથી. આત્મા આઠ કર્મ બાંધે એ વાત સાબિદ થતી નથી. એમ કહે છે. સમજાણું કાંઈ?

એમ આ આત્મા આ શરીરને હલાવવાનું કામ અજીવનું. અજીવનું કામ જીવનું કામ છે એ સાબિત થતું નથી. સમજાણું કાંઈ ? એમ ઘડાનું કાર્ય કુંભારનું કાર્ય છે એમ સાબિત થતું નથી, એમ કહે છે. ઘડાનું અજીવ કાર્ય એ કુંભારનું કાર્ય છે એ સાબિત થતું નથી. તે ઘડાના કાર્યનું ઉત્પાદ્ય અને ઉત્પાદક તે પરમાણુ છે, બીજાથી કાંઈ થતું નથી. (વિશેષ કહેશે... )

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ !)

# શ્રી સમયસારજી ગાથા ૩૦૮–૩૧૧

## પ્રવચન નં. ૩

## તા. ૨૩–૭–૧૯૭૯, સોમવાર, અષાઢ વદ–૧૫

ક્રમબદ્ધ કહ્યું. દરેક દ્રવ્યની પર્યાય ક્રમસર એક પછી એક, એક પછી એક થવાવાળી થશે. શાસ્ત્રમાં એમ પણ આવે છે, ક્રમરૂપ અને અક્રમરૂપ પર્યાય બે પ્રકારની છે. ૩૮ ગાથા. એક, એક લેવું છે. 'अहमेक्को'. ત્યાં લીધું છે, ક્રમરૂપ અને અક્રમરૂપ બેય પર્યાયથી ભિન્ન આત્મા છે. એ અક્રમ શું? એ અક્રમ આ ક્રમબદ્ધને તોડીને અક્રમ નથી. પણ એક સમયમાં ગતિ આદિ હોય છે એ એક પછી એક થાય છે તેથી ક્રમ કહેવાય છે. અને એક સમયમાં જોગ, રાગ, લેશ્યા આદિ હોય છે એને અક્રમ કહેવાય છે. છે તો ક્રમબદ્ધ. પણ એકસાથે જોગ, લેશ્યા, રાગાદિ પર્યાયમાં હોય છે એને અક્રમ કહ્યું. અક્રમનો અર્થ એકસાથે ઘણી પર્યાયો છે. અને ક્રમ એક સમયમાં ગતિ છે તો બીજે સમયે એ ગતિ નથી. તો એ ક્રમ છે. ગતિમાં ક્રમ છે અને જોગ ને લેશ્યા ને રાગમાં અક્રમ છે. અર્થાત્ એકસાથે છે. છે તો ક્રમબદ્ધ. ૩૮ ગાથામાં જ્યાં 'अहमेक्को' લીધું છે ને? એક. 'अहमेक्को' લીધું છે ત્યાં.

હું ક્રમરૂપ અને અક્રમરૂપ પ્રવર્તમાન ભાવોથી ભિન્ન છું. આહાહા..! હું એકરૂપ શુદ્ધ ચિદાનંદ છું. ક્રમરૂપ અને અક્રમરૂપથી હું ભિન્ન છું. એ ક્રમ અને અક્રમ છે એ વ્યવહારિક ભાવ છે. ૩૮ ગાથામાં એકની વ્યાખ્યા. બીજે ઠેકાણે આવે છે. 'તત્ત્વાર્થ રાજવાર્તિક'માં. પણ એ ક્રમ–અક્રમ પર્યાયની વાત છે. બાકી ક્રમ અને અક્રમ બીજી રીતે લઈએ તો ગુણ છે એ અક્રમ છે અને પર્યાય છે તે ક્રમ છે. સમજાય છે કાંઈ? ૩૮ ગાથામાં ઈ નથી લેવું અને અહીં પણ એ નથી લેવું. છે? પંડિતજી! ક્રમ–અક્રમ.

પોતાની પર્યાયમાં ગતિ એક સમયમાં એક હોય છે, બીજી નહિ તો એ ક્રમ કહેવાય છે. છે તો પર્યાય. અને એક સમયમાં રાગ, જોગ, લેશ્યા આદિ એક સમયમાં સાથે છે. છે તો પર્યાય, છે તો ક્રમબદ્ધમાં. આહાહા..! પણ એકસાથે હોવાથી અક્રમ કહેવાય છે. કેટલાક દલીક કરે છે કે જુઓ! અક્રમ અને ક્રમ લખ્યું છે. 'તત્ત્વાર્થ રાજવાર્તિક'માં છે. અક્રમ.. અક્રમ. પણ એ તો બીજી વાત છે. પર્યાયમાં એકસાથે જોગ, લેશ્યા આદિ હો તો

એને અક્રમ કહે છે અથવા અહીંયાં ૩૮માં એ નથી. પણ બીજે ઠેકાણે આવે છે, ગુણ અક્રમ છે અને પર્યાય ક્રમ છે. ગુણ સહવર્તી છે-એકસાથે અનંત છે. એકસાથેમાં દ્રવ્યની સાથે છે એમ પણ નહિ. શું કહ્યું? આત્મામં ગુણ અક્રમ છે. સહવર્તી છે. એકસાથે છે. એકસાથે ગુણ છે એ દ્રવ્યમાં એકસાથે છે માટે નહિ, પણ ગુણ એકસાથે અનંત છે માટે સહવર્તી કહેવામાં આવ્યું છે. સમજાય છે કાંઈ? સૂક્ષ્મ વાત છે, ભાઈ! ભગવાનનો માર્ગ બહુ સૂક્ષ્મ છે. શું કહ્યું?

જે ગુણ છે, ભગવાનઆત્મા એકરૂપ દ્રવ્ય (છે) અને ગુણ અનંત (છે). એ ગુણ એકસાથે સહવર્તી છે. સહવર્તી નામ સાથે વર્તે છે. સહવર્તી નામ દ્રવ્યની સાથે ગુણ છે માટે સહવર્તી કહ્યું છે, એમ નથી. દ્રવ્યની સાથે તો પર્યાય પણ છે.

મુમુક્ષુ :- અનંત ગુણ એકસાથે છે.

ઉત્તર :- ગુણ અનંત સાથે છે અને પર્યાય એકસાથે નથી. અહીં ઈ સિદ્ધ કરવું છે. ક્રમબદ્ધ સિદ્ધ કરવું છે ને. ગુણ છે.. સમજાય છે? સૂક્ષ્મ છે, ભગવાન! માર્ગ તો અંતરની ઝીણી વાત છે, ભાઈ! વીતરાગ પરમાત્મા..

અહીંયાં ૩૮માં કહે છે, ગુરુએ સમજાવ્યું. ગુરુએ શિષ્યને સમજાવ્યું એવો પાઠ છે. શિષ્યને સમજાવ્યું એમાં આ સમજાવ્યું. પ્રભુ! એકવાર સાંભળ! તારી પર્યાયમાં અક્રમ અને ક્રમ બેય છે. એ બેનો અર્થ પર્યાય ક્રમસર.. એક ગતિ છે ત્યારે બીજી ગતિ નથી. એ ક્રમ. અને રાગ, જોગ, લેશ્યા એકસાથે માટે અક્રમ. પર્યાય ક્રમવર્તીમાંથી છૂટીને પર્યાય અક્રમ થઈ જાય છે, એમ નહિ. એકસાથે રહે છે માટે અક્રમ કહેવામાં આવ્યું છે. અને ગુણને પણ અક્રમ કહેવામાં આવ્યા છે.

આત્મા-ભગવાનઆત્મા ગુણ અને પર્યાયના ભેદથી પણ રહિત છે. આહાહા..! એ પૂર્ણાનંદનો નાથ પ્રભુ, એક સ્વરૂપે બિરાજમાન છે. એની દૃષ્ટિ કરવી એનું નામ સમ્યગ્દર્શન છે. એનું નામ પ્રથમ ધર્મની સીઢી છે. આહાહા..! એમાં ગુણને સહવર્તી કહ્યું. એ ગુણ એકસાથે રહે છે. પર્યાય એકસાથે નથી રહેતી. ત્યાં તો એટલું ક્રમવર્તી કહ્યું. અહીં ક્રમબદ્ધ કહ્યું. નિશ્ચયથી એક પછી એક પર્યાય થવાવાળી છે એ જ થશે. દ્રવ્યમાં પર્યાય આઘીપાછી થશે એમ નથી.

દરેક દ્રવ્યમાં પર્યાયની વ્યવસ્થિત વ્યવસ્થા છે. વ્યવસ્થા નામ વિશેષ અવસ્થા. તે તે

સમયમાં તે પર્યાય પોતાથી વ્યવસ્થિત છે. બીજો કોઈ એ પર્યાયને કરે અથવા એ પર્યાયને ફેરફાર કરે એમ નથી. બીજી વાત. જરી ખ્યાલમાં વાત આવી. આત્મામાં ૪૭ શક્તિ-ગુણ લીધા છે. છે અનંત, ૪૭ ના અહીંયાં નામ લીધા છે. ૪૭ શક્તિમાં એવો એક ગુણ છે, ભાવ નામનો એક ગુણ છે. પાછળ ૪૭માં. ભાવ નામનો ગુણ છે. એ ગુણનું સ્વરૂપ શું? સૂક્ષ્મ છે, ભગવાન! કોઈપણે પર્યાય જે સમયે થવાની છે તે સમયે થશે એ ભાવગુણનું કાર્ય છે. સમજાય છે કાંઈ? જે સમયે જે પર્યાય થશે એ ભાવગુણનું કાર્ય છે. ભાવગુણને કારણે ભવન-તે સમયે પર્યાય થાય છે એ ભાવગુણને કારણે. આઘીપાછી નહિ. એક વાત.

બીજી વાત, એ ભાવગુણ છે એનું અનંત ગુણમાં રૂપ છે. જેમ ભાવગુણ, એમાં વર્તમાન પર્યાય થવાવાળી થશે જ, ભાવગુણને કારણે એમ અનંત ગુણમાં પણ ભાવગુણનું રૂપ છે. અનંત ગુણમાંથી પણ ભાવગુણને કારણે (તે બધામાં ક્રમસર પર્યાય થશે જ). આહાહા..! સમજાય છે? ભાઈ! સૂક્ષ્મ છે, ભગવાન! આ ક્રમબદ્ધ તો સૂક્ષ્મ શૈલી છે. અમારે તો અહીંયાં (સંવત) ૧૯૭૨ની સાલથી ચાલે છે. ક્રમબદ્ધનું. સમજ્યા? કાલે કહ્યું હતું ને?

કેવળીએ દીઠું ઈ થશે. વાત તો સાચી એમ જ છે. જે સમયે જે પર્યાય થવાની (તે થવાની). પણ કેવળીએ દીઠું એમ થશે એમ પરથી લ્યે છે એ છોડી દે. સમજાય છે કાંઈ? દ્રવ્યની પર્યાય જ જ્યારે જ્યારે થવાની તે થશે. એ દ્રવ્યનો સ્વભાવ છે. અને એ દ્રવ્યમાં એક ભાવ નામનો ગુણ છે કે જે કારણે જે સમયે જે પર્યાય થવાની છે, એ ભાવગુણથી થાય છે. અને એ પર્યાયને છોડીને બીજી થાય છે તોપણ એમાં એક ભાવઅભાવ નામનો ગુણ છે. ભગવાનઆત્મામાં ભાવઅભાવ નામનો ગુણ છે. ઝીણી વાત છે, પ્રભુ! આહાહા..!

જે અનંત ગુણની પર્યાય છે, વર્તમાન છે અને થનારી છે એ પણ છે. પણ એ ભાવનો અભાવ (થશે). ભાવનો અભાવ નામ વર્તમાન છે તેનો અભાવ (થશે). એવો એક ગુણ છે. એ ગુણને કારણે વર્તમાન પર્યાયમાં ભાવ નથી, તે અભાવનો ભાવ કરવો નહિ પડે, હું કરું એવો વિકલ્પ નહિ (કરવો પડે). આહાહા..! સમજાય છે કાંઈ? થોડું સૂક્ષ્મ છે. આ તો અહીં ક્રમબદ્ધ આવ્યું અને બીજે ઠેકાણે ક્રમ અક્રમ છે. પણ એ ક્રમ અક્રમ

પર્યાયની વાત છે. એક પછી એક થશે એ અક્રમ થશે એમ નહિ. પર્યાયમાં એકસાથે રહેનારી પર્યાયને અક્રમ કહે છે અને એકસાથે નહિ રહેનારી પર્યાયને ક્રમ કહે છે. સમજાય છે કાંઈ?

અહીંયાં તો... આહાહા..! ભાવ નામનો ગુણ છે. ભાવ નામનો બે ગુણ આત્મામાં છે. એક ભાવગુણ એવો છે કે ષટ્કારકથી પર્યાયમાં જે વિકૃત ભાવ ક્રમસરમાં થાય છે એ ભાવગુણને કારણે એ વિકૃત પર્યાયના અભાવરૂપે પરિણમન થવું એ ભાવગુણનું કાર્ય છે. અહીં તો ક્રમબદ્ધમાં નિર્મળ પર્યાય પ્રગટ થાય છે એમ લેવું છે. સમજાય છે કાંઈ? આહાહા..! કેમ? કે આત્મામાં ક્રમબદ્ધ છે એમ જ્યાં નિર્ણય કરે છે ત્યારે તો જ્ઞાયક સ્વરૂપ ઉપર દૃષ્ટિ થાય છે. અને જ્ઞાયક સ્વભાવમાં અનંત ગુણ છે. તો અનંત ગુણમાં એક ભાવ નામનો ગુણ પણ છે અને બીજો ભાવ નામનો ગુણ છે. બે ભાવ નામના ગુણ છે. એ ભાવગુણનો અર્થ જે સમયે જે પર્યાય થવાની છે તે તે ભાવને કારણે થશે. એ ભાવનું અનંત ગુણમાં રૂપ છે તો એ અનંત ગુણને કારણે થશે. એક વાત.

બીજી વાત, ષટ્કારકથી પર્યાયમાં વિકૃત થાય છે એ કર્મથી નહિ. દ્રવ્ય-ગુણથી નહિ. પર્યાયમાં વિકૃત ષટ્કારક થયા. કર્તા રાગ, કાર્ય રાગ, સંપ્રદાન આદિ. રાગાદિ, દ્વેષાદિ, વિષયવાસના આદિ. એ જે પર્યાયમાં ષટ્કારકરૂપ પરિણમન થાય છે, એમાં એક એવો ગુણ છે કે વિકારનો અભાવ થઈને અવિકાર પરિણમન થાય છે. એક ભાવગુણ છે. ૪૭ શક્તિ છે. બધું આવી ગયું છે. વ્યાખ્યાન તો બધા લખાય ગયા, છપાશે. સમજાય છે કાંઈ? એ ભાવ (નામની) એક એવી શક્તિ-ગુણ છે કે જે વિકૃત પરિણમન પર્યાયમાં થાય છે એ ભાવગુણને કારણે વિકૃતથી અભાવરૂપ પરિણમન થાય છે. સમજાય છે કાંઈ? વિકૃતથી અભાવરૂપ ધર્મરૂપ મોક્ષમાર્ગની પર્યાયરૂપ પરિણમન થાય છે. આહાહા..!

આ ક્રમબદ્ધમાં પણ એમ કાઢવું છે. સમજાય છે કાંઈ? કોઈ કહે, ક્રમબદ્ધ છે, ક્રમબદ્ધ છે, એ તો થશે. પણ સાંભળ તો ખરો, પ્રભુ! આહાહા..! ક્રમબદ્ધ પર્યાય તો એમ જ થાય છે. પણ ક્રમબદ્ધમાં અકર્તાપણું ક્યારે આવે? હું કરું, આવી કરું, આ પર્યાયને કરું ત્યાં સુધી તો વિકલ્પ છે અને કર્તાપણાનો ભાવ છે. ક્રમબદ્ધપર્યાય થાય છે એને હું કરું, એવો વિકલ્પ પણ નહિ અને હું પર્યાય થાય છે તેને કરું, એવો પણ ભાવ નથી. આહાહા..! શેઠ! આવી ઝીણી વાત છે. આહાહા..!

પ્રભુ અંદર સચ્ચિદાનંદ પ્રભુ 'સિદ્ધ સમાન સદા પદ મેરો', એવી જે અંદર ચીજ છે, એ પર્યાયથી ભિન્ન છે. આહાહા..! એ ક્રમબદ્ધની પર્યાય અને અક્રમ પર્યાય એટલે અક્રમ એટલે જોગ, લેશ્યા આદિ સાથે રહેનારા, એનાથી રહિત છે. આહાહા..! એવો ભગવાનઆત્મા દૃષ્ટિમાં જ્યારે આવે છે ત્યારે એમાં જેટલા ગુણ છે એ ગુણમાં ભાવગુણનું રૂપ છે તેથી તે સમયે અનંત ગુણની પર્યાય થાય જ છે. હું કરું તો થાય છે, એમ નહિ. ઝીણી વાત છે, ભાઈ! આહાહા..!

મુમુક્ષુ :- સમજવા જેવી વાત છે.

ઉત્તર :- આ સમજવા જેવી વાત છે. સમજાય છે કાંઈ? આ પ્રિયંકર કરવા જેવી ચીજ છે. આહાહા..!

ભગવાનઆત્મા એક સમયમાં વર્તમાન ધ્રુવ.. ધ્રુવ.. ધ્રુવ.. ધ્રુવ.. ત્રિકાળ રહેશે માટે, એ ત્રિકાળની અપેક્ષા પણ વ્યવહાર થઈ ગયો. કથન આવે. પણ બાકી એક સમયમાં પરમાત્મા પોતે પૂર્ણાનંદનો નાથ ધ્રુવ, એ ક્રમબદ્ધમાં નિર્ણયમાં અકર્તાપણું આવે છે અથવા જ્ઞાતાપણું આવે છે. તો જ્ઞાતાપણું અને અકર્તાપણું ક્યારે આવે છે? કે ક્રમબદ્ધના લક્ષમાંથી પર્યાયનું લક્ષ છોડી, જેમાંથી ક્રમબદ્ધ થાય છે એ દ્રવ્ય ઉપર દૃષ્ટિ દેવી. ઝીણી વાત છે, ભાઈ!

એ અનંત ગુણનું વિકૃત પરિણમન જે થાય છે, પણ એમાં એવો ગુણ છે, એણે દ્રવ્યને પકડ્યું, ક્રમબદ્ધ પર્યાયમાં દ્રવ્યને-જ્ઞાયકને પકડ્યું પણ એ તો પર્યાયમાં પર્યાયનો નિર્ણય પર્યાયથી નથી થતો. પર્યાયનું જ્ઞાન પણ દ્રવ્યનો નિર્ણય કરવાથી પર્યાયનું જ્ઞાન થાય છે. અહીંયાં કહે છે કે પર્યાયમાં જે ક્રમસર પર્યાય છે તેનો જ્યારે નિર્ણય કરે છે તો જ્ઞાયક ઉપર દૃષ્ટિ જાય છે. જ્ઞાયકમાં ભાવ નામના બે ગુણ છે. એક ભાવ નામના ગુણને કારણે અનંત ગુણમાં એવી શક્તિ પોતાથી છે કે તે સમયે પર્યાય થશે, થશે ને થશે જ. હું કરું તો થશે, એમ નહિ. અને એક ભાવગુણ એવો છે, પર્યાયનું ષટ્કારક પરિણમન થાય છે અને ક્રમબદ્ધનો નિર્ણય જ્યારે જ્ઞાયક ઉપર જાય છે ત્યારે એને નિર્વિકારી ધર્મની પર્યાય ઉત્પન્ન થાય છે. ભાવગુણને (કારણે). સમજાય છે કાંઈ? આહાહા..! આવી વ્યાખ્યા હવે. ઓલું તો કરો, વ્રત કરો, અપવાસ કરો, તપસ્યા કરો, ભક્તિ કરો.. સહેલુંસટ હતું. એ તો બધું રખડવાનું હતું. એ રાગની ક્રિયા છે અને રાગનો કર્તા થાય છે અને આઘુંપાછું કરવા

જાય છે તો મિથ્યાત્વ જ થાય છે. આહાહા..! કેમકે દ્રવ્યમાં જે સ્વભાવ છે, ભાવ નામનો ગુણ છે, એ ગુણને કારણે અનંત ગુણની વર્તમાન પર્યાય થશે, થશે અને થશે જ. એ આઘીપાછી નહિ થાય. તે સમયે થવાવાળી છે એ થશે જ થશે. હું કરું તો પર્યાય થાય છે, એવી દૃષ્ટિ પણ ઊડી જાય છે. આહાહા..! એવો વિકલ્પ તો ઊડી જાય છે (પણ દૃષ્ટિ પણ ઊડી જાય છે). આહાહા..! સમજાય છે કાંઈ? ઝીણી વાત છે, ભાઈ! આ તો મૂળ તત્ત્વ છે. પરમાત્મા સર્વજ્ઞદેવ ત્રિલોકનાથે જે કહ્યું એ કોઈ પંથ નથી, એ કોઈ પક્ષ નથી. એ તો વસ્તુનું સ્વરૂપ છે એવું કહ્યું છે. આહાહા..! એ વસ્તુનું સ્વરૂપ આ છે.

જ્યારે વસ્તુની દૃષ્ટિ થાય છે અને ક્રમબદ્ધની પર્યાય ઉપરથી લક્ષ છૂટી જાય છે ત્યારે એને દ્રવ્યની દૃષ્ટિ થાય છે. તો દ્રવ્યમાં જે બે ભાવગુણ પડ્યા છે, તો એક ગુણને કારણે વિકૃતરૂપ પરિણમન થાય છે તેના અભાવરૂપ પરિણમન થાય છે. વિકૃતરૂપ પરિણમનથી પણ અભાવરૂપ પરિણમન એટલે ધર્મ સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રરૂપ પરિણમન થાય છે. એક ભાવને કારણે એ સમયે જે પર્યાય થવાની છે તે થશે જ. આહાહા..! હું આ પર્યાય દ્રવ્યમાં કરું તો થશે એવો પ્રશ્ન નથી. એવો વિકલ્પ તો નથી. ભાઈ! ઝીણી વાત છે, પ્રભુ! આહાહા..! એ વસ્તુમાં વિકલ્પ તો નથી પણ એ પર્યાય ભાવગુણને કારણે પર્યાય થશે પછી હું કરું એવું પણ વિકલ્પનું લક્ષ નથી. એ પર્યાય કરું એવું પણ એમાં લક્ષ નથી. એનું લક્ષ તો દ્રવ્ય ઉપર જોરમાં આવ્યું છે કે જેમાં અનંત ગુણ પડ્યા છે. ભાવ, અભાવ, ભાવઅભાવ.. એક એક વાત ઝીણી વાત છે. પહેલાં વ્યાખ્યાન બધા થઈ ગયા છે. એ છપાઈ ગયા છે. 'મુંબઈ' નક્કી કર્યું ને કે ૩૫ પુસ્તક વ્યાખ્યાનના છપાવવા. ચાર માસ ખાસ એના ઉપર લીધેલું. ૪૭ શક્તિ, ૪૭ નય, ૨૦ અલિંગગ્રહણ, છ અવ્યકતના બોલ આદિ ઉપર ચાર મહિના એકસાથે વ્યાખ્યાન કર્યા હતા. એમાં આ આવ્યું છે.

આત્મામાં બે ભાવ નામના ગુણ છે તો ક્રમબદ્ધ પર્યાયનો જ્યારે નિર્ણય કરે છે તો એની દૃષ્ટિ દ્રવ્ય ઉપર જાય છે. અને દ્રવ્યમાં ભાવ નામનો ગુણ પડ્યો છે તે કારણે વિકાર રહિત પરિણમન થાય છે. ક્રમબદ્ધમાં નહિતર તો વિકાર પણ આવે છે. સમજાય છે કાંઈ? પણ ક્રમબદ્ધનો નિર્ણય કરવા જાય છે ત્યાં ક્રમબદ્ધમાં નિર્મળ મોક્ષમાર્ગની પર્યાય ઉત્પન્ન થાય છે. આહાહા..! સમજાય છે કાંઈ? આવી વાતું છે.

**'કહે છે કે, પ્રથમ તો જીવ ક્રમબદ્ધ એવા પોતાના પરિણામોથી ઊપજતો થકો,...'**

પોતાના પરિણામ. નિર્મળ પણ પોતાના પરિણામ કહ્યા. સમજાય છે કાંઈ? નહિતર પર્યાય છે એ દ્રવ્યથી ભિન્ન છે. પર્યાય તો દ્રવ્ય ઉપર તરે છે. પર્યાયનો પ્રવેશ દ્રવ્યમાં નથી. પણ અહીંયાં તો એટલું સિદ્ધ કરવું છે કે એ જીવમાં જે પરિણામ થાય છે એ ક્રમસર થાય છે. ક્રમબદ્ધ થાય છે. સાધારણ વાત તો એમ આવી કે ગુણ સહવર્તી અને પર્યાય ક્રમવર્તી. એમ સાધારણ શબ્દ આવ્યો. અહીં તો એ ઉપરાંત ક્રમનિયમિત (છે). ક્રમવર્તી તો છે પણ નિયમથી જે થવાવાળી છે તે થશે. આહાહા..! ભાઈ!

મુમુક્ષુ :- જે પર્યાય આવવાવાળી છે તે જ આવશે.

ઉત્તર :- તે થઈ જ. સત્ છે ને. ખરેખર તો સત્ પર્યાય.. અહીં તો નિર્મળ સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રની પર્યાય ઉત્પન્ન થાય છે એ પણ ક્રમબદ્ધનો નિર્ણય કરવાથી દ્રવ્ય સ્વભાવનો નિર્ણય થાય છે તો એનું પરિણમન નિર્મળ જ થાય છે. સમજાય છે કાંઈ? વિકાર થાય છે પણ વિકારથી રહિત એનું પરિણમન થાય છે. ઝીણી વાત છે, ભાઈ! આવી વાત છે. લોકોને બેસવું ન બેસવું.. વસ્તુનું સ્વરૂપ જ એવું છે, વસ્તુ જ એવી છે.

આત્મા અને આત્મામાં અનંત ગુણ છે. તો અનંત ગુણમાં આ બધા ગુણ છે. બધા ગુણની વર્તમાન પર્યાય થાય એવો પણ એમાં ગુણ છે. પર્યાય કરું થશે એમ વાત નથી. એક વાત. અને એ ભાવપર્યાય છે તેનો અભાવ થાય છે તો એ પર્યાયનો હું વ્યય કરું એમ પણ નથી. કેમકે ભાવઅભાવ નામનો એક ગુણ આત્મામાં છે. સમજાય છે કાંઈ? આહાહા..! એ વ્યય થઈને... આહાહા..! વીતરાગ માર્ગ તો જુઓ! ઓહો..! ત્રણલોકના નાથ જિનેશ્વરદેવના પંથ કોઈ જુદી જાતના છે, ભાઈ! દુનિયા સાથે ક્યાંય મેળ ખાવો કઠણ. એટલે લોકો સોનગઢનું એકાંત છે, એકાંત છે, એકાંત છે (બોલે છે). કહો, પ્રભુ! તું પણ પ્રભુ છો.

સિદ્ધાંતમાં તો એમ લીધું છે કે સમકિતીને પર્યાયદૃષ્ટિ ઉઠી ગઈ છે તો દ્રવ્યથી પરદ્રવ્ય એનો સાધર્મી છે. કેમકે પોતાની પર્યાયદૃષ્ટિ ઊડી ગઈ છે તો એની પર્યાય નથી જોતા. પર્યાયથી રહિત એનું દ્રવ્ય છે. સમજાય છે કાંઈ? આહાહા..! દ્રવ્ય સાધર્મી છે, ભગવાન છે. પર્યાયનું લક્ષ પોતાનું છૂટ્યું તો પરની પર્યાય છે એનું પણ લક્ષ છૂટી ગયું. એનું દ્રવ્ય છે એ જુએ છે. આહાહા..!

ભગવાનસ્વરૂપ પરમાત્મા અંદર છે. ઉપરનું શરીર આદિ કે રાગાદિ પરિણામ ગમે તે

હો, પણ ભગવાન તો અંદર એનાથી ભિન્ન ભગવાન છે. આહાહા..! આવી દૃષ્ટિ થયા વિના ક્રમબદ્ધનો અને ધર્મની નિર્મળ પર્યાય ઉત્પન્ન થતી નથી. આહાહા..! સમજાય છે કાંઈ? આહાહા..! આ વાત પહેલા ઘણી થઈ ગઈ છે. પહેલા તો ઘણી વાત ચાલી ગઈ છે. આટલાના આઠ વ્યાખ્યાન થતા હતા. શરૂઆતમાં તો પહેલાં... આહા..!

પોતાના પરિણામોથી ઉત્પન્ન (થતો થકો). આ પરિણામ ક્યા? નિર્મળ લેવા. વિકાર થાય છે સાથે. પણ એનું જ્ઞાન થાય છે એ પરિણામ એના લેવા. આહાહા..! સમજાય છે કાંઈ? વિકાર તો થાય છે પરિણામમાં, પણ એ પોતાના પરિણામ નહિ. કેમકે જ્યારે ક્રમબદ્ધનો નિર્ણય થાય છે ત્યારે તો દ્રવ્ય ઉપર-જ્ઞાયક ઉપર દૃષ્ટિ પડે છે. જ્ઞાયકમાં કોઈ વિકાર ગુણ તો છે નહિ, અવિકારી અનંત ગુણનો પિંડ પ્રભુ છે. આહાહા..! એ અનંત ગુણના પિંડનો જ્યાં સ્વીકાર થયો તો પર્યાયમાં વિકૃત થાય છે પણ એ પોતાના પરિણામ નહિ. એનાથી રહિત જે પરિણામ છે તે પોતાના પરિણામ છે. ક્રમસર થાય છે, થવાના છે ત્યારે થાય છે, તોપણ પોતાના નિર્મળ પરિણામ છે એ પોતાના છે. આહાહા..! સમજાય છે કાંઈ? વિકૃત અવસ્થા જ્ઞાનીને પણ થાય છે, પણ એ પોતાના પરિણામ છે એમ ત્યાં નથી કહ્યું. આહાહા..!

ક્રમબદ્ધમાં વિકૃત પરિણામ પણ ક્રમસર જ આવે છે, પણ એ વિકૃત જે ક્રમસર થાય છે તે જ સમયે વિકૃતથી રહિત... કેમકે ક્રમબદ્ધનો નિર્ણય દ્રવ્યના (આધારે થયો). દ્રવ્યમાં તો અનંત ગુણ છે. તો અનંત ગુણ નિર્મળ છે. તો એ વિકૃત અવસ્થાથી રહિત ક્રમબદ્ધનો નિર્ણય કરતાં દ્રવ્યનો નિર્ણય થયો તો નિર્મળ પર્યાયની જ ઉત્પત્તિ થાય છે. એ પોતાના પરિણામે ઉત્પન્ન થતો જીવ જ છે. આહાહા..! સમજાય છે કાંઈ? આ તો રહસ્યનો પાર ન મળે. ક્યાંય પહોંચી શકે નહિ. આ તો સંતોની વાણી! દિગંબર સંતોની વાણી તો અલૌકિક છે. આહાહા..! ક્યાંય નથી.

વેદાંત એક આત્મા કહે છે, શુદ્ધ છે. સુધરેલમાં બહુ ચાલે છે ને. પરદેશમાં પણ વેદાંત બહુ ચાલે છે. વેદાંત-એક સર્વવ્યાપક છે, સર્વવ્યાપક છે. મુસલમાનમાં પણ એમ ચાલે છે. એમાં એક સુફી નામનો માર્ગ છે. સુફી ફકીર અમે જોયા છે. અમે એકવાર બહાર નીકળતા હતા ત્યાં સુફી સામે મળ્યો. મળ્યો તો ઊભો રહી ગયો. વૈરાગ્ય દેખાય. સુફી ફકીર, હોં! એ એક માને. એક હું છું. હું એક ખુદા છું. બે ચીજ નથી. 'હમ હૈ ખુદ ખુદા

યારો, હમ હૈ ખુદ ખુધા યારો, દૂસરી કોઈ ચીજ હૈ નહીં.' એમ માનનારા. અમે તો ઘણાના પરિચયમાં આવેલાને. દરવાજેથી નીકળતા હતા. ત્યાં બે ફકીર હતા. વૈરાગ્ય.. ઉદાસ.. ઉદાસ.. ઉદાસ. કીધું, આ કોણ છે? સુફી ફકીર છે. એક ખુદા માનનારા. એક જ ખુદા સર્વવ્યાપક છે. (બાકી) બધું જૂઠ છે. વેદાંત પણ સર્વવ્યાપક માને છે. વેદાંત તો ત્યાં સુધી કહે છે કે આત્મા અને આત્માનો અનુભવ, બે ક્યાંથી આવ્યા?

અહીંયાં તો આત્મા અને આત્માની પર્યાય, બે લેવા છે. અનુભવ છે એ પર્યાય છે. આત્મા ત્રિકાળી છે. એ ક્રમબદ્ધનો જ્યાં નિર્ણય કરે છે તો આત્માનો અનુભવ થાય છે. આત્માનો અનુભવ અને આત્મા બે (થયા). એનો વેદાંત નિષેધ કરે છે. આત્મા અને અનુભવ, તો દ્વૈત થઈ ગયું. એમ નથી. દ્વૈત જ છે. અનુભવની પર્યાય છે, વિકારની પર્યાય પણ છે. એ પર્યાયથી રહિત પોતાનું પરિણમન થાય છે. તો એ છે તો ખરું ને? છે તો એનાથી રહિત થયો ને? આહાહા..! ન હોય તો એનાથી રહિત થવું શું? છ દ્રવ્યથી રહિત આત્મા છે. તો છ દ્રવ્ય છે કે નહિ? પોતાના આત્મા સિવાય બીજા અનંત આત્મા આદિ બધા છે. એક સમયની પર્યાયમાં જ્યાં દ્રવ્યનો આશ્રય થઈને નિર્ણય થાય છે તો એ પર્યાયમાં દ્રવ્ય-ગુણનું પણ જ્ઞાન થાય છે અને પર્યાયમાં જ્ઞાનનો સ્વભાવ સ્વપરપ્રકાશક પોતાથી છે... સ્વપરપ્રકાશકની પર્યાય ઉત્પન્ન થાય છે. આહાહા..! પરને જાણું, એ પણ નહિ. પરને જાણું એમ પણ નહિ. એ તો પર સંબંધી પોતાનું જે જ્ઞાન છે તેને જાણે છે. પરને જાણતું નથી. પરને તો અડતું નથી તો પરને જાણે ક્યાંથી? આહાહા..! સમજાય છે કાંઈ? થોડું સૂક્ષ્મ છે, ભાઈ! વાત તો એવી છે. આહાહા..! બરાબર ન સમજાય તો રાત્રે પૂછવું. એમ ન સમજવું કે અમારે ન પૂછાય. એવી વાત નથી. બધા પૂછી શકે છે. આહાહા..!

'**પોતાના પરિણામોથી ઊપજતો થકો...**' અહીં તો પોતાના પરિણામોથી (એમ કહ્યું), ભાઈ! પોતાના પરિણામોથી. વિકાર એ પોતાના પરિણામથી નહિ. એ જીવના પરિણામ નહિ. તે વખતે વિકૃત (પરિણામ) હોય છે, પણ એ સમયે ક્રમબદ્ધનો નિર્ણય દ્રવ્યદૃષ્ટિપૂર્વક થયો છે તો વિકાર રહિત પોતાના પરિણામમાં પરિણમન ક્રમબદ્ધમમાં થાય છે. આહાહા..! સમજાય છે કાંઈ? આ તો એક લીટીનો અર્થ ત્રીજી વાર થાય છે. પરમ દિ' કર્યો હતો, કાલે કર્યો હતો. પાર નથી. વીતરાગમાર્ગના શાસ્ત્રમાં રહસ્યનો પાર નથી. આહાહા..!

એવી ચીજ ભગવાન ત્રિલોકનાથ સર્વજ્ઞના શ્રીમુખે દિવ્યધ્વનિ આવી છે. દિવ્યધ્વનિમાંથી 'ૐકાર ધ્વનિ સુણી અર્થ ગણધર વિચારે, રચી આગમ ઉપદેશ ભવિક જીવ સંશય નિવારે.' આહાહા..! ભવ્ય પ્રાણી.. આહાહા..! ૩૮ ગાથામાં તો એમ કહ્યું છે, ૩૮માં ક્રમ, અક્રમ પછી (આવે છે). શિષ્ય-પંચમઆરાનો શ્રોતા. પંચમઆરાની વાત છે ને. સાધુ પંચમઆરારના છે ને? આ 'અમૃતચંદ્રાચાર્ય'. પંચમઆરો. પંચમકાળમાં 'અમૃતચંદ્રાચાર્ય', 'કુંદકુંદાચાર્ય' (થયા). તો શ્રોતા પંચમકાળના છે. શ્રોતાને સમજાવે છે. ૩૮મી ગાથામાં એમ લીધું છે કે શ્રોતા સાંભળે છે અને સાંભળીને તરત પ્રતિબોધ પામે છે. અને પ્રતિબોધ એવો પામે છે.. ૩૮માં પાઠ છે કે મને જે સમ્યગ્દર્શન થયું, મિથ્યાત્વનો નાશ થયો એનો અંકુર હવે ઉત્પન્ન નહિ થાય. આહાહા..! ૩૮ ગાથામાં છે અને ૯૨ ગાથામાં છે. 'પ્રવચનસાર' ૯૨મી ગાથામાં છે. પંચમઆરાના શ્રોતા એમ કહે છે, પંચમઆરાના શ્રોતાને ગુરુએ સમજાવ્યો, અપ્રતિબુદ્ધને સમજાવ્યું. કેટલાક એમ કહે છે કે આ 'સમયસાર' તો સાધુ માટે છે. અહીં પાઠમાં તો અપ્રતિબુદ્ધને સમજાવ્યું છે, એમ છે. છે? આહાહા..!

અપ્રતિબુદ્ધ સમજ્યો.. આહાહા..! સંતોએ એવી વાત લીધી છે કે શિષ્ય એમ કહે છે, પ્રભુ! હવે અમારે મિથ્યાત્વનો નાશ થયો એ મિથ્યાત્વનો અંકુર હવે સાદિઅનંત કાળ ઉત્પન્ન નહિ થાય. આહાહા..! અરે..! પ્રભુ! પણ તમે છદ્મસ્થ પંચમઆરાના શ્રોતા છો, અપ્રતિબુદ્ધ હતા, આવું સાંભળ્યું અને આટલું જોર આવી ગયું! ભાઈ! ભગવાન! જોર શું, આત્મામાં એટલી તાકાત છે. ઓહોહો..! અપ્રતિહતની વાત લીધી છે. ૩૮માં, ૯૨માં. ઉત્પન્ન થયું એ થયું. સમ્યગ્દર્શન થયું અને પછી પડી જશે, એ વાત જ નથી. આસ્રવ અધિકારમાં લીધું છે, નયથી પરિચ્યુત થાય તો આમ થાય. જરી જ્ઞાન કરાવવા આસ્રવ (અધિકારમાં) નય પરિચ્યુત કહ્યું છે.

શ્રોતા તો એવા લીધા છે... આહાહા..! આવું સાંભળીને એને એવો રસ આવ્યો અને દ્રવ્ય ઉપર ઝુકી ગયો. આહાહા..! ઝુકી ગયો અને જે અનુભવ થયો, સમ્યગ્દર્શન થયું તો એ કહે છે કે હવે અમે સમ્યગ્દર્શનથી પડી જઈએ અને મિથ્યાત્વ ઉત્પન્ન થશે, એ અમારે નથી. આહાહા..! આવી વાત છે. 'પ્રવચનસાર' ૯૨માં પણ એમ કહ્યું છે. આગમકૌશલ્યથી અને પોતાના અનુભવથી મને જે દર્શન, જ્ઞાન, ચારિત્ર થયા એ દર્શનમાં

મિથ્યાત્વનો અંકુર પણ ઉત્પન્ન નહિ થાય. ચારિત્રની વાત બીજી છે. કારણ કે ચારિત્ર તો પંચમઆરાના છે તો સ્વર્ગમાં જશે. (ત્યાં) ચારિત્ર નહિ રહે. પંચમઆરાના સાધુ છે ને. કેવળજ્ઞાન તો છે નહિ. અમારા દર્શનમાં મિથ્યાત્વનો અંકુર અમને ઉત્પન્ન નહિ થાય. અમે ચારિત્રવંત છીએ તો ચારિત્ર અમારું નાશ નહિ પામે એમ નથી. કેમકે અમે પંચમઆરામાં છીએ અને અમારે સ્વર્ગમાં જવું પડશે. કેમકે અમને કેવળજ્ઞાન નથી. અમારા પુરુષાર્થમાં કમી છે. એ કાળને કારણે નહિ. અહીંથી તો સ્વર્ગમાં જવું પડશે તો ચારિત્રથી તો રહિત થશું. આહાહા..!

મુમુક્ષુ :- ચારિત્ર અપ્રતિહત નથી.

ઉત્તર :- ચારિત્ર અપ્રતિહત નથી. એમ કહ્યું ને, ઈ જ કહ્યું.

મગજમાં એટલી વાત યાદ આવે. કંઈ બધી કહેવા જાય? ચારિત્રપાહુડમાં એક ભાવ આવ્યો છે. ચારિત્રપાહુડમાં પર્યાયનો (ભાવ આવ્યો છે). પર્યાય અક્ષય છે. બે બોલ છે ને? અમેય. અક્ષય અને અમેય. પર્યાય, હોં! દ્રવ્ય-ગુણની શું વાત કરવી. આહાહા..! દ્રવ્યની જ્યાં અનુભવદૃષ્ટિ થઈ, હું પૂર્ણાનંદ પ્રભુ અભેદ અખંડાનંદ છું, એવી જ્યાં દૃષ્ટિ થઈ, તો કહે છે.. આહાહા..! એ ચારિત્રવંતને પર્યાય,.. ચારિત્રવંતની લીધી છે, હોં! અક્ષય છે અને અમેય છે. નહિતર ચારિત્ર તો છૂટી જશે. અમારું ચારિત્ર છૂટે તોપણ અમે બીજા ભવમાં ચારિત્ર લઈશું, લઈશું ને લઈશું. અને બીજા ભવમાં અમે પૂર્ણ કરશું. અમે પંચમઆરાના સાધુ છીએ. અમે પંચમઆરાના નથી, અમે તો અમારા આત્માના છીએ. આરો-ફારો અમને નડતો નથી. આહાહા..!

એ ચારિત્રની પર્યાયમાં.. ચારિત્રનો અધિકાર લીધો છે, ત્યાં એની પર્યાયમાં અક્ષય અને અમેય.. પર્યાયની મર્યાદા નહિ, એટલી તાકાત પર્યાયમાં છે. કેમકે અનંત ગુણની પર્યાયમાં એક એક પર્યાય એટલી તાકાતવાળી છે કે અનંત ગુણને જાણે, અનંત પર્યાયને જાણે ત્યારે એક જ્ઞાનની પર્યાયની (એટલી) તાકાત. એવી તાકાત શ્રદ્ધાની, એવી તાકાત ચારિત્રની, એવી તાકાત અસ્તિત્વ, વસ્તુત્વ, પ્રમેયત્વ, અગુરુલઘુત્વ આદિ દરેક પર્યાયની એટલી તાકાત છે. આહાહા..! સમજાય છે કાંઈ? એ પર્યાયથી.. એમ કહે છે કે, અમારે તો મિથ્યાત્વ ઉત્પન્ન નહિ થાય. પ્રભુ! તમે ભગવાન પાસે ગયા નથી અને તમે આટલું બધું..! તમે તો મહાવ્રતધારી છો ને. મહાવ્રતધારી છો ને તમે આટલું બધું કહો છો!

અમારો નાથ એમ પોકાર કરે છે, એમ કહે છે. અમારો પ્રભુ પોકાર કરે છે. એ પ્રભુ એમ કહે છે કે અમને હવે કદી મિથ્યાત્વ નહિ થાય. આહાહા..! આ ક્રમબદ્ધના નિર્ણય કરવામાં જે દર્શનનો નિર્ણય થયો તો નિર્મળ પરિણામ પોતાના થયા એ નિર્મળ સમ્યક્ પરિણામ હવે નહિ પડે. સમજાય છે કાંઈ? શેઠ! આવી વાત આટલા વર્ષમાં કોઈ દિ' સાંભળી નહિ હોય. પૈસા.. જાય. દયા કરો ને વ્રત કરો ને મંદિર બનાવો. એના ગામમાં મંદિર નથી. મંદિર બનાવે છે ને? નવું બનાવે છે ને? મંદિર. તમે બતાવ્યું હતું, આ નવું બને છે. મંદિરની પાસે. આહાહા..! એ તો જે સમયે જે પર્યાય જડની થવાની તે થશે, થશે ને થશે જ. બીજો કરે અને બીજો ન કરે તો ન થાય એમ છે નહિ. એ અહીં આવ્યું.

'**પોતાના પરિણામોથી ઊપજતો થકો જીવ જ છે,...**' આહાહા..! પંડિતજી! જીવ જ છે. વિકારના પરિણામ દૂર રાખ્યા. આહાહા..! નહિતર... ક્રમબદ્ધનો જ્યાં નિર્ણય થયો.. આહાહા..! ગજબ વાત! 'અમૃતચંદ્રાચાર્ય'... ગાથા કરનાર 'કુંદકુંદાચાર્ય' તીર્થંકર જેવું કામ કર્યું છે અને 'અમૃતચંદ્રાચાર્યે' એમના ગણધર જેવું કામ કર્યું છે. આહાહા..! અરે..! વાણી મળવી મુશ્કેલ, બાપા! પ્રભુ! આ કાંઈ લૌકિકની વાત નથી. જગતના પ્રપંચની વાત નથી. આ તો અંતરની વાતું છે. આહા..! '**જીવ ક્રમબદ્ધ...**' આહા..! આમાંથી નીકળવું ગોઠતું નથી. એટલું આમાં ભર્યું છે. આહા..! '**પોતાના પરિણામોથી ઊપજતો થકો...**' વિકાર પણ છે તો ખરો, પણ વિકારનું જ્ઞાન છે તે પોતાના પરિણામ છે. સમજાય છે કાંઈ? કેમકે અકર્તાપણાની વાત છે ને? તો અકર્તામાં જ્ઞાતા-દૃષ્ટા થયો. તો જ્ઞાતા-દૃષ્ટાના પરિણામ એ પોતાના પરિણામ છે. એમાં રાગ આવે છે તો રાગને જાણવો, એ જ્ઞાતા-દૃષ્ટાના પરિણામ પોતાના છે. આહાહા..!

'**ક્રમબદ્ધ એવા પોતાના પરિણામોથી...**' એ પરિણામનું ક્રમબદ્ધ. પરિણામમાં ક્રમબદ્ધ લેવું છે ને. દ્રવ્યમાં નહિ. '**ક્રમબદ્ધ એવા પોતાના પરિણામોથી...**' ક્રમબદ્ધ એવા પોતાના પરિણામોથી. પરિણામમાં ક્રમબદ્ધ લેવું છે ને. આહાહા..! સૂક્ષ્મ છે પણ પ્રભુ! અમૃતનો ઘડો છે આ તો! આહા..! એવી વાત દિગંબર સંતો સિવાય ક્યાંય નથી. શ્વેતાંબરમાં પણ કલ્પિત વાત (છે). શાસ્ત્રો બનાવ્યા એ કલ્પિત બનાવ્યા છે. આ તો ભગવાનની ત્રિલોકના નાથની વાણી. સર્વજ્ઞના કેડાયતો આડતિયા થઈને વાત કરે છે. આ મુનિ સર્વજ્ઞના આડતિયા છે. આડતિયા સમજ્યા? માલ. આહાહા..! સર્વજ્ઞ ભગવાનનો

આ માલ છે. પ્રત્યક્ષપણે, પ્રત્યક્ષપણે. શ્રુતજ્ઞાનીને પરોક્ષ છે. પ્રત્યક્ષપણે એમનો માલ છે એને અહીં પ્રત્યક્ષ બતાવે છે. આહાહા..!

પ્રભુ! તું પૂર્ણાનંદનો નાથ છો ને! તારી જે પર્યાય જે સમયે થવાવાળી તે થશે. એના ઉપરથી દૃષ્ટિ હટાવી લે. આહાહા..! આટલું .. થશે.. શું કહે છે? જે સમયે પર્યાય સત્ છે.. ઉત્પાદ-વ્યય સત્ છે ને? ઉત્પાદ-વ્યય સત્ છે. વ્યય અભાવરૂપ છે પણ સત્ છે. ત્રણે સત્ છે. ઉત્પાદ સત્ છે, વ્યય સત્ છે, અભાવ સત્ છે, ભાવ સત્ છે, ધ્રુવ સત્ છે. અને ત્રણે સત્માં કોઈની કોઈને અપેક્ષા નથી. એમ 'પ્રવચનસાર'ની ૧૦૧મી ગાથામાં આવ્યું છે. ઉત્પાદની ધ્રુવને અપેક્ષા નથી. આહાહા..! ધ્રુવની અપેક્ષા ઉત્પાદને નથી. આહાહા..!

અહીંયાં પણ જે પરિણામ ઉત્પન્ન થાય છે તે જીવ જ છે. એ નિર્મળ પરિણામ ઉત્પન્ન થયા. આહાહા..! સમ્યગ્દર્શન, જ્ઞાન, શાંતિ ક્રમબદ્ધમાં એ પરિણામ ઉત્પન્ન થયા. આહાહા..! ગજબ વાત છે, શેઠ! આ દિગંબર શાસ્ત્ર સમજે નહિ અને વાંચ્યા કરે.. અને શેઠિયા જેવા પૈસાવાળા માણસ બેઠા હોય તો જય નારાયણ કરે.. એને કાંઈ ખબર ન હોય. એ દાખલો. બધા એમ છે. એક જે શેઠ હતા ને? 'ઈન્દૌર'ના શેઠ. શું નામ? એ સાંભળતા હતા. અહીં આવી ગયા છે. 'પ્રવચન મંડપ'ની એના હાથે શરૂઆત કરી હતી. 'પ્રવચન મંડપ'ની એના હાથે (ઉદ્ઘાટન) કર્યું હતું. એમના દીકરા પણ આવ્યા હતા. પેલું મકાન બનાવ્યું ને ત્યારે. તો એ શેઠ સાંભળીને એમ કહેતા હતા કે સ્વામીજી કા પંડિતોં કો સમજના પડેગા. નરમ માણસ. એમના દીકરાને એવું નથી. એ બધી ગડબડ છે. અહીં તો સત્ય છે ઈ સત્ય છે.

ઈ તો એમ કહેતા હતા, પહેલા સાધારણ વાત કરતા હતા, જ્યારે પહેલા (સંવત) ૨૦૦૫ની સાલમાં આવ્યા, ૨૦૦૫ને? ૨૦૦૧ની સાલ, ૨૦૦૧ની સાલ. ૩૫ વર્ષ થયા. પહેલા તો જ્યારે ઉપાદાનની વાત સાંભળી તો (કહે), મહારાજ તો સ્થાનકવાસીમાંથી આવ્યા છે ને. તો આ વાત બહુ છંછેડવી નહિ, બહુ છંછેડવી નહિ. પહેલા એમ કહ્યું. છંછેડવી નહિ. કેમકે.. મેં કીધું, શેઠ! છંછેડો. બધામાં વાત મૂકો. પર્યાય ઉપાદાન પોતાથી થાય છે, પરથી નહિ. ઢંઢેરો પીટો. અહીં ખાનગી નથી. ઢુંઢિયામાંથી આવ્યા તો.. આમ અનુકૂળ કરવા માટે બોલતા હતા. કેટલી વાર આવ્યા છે? ત્રણ વાર

આવ્યા. પહેલા ૨૦૦૧ની સાલમાં આવ્યા, બીજી વાર આ ઉદ્‌ઘાટન વખતે આવ્યા. ... પૈસા-બૈસાનું અમારે શું કામ છે? બપોરે (કહ્યું), સંસ્થાને પચીસ હજાર આપું છું. સંસ્થાને પચીસ હજાર (આપ્યા). પહેલા ૨૦૦૧ની સાલમાં, હોં! ૩૫ વર્ષ થયા. પણ આ માર્ગ... અનુકૂળ બહુ બોલતા હતા. પંડિતોને પણ સમજવું પડશે. સ્વામીજી કહે છે એ બરાબર છે. (પોતે) સમજ્યા નહોતા. પણ ઓઘે એને આ વાત.. આહા..!

'**અજીવ નહિ,...**' એ પરિણામ અજીવ નથી. એનો અર્થ રાગ પણ નહિ અને અજીવ પણ નહિ. એ પરિણામમાં. આહાહા..! સમજાય છે કાંઈ? માર્ગ જરી ઝીણો, પ્રભુ! પકડવા માટે બહુ ધ્યાન રાખવું જોઈએ. બહુ પ્રયત્ન જોઈએ. આહાહા..! દુનિયાને રાજી રાખવા વાત કરે. રંજન-લોકરંજન. 'તારણસ્વામી' કહે છે ને, દુનિયા લોકરંજન કરે છે. જનરંજન. અહીં 'અષ્ટપાહુડ'માં આવ્યું છે, જનરંજન. લોકોને કેમ ઠીક પડે? હવે ઠીક શું, છે ઈ કહે ને. જનરંજન. દુનિયા રાજી થાય એમ કરો, દેશસેવા કરો, એકબીજાને મદદ કરો, સાધર્મીને મદદ કરો. પણ અહીં કહે છે, કોઈ મદદ-ફદદ કરી શકતો નથી. જડની પર્યાય.. આહાહા..!

મુનિને પણ.. સાચા સંત છે, આહાર-પાણી દે છે. એ આહાર-પાણી દેવાની ક્રિયા આત્મા કરી શકતો નથી. આહાહા..! પણ એ સમયે જે વિકલ્પ આવ્યો, પણ એ સમયે પણ જ્ઞાની આહાર દેવામાં છે, તો વિકલ્પથી રહિત નિર્મળ પરિણામના એ સ્વામી છે. એને નિર્મળ પરિણામ ઉત્પન્ન થાય છે. ક્રમબદ્ધમાં નિર્મળ પરિણામ ઉત્પન્ન થાય છે. આહાહા..! એ રાગ પણ નહિ અને હું મુનિને આહાર આપું છું, એના પણ ધણી-સ્વામી નથી. આહા..! બહુ આકરી વાત.

આ લોકો શ્વેતાંબરની જાત્રા કરે ને? શેત્રુંજય. જાત્રા કરીને નીચે ઊતરે અને સાધુને આહાર આપે તો બહુ લાભ થશે. સાધુ ગમે તેવા હોય. એના. સાધુ ક્યાં હતા? શ્વેતાંબર ગૃહીત મિથ્યાત્વ છે. 'કુંદકુંદાચાર્યે' કહ્યું ને. 'મોક્ષમાર્ગ પ્રકાશક'માં પાંચમા અધિકારમાં આવ્યું ને? અન્યમત. અન્યમતમાં નાખ્યા છે. શ્વેતાંબર, સ્થાનકવાસી બધાને અન્યમતમાં નાખ્યા છે. દુઃખ લાગે, પણ સત્ય તો છે, સત્ય તો આમ છે. તારા લાભનું કારણ તો આ છે. તને અનુકૂળ અનુકૂળ બોલે અને વિપરીત થઈ જાય (તો) નરક અને નિગોદ મળશે, પ્રભુ! આહાહા..! એ રંજન કરવા જઈશ (એમાં) નરક, નિગોદ મળશે. આહાહા..!

આ વાત અહીં કહે છે, **'જીવ જ છે, અજીવ નથી...'** આ અનેકાંત. જીવ પણ પરિણામનો કર્તા છે અને અજીવ પણ પરિણામનો કર્તા છે, (એ અનેકાંત નથી). આહાહા..! ખરેખર તો ક્રમબદ્ધના નિર્ણયમાં જ્યારે સમ્યગ્દર્શન થયું, એ પરિણામ વખતે રાગ છે, પણ એ વખતે રાગ સંબંધી જ્ઞાન પોતાનું પોતાથી થાય છે. રાગ છે તો જ્ઞાન થાય છે એમ પણ નહિ. આહાહા..! એ પોતાના પરિણામનો કર્તા અજીવ નથી. એટલે શું કહે છે? કે જે પોતામાં જ્ઞાતા-દૃષ્ટાના પરિણામ થયા એ રાગને જાણ્યો, એ પણ નહિ, એ પર્યાયમાં પોતાને જાણ્યો છે. રાગ સંબંધીનું જ્ઞાન પોતાનું છે એને જાણ્યું છે. સમજાય છે કાંઈ? રાગ પણ અજીવ છે. અજીવનું જ્ઞાન અહીંયાં થયું છે. એ પણ વ્યવહાર કહેવામાં આવ્યું છે. એ અજીવ સંબંધી તે સમયે સ્વપરપ્રકાશક શક્તિથી પરનું જ્ઞાન પોતાથી પોતામાં થયું છે. પરને કારણે નહિ. રાગનું જ્ઞાન રાગ છે તો થયું એમ નથી. આહાહા..! સમજાય છે કાંઈ?

**'અજીવ નથી;...'** અજીવ પરિણામ નહિ. આહાહા..! એ પરિણામનો કર્તા અજીવ નથી. આહાહા..! ભગવાનઆત્મા... ક્રમસર જે થવાના તે થશે જ થશે, એમ જ્યારે અકર્તાપણું થાય છે તો જ્ઞાતા થઈ જાય છે. જ્ઞાતા થતાં દૃષ્ટિ જ્ઞાન ઉપર થઈ જાય છે. આહા..! એ પરિણામમાં જે રાગને જાણવાના પરિણામ થયા તો એ રાગને કારણે પણ જાણવાનું થયું એમ નહિ. આહાહા..! સમજાય છે કાંઈ? રાગનું પણ જ્ઞાન થયું ને? ભાવગુણ કહ્યો ને? ભાવગુણને કારણે ષટ્ ગુણ વિકૃતપણે થાય છે પણ ભાવગુણને કારણે વિકૃત રહિત એના પરિણામ છે. પેલો જે ભાવગુણ છે કે થશે જે, એ બીજો ભાવ (ગુણ). એક ભાવગુણ છે તેમાં પર્યાય થશે જ એ બીજો છે. અને એક ભાવ વિકૃત રહિત છે, એ ભાવ (બીજો). ૪૭ (શક્તિમાં) બે ભાવગુણ છે. સમજાય છે કાંઈ?

બીજો એક ભાવ એવો છે કે દૃષ્ટિ જ્યારે દ્રવ્ય ઉપર ગઈ ને ક્રમબદ્ધનો નિર્ણય થયો તો રાગ છે તો રાગનું જ્ઞાન થયું એમ પણ નહિ. રાગનું કર્તૃત્વ તો આવતું નથી પણ રાગનું જ્ઞાન થયું એ પણ વ્યવહારથી છે. એ પોતાનું સ્વપરપ્રકાશક જ્ઞાન પોતાના પરિણામોથી ઉત્પન્ન થાય છે. એ રાગથી અને અજીવથી નહિ. વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

# શ્રી પ્રવચનસારજી ગાથા–૯૯
## પ્રવચન નં. ૧૦૧
## તા. ૧૧–૬–૧૯૭૯, સોમવાર, જ્યેષ્ઠ વદ ૧

'પ્રવચનસાર' ૯૯ગાથા. બીજો પેરેગ્રાફ ફરીને લઈએ. '**જેમ તે પ્રદેશો પોતાના સ્થાનમાં સ્વ–રૂપથી ઉત્પન્ન...**' દરેક પદાર્થ (કે) જેને ઘણાં પ્રદેશ છે આત્મામાં અસંખ્ય, આકાશમાં અનંત, ધર્માસ્તિકાયમાં અસંખ્ય, અધર્માસ્તિકાયમાં અસંખ્ય. '**તે પ્રદેશો પોતાના સ્થાનમાં સ્વ–રૂપથી ઉત્પન્ન...**' ઉત્પન્ન એટલે (ત્યાં) લક્ષ કરતાં તે સ્વ–રૂપથી છે '**ને પૂર્વરૂપથી વિનષ્ટ...**' પૂર્વથી તે અભાવરૂપ છે. બીજો જે પ્રદેશ છે એનાથી આ પ્રદેશ અભાવસ્વરૂપ છે. થોડું ઝીણું આવશે. હજી વધારે ઝીણું આવશે. '**તથા સર્વત્ર (બધેય) પરસ્પર અનુસ્યૂતિથી રચાયેલા...**' (અર્થાત્) છે... છે... છે... છે... એમ આત્મામાં અસંખ્ય પ્રદેશ છે. પૂર્વની અપેક્ષાએ વિનષ્ટ કીધું, પોતાની અપેક્ષાએ ઉત્પન્ન કીધું અને સળંગ છે... છે... છે... છે... (એ) ઉત્પન્ન અને વિનષ્ટ પણ નહિ (એવું) ધ્રુવ છે... છે... છે. ઠીક ગાથા આવી છે. આહા..હા...!

શું કહે છે? અહીં તો આપણે આત્મામાં લઈએ. આત્મા અસંખ્ય પ્રદેશી છે. જે પ્રદેશ ઉપર લક્ષ છે એ પ્રદેશને પૂર્વની અપેક્ષાએ વિનષ્ટ કહીએ. કારણ કે પૂર્વ (પ્રદેશ) એમાં નથી, બીજો પ્રદેશ એમાં નથી અને પોતાની અપેક્ષાએ એને ઉત્પન્ન કહીએ પણ સળંગ છે... છે... છેની અપેક્ષાએ ઉત્પન્ન અને વિનષ્ટ નહિ.

પ્રશ્ન : ભાઈ આવ્યા છે તો પહેલેથી લઈએ તો?

સમાધાન : આ પહેલેથી જ લીધું ને? અહીંથી આ પહેલેથી છે. આ કાલે લીધું હતું. ફરીને લઈએ. આ..હા...!

જેમ આ અસંખ્ય પ્રદેશી પ્રભુ (છે). (તેના અસંખ્ય પ્રદેશને) સિદ્ધ કરીને પછી પ્રવાહક્રમ સિદ્ધ કરવો છે. સિદ્ધ તો પ્રવાહક્રમ કરવો છે. જે સમયે જે પર્યાય થાય તે જ સમયે થાય. ક્રમબદ્ધ ! ક્રમબદ્ધનું ચાલે છે. (એક ભાઈ) આવ્યા હતા તે કહેતા હતા કે, ત્યાં ક્રમબદ્ધનું ચાલે છે. 'અજમેર'માં અત્યારે શિક્ષણ શિબિર છે ને? લોકોને આકરું (પડે છે).

લોકોને જ્યાં હોય ત્યાં કરું... કરું(નો અભિપ્રાય થઈ ગયો છે). (એ) પછી આવશે, પર્યાયની (વાત આવશે) ત્યારે કહેશું.

પ્રદેશ છે એ પોતાના સ્થાનમાં સ્વ-રૂપથી ઉત્પન્ન, પૂર્વરૂપથી વિનષ્ટ (અને) સર્વત્ર છે... છે... (એવી) **'પરસ્પર અનુસ્યૂતિથી રચાયેલા એકવાસ્તુપણા વડે અનુત્પન્ન-અવિનષ્ટ હોવાથી ઉત્પત્તિ-સંહાર-ધ્રૌવ્યાત્મક છે,...'** આ..હા..હા...! પૂર્વની અપેક્ષાએ વ્યય, પોતાની અપેક્ષાએ ઉત્પન્ન અને છે... છે... અપેક્ષાએ ધ્રુવ. દરેક પ્રદેશને આમ ત્રણ (પડખાં) લાગુ પડે, (એમ) કહે છે. આ..હા...! આવી વાતું! હજી એથી થોડું ઝીણું આવશે, હોં! આ તો અહીંથી લીધું.

**'તેમ તે પરિણામો...'** એમ આ જીવમાં અને જડમાં જે સમયે જે પરિણામ થાય. 'પરિણામો' છે ને? બહુવચન છે ને? 'પરિણામો પોતાના અવસરમાં સ્વ-રૂપથી ઉત્પન્ન...' તે-તે સમયે જડ અને ચૈતન્યની જે પરિણતિપર્યાય થવાની (છે) તેથી તેને ઉત્પન્ન કહીએ. આહા..હા...! છે? **'પોતાના અવસરમાં સ્વ-રૂપથી ઉત્પન્ન...'** આ..હા..હા...! (આમ માનવાને બદલે) એને ઠેકાણે આ બધાં મંદિર બનાવીએ, આગમમંદિર બનાવીએ, પુસ્તક બનાવીએ (એમ માને).

શ્રોતા : આપણે બંધાઈ ગયું.

પૂજ્ય ગુરુદેવશ્રી : બંધાઈ ગયા છે એને કારણે. (કોઈને) કારણે બંધાણું નથી. આહા..હા...! આ મકાનની જે સમયે જે પર્યાય ઉત્પન્ન થવાની હતી તેને પૂર્વની અપેક્ષાએ વિનષ્ટ કહીએ, ઉત્પન્નની અપેક્ષાએ ઉત્પન્ન કહીએ અને સળંગ પરિણામ છે... છે... છે... છે... છે... છે... (એ અપેક્ષાએ ધ્રુવ કહીએ). (આમ) એક જ પરિણામને ત્રણ લાગુ પડે ઉત્પન્ન-વ્યય અને ધ્રુવ. આ..હા..હા...!

પ્રશ્ન : આમાં અમને લાભ શું?

સમાધાન : એ કહેવું છે કે, એ જો એનો નિર્ણય કરે તો એની દૃષ્ટિ પર્યાયના અને રાગના અકર્તાપણા ઉપર જાય અને અકર્તાપણા (ઉપર) જાય તો જ્ઞાતા-દૃષ્ટા થાય તો એને સમ્યગ્દર્શન થાય. આહા..હા...! આવી ઝીણી વાતું! સંપ્રદાયમાં તો ક્યાંય છે જ નહિ. દિગંબર જૈન સંપ્રદાયમાં છે નહિ, ક્યાં ઠેકાણા છે? આ બધા એના શેઠિયાઓ રહ્યા, એણે ક્યાં કોઈ 'દી સાંભળ્યું હતું? આહા..હા...! ભાઈ ! વસ્તુની સ્થિતિ આવી છે.

કોઈને એમ લાગે કે, એને અવસરે પરિણામ થાય, ત્યારે થશે એમાં અમારે શું? પણ એ અવસરે પરિણામ થાય એ પરિણામને ત્રણ (વાત) લાગુ પડે. પૂર્વની અપેક્ષાએ તેનું વિનષ્ટ(પણું)અભાવ, પોતાની અપેક્ષાએ ઉત્પન્ન (અને) છે... છે... છે... તે ધ્રુવ. એવી જેની દૃષ્ટિ થાય એ આત્મા ઉપર જાય (કે) આત્મા જ્ઞાતા-દૃષ્ટા છે, કર્તા નથી. એ નિર્મળ પર્યાય થાય તેનો પણ કર્તા નથી. ત્યાં એ (નિર્મળ પર્યાય) થવાની છે તે થઈ. આ..હા..હા...! આવી વાતું છે. ધીમેથી (સમજવું). હજી હવે એનાથી ઝીણી (વાત) આવશે. (જે) વાત ચાલે છે એનાથી પણ ઝીણી હવે આવશે.

દરેક પદાર્થ પોતાના અવસરમાં સ્વ-રૂપથી ઉત્પન્ન... પરિણામ, હોં! '**પૂર્વરૂપથી વિનષ્ટ હોવાથી તથા સર્વત્ર પરસ્પર અનુસ્યૂતિથી રચાયેલા એકપ્રવાહપણા વડે...**' એકપ્રવાહછે... છે... છે... છે... છે... આહા..હા...! અરે...! લોકો વાંચે નહિ, વિચારે નહિ. બાપુ ! શું છે? ભાઈ ! આહા..હા...! તેથી '**અનુત્પન્ન-અવિનષ્ટ હોવાથી ઉત્પત્તિ-સંહાર-ધ્રૌવ્યાત્મક છે.**' ત્યાં સુધી તો આવ્યું હતું. હવે જરી ઝીણું છે. ધ્યાન રાખો, પકડાશે.

'**વળી જેમ વાસ્તુનો જે નાનામાં નાનો (છેવટનો) અંશ...**' અસંખ્ય પ્રદેશ છે એમાંનો જે એક પ્રદેશ (છે) તેને છેવટનો કહીએ અથવા નાનો કહીએ. એ '**અંશ પૂર્વ પ્રદેશના વિનાશસ્વરૂપ છે...**' એ પ્રદેશ પૂર્વની અપેક્ષાએ વિનાશસ્વરૂપ છે અને '**તે જ (અંશ) ત્યારપછીના...**' એટલે? વિનાશસ્વરૂપ છે એના પછીના. અહીંયાં જે અસંખ્ય પ્રદેશ છે એમાં જે પ્રદેશ ઉપર લક્ષ કરે તો એ પ્રદેશ પૂર્વની અપેક્ષાએ વિનષ્ટ છે અને એ પ્રદેશ પછીની અપેક્ષાએ ઉત્પન્ન (છે). પછીની (અપેક્ષાએ) એટલે પેલો પૂર્વનો (પ્રદેશ) જેની અપેક્ષાએ વિનષ્ટ કહ્યો, એની અપેક્ષાએ નહિ. (પણ) પછીનો (જે પ્રદેશ છે) તેને ઉત્પન્ન કહ્યો. આહા..હા...! ભાઈ ! આ ઝીણું છે.

આ લાકડી છે, જુઓ! આ અનંત પરમાણુ છે. એ કાંઈ એક નથી. એમ અહીં આપણે આત્મામાં લેવું. આત્મા અસંખ્ય પ્રદેશી છે. હવે એમાં જે પ્રદેશનું લક્ષ થાય તે પ્રદેશ પૂર્વની અપેક્ષાએબીજા પ્રદેશની અપેક્ષાએ અભાવવિનષ્ટવ્યયસ્વરૂપ છે, પોતાની અપેક્ષાએ ઉત્પન્ન સ્વરૂપ છે અને તે છે... છે... છે... અપેક્ષાએ ધ્રુવસ્વરૂપ છે. (એ તો પહેલાં આવી ગયું) પણ હવે અહીંયાં તો કઈ અપેક્ષા લીધી ? કે, જે પૂર્વની અપેક્ષાએ

વિનષ્ટ છે એ ત્યારપછીની અપેક્ષાએ ઉત્પન્ન છે. 'ત્યારપછી' એટલે પેલો જે પૂર્વની અપેક્ષાએ વિનષ્ટ કહ્યો એના પછીની અપેક્ષાએ તે ઉત્પન્ન છે. સમજાણું કાંઈ ?

શ્રોતા : કાંઈ સમજાતું નથી.

પૂજ્ય ગુરુદેવશ્રી : ફરીને લઈએ, લ્યો! ભાઈ આવ્યા છે ને! આવી ઝીણી વાત સાંભળવા આવે છે. આ..હા..હા...!

શું કહે છે? પ્રભુ ! તારા ઘરની વાત છે આ ! વાસ્તુ એટલે એનું ઘર. વિસ્તારક્રમ એટલે એનું ઘર. આહા..હા...! પહોળું કેટલું? એ એનું ઘર. હવે, એ પહોળામાં જે અસંખ્ય પ્રદેશ છે એમાં જે કોઈ પણ એક પ્રદેશ ઉપર લક્ષ જાય અથવા લક્ષમાં લેવો તે પ્રદેશ પૂર્વની અપેક્ષાએ તો અભાવસ્વરૂપ છે-વિનષ્ટસ્વરૂપ છે. પોતાની અપેક્ષાએ ઉત્પન્ન છે અને છે... છે... અપેક્ષાએ ધ્રુવ છે. પણ હવે અહીં પાછું એમ કહે છે કે, '**વાસ્તુનો જે નાનામાં નાનો (છેવટનો) અંશ પૂર્વ પ્રદેશના વિનાશસ્વરૂપ છે તે જ (અંશ) ત્યારપછીના...**' ત્યારપછીના એટલે? વિનષ્ટસ્વરૂપ જે કહ્યું હતું, વર્તમાન પ્રદેશની અપેક્ષાએ પૂર્વને વિનષ્ટસ્વરૂપ (કહ્યું હતું). પોતાને વિનષ્ટસ્વરૂપ કહ્યું હતું પરંતુ પેલો (પ્રદેશ) તો છે. એના પછીનો જે ઉત્પન્ન (પ્રદેશ છે), જેની અપેક્ષાએ તે પ્રદેશને વિનષ્ટ કહ્યો હતો તે વિનષ્ટની અપેક્ષાથી પછીનો (પ્રદેશ) તે ઉત્પન્ન (પ્રદેશ) છે. એ પછીનો પ્રદેશ (છે) તેને ઉત્પન્ન કહીએ, પહેલાંની અપેક્ષાએ તેને વિનષ્ટ કહીએ. 'ત્યારપછી' એટલે? જે આ (લક્ષમાં લીધેલો) પ્રદેશ છે (તેને) પૂર્વની અપેક્ષાએ વિનષ્ટ કહ્યો. એની પછીનો એટલે ઈ જ ઉત્પન્ન (કહ્યો). એની અપેક્ષાએ ઉત્પન્ન કીધો. સમજાણું કાંઈ ? 'ત્યારપછી' એટલે કે જે ઉત્પન્ન છે એની પછીનો એમ નહિ. ઝીણું છે. આહા..હા...!

(દૃષ્ટાંત તરીકે) માળા લ્યો ને, માળા ! (આમાં) ૧૦૮ (મણકા) છે (એમ) આત્મા અસંખ્ય પ્રદેશી છે, આ ૧૦૮ છે. હવે આ જે પ્રદેશ છે આ પહેલો (મણકો) જે છે એ પછીની અપેક્ષાએ વિનષ્ટ છે એટલે અભાવસ્વરૂપ છે અને તે વિનષ્ટ છે એના પછીનો છે તે અપેક્ષાએ ઉત્પન્ન છે. બીજાની અપેક્ષાએ એ પ્રદેશ વિનષ્ટ હતો તે જ પ્રદેશ પછીના પ્રદેશની અપેક્ષાએ ઉત્પન્ન (છે). જેનાથી અભાવરૂપ કહ્યું હતું એનાથી આ બીજો અનેરો એટલે ઈ જ (પોતે). ઉત્પન્ન અપેક્ષાએ તેને ઉત્પન્ન કહીએ. સમજાણું કાંઈ ?

એક-એક પ્રદેશ જે છે આમાંથી ગમે તે એક લ્યો. આ છે, જુઓ! આ પ્રદેશ અહીં

છે. આની અપેક્ષાએ વિનષ્ટ છે, આની અપેક્ષાએ ભાવરૂપ ન થયો અને એના પછી એટલે કે આના પછી ઈ. એના પછી ઈ. એના પછી એટલે ઉત્પન્ન થવાનો છે એના પછી એમ નહિ. જેની અપેક્ષાએ વિનષ્ટ કહ્યો હતો એ જ વિનષ્ટની અપેક્ષાએપરની અપેક્ષાએ ઉત્પન્ન છે. ભાઈ ! સમજાય છે?

આ ચાર આંગળી છે, જુઓ! આ (લાંબી) આંગળી આની (પહેલી આંગળીની) અપેક્ષાએ વિનષ્ટ છે અને આના પછીની (લાંબી આંગળીની પછીની આંગળીની) અપેક્ષાએ તે ઉત્પન્ન છે. આના પછીની અપેક્ષાએ તે ઉત્પન્ન છે. સમજાય છે? હવે આંગળી ઉપર તો લીધું. આની (પહેલી આંગળીની) અપેક્ષાએ તે વિનષ્ટ છે અને આના પછીની (લાંબી આંગળીની પછીની આંગળીની) અપેક્ષાએ તે ઉત્પન્ન છે. સમજાય છે કાંઈ ?

પ્રશ્ન : એકને એક ઉત્પન્ન અને એકને એક વિનષ્ટ ?

સમાધાન : એકને એકને ત્રણ. ઉત્પન્ન-વ્યય અને ધ્રુવએકને ત્રણ લાગુ પાડવા છે. આ..હા..હા...!

ફરીને, જેમ આ પાંચ આંગળા છે. એમ આ (આત્મામાં) અસંખ્ય પ્રદેશ છે. આકાશમાં અનંત છે. જેમ આ પાંચ આંગળા છે (એમાં) આને (લાંબી આંગળીને) જ્યારે લઈએ ત્યારે આની (પહેલી આંગળીની) અપેક્ષાએ તે વિનષ્ટસ્વરૂપ છે અને ત્યારપછીની એટલે આ (લાંબી આંગળી) પછીની આ (આંગળીની અપેક્ષાએ) ઉત્પન્ન કહીએ. આહા..હા...! સમજાય છે કાંઈ ? એમ દરેક પ્રદેશને પૂર્વની અપેક્ષાએ વ્યય, એની પછીની અપેક્ષાએ ઉત્પન્ન અને છે... છે... છે... છે... અપેક્ષાએ ધ્રુવ (કહીએ). આ..હા..હા...! શું શાસ્ત્રની શૈલી !

રાતે જરીક કહ્યું હતું ને? પ્રાપ્ય, વિકાર્ય અને નિર્વર્ત્ય. 'સમયસાર'માં આવે છે પ્રાપ્ય વિકાર્ય અને નિર્વર્ત્ય. દરેક પદાર્થને તે સમયે જે પર્યાય થવાની... આપણે આ પ્રદેશ કહ્યા હવે આપણે પરિણામમાં લઈએ. ત્યારપછીનો એટલે પહેલાં પ્રદેશ પછીનો. એટલે જેનું અહીં લક્ષ કર્યું હતું તે. '**ત્યારપછીના પ્રદેશના ઉત્પાદસ્વરૂપ છે તથા તે જ પરસ્પર અનુસ્યૂતિથી...**' (અર્થાત્) કોઈની અપેક્ષા નથી (માત્ર) છે... છે... છે... છે... છે... છે... છે... છે... એથી '**એકવાસ્તુપણા વડે અનુભવસ્વરૂપ છે (અર્થાત્ બેમાંથી એકકે સ્વરૂપે નથી),...**' એ પ્રદેશનો દૃષ્ટાંત (કહ્યો). હવે પરિણામની વાત કરે છે.

**'તેમ પ્રવાહનો જ નાનામાં નાનો અંશ...'** એટલે કે જે સમયે પર્યાય થાય છે જે સમયે જે પરિણામ થાય છે એને થયેલા પરિણામનો અંશ કહેવાય. એને પૂર્વના પરિણામની અપેક્ષાએ તે અંશને વિનષ્ટ કહેવાય અને તે (ત્યારપછીના અંશની) અપેક્ષાએ તેને ઉત્પન્ન કહેવાય અને તેને જ આ છે... આ છે... આ છે... આ છે... એને ધ્રુવ પણ કહેવાય.

પ્રશ્ન : એકના ત્રણ નામ ?

સમાધાન : એકના ત્રણ! ('સમયસાર'ની) ૭૬ (ગાથામાં) પણ એકના ત્રણ (નામ) આવ્યા ને? પ્રાપ્ય, વિકાર્ય અને નિર્વર્ત્ય. ૭૬ ગાથામાં, ભાઈ ! જે પર્યાય પ્રગટ થઈ એ ધ્રુવ છે... ધ્રુવ છે. ધ્રુવ એટલે થવાની છે તે થઈ. તે કાળ એનો ધ્રુવ (છે). એ અપેક્ષાએ ત્યાં પ્રાપ્ય કહ્યું.

ક્યાં ગયા હતા? આજ તો ખરેખરું ગયું. ખરું હતું ને ગયું. આ..હા...! તદ્દન નવું છે. સમજાણું કાંઈ? પ્રદેશનું તો ગયું. હવે પરિણામ ઉપર લઈએ (છીએ). જીવના પરિણામ જે છે, જે સમયે જે થવાના તે પરિણામ પૂર્વના પરિણામની અપેક્ષાએ વિનષ્ટ (છે) અને ત્યારપછીની અપેક્ષાએ ઉત્પન્ન (છે). 'ત્યારપછી' એટલે પૂર્વની અપેક્ષાએ (જેને) વિનષ્ટ કહ્યું હતું એ પૂર્વની અપેક્ષા પછીનું એ ઉત્પન્ન. આહા..હા...! આવું ઝીણું છે. ધીમે... ધીમે (કહેવાય) છે, બાપા ! આ તો વીતરાગમાર્ગ છે. આ..હા..હા...!

જેમ એ અસંખ્ય પ્રદેશ છે એનો છેલ્લો એક અંશ જે નાનામાં નાનો (છે) એ પ્રદેશ પૂર્વના પ્રદેશની અપેક્ષાએ તો અભાવસ્વરૂપ વિનષ્ટસ્વરૂપ છે પણ ત્યારપછીની અપેક્ષાએ ઉત્પન્ન (છે). ત્યારપછી એટલે? પૂર્વનો જે (વિનષ્ટ કહ્યો) હતો તેની પછીની અપેક્ષાએ તે ઉત્પન્ન છે અને છે... છે... છે... છે... છે... છે... એ અપેક્ષાએ ધ્રુવ છે.

જેમ ('સમયસાર'ની) ૭૬ ગાથામાં પ્રાપ્ય, વિકાર્ય અને નિર્વર્ત્ય (કહ્યું). આહા..હા...! ૭૬ (ગાથામાં) શું કહ્યું? કે, જે સમયે જે પર્યાય થવાની છે, દ્રવ્યનીઆત્માની કે જડની, તે પર્યાય ધ્રુવ છે. ધ્રુવ એટલે 'છે'. એને કોઈ અપેક્ષા નથી. આ..હા..હા...! છે! હવે, એ જ પર્યાયને પૂર્વના પરિણામની અપેક્ષાએ વિકાર્ય કહ્યું. પૂર્વ (પર્યાયનો) અભાવ છે એ અપેક્ષાએ તે જ પર્યાયને વિકાર્ય કહ્યું. પહેલું પ્રાપ્ય કહ્યું હતું તે જ પરિણામને પૂર્વની અપેક્ષાએ વિકાર્ય એટલે બદલીને થયું એમ કહ્યું અને એના ઈ

પર્યાયને ઊપજ્યું છે એ અપેક્ષાએ તેને નિર્વર્ત્ય કહીએ. (એ રીતે) પ્રાપ્ય, વિકાર્ય અને નિર્વર્ત્ય (છે). આવી વાતું હવે! ૭૬, ૭૭, ૭૮, ૭૯ ચાર (ગાથામાં) આવે છે. આહા..હા...!

દરેક દ્રવ્યને તે સમયનો પરિણામ ધ્રુવ નામ તે સમયે જ થવાનો હતો (તે) થયો છે તેથી (તેને પ્રાપ્ય કહ્યું). ધ્રુવ એટલે ત્રિકાળી ધ્રુવ નહીં. આ તો નિશ્ચય ત્યાં છે. આહા..હા...! એ પરિણામ તે સમયે ત્યાં છે એની અપેક્ષાએ પ્રાપ્ય ધ્રુવ કહીએ અને પૂર્વની અપેક્ષાએ બદલીને થયું માટે વિકાર્ય કહીએ, ઊપજ્યું છે એ અપેક્ષાએ પરની અપેક્ષા જ્યાં ન આવી, ઊપજ્યું છે એ અપેક્ષાએ નિર્વર્ત્ય કહીએ. આ..હા..હા...! ત્યાં 'મુંબઈ'માં કાંઈ ન મળે, થોથાં (છે). આહા..હા...!

એમ જે સમયે આત્માના જે પરિણામ થવાના તે થવાના, તે તેનો અવસર જ છે, આગળ-પાછળ નહિ. પણ તે પરિણામની ત્રણ અપેક્ષા (છે). પૂર્વ પરિણામની અપેક્ષાએ વ્યય કહીએ વિનષ્ટ કહીએ, તેને જ પૂર્વની અપેક્ષાએ ત્યારપછીનો કહીને ઉત્પન્ન કહીએ ત્યારપછીનો કહીને ઉત્પન્ન કહીએ! અને તેને જ પૂર્વની અપેક્ષા અને ત્યારપછીની (એમ) બે અપેક્ષા છોડી દઈએ (માત્ર) 'છે' (એ અપેક્ષાએ) તેને ધ્રુવ કહીએ. આ..હા..હા...! સમજાણું?

પ્રશ્ન : એકના ત્રણ ?

સમાધાન : એકના ત્રણ! આહા..હા...! સમજાય છે આમાં? છે ને, છે ને? ત્રિકાળી ધ્રુવ છે એ એકકોર રાખો. અહીં તો વર્તમાન પરિણામ ઉત્પન્ન થાય (એ) તો તે જ સમયે થાય, આઘાપાછા નહિ. ક્રમબદ્ધ ! આ એક ક્રમબદ્ધનું જો સમજે તો બધો ફેંસલો (થઈ જાય). આ અમે ગજરથ ચલાવીએ છીએ ને આ ઈન્દ્રો થયા ને આ અમે બે હાથીમાં બેઠા ને પાંચ લાખ આપ્યા. આપે કોણ, લે કોણ ? સાંભળને! આહા..હા...! એની મેળાએ આ પર્યાય થઈ. કોઈએ પૈસા આપ્યા છે માટે થઈ છે, એમ છે નહિ, બાપુ ! આહા..હા...! સમજાણું કાંઈ ?

જડના પરિણામ લ્યો... આ..હા...! આ પર્યાય ઉત્પન્ન થઈ. એ પૂર્વની અપેક્ષાએ તેને વિનષ્ટ કહીએ અને એ વિનષ્ટની અપેક્ષાએ ત્યારપછીની ઈ પોતે તેને ઉત્પન્ન કહીએ. ત્યારપછી એટલે પૂર્વની અપેક્ષાએ પછી, તે ત્યારપછી અને તે કાળે છે, પરને લઈને

અભાવ અને પોતાને લઈને ઉત્પન્ન એવી કોઈ અપેક્ષા નથી. 'છે' (તેને) ધ્રુવ કહીએ. આહા..હા...! ક્રમબદ્ધ આમ છે. આ..હા..હા...!

પરમાણુમાં પણ જે પર્યાય જે સમયે (થવાની તે થવાની). ભગવાનની પ્રતિમા પણ જે સમયે જે પ્રતિષ્ઠા(ની) પર્યાય થવાની એ સમયે તે પર્યાય થઈ એને પૂર્વે નહોતી એ અપેક્ષાએ વિનષ્ટ કહીએ અને વિનષ્ટની અપેક્ષાએ પછીની એટલે એ પર્યાય થઈ તે, તેને ઉત્પન્ન કહીએ અને તેને પૂર્વની અને ઉત્પન્ન એવી અપેક્ષા ન લો તો છે એ ધ્રુવ છે. આહા..હા...! સમજાય છે કાંઈ ? ભાઈ ! આવું બધું 'કલકત્તા'માં પણ નથી ને ક્યાંય (નથી), (બધું) થોથેથોથાં (છે). પૈસા મળે એમ દેખે. પૈસા (એને) મળે એની અહીં ના પાડે છે. એ પૈસાની પર્યાય જે સમયે અહીં આવવાની તે સમયે તેનો અવસર છે. પૂર્વની અપેક્ષાએ તે પર્યાયને વિનષ્ટ વ્યય કહીએ અને એના પછીની અપેક્ષાએ તેને ઉત્પન્ન કહીએ અને એની પર્યાય છે... છે... છે... છે... છે... એ અપેક્ષાએ એને ધ્રુવ કહીએ. આવું છે, પ્રભુ ! શું થાય ? આ કાંઈ ભગવાને કરેલું નથી.

ભગવાન તો એમ કહે છે કે, દિવ્યધ્વનિની જે ભાષાની પર્યાય થઈ તે વખતે તે પર્યાયનો અવસર હતો તે થઈ. આત્માએ કરી નથી. એ પર્યાયને પૂર્વની અપેક્ષાએ (એટલે કે ભાષા) વર્ગણાની અપેક્ષા લઈએ, હજી ભાષા થઈ નહોતી, (એવી) વર્ગણાની અપેક્ષા લઈએ તો વિનષ્ટ છે અને વર્ગણાની પછીની આ (પર્યાય) કહેવાય ત્યારપછીની અપેક્ષાએ તેને ઉત્પન્ન કહીએ અને તે ભાષા વર્ગણાની પર્યાય છે... છે... છે... છે... છે... એને ધ્રુવ કહીએ. આહા..હા...! હળવે-હળવે તો કહેવાય છે, બાપુ ! આવું છે. અરે..રે...! આહા..હા...!

જેમ ધ્રુવને કોઈની અપેક્ષા નથી આ ત્રિકાળી ધ્રુવને, એમ એક સમયની પર્યાય જે જડમાં કે ચૈતન્યમાં થાય... આ..હા..હા...! તે અવસરનો તે સમયનો જે પર્યાય (થાય) એને પૂર્વની અપેક્ષાએ ભલે વ્યય કહ્યો અને એના પછીની અપેક્ષાએ ઉત્પાદ કહ્યો પણ 'છે'ની અપેક્ષાએ તે ધ્રુવ કહીએ. આહા..હા...! તે કાળની તે પર્યાય 'છે'. આ..હા..હા...! ('સમયસાર'ની) ૭૬, ૭૭, ૭૮ (ગાથામાં) એ જ કહ્યું. આવી વાત... આ..હા..હા...! દિગંબર સંતો ઘણી સાદી ભાષામાં મૂકે છે, પણ સમજવું પડે ને? બાપુ ! આ તમે કીધું ને આ વાંચવાનું બાકી છે, ઈ આવ્યું આ. સમજાય છે કાંઈ ? આ..હા..હા...!

આ જો સમજે તો એની પરના કર્તાપણાની બુદ્ધિ તો ઊડી જાય પણ પોતાની થતી પર્યાય 'કરું છું' એ બુદ્ધિ પણ ઊડી જાય. આ..હા..હા..હા...! ગજબ વાત છે! ભાઈ ! ભગવાનના શ્રીમુખે નીકળેલી દિવ્યધ્વનિ! એ દિવ્યધ્વનિની પર્યાય પણ કહે છે કે, તે સમયે ઉત્પન્ન થવાની. પણ પહેલાં નહોતી એ અપેક્ષાએ વ્યય કહીએ અને એના પછીની અપેક્ષાએ એને ઉત્પાદ કહીએ પણ ભાષા છે... છે... (એ અપેક્ષાએ ધ્રુવ કહીએ). એ પુદ્‌ગલમાં કોઈ સમયે પર્યાય ન હોય એમ તો નથી. એમ દરેકમાં છે... છે... છે... છે... છે... છે... એથી એક-એક પર્યાયમાં ત્રણપણું લાગુ પડે છે. આ..હા..હા..હા...! સમજાય છે? આખું ઉત્પાદ્-વ્યય-ધ્રુવ (સ્વરૂપ છે). ત્રિકાળી ઉપર દૃષ્ટિ જાય ત્યારે આ ઉત્પાદ, ઉત્પાદને સ્થાને ઉત્પાદ પરની અપેક્ષાએ પછીનું કહ્યું અને છે... છે... (એ અપેક્ષાએ ધ્રુવ છે). એનો નિર્ણય (યથાર્થ થાય). આ..હા..હા...! એનો અકર્તાપણાનો નિર્ણય ત્યારે થાય. 'છે' એને કરું શું? ધ્રુવ છે પ્રાપ્ય છે તેને કરું શું? આ..હા..હા..હા...! પોતાની (પર્યાય), હોં! પરની તો વાત પણ શી કરવી ? આહા..હા...! પરની દયા પાળવી ને પૈસા દેવા ને પૈસા લેવા... આ..હા..હા...! એ પર્યાય તો તારા કર્તાપણાની નથી, એમાં તારો કાંઈ અધિકાર નથી. આ..હા..હા...!

મુનિરાજ સાચા સંત હોય એને આહાર દેતી વખતે કહે છે કે, એ આહારની પર્યાય એ જાતની ત્યાં ઉત્પન્ન થવાની હતી તે થઈ. પૂર્વની અપેક્ષાએ તેને વિનષ્ટ કહીએ, ત્યારપછી થવાની અપેક્ષાએ તેને ઉત્પન્ન કહીએ, છે... છે... છે... તેને ધ્રુવ (કહીએ). દેનારો કહે કે, મેં આહાર-પાણી આપ્યા એ વાત એમાં રહેતી નથી. આ..હા..હા..હા...!

શ્રોતા : બધાંને લૂલાં બનાવી દીધાં.

પૂજ્ય ગુરુદેવશ્રી : બધાંને પુરુષાર્થવાળા બનાવી દીધાં! આ..હા...! વીર્યવાળા બનાવ્યા ! (હું) મારી પર્યાયનો કર્તા નથી, એવું મારું વીર્ય છે. આ..હા..હા...! સમજાણું કાંઈ ? હું જ્ઞાતા છું, તે મહાવીર્ય છે એ મહાપુરુષાર્થ છે. આહા..હા...! સમજાય છે કાંઈ ? આવી વાતું! આમાં વાદવિવાદ કરે ક્યાં પાર પડે એવું છે, બાપા ! આહા..હા...! વસ્તુસ્થિતિ...!! આ..હા..હા...!

બધાં એમ કહે કે, 'કાનજીસ્વામી' અહીં આવ્યા ત્યારે આ બધું થયું. એ વાત ખોટી છે, કહે છે. અહીં ભેસું બેસતી એમાં કરોડો રૂપિયા નખાઈ ગયા ! મહારાજ આવ્યા એટલે

આ થયું. ના... ના... હોં, ભાઈ ! એમ નથી, બાપુ ! તે પરમાણુની ક્રમસર અવસરે થવાની પર્યાય ત્યાં થઈ. આ..હા..હા...! તે પર્યાયનું ત્રણપણું લાગુ પડે. તેને પૂર્વની અપેક્ષાએ વ્યય લાગુ પડે, વ્યયની પછીની અપેક્ષાએ તેને ઉત્પન્ન લાગુ પડે અને વ્યય-ઉત્પન્ન બન્નેની અપેક્ષા જ્યાં છે જ નહિ, છે... છે... છે... તે કાળે તે પર્યાય... તે કાળે તે પર્યાય... તે કાળે તે પર્યાય... છે. આહા..હા...! 'છે'ની અપેક્ષાએ એક-એક પર્યાયમાં ત્રણપણું લાગુ પડે છે, બાપુ ! આહા..હા...!

એ તો ('સમયસાર'ની) ૩૨૦ (ગાથામાં) આવ્યું ને? ભાઈ ! 'સર્વવિશુદ્ધ અધિકાર'! ક્રમનિયમિત સિદ્ધ કરતાં ત્યાં તો મોક્ષની પર્યાય અને નિર્જરાની પર્યાયને પણ જાણે છે, એમ કહ્યું. ભલે જાણે છે એ પર્યાય પણ તે કાળે થવાની હતી. આહા..હા...! બીજી વાત છે, જાણે છે તે પર્યાય પણ તે કાળે થવાની હતી અને તે કાળે થવાની હતી તે ઉત્પાદ છે, પહેલાંની અપેક્ષાએ વ્યય છે અને છે... છે... છે... એ અપેક્ષાએ ધ્રુવ છે. પણ એ જ્ઞાનમાં જાણવાનું રાખ્યું. એ જ્ઞાનની પર્યાય કરું-એમ પણ નહિ. આ..હા..હા..હા...! જ્ઞાતાપણું અને દૃષ્ટાપણું સહજ થઈ જાય છે. સમજાણું કાંઈ ? આવી વસ્તુની સ્થિતિ છે. આહા..હા...! ભગવાન ત્રણલોકના નાથે દિવ્યધ્વનિ દ્વારા આ કહ્યું. એ સંતોએ આ શાસ્ત્ર રચીને સમજાવ્યું. આ..હા...! આવું છે. (આ ભાઈએ) બે લાખ આપ્યા માટે ત્યાં મકાન થશે, એમ નહિ. (અહીંયાં) ના પાડે છે. આહા..હા...! ભારે વાત !

(અહીંયાં કહે છે કે), **'તેમ પ્રવાહનો જે નાનામાં નાનો અંશ...'** હવે પર્યાય ઉપર લીધું. છે ને? પ્રવાહ એટલે એક પછી એક દરેક દ્રવ્યમાં જે પર્યાય થાય તે એક પછી એક (થાય). એટલે જે થવાની તે એક પછી એક (થવાની એમ કહેવું છે), હોં! એમ નહિ કે, એક પછી એક (એટલે) પહેલી કંઈક અને બીજી કંઈ પણ થઈ જાય, એમ નહિ. દિગંબરના અગ્રેસરની સાથે આ વાંધા હતા ને! હવે મેળ કોની સાથે કરવો? ઈ કહે કે, ક્રમબદ્ધ એમ (નથી). એક પછી એક થાય ખરું પણ આ પછી આ જ થાય (એમ નહિ). અહીં તો કહે છે કે, પૂર્વની જે અવસ્થા થઈ ત્યારપછીની જે થવાની તે જ થાય. આ..હા..હા...! થોડું પણ સત્યને બરાબર સમજવું. આ..હા...!

**'તેમ...'** (એટલે જેમ) પ્રદેશનું કહ્યું **'તેમ પ્રવાહનો જે નાનામાં નાનો અંશ...'** દ્રવ્યમાં જે પર્યાય આયત (નામ) આમ લાંબી થાય એક પછી એક, એક પછી એક...

એનો વર્તમાન નાનામાં નાનો અંશ એ '**પૂર્વપરિણામના વિનાશસ્વરૂપ છે...**' (અર્થાત્) પૂર્વ પરિણામસ્વરૂપે નથી. તે રૂપે એને વ્યય કહીએ. '**તે જ ત્યારપછી...**' 'ત્યારપછી' એટલે? જે વિનાશસ્વરૂપ છે એની પહેલાં જે હતું એની અપેક્ષાએ એને વિનાશસ્વરૂપ કહીએ અને જે વિનાશસ્વરૂપ કહ્યું એને ત્યારપછીની અવસ્થાને ઉત્પન્ન કહીએ. જેને પૂર્વની અપેક્ષાએ વિનષ્ટ કહ્યું હતું તેને જ પછીની અપેક્ષાએ ઉત્પન્ન કહીએ. આહા..હા...! સમજાય છે કાંઈ ? ન સમજાય તો રાતે પ્રશ્ન કરવો. આ તો ઝીણું છે, બાપુ ! આહા..હા...! બાપ-દાદાએ ક્યાંય સાંભળ્યું નહોતું. આહા..હા...!

જે દ્રવ્યની જે સમયે પર્યાય થાય તે થવાની તે થાય જ, તે જ થાય, બીજી નહિ. પછીની પર્યાય પણ તે જ થાય, બીજી નહિ. એના પહેલાં પણ જે પર્યાય હતી તે જ હતી. તે જ હોય, બીજી નહિ. પણ પૂર્વની અપેક્ષાએ વર્તમાન પરિણામને વ્યય કહીએ અને એના પછીની પોતે છે માટે તેને ઉત્પન્ન કહીએ અને પછીનું અને પહેલાંનું છોડી દ્યો તો તેને ધ્રુવ, અનુભય કહ્યું ઉત્પન્ન-વ્યય નહિ, 'છે'. આ..હા..હા..હા...! આમાં બધી તકરારું વાંધા ! બધાં (પત્રિકામાં) નાખે ''સોનગઢ'નું સાહિત્ય સંસારમાં ડુબાડી દેશે.' ભગવાન! બાપુ ! આ વાતને... ભાઈ !

શ્રોતા : અજ્ઞાનને ડુબાડી દેશે.

પૂજ્ય ગુરુદેવશ્રી : ડુબાડી દેશે. હું એમ જ કહેવાનો હતો. અજ્ઞાનનો નાશ કરી નાખશે એવી આ વાત છે! આ..હા..હા...! ટકે નહિ અજ્ઞાન! આહા..હા...! મિથ્યાત્વનો અંશ ટકે નહિ. આ..હા..હા...! પરની પર્યાય કરવાનું માને (તે પણ) મિથ્યાત્વભાવ (છે) અને પોતાની પણ રાગની ક્રિયા (કરવાનું માને) તો મિથ્યાત્વભાવ થાય, અરે...! નિર્મળ પર્યાય પણ કરું, થાવાની છે એને હું કરું (એ પણ મિથ્યાત્વભાવ છે). (જે) સમયે થવાની છે તે સમયે થવાની છે, એને ઠેકાણે કરું ઈ ત્યાં ક્યાં રહ્યું? આ..હા..હા..હા...! કહો, સમજાય છે? આવી ઝીણી વાત છે. આવું છે, શું થાય ?

આ..હા..હા...! સત્ આ જ છે, ભાઈ ! ભગવાનનું કહેલું અને વસ્તુનું સ્વરૂપ સત્ આમ જ છે. એમાં ક્યાંય સંદેહને સ્થાન નથી. આઘી-પાછી પર્યાય (ન) થાય એ (વાતમાં) પણ સંદેહને સ્થાન નથી. આઘી-પાછીની વ્યાખ્યા શું? પ્રભુ ! આ ઠેકાણે આ પર્યાય થવાની હતી એ ન થઈ, એટલે શું? આ પર્યાય પચ્ચીસમા સમયે થઈ એટલે શું?

પચ્ચીસમા સમયે થવાની હતી તે ન થઈ અને આ થઈ એટલે શું? ક્યાંય મેળ ક્યાં (છે)? આહા..હા...! આ જુવાનોને થોડું આકરું પડે એવું છે. આહા..હા...!

'**તેમ પ્રવાહનો જે નાનામાં નાનો અંશ...**' એટલે એક વર્તમાન અંશ. (તે) પૂર્વપરિણામની અપેક્ષાએ વિનાશસ્વરૂપ (છે). આ..હા..હા...! 'તે જ ત્યારપછીના...' એટલે? પૂર્વના પરિણામ છે એની અપેક્ષાએ ત્યારપછી થયું. '**ત્યારપછીના પરિણામના ઉત્પાદસ્વરૂપ છે...**' આહા..હા...! '**તથા તે જ...**' (એટલે) તે જ પર્યાયિતે જ પ્રવાહક્રમમાં આવેલો પર્યાય. '**પરસ્પર અનુસ્યૂતિથી રચાયેલા...**' (અર્થાત્) જે પોતે સળંગ છે... છે... છે... છે... છે... છે... છે... મોતીની માળામાં જેમ સળંગ દોરો છે. છે... છે... છે... મોતી... મોતી... મોતી... ઈ દરેકને છે... છે... છે... લાગુ પડે છે. આહા..હા...!

'**તે જ પરસ્પર અનુસ્યૂતિથી રચાયેલા એકપ્રવાહપણા વડે...**' એક પ્રવાહ છે. આહા..હા...! ચૈતન્યમાં અને પરમાણુમાં એકપ્રવાહપણે ક્રમસર... ક્રમસર... ક્રમસર... એકપ્રવાહ ક્રમે... ક્રમે... થયા જ કરે છે. એ અપેક્ષાએ લઈએ તો કહે (છે કે), ઉત્પન્ન અને વ્યય ન કહેવાય. એને ધ્રુવ કહેવાય, 'છે' એમ કહેવાય. આ..હા..હા...! આવું ઝીણું કીધું હશે!? 'કુંદકુંદાચાર્ય' લઈને આવ્યા અને 'અમૃતચંદ્રાચાર્યે' એની ટીકા કરી. આહા..હા...! આવું બહુ ઝીણું માટે (ન સમજાય એમ નથી). ઝીણું નથી, ભાઈ ! એને અભ્યાસમાં નથી અને જ્યાં-ત્યાં હું કરું... આ શરીર ચાલે તો હું ચલાવું, બોલું તો હું. 'સ્વાહા' ભગવાનની (પૂજામાં) સ્વાહા (બોલાય તો) સ્વાહાની ભાષા પણ મારી અને આ આંગળા હલે એ પણ મારાથી. આવી જ્યાં હોય ત્યાં બુદ્ધિ પડી છે. આહા..હા...!

પ્રશ્ન : આંગળા કોના ?

સમાધાન : આંગળા જડના. અને જડની અવસ્થા થાય એ જડને કારણે થાય અને તે અવસ્થા તે સમયે તે જ થવાની હતી.

આહા..હા...! ઝીણું છે ઝીણું. આ..હા...! આ તો મૂળ માખણ છે, બાપુ ! પરમાત્માએ કહેલું સત્ (આ છે). ઉત્પાદ તે સમયનો તે જ, તે જ સમયનો (ઉત્પાદ) આહા..હા...! એને ઠેકાણે (એમ માનવું કે) મકાન બનાવું. આહા..હા...! એમાં આપણે રહેશું, બાયડી-છોકરાને પણ ત્યાં ઠીક પડે. અરે..રે...! આહા..હા...! ભ્રમણા...

ભ્રમણા... ભ્રમણા...!

પ્રશ્ન : બધાં બાવા થઈ જાય તો ત્યાગીઓને ખાવાનું આપશે કોણ ?

સમાધાન : એ વખતે પણ ખાવાની પર્યાય (જે આવવાની તે આવવાની). ઈ પ્રશ્ન (સંવત) ૧૯૭૮(ની સાલમાં) થયો હતો. 'ચૂડામાં... ચૂડામાં!' '૭૮ની સાલ ! ત્યાં પણ (વ્યાખ્યાનમાં) ખૂબ માણસ હતું. બહાર એક પોલીસ બેઠેલો. (વ્યાખ્યાન) પૂરું થયા પછી કહે, 'મહારાજ! તમે બહુ આવું ત્યાગનું કહો છો તો બધાં ત્યાગી થઈ જાય તો એને આહાર કોણ આપશે?' પોલીસે એવો પ્રશ્ન કર્યો હતો. '૭૮ની સાલની વાત છે. કેટલાં વર્ષ થયા ? ૫૭ ! બાપુ ! કોણ આપશે એ પ્રશ્ન અત્યારે છે જ નહિ. એ ટાણે થવાની પર્યાય હોય તે આપશે. આપશે એટલે થશે. મેં તો જવાબ બીજો આપ્યો હતો કે, એક માણસ લખપતિ છે અને પચીસ લાખ (ભેગા કરવા) માગે છે. માટે એ એમ વિચારે કે, હું પચીસ લાખ કરું તો પછી વાસણ ઉટકનાર કોણ રહેશે? મારું રાંધનાર કોણ રહેશે? આ લાકડાં લાવનાર કોણ રહેશે? એમ વિચાર કરે છે? તે 'દી, આ તો '૭૮ની વાત છે! 'ચૂડા'માં! આ..હા...!

ઓ..હો..હો...! માણસ સાધારણ (રીતે) વાંચી એને એમ થઈ જાય કે, આપણને સાચું જ્ઞાન થયું. બહુ આકરી વાત છે, ભાઈ ! જ્ઞાન આત્માનું થાવું જોઈએ. આત્માનું જ્ઞાન ક્યારે થાય ? કે, એની જે પર્યાય જે સમયે થવાની છે એ પર્યાયમાં ત્રણ (વાત) લાગુ પડે. પૂર્વની અપેક્ષાએ વિનષ્ટ, તે પછીની અપેક્ષાએ ઉત્પન્ન, છે.. છે... અપેક્ષાએ (ધ્રુવ). એવી પર્યાયનો જ્યાં નિર્ણય કરે ત્યારે તે જ્ઞાતા-દૃષ્ટા થાય, ત્યારે તે વર્તમાન થતી પર્યાયનો પણ કર્તા ન થાય. કારણ કે એમાં એક 'ભાવ' નામનો ગુણ છે. અનંત ગુણમાં ભાવ(ગુણનું) રૂપ છે. તેથી એ સમયે તે પર્યાય થવાની હોય તે થાય જ. એ કરું તો થાય અને નહિતર (ન થાય), એમ છે નહિ. આ..હા..હા...! આવું પાછું વારંવાર ન આવે. આ તો સામું પુસ્તક(માં) આવ્યું હોય એનો અર્થ થાય ને? આહા..હા...! 'ઈન્દોર'(માં) અહીંનો વિરોધ (કરવા) પચાસ પંડિતો ભેગા થયા હતા. (એમાં એમ કહ્યું કે) **'પરનું ન કરે તે દિગંબર નહિ.'** અર..ર..ર...! અરે...! પ્રભુ...! પ્રભુ...! પ્રભુ...!

અહીં તો (કહે છે કે), પરનું તો ન કરે પણ પોતાની પર્યાયને પણ કરે નહિ. થાય છે તેને કરે, એ (વાત) ક્યાં છે? સમજાય છે કાંઈ ? આ..હા..હા...! પણ આ હતું નહિ,

હોં! હતું નહિ એટલે પછી શું કરે? સ્થાનકવાસી, શ્વેતાંબરમાં તો આ વાત જ નથી. એનામાં તો જૈનપણાથી બધી વિરુદ્ધ વાતો છે. આહા..હા...! આ તો દિગંબરમાં પણ ગોટા ઊઠ્યા ! આવું સત્ય ! પોકાર કરીને લખાણ પડ્યા છે! આવાં પ્રસિદ્ધ પડ્યા છે! એને એમ કહેવું કે, નહિ. આપણે કરીએ તો થાય અને ન કરીએ તો ન થાય. પરનું પણ આપણે કરીએ તો થાય, નહિતર ન થાય. અરે...! આત્મામાં પણ પર્યાય કરું તો થાય અને નહિતર ન થાય, એમ છે નહિ. સાંભળ, ભાઈ ! પ્રભુ ! તું તો જ્ઞાનસ્વરૂપ છો ને! જ્ઞાનની પર્યાય પણ થવાની (હોય) તે કાળે થાય જ. પણ એની પ્રધાનતા દેતા, બીજી પર્યાયને કરું એમ નહિ, બીજી થાય તેને હું જાણનાર છું, ત્યાં એને ઊભો રાખે. આહા..હા...!

**'ત્યારપછીના પરિણામના...'** આ પરિણામનીપર્યાયની વાત છે, હોં! (તે) **'ઉત્પાદસ્વરૂપ છે તથા તે જ પરસ્પર અનુસ્યૂતિથી રચાયેલા...'** સળંગ... સળંગ... છે... છે... છે... એથી એકપ્રવાહપણું (છે). છે.. છેનું એકપ્રવાહપણું (છે) એ **'વડે અનુભયસ્વરૂપ છે.'** (અર્થાત્) એ વ્યય અને ઉત્પાદસ્વરૂપ નથી એટલે ધ્રુવસ્વરૂપ છે. આહા..હા...! એ ત્રણ-ચાર લીટીમાં આટલું બધું ભર્યું છે, લ્યો! આહા..હા...!

વસ્તુ છે કે નહિ ? છે તો તેના ત્રણ અંશ પડે છે કે નહિ ? ત્રણ અંશ પડે છે એ ત્રણ અંશ પોતપોતાના સમયે પોતપોતાથી છે કે નહિ ? એટલે 'છે' ઈ ધ્રુવ છે, પૂર્વની અપેક્ષાએ તેને વિનષ્ટ કહીએ અને પૂર્વની અપેક્ષાએ જે વિનષ્ટ કહ્યું હતું એ પૂર્વ પછીનો એ પોતે પર્યાય છે. ત્યારપછીનો એ પર્યાય (છે) તેને ઉત્પન્ન કહીએ. આહા..હા...!

'ક્રમબદ્ધમાં એકાંત થઈ જાય છે.' એમ (લોકો) રાડ નાખે છે. હવે, અહીં તો પરનું તો (કરે) નહિ, પણ બાપુ ! ભાઈ ! શું કહીએ? આહા..હા...! આ..હા...! તારી પર્યાય પણ તે કાળે થવાની છે (તે) અવસરે તે થાય જ. આ..હા..હા...! તેને પણ ત્રણ અપેક્ષા લાગુ પાડી અને તેને પ્રાપ્ય કહીને ધ્રુવ કીધું. આહા..હા...! આ 'પ્રવચનસાર'માં આમ કહ્યું, 'સમયસાર'માં પ્રાપ્ય, વિકાર્ય અને નિર્વર્ત્ય કહ્યું. આ..હા..હા...! એક જ પર્યાયમાં ત્રણ (વાત લાગુ પડે છે). અર્થ કર્યો હતો કે, પ્રાપ્ય એટલે ધ્રુવ. એટલે તે સમયે તે છે. આહા..હા...! એમ દરેકમાં છે... છે... છે... છે... છે... છે... છે... છે... એકપ્રવાહરૂપ છે... છે... છે... આ..હા..હા...! આવો નિર્ણય કરવા જાય એને પરનું કર્તાપણું તો ઊડી

જાય પણ રાગનું અને પર્યાયનું કર્તાપણું (પણ) ઊડી જાય. આહા..હા...! જ્ઞાતાપણું થાય તે જાણનારો થઈ જાય. જાણનારો થયો તે તે કાળમાં કેવળજ્ઞાનને લેશે. આહા..હા...! એના ક્રમબદ્ધમાં કેવળજ્ઞાન અલ્પકાળમાં થવાનું! આહા..હા...! આવી વાત છે.

'**આ પ્રમાણે સ્વભાવથી જ...**' જોયું? '**સ્વભાવથી જ ત્રિલક્ષણ પરિણામપદ્ધતિમાં...**' દેખો! છે? '**ત્રિલક્ષણ પરિણામપદ્ધતિ**' એક પરિણામમાં ત્રણ પ્રકારનું લક્ષણ છે ઉત્પાદ-વ્યય અને ધ્રુવ. આહા..હા...! આ કાંઈ વાર્તા નથી, પ્રભુ ! આહા..હા...! આ તો વસ્તુની સ્થિતિ પરમાત્મા અનંત તીર્થંકરો, અનંત કેવળીઓ, અનંત સંતો, મુનિઓએ આ રીતે જાણીને અનુભવ્યું છે. આ..હા..હા...! એના સંસારના અંત આવી ગયા. એ અંતનો સમય હતો. પણ જ્યારે (આત્માનું) જ્ઞાન અને આનંદ પ્રગટ્યો એને અલ્પ સમયમાં સંસારનો અંત આવી જાય, એને ભવનો અંત આવી જાય. આહા..હા...!

'**આ પ્રમાણે સ્વભાવથી જ...**' '**સ્વભાવથી જ**' (કહ્યું છે). (અર્થાત્) એક પરિણામમાં ત્રણ લક્ષણપણું (છે) એ સ્વભાવથી જ છે. આ..હા..હા..હા...! '**ત્રિલક્ષણ પરિણામ...**' ત્રિલક્ષણ પરિણામ કીધું ને? ત્રણ લક્ષણવાળું પરિણામપદ્ધતિ. '**(પરિણામોની પરંપરા)...**' પદ્ધતિ એટલે પરિણામોની પરંપરા. આહા..હા...! અરે...! એક વાર મધ્યસ્થ થઈને સાંભળે તો ખરા ! બાપુ ! શેના વિરોધ કરો છો? ભાઈ !

'**આ પ્રમાણે સ્વભાવથી જ ત્રિલક્ષણ પરિણામપદ્ધતિમાં (પરિણામોની પરંપરામાં) વર્તતું દ્રવ્ય...**' છે? હવે ત્રણમાં વર્તતું દ્રવ્ય '**સ્વભાવને નહિ અતિક્રમતું...**' એવું જે દ્રવ્ય. આવા જે ત્રિલક્ષણ પરિણામપદ્ધતિમાં વર્તતું દ્રવ્ય સ્વભાવને નહિ છોડતું. આહા..હા...! એ સ્વભાવને ઓળંગતું નથી. સમજાય છે? '**સત્ત્વને ત્રિલક્ષણ જ અનુમોદવું...**' સત્ત્વ એટલે ત્યાં હવે દ્રવ્ય લેવું. સત્ત્વ એટલે સત્પણું એટલે દ્રવ્ય. પેલું પરિણામોનું ત્રણપણું હતું. હવે અહીં (કહે છે) દ્રવ્યને '**ત્રિલક્ષણ જ અનુમોદવું...**' અહીં હવે દ્રવ્ય લીધું. આહા..હા...! તેથી દ્રવ્યને '**ત્રિલક્ષણ જ અનુમોદવું...**' આ..હા..હા...! અનુમોદવુંનો અર્થ કર્યો છે આ રીતે જ્યારે ત્રિલક્ષણવાળો દ્રવ્યસ્વભાવ (છે) એવી દ્રવ્યદૃષ્ટિ થાય એને આનંદથી માન્ય રાખવું. અતીન્દ્રિય આનંદના વેદનથી એને માન્ય રાખવું. આહા..હા...!

વિશેષ કહેવાશે, લ્યો!

## શ્રી પ્રવચનસારજી ગાથા-૯૯
### પ્રવચન નં. ૧૦૨
### તા. ૧૨-૬-૧૯૭૯, મંગળવાર, જ્યેષ્ઠ વદ ૨

'પ્રવચનસાર' ૯૯ ગાથા. લોકોમાં નથી કહેવાતું? (શ્રોતા : નવ્વાણુનો ધક્કો). હા, ઈ ! આ..હા...! નવ્વાણું હતા એને પૂર્ણ કર્યા. એવું લોકોમાં આવે છે. નવ્વાણુનો ધક્કો! આ (નવ્વાણુ ગાથા) નવ્વાણુનો ધક્કો (છે)! આહા..હા...!

**'આ પ્રમાણે સ્વભાવથી...'** શું કહે છે? આ છએ દ્રવ્યની વાત છે, હોં! **'આ પ્રમાણે સ્વભાવથી જ ત્રિલક્ષણ પરિણામ...'** (અર્થાત્) ત્રણ લક્ષણવાળા પરિણામ-ઉત્પાદ-વ્યય અને ધ્રુવ. એની પદ્ધતિ (એટલે) એની પરંપરામાં **'વર્તતું દ્રવ્ય...'** ઉત્પાદ-વ્યય-ધ્રુવની પરંપરામાં વર્તતું દ્રવ્ય. દરેક (દ્રવ્ય). પણ અત્યારે અહીં આત્માની વાત મગજમાં છે. **'(પરિણામોની પરંપરામાં)...'** આ..હા...! એક તો ત્રિલક્ષણ પરિણામની પદ્ધતિપરંપરા, એમાં 'વર્તતું દ્રવ્ય સ્વભાવને નહિ અતિક્રમતું...' એ ભગવાનઆત્મા ! ત્રિલક્ષણ પરિણામની પરંપરામાં વર્તતું (અને) સ્વભાવને નહિ છોડતું. આ..હા..હા...! **'સત્ત્વને...'** સત્ત્વ એટલે દ્રવ્ય. દ્રવ્યવસ્તુને **'ત્રિલક્ષણ જ અનુમોદવું...'** અનુમોદવું! એવું ત્રિલક્ષણઉત્પાદ-વ્યય-ધ્રુવમાં વર્તતું દ્રવ્ય (છે તે) તેનો સ્વભાવ છે. સ્વભાવમાં વર્તતા... આહા..હા...! દ્રવ્યને ત્રિલક્ષણ જ... ત્રિલક્ષણ જ અનુમોદવું. એ ત્રણ લક્ષણમાં વર્તતું દ્રવ્ય (છે) એ દ્રવ્ય ઉપર જ્યાં દૃષ્ટિ જાય છે ત્યાં તેને અનુમોદન થાય છે. એટલે? અનુસરીને મોદન થાયઆનંદ આવે. મોદ... મોદ...! પ્રમોદ આવે. આ..હા..હા...! ભાષા તો જુઓ!

દરેક દ્રવ્ય ત્રણલક્ષણ પરિણામપદ્ધતિમાંપરંપરામાં વર્તતું દ્રવ્ય (છે). એમ આ આત્માને પણ ઉત્પાદ-વ્યય અને ધ્રુવ ત્રિલક્ષણમાં (વર્તવું છે) એ દ્રવ્યનો સ્વભાવ છે, એમાં વર્તતું દ્રવ્ય (છે). તે સત્ત્વને (એટલે કે) તે દ્રવ્યને... આ..હા...! શું કીધું? દ્રવ્યને **'ત્રિલક્ષણ જ અનુમોદવું...'** ઓ..હો..હો..હો...! ઉત્પાદ્-વ્યય અને ધ્રુવ એનો સ્વભાવ છે એમાં વર્તે છે. એની અંતરની પર્યાય થવા કાળે થાય છે. તેથી તેની દૃષ્ટિ દ્રવ્ય ઉપર

જાય છે. કેમકે ત્રણમાં વર્તતું દ્રવ્ય છે. આ..હા..હા...! એ દ્રવ્ય તેનામાં વર્તતું આ ત્રણપણું (છે) એમ દૃષ્ટિ જાતાં અતીન્દ્રિય આનંદનો અનુભવ થાય, કહે છે. આહા..હા...! અનુમોદન મોદન એને અનુસરીને આનંદ આવે. આ..હા..હા...!

ભગવાનઆત્મા ! અતીન્દ્રિય અનંત આનંદઅમૃતનું પૂર છે! આહા..હા...! એવા આત્માને ત્રણલક્ષણ (પરિણામ) પદ્ધતિમાં વર્તતું દ્રવ્ય (છે) એમ જ્યાં નિર્ણય કરવા જાય છે... આ..હા..હા...! ત્યાં તેને અનુમોદન એટલે દ્રવ્યને અનુસરીને ત્યાં આગળ અતીન્દ્રિય આનંદનો સ્વાદ આવે. આ..હા..હા..હા...! જેના સ્વાદને વધારવા ચક્રવર્તીના આઠ વર્ષના રાજકુમારો.. આ..હા..હા...! અંતરમાં જતાં અનુમોદનઆનંદ આવતાં આ વસ્તુ ત્રણ લક્ષણમાં પ્રવર્તે જ છે, એમ જ્યાં દૃષ્ટિ થાય છે ત્યાં અંદર આનંદ આવે છે. આહા..હા...! અને એ આનંદને વધારવા એ રાજકુમારોને પણ અનુમોદનઆનંદ.. આનંદ.. આવે છે! આ..હા..હા...! ક્યાંય પછી એને રુચિ જામતી નથી. આખા સંસારને એણે જાણી લીધો, કહે છે. આ..હા..હા...! એની રુચિ આનંદમાં વળી જાય છે. આ..હા..હા...!

ક્રમસર થતાં ત્રિલક્ષણ પરિણામપદ્ધતિમાં વર્તતું દ્રવ્ય (છે). લોકો કહે છે કે, આવું થાય તો એમાં પુરુષાર્થ ક્યાં રહ્યો? પણ પ્રભુ ! સાંભળ તો ખરો, ભાઈ ! આ..હા..હા...! એ ત્રણ લક્ષણે પ્રવર્તતું દ્રવ્ય (છે) એમ જ્યાં એનો નિર્ણય કરવા જાય છે, એ જ પુરુષાર્થ છે અને એમાં એને અતીન્દ્રિય આનંદ આવે છે. આ..હા..હા...! અને એ અતીન્દ્રિય આનંદ વધારવા રાજકુમારો ચક્રવર્તીના આઠ-આઠ વર્ષના પુત્રોને દુનિયાની કંઈ પડી નથી. આ..હા..હા...! આઠ વર્ષના રાજકુમાર હોય એ એક મોરપીંછી અને કમંડળ (લઈને વન-જંગલમાં ચાલી નીકળે છે)! આહા..હા...! એકલા વાઘ અને વરુ, નાગ અને વીંછીના જંગલમાં ઢગલા પડ્યા હોય ! આહા..હા...! ચાલી નીકળે છે. આ..હા...! અતીન્દ્રિય આનંદ આગળ બહારની કોઈ પણ (ચીજ રુચતી નથી). અરે...! વિકલ્પ ઊઠે એને ઘોર સંસારનું કારણ જાણે છે. આ..હા..હા...! શુભ વિકલ્પ ઉઠે એ પણ (સંસારનું કારણ જાણે છે).

આવો જે પ્રભુ છે-ત્રિલક્ષણ પદ્ધતિમાં પ્રવર્તતું આ દ્રવ્ય... આ..હા..હા...! એ દ્રવ્ય ઉપર જ્યાં પર્યાય જાય છે ત્યાં અનુમોદન (એટલે સ્વભાવને) અનુસરીને આનંદ આવે

છે. આહા..હા...! એ આનંદને વધારવા... આ..હા..હા...! કરવાનું તો આ છે. આહા..હા...! આઠ વર્ષના રાજકુમારો જંગલમાં વાઘ ને વરુ ને નાગ(ની વચ્ચે) ચાલ્યા જાય છે. હાથમાં એક મોરપીંછી અને નાનું કમંડળ ! આ..હા..હા...! અતીન્દ્રિય આનંદ વધારવાના પ્રેમમાં જેને ક્યાંય બહારની પ્રતિકૂળતા દેખાતી નથી, તેમ બહારની કોઈ અનુકૂળતા પણ જણાતી નથી. આ..હા..હા...! એવો એ જ્ઞાતા-દૃષ્ટા... આહા..હા...! જાણનાર અને દેખનાર એવો પ્રભુ જ્યાં હાથ આવ્યો... આ..હા..હા...! જેને રત્ન મળ્યું એને હવે દુનિયાની કઈ દરકાર રહી ? આહા..હા...! આહા..હા...! આબરૂ ને લોકો પસંદ કરે ને માન આપે, દુનિયામાં ગણાઉં ને ગણતરીમાં આવું... આહા..હા...! ગણતરીમાં તો લઈ લીધો પ્રભુને! આહા..હા...!

એ તો 'આનંદઘનજી'માં આવ્યું નહોતું? 'વે ગુણ ગણી ન પ્રવીના, અબધું ક્યા માગું ગુણ હીના' વે ગુણ કેટલા છે? કે, ગણતા પાર ન આવે. એ અનંતા ગુણનો સ્વાદ (આવે છે). એક આનંદનો સ્વાદ નહિ, અનંતા ગુણનો સ્વાદ! આ..હા..હા..હા...! જેની આગળ ઈન્દ્રના ઈન્દ્રાસનો ઈન્દ્રાણીઓ... આહા..હા...! એની અનુકૂળતાનો ભોગ પણ સડેલા કૂતરા જેવો લાગે. આહા..હા...! એવો ભગવાનઆત્મા પોતાના સ્વભાવને પ્રાપ્ત થયો... આ..હા..હા...! તો સ્વભાવ તો આનંદ હતો (તો અતીન્દ્રિય આનંદ પ્રગટ થયો).

કોઈ એમ કહે છે કે, આમ તમે ક્રમબદ્ધનું નક્કી કરો, માનો તો આમાં પુરુષાર્થ ક્યાં રહ્યો? પ્રભુ ! તું એમ રહેવા દે, ભાઈ ! એ ક્રમબદ્ધના પરિણામ, પરિણામ કાળે થાય, વ્યય થાય અને ધ્રુવ રહે એમાં વર્તતું દ્રવ્ય છે એનો નિર્ણય કરવા તો જ્ઞાયક ઉપર દૃષ્ટિ જાય. આહા..હા...! ગમે તે પ્રસંગમાં ઊભો હોય પણ એનો પોતાના અવસરે ઉત્પાદ થાય. ઈ એમાં આવ્યું ને? હવે દાખલો આપશે. પણ એ ઉત્પાદ થાય, વ્યય થાય અને ધ્રુવ (રહે) એ દ્રવ્યનો સ્વભાવ (છે) અને દ્રવ્ય તેમાં વર્તે (છે). આ..હા..હા...! પર્યાયમાં દ્રવ્ય વર્તે એમ નહિ, દ્રવ્ય ત્રણ સ્વભાવમાં વર્તે છે. આહા..હા...! એમ જ્યાં અંતર દૃષ્ટિ કરવા જાય છે ત્યારે અંતર આનંદથી અનુમોદન કરે એટલે અતીન્દ્રિય આનંદનો અનુભવ કરે. આ..હા..હા...! આવી વાતું છે!

'**મોતીના હારની માફક.**' અહીં સુધી તો કાલે આવ્યું હતું. '**મોતીના હારની માફક.**' આ મોતીનો હાર છે. '**જેમ જેણે (અમુક) લંબાઈ ગ્રહણ કરેલી છે...**' આટલો લાંબો આ

હાર છે. '**જેમ જેણે (અમુક) લંબાઈ ગ્રહણ કરેલી છે એવા લટકતા મોતીના હારને વિષે,..**' આમ લટકતો, હોં! આમ પડેલો હોય એમ નહિ. '**લંબાઈ ગ્રહણ કરેલી છે એવા લટકતા મોતીના હારને વિષે, પોતપોતાનાં સ્થાનોમાં પ્રકાશતાં...**' (અર્થાત્) જ્યાં-જ્યાં એનું સ્થાન છે ત્યાં-ત્યાં તે મોતી છે. આ (મોતી) અહીં છે... આ અહીં છે... આ અહીં છે... આ અહીં છે... (એમ) જ્યાં-જ્યાં એનું સ્થાન છે ત્યાં જ એ મોતી છે. આ..હા...! '**પોતપોતાનાં સ્થાનોમાં...**' ભાષા શું છે? એ મોતીનું સ્વયં પોતપોતાનું સ્થાન છે. જ્યાં-જ્યાં (જે) મોતી છે તે તેનું પોતપોતાનું સ્થાન છે. આ..હા...!

'**પોતપોતાનાં સ્થાનોમાં પ્રકાશતાં સમસ્ત મોતીઓમાં, પછીપછીનાં સ્થાનોએ પછીપછીનાં મોતીઓ પ્રગટ થતાં...**' આ..હા..હા...! પોતપોતાના સ્થાનોમાં પ્રકાશતા અને પછી-પછી (એટલે) અહીં એક છે એના પછી-પછીનું. આહા..હા...! '**પછીપછીનાં સ્થાનોએ પછીપછીનાં મોતીઓ પ્રગટ થતાં હોવાથી અને પહેલાંપહેલાંનાં મોતીઓ નહિ પ્રગટ થતાં હોવાથી...**' પહેલાં સ્થાનમાં મોતી છે એ પછીના સ્થાનમાં આવતા નથી. પછીના સ્થાનમાં (છે) તે પહેલાંનું સ્થાન નથી અને પહેલાંનું સ્થાન છે તે પછીના સ્થાનમાં નથી. આ દૃષ્ટાંત છે, પછી પરિણામમાં ઉતારશે. આહા..હા...!

જ્યાં-જ્યાં મોતીનું સ્થાન છે... આમ લંબાઈમાં લટકતાં, હોં! આ..હા...! ત્યાં-ત્યાં તે સ્થાનમાં કે જ્યાં-જ્યાં પોતે છે ત્યાં. પછી-પછીના સ્થાનમાં બીજું, એના પછીના સ્થાનમાં ત્રીજું, એ પણ જેના સ્થાનમાં છે ત્યાં. આહા..હા...! '**સમસ્ત મોતીઓમાં, પછીપછીનાં સ્થાનોએ પછીપછીનાં મોતીઓ પ્રગટ થતાં હોવાથી...**' જેમકે આ એક (મોતી) વચમાં છે (તો) એના પછી આ, એના પછી આ, એમ પછી-પછી પ્રગટ થાય છે. આહા..હા...! '**અને પહેલાંપહેલાંનાં મોતીઓ નહિ પ્રગટ થતાં...**' જ્યારે આ (મોતી) ઉપર લક્ષ ગયું (તો) એના પછી આ પ્રગટ થાય. પણ એના પહેલાંના તો ગયા એ ન પ્રગટ થાય. આહા..હા...! સંતોએ જગતને ન્યાલ કરવાની રીત આપી છે!! પૈસામાં ન્યાલ (માને એ ન્યાલ નહિ). ધૂડમાં મરી જઈશ ! આહા..હા...! આ તો ભગવાનઆત્મા ! જે-જે સ્થાનમાં છે એના પછી-પછીમાં થવાનું (છે) ઈ ત્યાં (છે) અને એના પહેલાં થઈ ગયા ઈ ત્યાં (ગયા). પહેલાં થયા એ હવે થાય નહિ અને પછી થાય તે તેના સ્થાનમાં ત્યાં છે. આહા..હા...! આવું આઠ વર્ષના બાળકને પણ સમજાય, બાપુ ! આહા..હા...!

આઠ વર્ષના રાજકુમાર ! આહા..હા...! 'ભરત'ના ૧૦૮ (પુત્રો) નહિ ? 'રવિકીર્તિ' રાજકુમાર ! રત્નની ગેડી અને સોનાના... શું કહેવાય ઈ ? દડા ! આ..હા...! (એનાથી) રમતા. એની માએ માણસને સાથે મોકલ્યો. 'છોકરાઓ રમે છે, ધ્યાન રાખજો.' આ..હા..હા...! ૧૦૮ ! ત્યાં એક માણસ નીકળ્યો તેણે કહ્યું કે, 'જયકુમારે' દીક્ષા લીધી.' લશ્કરના અધિપતિએ ૯૬ કરોડ પાયદળના અધિપતિએ 'સુલોચના'ના વરે-ધણીએ... આ..હા..હા...! દીક્ષા લીધી. સાંભળતાં રુવાંટાં (ઊભા થઈ ગયા)! આ..હા..હા...! માણસને કહે છે કે, 'ચાલો આપણે આમ જઈએ, ચાલો આપણે આમ જઈએ.' ભગવાન પાસે જઈએ (એમ) કહેવા જાય તો (માણસ એમ કહે કે) 'માતાની રજા નથી ને આમ નથી.' આ..હા..હા...! રત્નની... શું કહેવાય ઈ ? ગેડી ! સોનાના દડા ! આ..હા..હા...! સોનાના દડા ! કેટલા તોલદાર ! રત્નની ગેડી ! એ જ્યાં ચૈતન્ય-રત્નનું સાંભળે છે 'જયકુમારે' ભગવાન પાસે દીક્ષા લીધી. આ..હા..હા...! માતાને પૂછવા પણ હવે જાવું નથી કે, અમને હવે રજા આપ. આ..હા..હા...! અમારો નાથ અતીન્દ્રિય આનંદનું દળ પ્રભુ ! એમાં વિકાર નથી, વિકારના ઝેર એમાં નથી. પુણ્ય-પાપના પરિણામ બન્ને ઝેર છે. આ..હા..હા...! એ પ્રભુમાં નથી. આહા..હા...! એને સાધવા 'જયકુમારે' સાધુપણું લીધું. 'અમે જવા માગીએ છીએ', એમ કીધું. નહિતર તો (માણસ) કહે કે, 'સાહેબ ! તમને તો અહીંયાં રમવા માટે (મોકલ્યા છે) અને મને જોવા ગોઠવ્યો છે. તમે અહીંથી દીક્ષા લેવા ચાલ્યા જાવ (તો) તમારી મા મને શું કહે?' (કહે છે કે), ભાઈ ! આમ ચાલો, થોડું આમ (જઈએ). આહા..હા...!

એ ભગવાન પાસે જાય છે... પ્રભુ...! અતીન્દ્રિય આનંદની વૃદ્ધિ થાય એવી દીક્ષા આપો! આ..હા..હા...! કુંવારા છે, નાની ઉંમરના બાળક છે, ૧૬-૧૬ વર્ષની ઉંમરના જુવાન! પણ જ્યાં અતીન્દ્રિય આનંદના સ્વાદ લીધા છે અને હવે સાંભળ્યું કે, (આમણે) તો દીક્ષા લીધી. અતીન્દ્રિય આનંદને પુષ્ટ કરવા દીક્ષા લીધી. ઓ..હો..હો...! અમે પણ એ લેવા જઈએ, એમ સૌને થઈ ગયું, હોં! એકને નહિ. ભગવાન પાસે દીક્ષા લે છે ત્યારે એની સાથે રહેલા માણસને (એમ થાય છે કે), અરે..રે...! મને આની દેખરેખ રાખવા મોકલ્યો અને આ તો દીક્ષા લે છે. ઘરે પૂછશે. આહા..હા...! જેને નથી ચિંતાનો બીજો વિકલ્પ! અતીન્દ્રિય આનંદને સાધવા, સ્વાદ લીધા છે. આહા..હા...! એ સમયે ત્યાં

પર્યાય થવાની એવો જ્યાં નિર્ણય કરે છે ત્યાં તેમાં વર્તતા દ્રવ્યનો નિર્ણય થઈ જાય છે, એમ કહે છે. આહા..હા...! સમજાય છે કાંઈ ?

એ કહ્યું ને? '**ત્રિલક્ષણ પરિણામપદ્ધતિમાં (પરિણામોની પરંપરામાં) વર્તતું દ્રવ્ય સ્વભાવને નહિ અતિક્રમતું...**' (અર્થાત્) ઉત્પાદ-વ્યય-ધ્રુવના સ્વભાવને નહિ છોડતું. સત્ત્વ નામ દ્રવ્યને ત્રણલક્ષણ અનુમોદવું. આ..હા..હા..હા...! એ જ્યાં ત્રણ લક્ષણ છે એમ જ્યાં નિર્ણય કરવા જાય છે ત્યાં એ પર્યાયમાં જે દ્રવ્ય વર્તે છે. તે સમયે તે થવાની પર્યાય થાય છે, એમાં દ્રવ્ય વર્તે છે, એમ દ્રવ્ય ઉપર દૃષ્ટિ જાય છે. આહા..હા...!

ક્રમબદ્ધનું લોકોને આકરું પડે છે. આહા..હા...! એક પછી એક પર્યાય થાય પણ આ પછી આ જ થાય એમ નહિ (એમ કહે છે). આહા..હા...! ભાઈ ! એક પછી એક, આમ આ હાર છે ને? જુઓને! હારમાં એક પછી એક (મોતીમાં કોઈ મોતી) આડુંઅવળું છે? જે સ્થાનમાં છે ત્યાં છે. પૂર્વના સ્થાનમાં પૂર્વ અને પછીના સ્થાનમાં પછી (છે). આ..હા...!

'પોતપોતાનાં સ્થાનોમાં પ્રકાશતાં સમસ્ત મોતીઓમાં, પછીપછીનાં સ્થાનોએ પછીપછીનાં મોતીઓ પ્રગટ થતાં હોવાથી અને પહેલાંપહેલાંનાં મોતીઓ નહિ પ્રગટ થતાં હોવાથી તથા બધેય પરસ્પર...' આ..હા..હા...! (પહેલાં) ઉત્પાદ-વ્યય કહ્યો. (હવે કહે છે) '**પરસ્પર અનુસ્યૂતિ રચનારો દોરો...**' અંદર જે દોરો છે ઈ બધાંમાં સળંગ છે. આહા..હા...! પછી-પછીના ઉત્પન્ન થાય એ ઉત્પાદ, પહેલાં-પહેલાંના વ્યય થાય એ વ્યય. આહા..હા...! અને સળંગ રીતે લ્યો તો છે... છે... છે... ધ્રુવ. આ..હા...! '**પરસ્પર અનુસ્યૂતિ રચનારો દોરો...**' એટલે બધાંમાં સળંગ રહેનારો દોરો. આ..હા..હા...! ઉત્પાદ-વ્યય-ધ્રુવ કીધું છતાં એ બધામાં રહેનારો દોરો ધ્રુવ (છે). આહા..હા...! આવો જે ભગવાનઆત્મા ! એ દરેક પર્યાયમાં વર્તતો દોરાની જેમ. આહા..હા...! છે?

'**અનુસ્યૂતિ રચનારો દોરો અવસ્થિત...**' છે. દોરો તો બધે છે... છે... છે... છે... છે... ભલે પછીના મોતી પછીમાં, પહેલાંના (મોતી) પહેલામાં પણ દોરો તો બધામાં સળંગ છે. આહા..હા...! આવી વ્યાખ્યા ! '**ત્રિલક્ષણપણું પ્રસિદ્ધિ પામે છે;...**' એમાં ત્રણ લક્ષણથી તે હાર પ્રસિદ્ધિ પામે છે. છે ને? એ દૃષ્ટાંત થઈ ગયો. હવે સિદ્ધાંત (કહે

છે). આહા..હા...!

**'તેમ જેણે નિત્યવૃત્તિ ગ્રહણ કરેલી છે...'** (નિત્યવૃત્તિ એટલે) નિત્ય ટકવાપણું; નિત્ય હયાતી; સદા વર્તવું તે. આત્મા ! એવી નિત્યવૃત્તિ ટકવું ગ્રહણ કરેલું છે. કાયમ ત્રિકાળ ધ્રુવ... ધ્રુવ... ધ્રુવ... ધ્રુવ... ધ્રુવ... ધ્રુવ... આ..હા..હા...! જેણે નિત્ય ટકવું ગ્રહણ કરેલું છે **'એવા રચાતા (પરિણમતા)...'** એવા પરિણમતા **'દ્રવ્યને વિષે,...'** આહા..હા...! ટકવાપણું જેણે ગ્રહણ કર્યું (છે) એવા રચાતાપરિણમતા દ્રવ્યને વિષે. આહા..હા...! 'અમૃતચંદ્રાચાર્યે' અમૃત રેડ્યાં છે!!

**'પોતપોતાનાં અવસરોમાં પ્રકાશતા...'** (દૃષ્ટાંતમાં) 'સ્થાનોમાં પ્રકાશતાં' કહ્યું હતું. તેમ (અહીંયાં) 'પોતાના અવસરોમાં પ્રકાશતા' (કહ્યું). દ્રવ્યની જે-જે સમયની અવસ્થા (છે) ત્યાં-ત્યાં તે-તે પર્યાય પ્રકાશતી હતી. આ..હા..હા..હા...! ધર્મ કરવો હોય એને આટલું બધું સમજવું પડતું હશે? બાપુ ! ધર્મની પર્યાય કેમ થાય ? જે સમયે જે પરિણામ (થવાના તે) **'પોતપોતાનાં અવસરોમાં...'** પોતપોતાનાં કાળમાં તે પર્યાય થાય છે. આહા..હા...! આઘી-પાછી નહિ. આહા..હા...! શાસ્ત્રમાં લખાણ એમ આવે કે, સાધકજીવને અલ્પકાળમાં કેવળજ્ઞાન થશે. આવે છે ને? આહા..હા...! પણ એ પણ ક્રમબદ્ધમાં જ છે. એટલે જેણે આત્માનો આનંદ અનુભવ્યો અને આનંદમાં જેને રમણતા જામી એને કેવળજ્ઞાન લેવાનો કાળ જ અલ્પ છે. આ..હા..હા...! આહા..હા...! આવી વાત છે.

**'પોતપોતાના અવસરોમાં...'** જેમ (દૃષ્ટાંતમાં) પોતપોતાનાં સ્થાનમાં હતું (એમ) આત્માના 'પોતપોતાના અવસરોમાં પ્રકાશતા (પ્રગટતા) સમસ્ત પરિણામો...' બધાં પરિણામો. પોતપોતાનાં કાળમાં થતાં પરિણામ. આ..હા..હા...! ચિંતા માત્ર છોડી દીધી. આહા..હા...! જેના જે સમયે જે પરિણામ થાય છેપોતપોતાનાં સમસ્તબધાં પરિણામ, હોં! આહા..હા...! પોતપોતાનાં અવસરમાં એટલે કાળમાં. પેલું ક્ષેત્ર હતું, આ કાળ છે. **'પોતપોતાનાં અવસરોમાં પ્રકાશતા (પ્રગટતા) સમસ્ત પરિણામોમાં, પછીપછીના અવસરોએ પછીપછીના પરિણામો...'** આ..હા..હા...! ભવિષ્યના પણ પહેલાં સમયે થવાના એ પછીપછી(ના છે). વર્તમાનમાં થયા એ પોતે અને વીતી ગયા-થયા-એ ગયા એ વ્યયમાં ગયા. થાશે એ ઉત્પાદમાં (ગયા) અને વર્તમાનમાં પણ એ ઉત્પાદ છે એ ધ્રુવ

તરીકે દરેકને છે... છે... છે... છે... છે... આહા..હા...! આવી વ્યાખ્યા ! વાદવિવાદે કાંઈ પાર પડે એવું નથી, બાપુ !

આ રીતે જેને (નિર્ણય) થાય છે તેને કાળલબ્ધિ પાકી ગઈ. આહા..હા...! પોતપોતાનાં અવસરે પરિણામ થાય... આહા..હા...! પછી-પછીના અવસરે તે-તે કાળે તે થાય, પહેલાં-પહેલાંના અવસરમાં તે-તે કાળે થઈ ગયા. આહા..હા...! બધાં પરિણામોમાં પ્રકાશતાં સમસ્ત પરિણામોમાં (પ્રકાશતા) અને (પછી-પછીના અવસરોએ) પછી-પછીના પરિણામો પ્રગટ થતા હોવાથી **'અને પહેલાંપહેલાંના પરિણામો નહિ પ્રગટ થતા હોવાથી...'** આહા..હા...! જે પરિણામ તેને સમયે થઈ ગયા તે હવે કાંઈ થવાના નથી અને પછી-પછીના થશે અને એમાં બન્નેમાં... આહા..હા...! પછી-પછી થશે તે ઉત્પાદમાં ગયું, થઈ ગયા તે વ્યયમાં ગયું. આહા..હા...! અને પરસ્પર અનુસ્યૂતિ (એટલે) દરેકમાં છે... છે... છે... તે-તે સમયે છે... છે... પછીનો ઉત્પાદ અને પહેલાંનો વ્યય એમ નહિ, છે... છે... બસ ! આ..હા...! જેમ આ બધાંમાં દોરો છે એમ દરેક પરિણામના કાળમાં તે સળંગ આત્મા છે. આહા..હા...! ઝીણો માર્ગ બહુ, ભાઈ ! આહા..હા...!

આજે એક ચોપડી આવી છે. 'તારણસ્વામી' છે એને (માનનારી) કોઈ બાઈ છે. એમ (લખે છે) કે, ભગવાનના શાસ્ત્રમાં જિનબિંબ, જિનપ્રતિમા અને જિનમંદિર છે. એ 'તારણસ્વામી'વાળા લોકો કંઈ રાખતા નથી ને? અને તમે એમ કહો કે, 'તારણસ્વામી' એ માનતા નહોતા. તો તો પછી એનો અર્થ થયો કે, એ મિથ્યાષ્ટિ હતા એવો તમે અવર્ણવાદ કરો છો. જિનબિંબ, જિનપ્રતિમા, (જિન)ભવન અનાદિના છે. એક ચોપડી આવી છે. વાત સાચી. અસંખ્ય જિનપ્રતિમાઓ સ્વર્ગમાં છે, આમ અસંખ્ય દ્વિપ સમુદ્રમાં અકૃત્રિમ છે. અઢી દ્વિપમાં કૃત્રિમ સંખ્યાત છે. બધું છે, પ્રતિમા નથી એમ નહિ. અને શાસ્ત્રમાં તો ત્યાં સુધી આવે (કે), જિનબિંબના દર્શનથી નિદ્ધત અને નિકાચિત કર્મોનો નાશ થાય. આવે છે ને? 'ધવલ'માં! આહા..હા...! એના એક અક્ષર અને એક પદ(માં) પણ કેમ ફેરફાર થાય ? શાસ્ત્રના એક પણ અક્ષર અને એક પદથી ભ્રષ્ટ થાય (તો તે) મિથ્યાષ્ટિ છે. આવું આકરું પડે. (ચોપડીમાં લખે છે કે) **'એને ('તારણસ્વામી'ને) તમે એમ માનતા હો કે, એ મૂર્તિને નથી માનતા, તો તો પછી સૂત્રને ઉથાપ્યા છે. તો તમે મિથ્યાદષ્ટિ ઠરાવો.'** એનું લક્ષ જતાં શુભ ઉપયોગ છે, ધર્મ નથી પણ વસ્તુ છે. એ પણ પોતપોતાનાં અવસરે

ત્યાં પ્રતિમા છે, મંદિર છે, જિનબિંબ છે. આહા..હા...! એ કોઈ પક્ષની વાત નથી, એ કંઈ પંથ નથી. એ તો ભગવાનનો કહેલો પંથ-માર્ગ છે તે છે. સમજાય છે? એમાં મૂર્તિ અને જિનબિંબ નથી એમ કહેવા જાય તો સૂત્ર અને સૂત્રના પદના અર્થમાં (ફેરફાર કરી નાખ્યો). આવે છે ને? 'સૂત્ર પાહુડ'માં! સૂત્રનું એક પણ પદ અને એક પણ અક્ષરથી ભ્રષ્ટ થાય તો એ મિથ્યાદષ્ટિ છે. આહા..હા...! ભલે (જિનપ્રતિમા) શુભભાવનું નિમિત્ત છે. પણ છે કે નહિ ? આહા..હા...! એ છે માટે એમાં ધર્મ છે, એમ નહિ. પણ તે ચીજ છે. જ્ઞાનીને પણ એના વંદન, પૂજાનો ભાવ એને કાળે આવે છે. ભલે એ પુણ્યબંધનું કારણ (છે) પણ એ આવે છે. આહા..હા...! તે-તે સમયના તે પૂજાના, ભક્તિના પરિણામ આવે છે, ભાઈ ! અને તે-તે સમયે સામે મંદિર આદિ ચીજ છે તેને પણ એ સિદ્ધ કરે છે. આહા..હા...! મંદિર અને જિનબિંબ નથી (એમ માને તો તેણે) સૂત્રના વચનો, વીતરાગના સિદ્ધાંત વચનો ઉત્થાપી નાખ્યા. આહા..હા...!

'મલારગઢ' ગયા હતા ત્યાં તમે હતા ? 'મલારગઢ'! (ત્યાં) ગયા તો એ ઢોલકા વગાડનારો ગાવામાં મૂર્તિનો વિરોધ કરવા માંડ્યો. એ લોકોમાં એવું છે-મૂર્તિનો વિરોધ જ કરે. માણસને પક્ષ થઈ જાય છે પછી સૂઝ પડતી નથી અને પાછું એ ભૂલીને જિનબિંબ અને જિનપ્રતિમાથી પણ ધર્મ થાય એમ માને એ પણ (વિપરીતતા છે). આહા..હા...! બહુ માર્ગ (સૂક્ષ્મ), બાપા ! અલૌકિક માર્ગ છે! પાઠમાં તો એવું આવ્યું છે ને? કે, જિનબિંબના દર્શનથી નિદ્ધત અને નિકાચિત કર્મનો (નાશ થાય છે). એવો તીવ્ર શુભ ભાવ છે. સમ્યક્દષ્ટિ સહિત છે તેની વાત છે, હોં! એને રસ નથી એટલે ઘણાં ઘટી જાય છે. નિદ્ધત અને નિકાચિત હોય તેની પણ (સ્થિતિ ઘટી જાય). આહા..હા...! સમ્યગ્દર્શન સહિતની વાત છે, હોં! એકલાં દર્શન, ભક્તિ કરે એ કંઈ (સ્થિતિ ન ઘટાડે). આ..હા..હા...! આ ત્રિલક્ષણ (પરિણામ પદ્ધતિમાં) વર્તતું દ્રવ્ય છે તેની દષ્ટિ સહિતના જે પરિણામ આવે (તેની વાત છે). આહા..હા...! આ કોઈ પક્ષ નથી, આ કોઈ પંથ નથી, વાડો નથી. આ તો અનંત તીર્થંકરો, અનંત કેવળીઓ, સંતો જે પંથે ગયા એ આ પંથ છે. આમાં કોઈ પક્ષ નથી. મૂર્તિને સ્થાપે તો ત્યાં જડ સ્થાપ્યા (એમ કોઈ કહે). પણ બાપુ ! એ જડ તો છે પણ જ્ઞાનીને પણ સ્વરૂપમાં સ્થિરતા (ન થાય ત્યારે), છ આવશ્યક છે ને? છ આવશ્યક! પૂજા આદિ એ સમયે આવે. એમ છે, ભાઈ ! તે-તે સમયે તે આવે. છતાં

તેની દષ્ટિનું જોર ત્યાં નથી. આહા..હા...! એ પરિણામમાં વર્તતું જે દ્રવ્ય છે ત્યાં દષ્ટિ છે. આ..હા..હા...! ફાટ... ફાટ... બે કટકા થઈ જાય ! રાગ અને ભગવાન બે ભિન્ન (થઈ જાય). આ..હા..હા...!

પર્યાયમાં વર્તતું દ્રવ્ય છે અને એ તો દ્રવ્યનો ઉત્પાદ-વ્યય-ધ્રુવ સ્વભાવ છે. સ્વભાવમાં વર્તતો સ્વભાવવાન... આ..હા..હા...! તેના ઉપર દષ્ટિ જતાં એનું અનુમોદન થાય છે કે, આ છે. ઈ એને આનંદ આવે છે. તે-તે સમયે થાય માટે એને પુરુષાર્થ નથી, એમ નથી. પ્રભુ ! આહા..હા...! તે-તે સમયે પરિણામ થાય, બાપુ ! આઠ વર્ષનો બાળક હોય કે આઠ વર્ષની દીકરી હોય, એ પણ સમકિત પામે છે. આહા..હા...! આ તો દીકરીની વાત કીધી. આઠ વર્ષની દીકરી હોય એ સમકિત પામે! છોકરો હોય તો વળી કેવળજ્ઞાન પામે!! આ..હા..હા...! કેમકે અંદર આત્મતત્ત્વ છે ને? અને તત્ત્વનુંઅસ્તિત્વનું મોજૂદગીમાં અનંત... અનંત.. ધ્રુવસ્વરૂપ છે ને? આહા..હા...! ભલે એ ઉત્પાદ-વ્યય અને ધ્રુવ ત્રણ લક્ષણમાં વર્તે છતાં તે કાયમ રહેનારું દ્રવ્ય એમાં વર્તે છે એ દ્રવ્ય છે ને? આ..હા..હા..હા...! એ દ્રવ્ય ઉપર દષ્ટિ જતાં... એ દષ્ટિ જાય જ. અહીં તો (એમ) કહે છે. અહીં તો ત્રણ લક્ષણ પરિણામ પદ્ધતિમાં પ્રવર્તતું દ્રવ્ય (છે) એમ જ્યાં નક્કી કરવા જાય એટલે એની દષ્ટિ દ્રવ્ય ઉપર જ જાય. આહા..હા...! આવું છે.

અહીં તો એમ કીધું, પોતપોતાનાં અવસરે પરિણામ થાય, આઘા-પછી નહિ. (દિગંબરના મોટા વિદ્વાન સાથે) મોટી ચર્ચા થઈ. (તેમણે કહ્યું કે), **'એમ નહિ. એક પછી એક પરિણામ થાય પણ આ જ થાય એવું નહિ. ક્રમનિયમિત નહિ.'** (અહીંયાં તો કહે છે કે), ક્રમે (થાય) અને નિશ્ચય તે જ થાય તે થાય. આ..હા..હા...! શું થાય ? (ત્યારપછી) એણે એમ કહ્યું કે, 'સોનગઢ'નું સાહિત્ય ડૂબાડી દેશે! અરે... પ્રભુ ! બાપુ ! માર્ગ તો આવો છે, ભાઈ ! આ..હા..હા...! આવા ટાણા મળ્યા, બાપા ! કોઈને શું કહે, કેમ (કહે એનું) તારે શું કામ છે? આહા..હા...!

અહીં તો કહે છે કે, પોતાનું દ્રવ્ય ત્રણ લક્ષણી (પરિણામોની) પરંપરામાં વર્તતું (દ્રવ્ય છે). ઈ તો દ્રવ્ય પ્રવર્તે છે ને? તે પ્રવર્તતું દ્રવ્ય એના સ્વભાવ(માં વર્તે છે). એ સ્વભાવ ઉપર જ્યાં દષ્ટિ જાય છે... આહા..હા...! ત્યારે તેને સમ્યગ્દર્શન થાય છે અને અતીન્દ્રિય આનંદ આવે છે. પરુષાર્થ અને એ બધું ત્યાં આવ્યું. અકર્તાપણું આવ્યું, પુરુષાર્થ આવ્યો,

આનંદ આવ્યો. અરે...! અનંતા ગુણોની સંખ્યાનો પાર નહિ. એ અનંતા ગુણોનો વ્યક્તપણે બધાં ગુણોનો અંશ આવ્યો. સવારમાં નહોતું આવ્યું? જોગનો અંશ પણ ક્ષય થયો છે. આ..હા..હા...! શું કહે છે આ ? સમ્યગ્દર્શન થતાં દ્રવ્યસ્વભાવની દૃષ્ટિ થતાં એને લાયક અવિરતી;... કેમકે ચારિત્રગુણ છે એનો અંશ પણ પ્રગટ થાય છે, ભાઈ ! આહા..હા...! અરે..રે...! અને અનંત ગુણમાં એક અજોગ નામનો ગુણ છે, પ્રભુમાં! આ..હા..હા...! પોતપોતાને અવસરે ઉત્પન્ન થનારા પરિણામમાં વર્તતું દ્રવ્ય છે એમાં જતાં... આહા..હા...! એને અજોગ નામનો ગુણ છે એ પણ ચોથે ગુણસ્થાને અંશે પ્રગટ થાય છે. આ..હા..હા...! અરે...! અજોગ તો ચૌદમે (ગુણસ્થાને) આવે ને, ભાઈ ? આહા..હા...! અજોગપણાનો અંશ પ્રગટ થાય, પ્રભુ ! આ..હા..હા...! ભગવંત તું કેવડો મોટો! આ..હા..હા..હા...! તારો જ્યાં સ્વીકાર થતાં અજોગનો અંશ પણ પ્રગટ થાય ! આ..હા..હા...! આહા..હા...! વસ્તુસ્થિતિ આ છે. આમાં કોઈ વાદવિવાદને (સ્થાન નથી). એવી સ્થિતિ છે.

પોતપોતાનાં અવસરમાં થતાં, આઘા-પછા નહિ. એક ફેરી કહ્યું હતું. ભગવાન પાસે ભક્તિ કરીને આવ્યા (પછી કહ્યું હતું). ઘણાં વર્ષ થયા. કીધું, આઘુંપાછું એટલે શું? આઘુંપાછું ઈ શું? આ પર્યાય અહીં થવાની તે અહીં થશે અને ત્યાંની અહીં થશે. એની વ્યાખ્યા શું? બાપુ ! સ્વકાળે થાય છે ત્યારે થશે. એમાં આઘીપાછી પ્રશ્ન ક્યાં છે? આહા..હા...! દુનિયા માને ન માને સત્ય તો આ છે. (દિગંબરો એમ કહે છે કે) 'ઢૂંઢિયામાંથી તમે આવ્યા ને તમારી વાત સાચી ને અમારી ખોટી ?' પ્રભુ ! અમે ગમે ત્યાંથી આવ્યા, તારું રહેવા દે. આ બધાં દિગંબરો અને આ બધાં પંડિતોની બધી વાત ખોટી ? સ્થાનકવાસીની પણ ખોટી, શ્વેતાંબરની પણ ખોટી અને દિગંબરની પણ ખોટી ? પણ દિગંબરનું શું કહેવું છે ઈ બાપુ, જાણ્યું નથી. (એમાં) જન્મ્યા માટે દિગંબર થઈ ગયા (એમ નથી). આહા..હા...!

શ્રોતા : 'મોક્ષમાર્ગ પ્રકાશક'નો સાતમો અધિકાર દિગંબર માટે જ છે.

પૂજ્ય ગુરુદેવશ્રી : દિગંબર નહિ, વસ્તુ જ એ છે. દિગંબર હોવા છતાં પણ મિથ્યાત્વનું શલ્ય રહી જાય છે ઈ ટાળવા સાતમા (અધિકારમાં) વાત કરી છે. પહેલી શરૂઆત(માં વાત કરી છે). દિગંબરમાં જન્મ્યા (છતાં) મિથ્યાત્વનો એક અંશ (રહી જાય

છે). વ્રતધારી સાધુ થાય પણ મિથ્યાત્વનું શલ્ય રહી જાય છે. આ..હા..હા...! ત્યારે (‘જયપુર’નો એક જણ) એમ કહે કે, ‘દિગંબરમાં જન્મ્યા ઈ બધાં સમકિતી તો છે.’ અમારા ‘મૂળચંદજી’ એમ કહેતા કે, સ્થાનકવાસીમાં જન્મ્યા ઇ સમકિતી તો છે. લ્યો! ઈ એમ કહેતાં. આ..હા...! બાપુ ! વસ્તુમાં ક્યાં સ્થાનકવાસી અને શ્વેતાંબર હતું? એ તો વસ્તુનું સ્વરૂપ છે. દિગંબર છે ઈ તો જેવી વસ્તુની સ્થિતિ છે એનું વર્ણન કરે છે. એ કોઈ પંથ અને પક્ષ નથી. આહા..હા...! કઠણ પડે, પ્રભુ ! પણ છે તો આ ! દુનિયા ભલે માને ન માને. આહા..હા...!

‘**પહેલાંપહેલાંના પરિણામો નહિ પ્રગટ થતા હોવાથી તથા બધેય પરસ્પર...**’ સળંગ ‘**અનુસ્યૂતિ રચનારો પ્રવાહ...**’ પ્રવાહ, હોં! (દષ્ટાંતમાં) દોરો હતો. ‘**અનુસ્યૂતિ રચનારો પ્રવાહ...**’ (એટલે) એક પછી એક. ‘**અવસ્થિત (ટકતો) હોવાથી ત્રિલક્ષણપણું પ્રસિદ્ધિ પામે છે.**’ ભગવાનઆત્મા અને દરેક પરમાણુ (દરેકમાં આવો સ્વભાવ છે). દરેકનું જાણવું તો જ્ઞાનમાં થાય છે કે નહિ ? કે, પરમાં થાય છે? જડ પરમાણુમાં પણ એનું ત્રણલક્ષણપણું (પ્રસિદ્ધ છે). પ્રગટ અવસ્થાપર્યાય છે એ તે-તે સમયે છે, પછીની પછીને સમયે (છે), પહેલાંની પહેલે સમયે (છે) પણ ઈ જ્ઞાન કોને છે? જડને છે? આહા..હા...!

બધેય તે અનુસ્યૂતિ (રચનારો) પ્રવાહ (એટલે કે) પરિણામ... પરિણામ... પરિણામ... પરિણામ... પરિણામ... (એવો) પ્રવાહક્રમ. વિસ્તારક્રમનો તો દ્દષ્ટાંત દીધો હતો. આ પ્રવાહક્રમ (છે). પરિણામ એક પછી એક... એક પછી એક... એક પછી એક... જે થવાના તે જ થવાના. ગયા તે ગયા, એ પણ એને સમયે થયા હતા. એનો આખો પ્રવાહ ગણો તો એ પ્રવાહ ટકતો હોવાથી, પ્રવાહપણે તો દરેક પરિણામને ટકતું દેખીને ‘**ત્રિલક્ષણપણું પ્રસિદ્ધિ પામે છે.**’ આહા..હા...! ઉત્પાદ પણ છે, વ્યય પણ છે અને ધ્રુવ પણ (છે). એક પરિણામમાં ત્રણપણું છે. આહા..હા...! સમજાણું કાંઈ ? માણસને આવી વાત બહુ આકરી પડે (એટલે) લોકો સામાયિક કરો, પૌષધ કરો, પડિમા લઈ લ્યો, સાધુ થાઓ, આ કરો ને આ છોડો, રસ છોડો. રસ છોડે એટલે (કહે કે) આ સાધુએ રસ છોડ્યો! અરે...! પણ હજી પહેલું મિથ્યાત્વ તો છોડ્યું નથી, રસ ક્યાંથી છોડ્યો? આત્માનો રસ આવ્યા વિના રાગનો રસ છૂટે નહિ. આહા..હા...! અને એ આત્માનો રસ

ત્યારે આવે કે, તે-તે સમયના પરિણામ ત્યાં-ત્યાં થાય, થઈ ગયા તે હવે ન થાય, નથી થયા તે તે સમયે થાય, તે ઉત્પાદ-વ્યય-ધ્રુવ તે-તે સમયનું ગણતાં તે છે... છે... છે... પ્રવાહ(રૂપે છે) એ ધ્રુવ. આ..હા..હા...! એક જ પર્યાયમાં ત્રણ લાગુ પડ્યાં. એ તો 'સમયસાર'માં પ્રાપ્ય, વિકાર્ય અને નિર્વર્ત્ય કહ્યું હતું ને? આ 'પ્રવચનસાર' છે. જે સમયના જે પરિણામ થાય તે પ્રાપ્ય છે, પૂર્વની અપેક્ષાએ બદલ્યો માટે તે વિકાર્ય છે, છે તો ઈના ઈ, અને ઊપજ્યા એ અપેક્ષાએ તેને નિર્વર્ત્ય કીધાં. આ..હા..હા...! ગજબ વાત છે! સત્યનું જાહેરપણું, સત્યનું પ્રસિદ્ધિપણું... ઓ..હો..હો..હો...! અહીં એ કીધું ને? 'ત્રિલક્ષણપણું પ્રસિદ્ધિ પામે છે.' આહા..હા...!

જ્યાં આ પર્યાય ઉત્પન્ન (થવાનો) કાળ છે અને પછી પણ ઉત્પન્ન (થવાનો) કાળ થશે, (તે) તેને કાળે થશે અને ઉત્પન્ન કાળ થઈ ગયો તે સમયે થતાં એ ગયા અને છે... છે... પ્રવાહની અપેક્ષાએ ધ્રુવ (છે). એમાં વર્તતું દ્રવ્ય, એ દ્રવ્યની દૃષ્ટિ થતાં તેને ત્રિલક્ષણપણાનો સાચો નિર્ણય થાય છે. આહા..હા...! આવું છે. ભાવાર્થ! ટીકાની ભાષા જરી આકરી હોય ને (એટલે) ભાવાર્થમાં સાદી ભાષામાં (સમજાવે છે).

ભાવાર્થ : '**દરેક દ્રવ્ય સદાય સ્વભાવમાં રહે છે...**' દરેક દ્રવ્ય એટલે વસ્તુ સદાય સ્વભાવમાં રહે છે. 'તેથી 'સત્' છે.' દ્રવ્ય છે. 'તે સ્વભાવ ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યસ્વરૂપ પરિણામ છે.' આહા..હા...! તે સત્ દ્રવ્ય 'ઉત્પાદ-વ્યય-ધ્રુવયુક્તં સત્' (છે) અને 'સત્ દ્રવ્ય લક્ષણમ્' બે સૂત્ર આવે છે ને? બાકી તો આત્મામાં અનંત ગુણમાં એક ઉત્પાદ-વ્યય-ધ્રુવ નામનો ગુણ પણ છે. આહા..હા...! આત્મામાં ઉત્પાદ-વ્યય અને ધ્રુવ નામનો ગુણ છે જેથી તેને તે-તે સમયના તે પર્યાય ઉત્પન્ન થાય. એ ગુણને લઈને, ગુણનો ધરનાર (દ્રવ્ય છે એમ) દ્રવ્યદૃષ્ટિ થઈ એને લઈને (તે તે સમયના પરિણામ ઉત્પન્ન થાય). એ ઉત્પાદ કરવો પડે એમ નહિ. આ..હા..હા...! આવી વાત છે. '**તે સ્વભાવ ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યસ્વરૂપ પરિણામ છે.**' પરિણામ, હોં!

'**જેમ દ્રવ્યના વિસ્તારનો નાનામાં નાનો અંશ...**' પેલી વાત જુદી હતી, ભાઈ ! સમાનજાતિ-અસમાનજાતિ એ બીજી વાત હતી, આ બીજી વાત છે. ત્યાં તો દ્રવ્યની પર્યાય એકલી સીધી ન બતાવતાં સમાનજાતિ વિભાવપર્યાયમાં પરમાણુ-પરમાણુની પર્યાય બતાવી. અસમાનજાતિમાં જીવ અને જડની (દ્રવ્યપર્યાય) બતાવી. ઈ તો

દ્રવ્યપર્યાયના પ્રકાર બતાવ્યા અને પછી ગુણપર્યાયના બે ભેદ (બતાવ્યા) સ્વભાવ (ગુણપર્યાય) અને વિભાવ (ગુણપર્યાય). ઈ જુદી શૈલી છે, આ જુદી વાત છે. આ તો અંતર જે સમયે જે પરિણામ થાય તે પરિણામ તેનો ઉત્પાદનો કાળ હતો અને પછી પણ જે પરિણામ થાય તે તેના ઉત્પાદના કાળે થાય અને ગયા તે પણ તેના ઉત્પાદના કાળે થયા હતા તે ગયા. એ અપેક્ષાએ એક-એક પર્યાયને - પૂર્વની અપેક્ષાએ વિનષ્ટ, પોતાની અપેક્ષાએ ઉત્પન્ન અને છે... છે... છે... છે... છે... એ અપેક્ષાએ ધ્રુવ (કહેવાય). આહા..હા...! વીતરાગમાર્ગ! જેના ફળ બાપા ! સંસારનો (અંત)! આ..હા..હા...! એ ચોરાશીના અવતારનો અંત ! ભાઈ ! આ..હા..હા...! ભવના અંત જેમાં છે.

ત્રણલક્ષણી પરિણામમાં વર્તતું દ્રવ્ય... આ..હા..હા...! એનો સ્વીકાર થતાં ત્યાં ભવનો અંત આવે છે. આહા..હા...! મોક્ષની પર્યાય શરૂ થાય છે. એટલે સમ્યગ્દર્શન પણ મુક્તિની એક પર્યાય છે. ભગવાન ધ્રુવ મુક્ત વસ્તુ છે એની એક પર્યાય છે. આ..હા..હા...! પૂર્ણ મુક્ત ભલે કેવળજ્ઞાન થાય ત્યારે થાય પણ અહીંયાં મુક્તસ્વરૂપ છે તો મુક્તની પર્યાય શરૂ થાય છે. આહા..હા...! જ્યાં અજોગગુણનો પણ અંશ પ્રગટ થાય છે તો ભગવાન તો અબદ્ધ અને મુક્ત છે તો એનો પણ અંશમુક્તનો અંશ પણ વ્યક્તપ્રગટ થાય જ. આહા..હા...! ત્યારે તેણે મુક્તને જાણ્યું અને માન્યું કહેવાય. જાણ્યું અને માન્યું ક્યારે કહેવાય ? કે, મુક્ત સ્વરૂપ છે તેને જાણ્યું, માન્યું ત્યારે કહેવાય કે, મુક્તની પર્યાય(ની) શક્તિમાંથી અંશે વ્યક્તતા હોય. આહા..હા...!

અહીં કહે છે '**વિસ્તારનો નાનામાં નાનો અંશ તે પ્રદેશ છે. તેમ દ્રવ્યના પ્રવાહનો નાનામાં નાનો અંશ તે પરિણામ છે.**' જેમ વિસ્તારનો નાનો અંશ છે તેમ દ્રવ્યનો પ્રવાહ આમ (ઊર્ધ્વ છે) અને વિસ્તાર આમ (તીરછો) છે. '**દરેક પરિણામ સ્વ-કાળમાં પોતાના રૂપે ઊપજે છે,...**' આ આકરું પડે છે ને?

વિશેષ કહેવાશે...

“જે ક્રમબદ્ધ છે તે પુરુષાર્થપૂર્વક છે. ક્રમબદ્ધ જે યથાર્થ માને તેમાં પુરુષાર્થ આવી જાય છે. ક્રમબદ્ધ સાચું માન્યું ત્યારે કહેવાય કે જેમાં પુરુષાર્થ સાથે હોય તો માન્યું છે. પુરુષાર્થપૂર્વકનું ક્રમબદ્ધ છે. આમ જ થવાનું છે તેવો નિર્ણય પુરુષાર્થનું બળ અને પરાક્રમ સૂચવે છે. પુરુષાર્થપૂર્વક ક્રમબદ્ધ ન માને તો તે ક્રમબદ્ધને માનતો જ નથી..”

પૂજ્ય બહેનશ્રી

## પૂજ્ય બહેનશ્રી દ્વારા
## ક્રમબદ્ધપર્યાય સંબંધિત પૂછેલ પ્રશ્નોના સમાધાન

[1]**પ્રશ્ન :–** ક્રમમાં આવી પડેલા ઉદયભાવને આઘા-પાછા કરી શકાતા નથી ને તે વખતે આ બાજુના (તત્ત્વના) વિચાર-મનન તૂટી પડે છે તો શું કરવું?

**સમાધાન :–** પોતાની ભાવના હોય તો પુરુષાર્થ કરીને પરિણામને પલટાવી શકે છે. જો પરિણામ પલટાવી શકતાં ન હોય તો અનાદિ કાળથી કોઈ જીવ પુરુષાર્થ કરીને, ભેદજ્ઞાન કરીને સમ્યગ્દર્શન પ્રાપ્ત જ ન કરી શકે. પર્યાયનો સ્વભાવ જ પલટવાનો છે. સ્વભાવ તરફ ભાવના કરી સ્વભાવને ગ્રહણ કરે તો વિભાવ પર્યાયનો પલટો થાય. જે પર્યાય આ બાજુ (વિભાવમાં) જાય છે ત પર્યાયને સ્વ તરફવાળવી તે પોતાના હાથની વાત છે. ક્રમબદ્ધ પુરુષાર્થ સાથે જોડાયેલું હોય છે. એકલું ક્રમબદ્ધ હોતું નથી, ક્રમબદ્ધની અંદર સ્વભાવ, પુરુષાર્થ બધું જોડાયેલું હોય છે. જેને વિભાવ સર્વસ્વ લાગે છે અને તેમાંથી છૂટવું ગમતું નથી તેનું ક્રમબદ્ધ તે જાતનું હોય છે. તેની પુરુષાર્થની ગતિ સ્વભાવ તરફ હોય છે, તેનું ક્રમબદ્ધ પુરુષાર્થ સાથે જોડાયેલું છે.

[2]**પ્રશ્ન :–** સર્વજ્ઞે જેવું જોયું હશે તેવું થશે એમ કોઈ કહે તો, ગુરુદેવ સાથે એમ પણ કહેતા કે તેં સર્વજ્ઞની સત્તાનો પ્રથમ સ્વીકાર કર્યો છે? તો એમાં પૂજ્ય ગુરુદેવનો શો આશય રહેલો છે?

**સમાધાન :–** જેણે ક્રમબદ્ધ નથી માન્યું તેણે સર્વજ્ઞ માન્યા નથી. જે પોતે દ્રવ્યદૃષ્ટિ કરે છે તેણે સર્વજ્ઞને માન્યા છે. ભગવાને જેમ જોયું હશે તેમ થાશે તેનો સ્વીકાર કરે તે પોતે પણ જ્ઞાતા થઈ જાય છે એમ ગુરુદેવનું કહેવું છે. સર્વજ્ઞને કોણે માન્યા છે? કે જે જ્ઞાતા થઈ જાય તેણે માન્યા છે. જે પોતે હું કરી શકું છું, મારાથી બધું થાય છે તેમ માને

૧. સ્વાનુભૂતિદર્શન, બોલ-૨૩૧ ૨. સ્વાનુભૂતિદર્શન, બોલ-૩૮૬

છે તે સર્વજ્ઞને-ભગવાનને માનતો નથી, ભગવાને જોયું તેમ થશે તેને માનતો નથી. જે જ્ઞાયક થઈ જાય તેણે ભગવાનને સ્વીકાર્યા છે. તું જ્ઞાતા થઈ જા.

જેણે દ્રવ્યદૃષ્ટિ કરી તેણે જ ક્રમબદ્ધ માન્યું છે, બીજા કોઈએ માન્યું નથી. જેણે દ્રવ્યદૃષ્ટિ કરી તેણે સર્વજ્ઞને માન્યા છે, તેણે ક્રમબદ્ધ માન્યું છે. જે માત્ર લૂખું બોલે છે તેણે ક્રમબદ્ધ માન્યું નથી.

[૧]**પ્રશ્ન :–** ક્રમબદ્ધપર્યાય માનવાથી પુરુષાર્થ ઊડી જાય છે તે સાચું છે?

**સમાધાન :–** જે ક્રમબદ્ધ છે તે પુરુષાર્થપૂર્વક છે. ક્રમબદ્ધ જે યથાર્થ માને તેમાં પુરુષાર્થ આવી જાય છે. ક્રમબદ્ધ સાચું માન્યું ત્યારે કહેવાય કે જેમાં પુરુષાર્થ સાથે હોય તો માન્યું છે. પુરુષાર્થપૂર્વકનું ક્રમબદ્ધ છે. આમ જ થવાનું છે તેવો નિર્ણય પુરુષાર્થનું બળ અને પરાક્રમ સૂચવે છે. પુરુષાર્થપૂર્વક ક્રમબદ્ધ ન માને તો તે ક્રમબદ્ધને માનતો જ નથી.

[૨]**પ્રશ્ન :–** ક્રમબદ્ધ તો પર્યાય છે, તો પર્યાય ઉપરથી ગુરુદેવ કેવી રીતે દ્રવ્યદૃષ્ટિ ઉપર લઈ જવા માગે છે?

**સમાધાન :–** દ્રવ્ય ઉપર દૃષ્ટિ કર અને જે પર્યાય છે તેની કર્તાબુદ્ધિ છોડી દે. તારી પરદ્રવ્ય સાથે જે કર્તાબુદ્ધિ છે તેને છોડ, એમ ગુરુદેવનું કહેવું છે. તેની જે પર્યાયો પરિણમવાની છે, તે પરિણમે છે તેથી તું તેની પણ કર્તાબુદ્ધિ છોડ. પરદ્રવ્યને હું કરી શકું છું, એમ તું પોતે બીજાનો સ્વામી થઈને તેનું કરવા માંગે છે. એવી સ્વામીત્વબુદ્ધિ-કર્તાબુદ્ધિ તોડીને તું તારાદ્રવ્ય ઉપર દૃષ્ટિ કર, જે તારું દ્રવ્ય છે તેના ઉપર દૃષ્ટિ કર. જે પર્યાયો પરિણમે છે તેનો તું કર્તા નથી એમ કહેવા માંગે છે. ક્રમબદ્ધ કર્તાબુદ્ધિ છોડાવે છે, પણ ક્રમબદ્ધ છે તે પુરુષાર્થપૂર્વક હોય છે. ક્રમબદ્ધનો પુરુષાર્થ સાથે સંબંધ હોય છે. જે પર્યાય પરિણમવાની હોય તે પરિણમે છે, પણ સ્વ તરફ પોતે પુરુષાર્થ કરે છે–સ્વભાવ તરફનો પુરુષાર્થ કરે છે–તે પુરુષાર્થની સાથે ક્રમબદ્ધ જોડાયેલું છે. સ્વભાવની પ્રાપ્તિ થાય તેમાં પુરુષાર્થ સાથે જોડાયેલો હોય છે. પુરુષાર્થ વગરનું એકલું ક્રમબદ્ધ હોતું નથી. તુંદ્રવ્ય ઉપર દૃષ્ટિ કર, કર્તાબુદ્ધિ છોડ, તું જ્ઞાતા થઈ જા. પછી જે પર્યાય જેમ પરિણમવાની હોય તેમ પરિણમે; પણ તેમાં દ્રવ્યદૃષ્ટિ કરવાનો પુરુષાર્થ ભેગો આવે છે. દ્રવ્યદૃષ્ટિ તો તારે જ

૧. સ્વાનુભૂતિદર્શન, બોલ-૬૧૭ ૨. સ્વાનુભૂતિદર્શન, બોલ-૩૮૫

કરવાની છે. જેમ બનવાનું હશે તેમ બનશે એમ કરવાથી તેની મેળાએ દ્રવ્યદૃષ્ટિ થઈ જતી નથી. પુરુષાર્થ કરે તો દ્રવ્યદૃષ્ટિ થાય છે એટલે ક્રમબદ્ધ પુરુષાર્થ સાથે જોડાયેલું છે. પર્યાય ક્રમબદ્ધ છે, પણ દ્રવ્યદૃષ્ટિ કરી કર્તાબુદ્ધિ છોડાવી છે.

એમ ગુરુદેવનું કહેવું છે. ક્રમબદ્ધ એવી જાતનું નથી કે તેને પુરુષાર્થ સાથે કાંઈ સંબંધ જ નથી. ભગવાને જેમ જોયું હોય તેમ થાય, પણ ભગવાને જે દ્રવ્યદૃષ્ટિ થઈ તે પ્રયત્ન વગર થઈ જશે તેમ જોયું નથી. જે આત્માર્થી હોય તેનું લક્ષ પુરુષાર્થ પર હોય છે. તું પરનું કાંઈ કરી શકતો નથી, તેથી તું પર પદાર્થ તરફની તારી કર્તાબુદ્ધિ છોડી દે. તારા દ્રવ્ય ઉપર દૃષ્ટિ કરીને તારી પરિણતિની ગતિ ફેરવવી તે તારા પુરુષાર્થની વાત છે, તે કાંઈ પુરુષાર્થ વગર થતું નથી. ગુરુદેવે તો અનેક પ્રકારે સમજાવ્યું ને તેના આશયમાં પુરુષાર્થ તો મુખ્ય છે તેમ કહેતા હતા. ગુરુદેવે જ બધું સમજાવ્યું છે.

ॐ

‘‘જ્ઞપર્યાય ક્રમબદ્ધ થાય છે તેમ જાણવાનું તાત્પર્ય વીતરાગતા છે, ભગવાને દીઠું છે તેમ થશે તેનું તાત્પર્ય પણ વીતરાગતા છે. આમ જાણતાં જ્ઞાતા ઉપર દૃષ્ટિ જાય છે, અકર્તા થાય છે ને વીતરાગતા પ્રગટે છે-એ તેનું તાત્પર્ય છે.’’

પૂજ્ય ગુરુદેવશ્રી

# પાઠકોની નોંધ માટે

# પાઠકોની નોંધ માટે

ૐ

નમઃ સિદ્ધેભ્યઃ